

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ચુમાળીસમું · અંક ત્રીજો · માહે માર્ચ

કુમાર

સળંગ અંક
૫૧૯
ઈ.સ. ઓગણીસસો સડસઠ
તંત્રી
બચુભાઈ રાવત

'સાહિત્યસર્જક'
કલાકાર · જૅકૉબ સૅન્ડાવ

આવતી કાલનાં નાગરિકોના સંસ્કારઘડતરનું માસિક

કલાકારે અહીં સીધી રજૂઆત કરવાને બદલે સાહિત્યસર્જકને એની મનોસૃષ્ટિમાં ઊપસતાં વિવિધ પાત્રોના ઝમેલાના પ્રતીક દ્વારા નિરૂપ્યો છે. અને આ ઓળખની સચોટતા આણવા એણે પસંદ કરેલું વૂડકટનું માધ્યમ પણ એની જાડી પહોળી રેખાઓથી સર્વથી યોગ્ય નીવડયું છે. સપાટ પોચા લાકડા પર, કોરા રાખવાના ગાળા કોરી કાઢીને ઉપસાવેલું આલેખન તે વૂડકટ. એ કોરેલા લાકડા પર રંગ લગાવીને કાગળ પર એની છાપ લેવાય છે. છે તો સાદી કારીગરી, પણ સર્જક તેમાં કલાનો પ્રાણ પૂરે છે. અને એટલે જ વૂડકટની છાપનું મૂલ્ય પણ અસલ ચિત્રકૃતિ જેવું જ અંકાય છે.

વાચકો લખે છે

'વિધુ, વિધુર, વિધવા'ની શબ્દકથા વિષે ચર્ચા

અંક ૫૧૮માં, શબ્દકથામાં, 'વિધુ, વિધુર અને વિધવા' શબ્દના મૂળમાં વિધ ધાતુ છે, અને વેદમાં એ વપરાયો છે 'કે ઈન થી રહિત થવાના' અર્થમાં, અને એ રીતે ઉપલા ત્રણે શબ્દ એક જ ગોત્રના હોવાનું જણાવ્યુ છે; તે વિષે અભ્યાસુની મૂંઝવણ વ્યક્ત કરું છું.

આપ્ટેના સંસ્કૃત શબ્દકોશમાં (ઈ. સ. ૧૮૯૦ની આવૃત્તિ) એના ફક્ત ત્રણ જ અર્થ આપ્યા છે: ૧) વીંધવું, કાપવું; ૨) પૂજવું, માન આપવું; ૩) શાસન કરવું, રાજ કરવું કે વ્યવસ્થા કરવી. આ પણ ધ્યાનમાં લેવા ઘટે.

ઉપરાંત વિધ+ઉ=વિધુ અને વિધુ+અ=વિધવ કે વૈધવ એ મારા જેવા સામાન્ય વાચકને સમજાય નહિ. હજી સુધી ક્યાંયે 'વિધવ' શબ્દ વપરાએલો જોયો કે સાંભળ્યો નથી. આ ઉપરાંત લેખકે જે કૌંસમાં વાક્ય લખી કટાક્ષ કર્યો છે,—"પણ 'ધવ' શબ્દ પતિના અર્થમાં જૂના સમયમાં મળતો જ નથી; ને છતાં 'સધવા' જેવો શબ્દ પણ માની લીધેલી વ્યુત્પત્તિને આધારે ઘડી કાઢ્યો!"—એ માટે મારે કાંઈક કહેવાનું પ્રાપ્ત થાય છે.

ઉપલા શબ્દકોશમાં 'ધવ' શબ્દના પાંચ ભિન્ન અર્થ આપ્યા છે: ૧) કોપમાન ૨) મનુષ્ય ૩) પતિ ૪) પ્રભુ, સ્વામી ૫) ઠગ, લુચ્ચો.

કૃષ્ણ માટે વપરાતો 'માધવ' 'મા'=લક્ષ્મી અને 'ધવ'=પતિ છે એ કેટલો સહેતુક છે! એમ તો મધુ+અ પરથી પણ માધવ થાય છે, પણ તે કૃષ્ણનો પર્યાય નથી જ. આથી યે વધુ સ્પષ્ટતા તો આ સુભાષિતની પંક્તિ આપે છે:

सा नारी विधवा जाता गृहे रोदिति तत्पतिः।

અહીં 'વિધવા' શબ્દાર્થનું ખંડન 'રડતો પતિ' કરે જ છે તો એનો લક્ષ્યાર્થ શો હોઈ શકે? विशेषाः धवाः यस्याः सा। પત્ની દુરાચારી બને તો પતિએ રડવું જ રહ્યું. એ જ રીતે 'વિધવા દ્રૌપદી' પ્રયોગ ચોંકાવનારો છતાં કેટલો સાચો અને ઉપયુક્ત છે! અહીં 'ધવ'નો અર્થ 'પતિ' સિવાય બીજો કયો હોઈ શકે?

એટલું ખરું કે 'ધવ' શબ્દનો પ્રયોગ વેદકાળ પછી સાહિત્યકાળમાં થયો, પણ જેને શબ્દકોશે સ્વીકાર્યો છે, જે લોકજીભે વસ્યો છે, તેના પ્રયોગની ઠેકડી કેમ ઉડાવાય? તર્કગમ્ય અભિગમ આમ જનતા માટે નથી જ, શબ્દની અર્થચ્છટા સમય સાથે વિકસે કે પરિવર્તન પામે તેનો તો સ્વીકાર કરી પુરસ્કાર કરવો ઘટે. એ જ કારણે આમ જનતા 'વિધવા' શબ્દના વિરોધી શબ્દ તરીકે 'સધવા' યોજે તો કશું ય ખોટું નથી. કેટલાયે ખોટા શબ્દપ્રયોગો લોકમાનસમાંથી ભૂંસી કાઢવા શક્ય નથી. આમ તો 'રેષા' ને 'રેખા' સમાનાર્થ નથી જ છતાં લોકો અતિ ચીવટને કારણે કે બેપરવાહીથી સમાનાર્થ તરીકે વાપરે છે. 'રેષા'નો અર્થ 'હણહણાટી', 'ગર્જના'; છતાં મુંબઈ રેડિયો પરથી મરાઠીભાષામાં 'આજ ચે કાર્યક્રમાચી રૂપરેષા' બોલાય જ છે ને? વિદ્વાન ભલે એ પ્રયોગ સામે મરકે, પણ બીજું કાંઈ જ ન કરી શકે.

શ્રી ભાયાણી 'શબ્દકથા' દ્વારા ગુજરાતી વાઙ્મયની જે સેવા કરે છે તે અમોઘ છે, અદ્વિતીય છે. અહીં ફક્ત મારા અલ્પ જ્ઞાન પ્રમાણે લાગ્યું તેવું લખ્યું તે ધ્યાનમાં લેવા નમ્ર વિનંતી છે. મારી ગેરસમજ હોય તો તે દૂર કરવા પણ આવકારું છું.

(ખત્તલવાડા-સંજાણ) —ઈશ્વરચન્દ્ર ભટ્ટ

અંક ૫૧૮ની 'શબ્દકથા'માં 'વિધુર' અને 'વિધવા'ની વ્યુત્પત્તિ માટેના મૌલિક, સતર્ક અને સચોટ સંશોધન માટે ભાષાવિદ્ શ્રી ભાયાણીભાઈને જેટલાં અભિનન્દન આપીએ તેટલાં ઓછાં! ખરેખર, સૈકાઓથી ચાલતી આવતી આ વ્યુત્પત્તિભ્રાન્તિને તેમણે કેવી માર્મિક રીતે અને સચોટતાપૂર્વક નિર્મૂળ કરી છે! પરન્તુ તે લખે છે 'ધવ' શબ્દ 'પતિ'ના અર્થમાં જૂના સમયમાં મળતો 'જ' નથી. તેમની આટલી વાત 'જ' ગળે ઊતરે તેમ નથી.

સંસ્કૃત શબ્દકોશોમાં 'અમરકોશ'ની પ્રાચીનતા અભ્યાસીઓને વિદિત છે. તેમાં 'પતિ'ના પર્યાયવાચક શબ્દ તરીકે 'ધવ' છે: 'धवः प्रियः पतिर्भर्ता जारस्तूपपतिः समौ।

વળી, પ્રાચીન આલંકારિકોએ પણ આ પતિવાચક 'ધવ' શબ્દનો કરેલો ઉપયોગ નીચેના દ્વિઅર્થી શ્લોકમાં નજરે પડે છે:

सर्वदो माधवो पायाद् यो(ऽ) गंगामदीधरत्।

અહીં 'સર્વદ: માધવ:' એક રીતે અને 'સર્વદા ઉમાધવ' એમ બીજી રીતે સન્ધિ છોડતાં માધવ: એટલે માયા: 'માયા:; ધવ:'=લક્ષ્મીપતિ વિષ્ણુ, અને 'ઉમાધવ:'=ઉમાયા: ધવ: એટલે પાર્વતીપતિ શંકર, એમ બન્નેનો ઉલ્લેખ ખૂબીપૂર્વક કરવામાં આવ્યો છે.

'ધવ' શબ્દના પતિવાચક પર્યાય માટે આથી વધારે ઉલ્લેખો તેની પ્રાચીનતા પુરવાર કરવા માટે મળી આવશે; પણ અહીં આટલું પર્યાપ્ત છે.

(જામ રાવળ) —લક્ષ્મીશંકર અ. જોશી

*શ્રી ભાયાણીનો ઉત્તર:

'બંને અભ્યાસી વાચકોની શંકા કે વાંધાના સમાધાનરૂપે થોડુંક વિસ્તારથી કહેવું પડશે.

સંસ્કૃત શબ્દોના મૂળ કે ઇતિહાસનો વિચાર કરતાં આપણી દૃષ્ટિ અને સાધનો અંગે કેટલીક સ્પષ્ટતા પહેલેથી જ કરી લેવી જરૂરી છે. પહેલું તો એ કે સાહિત્ય, કોશ કે વ્યાકરણમાં જે સંસ્કૃત શબ્દો મળે છે તે 'બધા જ' સંસ્કૃત શબ્દો ઋગ્વેદથી—આશરે ઈ.સ. પૂર્વે ૧૩૦૦થી માંડીને વીસમી સદી સુધી, બધા જ સમય માટે અને એના એ અર્થમાં, હમેશાં પ્રચલિત હોવાનું માનવું એ ધરમૂળની ભૂલ છે. સમયાનુસાર અનેક સંસ્કૃત શબ્દો પ્રચારમાંથી લુપ્ત થયા છે, અને અનેક નવા શબ્દોનો (અને અર્થોનો) ઉદય થતો રહ્યો છે. એટલે અમુક શબ્દ સંસ્કૃત શબ્દ છે એમ કહેવા સાથે એ પણ કહેવું જરૂરી છે કે એ કેટલો જૂનો છે, ક્યારથી એનો પ્રયોગ મળે છે, તેની અર્થછાયામાં કેવાકેવા ફેરફાર થયા છે વગેરે.

બીજું: સાધન લેખે જે કોશો વગેરે ઉપયોગમાં લઈએ કે તેમને આધાર તરીકે ટાંકીએ તે કોશોમાંની સામગ્રી ક્યાંથી આવી અને એ સામગ્રી કેટલી પ્રાચીન છે તેની ચોકસાઈ કરવી પણ જરૂરી છે.

ત્રીજું: અમુક શબ્દ સંસ્કૃતમાં અત્યંત પ્રાચીન સમયમાં ન હતો, કે પાછળથી પ્રચલિત થયો, કે તેનો અમુક અર્થ પહેલાં અજાણ્યો હતો એવું જ્યારે કહેવાય છે ત્યારે હેતુ માત્ર શબ્દના ઇતિહાસ પર પ્રકાશ નાખવાનો હોય છે, નહિ કે તે શબ્દને ખોટો કે ખરો ઠરાવવાનો. જૂના સમયમાં કે પાછળના સમયમાં પણ, જો શબ્દ ખરેખર પ્રયુક્ત થએલો મળે તો તે એક હકીકત થઈ—અને તો પછી તેના ખરાખોટાપણાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ઐતિહાસિક તપાસને પ્રયોગની સાધુતા-અસાધુતા સાથે સંબંધ નથી.

'ધવ' શબ્દ અમરકોશ અને અલંકાર-સાહિત્યમાં વપરાયો હોવા ઉપરાંત તે નિઘંટુ (૨,૩) જેટલો જૂનો છે, પણ 'તે પહેલાં'

તેનો પ્રયોગ નથી જણાયો. (આ વિષયમાં મોનિયર વિલિયમ્સના સંસ્કૃત કોશ જેવા ઐતિહાસિક દૃષ્ટિએ માહિતી આપતા કોશો જ ઉપયોગી થાય.) આની સામે એ હકીકત મૂકી શકાય કે 'વિધવા' શબ્દ ઠેઠ ઋગ્વેદના સમયથી મળે છે. એટલું જ નહિ લૅટિન vidua, અંગ્રેજી widow વગેરે તુલનાત્મક સામગ્રી જોતાં એ શબ્દ ભારત-યુરોપીય મૂળ ભાષામાં પણ હોવાનું માની શકાય. પણ 'ધવ' શબ્દના પ્રાચીન (એટલે કે વૈદિક સમયના) પ્રયોગો નથી મળતા. આ બધું જોતાં 'ધવ' શબ્દ પાછળથી ઘડી કઢાએલો ગણાશે. પણ તેથી તે 'ખોટો' છે એવું કહેવાનો આશય નથી—એમ કહી જ ન શકાય. દરેક ભાષામાં અવારનવાર આ રીતે શબ્દો ઘડાતા હોય છે, અને તેવા શબ્દો બીજા શબ્દોની જેમ ભાષાનો જ ભાગ ગણાય.

'માધવ'ની 'મા+ધવ' એ વ્યુત્પત્તિ પણ ઘડી કાઢેલી છે. લક્ષ્મીના અર્થમાં 'મા' શબ્દનો કોઈ જૂનો પ્રયોગ નોંધાયો નથી. અને 'મધુ' શબ્દનો વંશજ તે 'માધવ' એ જ સાચી વ્યુત્પત્તિ છે. 'સધવા' વગેરે શબ્દોના વપરાશની સામે પણ કશું કહેવાનું નથી. મારે જે વાત કરવાની હતી તે તો તેના ઇતિહાસની.

અમુક સંસ્કૃત પ્રયોગ પ્રાચીન છે કે નહિ તે 'તુલનાત્મક' દૃષ્ટિએ જોવું જોઈએ. શબ્દસામગ્રી વૈદિક સ્તરની છે, પાણિનિના સમયની છે, મહાભારત રામાયણના કાળની છે, પ્રશિષ્ટ સંસ્કૃતના સમયની છે, પૌરાણિક સંસ્કૃતની છે, માત્ર પાછળના કોશોમાં અને ઉત્તરકાલીન સંસ્કૃતમાં જ મળે છે,—આ બધું લક્ષમાં રાખીને જ સંસ્કૃત શબ્દોનો ઐતિહાસિક વિચાર થાય. —હરિવલ્લભ ભાયાણી

ફેબ્રુઆરી અંકમાંના જનાબ ગુલામહુસયન મુસ્તફાની સુન્ની વોહરાઓની અવટંક વિષેની પૃચ્છાનો ખુલાસો નીચે મુજબ છે:

વોહરાઓની કેટલીક અવટંકો તકારાન્ત છે. એમાં 'ત'નો અર્થ બુદ્ધધર્મી કે બૌદ્ધ છે. (જુઓ આપ્ટેની સંસ્કૃત ડીક્ષનરી) એનું કારણ એ છે કે આ લોકોએ ઇસ્લામ અંગીકાર કર્યો તે પહેલાં એ બૌદ્ધ હતા. ચોર્યાસી તાલુકામાં કપ્લેથા નામે સુન્ની વોહરાઓનું ગામ છે, જે અસલ કાંપિલ્યતીર્થ નામે ઓળખાતું. અહીં બૌદ્ધ વિહાર હતો. વિહારના આર્યસંઘના ને તેના શિષ્યોના નિભાવખર્ચ માટે ચોખંડ ગામ ઈ. ૮૬૭ના દાનપત્રથી માલખેડના રાષ્ટ્રકૂટ રાજા દન્તિવર્માએ આપેલું. એમાં મીંઢોળાનદી ને ડાભેલનો પણ ઉલ્લેખ છે. ડાભેલ પણ વોહરાનું ગામ છે. એટલે નવમી સદી પછી આ લોકોનો ધર્માન્તર થયેલો. આલીપુર દેગામથી કોસાડ સુધીનાં સુન્ની વોહરાનાં ગામો છે. સીદાત એ સિદ્ધાર્થ ઉપરથી થયું અને જાદવતના મૂળમાં જાદવ છે. રાવતનું મૂળ રાઓમાં છે અને દેહાતનું મૂળ દેશમાં છે. એ ઉપરાંત ગગા ઉપરથી ગગાત, મય ઉપરથી મયાત અને ભૈયા ઉપરથી ભયાત કે ભયાત નીપજે છે. જેમ શૈવો અન્તમાં શંકર (દા.ત. દેવશંકર કે મયાશંકર) લખે તેમ આ લોકો દેવાત કે માયાત વાપરે. અભાવત, લંમાત, બદાત, ભોલાત, લોખાત અને દેહાત તકારાન્ત અવટંકો છે. એ ઉપરાંત બીજી અટકો હરિર, વાવડા, ધલેજ, વાકળ, અસમલ, આફ્રુજી, રંગદેરા, ડોકરાત, ડોબા, દહીં, વાડી, નાનાવાડી, બુલબુલિયા, માંજરા, ઈસાક, જહાજભાઈ, સોલવા, સલેદાર, માજુ, હાંસ, કથાદા, ગારડી, નગદી, મહંમદી અને પારખ છે. આ સંદર્ભમાં એ પણ વિચારવા જેવું છે કે ઈ.સ. ૭૨૭માં જુનેદ અને ઈ.સ. ૭૩૩માં તમીમની સરદારી હેઠળ સિંધી અરબોએ આ પટ્ટી ઉપર આક્રમણ કરેલું અને તમીમનો પુલકેશી અવનીજનાશ્રયે પરાભવ કરેલો. આ આક્રમકોની સેનાના અવશેષો અહીં રહી ગયા હોય અને તેમણે ઈસ્લામનો પ્રચાર કર્યો હોય. દન્તિવર્માનું તામ્રપત્ર 'ૐ નમો બુદ્ધાય'થી શરૂ થાય છે.

(તલંગપુર-વાયા સચીન) ભીમભાઈ લા. દેસાઈ

ડિસેમ્બર અંકમાં નાસિકા દ્વારા પાણી પીવાના આયુર્વેદના અદ્‌ભુત પ્રયોગ વિષે શ્રી નરેન્દ્ર બાબરિયાનો સફળ અનુભવ વાંચ્યો.. મારા નિષ્ફળ અનુભવનો પણ ખયાલ આપું.

આ પ્રયોગ ખરી રીતે તો આયુર્વેદનો નહિ, પણ યોગશાસ્ત્રનો કહેવાય. યોગશાસ્ત્રમાં તેને 'જલનેતિ' કહે છે. આ પ્રયોગથી આંખનું તેજ વધતું હોવાનો અને દૃષ્ટિ ગરુડ જેવી તીક્ષ્ણ થતી હોવાનો સ્વામી વિવેકાનંદે પણ 'રાજયોગ'માં ઉલ્લેખ કર્યો હોવાનું યાદ છે; અને તે પરથી, લગભગ ચાળીસેક વર્ષ પહેલાં એ પ્રયોગ શરૂ કરીને વરસો સુધી મેં તેનો અમલ કરેલો. અને તેના પર એટલો કાબૂ મેળવેલો કે નાકેથી ગમે તેટલું પાણી સહેલાઈથી પી શકવા ઉપરાંત દૂધ કે ઘી પણ આસાનીથી પી શકાતું. અનેક વરસો સુધી ચલાવેલા આ પ્રયોગ દરમ્યાન અવારનવાર સખ્ત શરદી, અસહ્ય શિરદર્દ અને ભારે કફપ્રકોપ થઈ આવવા છતાં,

યોગશાસ્ત્ર પરની અપાર શ્રદ્ધાના લીધે, આ બધી ફરિયાદો માટે આ પ્રયોગ તો જવાબદાર નહિ હોય ને? એવી શંકા ઉઠાવવાને બદલે, ચુસ્તપણે વરસો સુધી તેને વળગી રહેલો. પણ આખરે એ પ્રયોગ છોડયા પછી જ ઉપલી ફરિયાદોમાંથી મુક્તિ મળવા પામી.

આનો અર્થ મેં એવો કર્યો હતો, અને કર્યો છે, કે કોઈ પણ શાસ્ત્રના કોઈ પણ પ્રયોગ નિરપવાદપણે સો ટકા માણસોને માફક ન પણ આવે. પ્રકૃતિભેદે કોઈ કોઈને કદાચ પ્રતિકૂળ પરિણામ પણ બતાવે અને મારા દાખલામાં એમ જ બન્યું હોવાનું માનીને આખરે એ પ્રયોગ મારે છોડવો પડયો. પણ છોડયા પછી યે લાંબા લાંબા અંતરે અવારનવાર પાછો એમ માનીને એ પ્રયોગ હમણાં સુધી અજમાવતો રહેલો કે 'હવે કદાચ પ્રકૃતિને માફક આવી જાય તો અજમાવી જોઉં.' પણ ના; જ્યારેજ્યારે એવી અજમાયશ કરેલી ત્યારે-ત્યારે 'સાઈનસ'ની ફરિયાદ ઊભી થએલી ને દિવસો સુધી સખ્ત કફપ્રકોપનો ઉપદ્રવ વેઠવો પડેલો. એટલે હવે તો એવો અખતરો કરવાનું પણ સદંતર છોડવું જ પડયું છે.

મારી આ અસફળતાનો અનુભવ એટલા માટે રજૂ કરવા પ્રેરાયો છું કે આ પ્રયોગ કરવા ઇચ્છનાર વ્યક્તિ કોઈ જાણકારની દોરવણી નીચે જાગ્રતપણે પ્રયોગ કરે તથા મને થએલા વિપરીત અનુભવ પરત્વે કોઈ જ્ઞાતા વધારે પ્રકાશ પાથરીને યોગ્ય દોરવણી આપે.

(ઘાટકોપર) —ધીરુભાઈ શેઠ

શ્રી પંકજ મલ્લિક જેવા ગાયક-સર્જકનો પરિચય વાંચવો સહુને ગમશે. વચમાં કલાવાર્તામાં નવોદિત કલાકારોના પરિચય આપ્યા તેમ (એમાંયે વિઠ્ઠલ-પ્રભાનો પરિચય યાદ રહી ગયો છે). ચલચિત્રોની દિશા ભણી પણ 'કુમારે' નજર નાખી નથી. 'મમતા', 'દોસ્તી', 'અનુપમા' જેવું યાદગાર ચિત્ર વર્ષમાં એકાદ તો હોય છે જ. વર્ષની એકાદ શ્રેષ્ઠ ફિલ્મી તર્જના સંગીતનો પરિચય પણ કરાવી શકાય.

સાહિત્યમાં કાવ્ય સમજવું અઘરું ગણાય; એમાં યે 'કુમાર'ના કાવ્યો દુર્ગમ છે (બધાં નહિ); એ માટે એક કૉલમ રાખી સમજૂતી (એ કાવ્ય પૂરતી જ નહિ પણ એ કૉલમને ટેકે વાચક એકાદ બે વર્ષે પોતાની જાતે કાવ્યનો રસ માણતો થઈ જાય એવી) આપતા જઈ આખું કાવ્યશાસ્ત્ર રજૂ કરો.

'શિખર પરનો શિબિર' લેખ વાંચ્યા પછી 'શિખર'નો શ્લેષ સમજાય છે. 'કુમાર'ના વાચકો સાથે હવે ફાધર વાલેસને ઘણો નાતો બંધાઈ ચૂકયો છે. 'કુમાર'ના વાચકોનો એક શિબિર એમના તરફથી યોજાવી શકો? તો ઘણા વાચકો હોંશે હોંશે તૈયાર થશે.

'સાહિત્યપ્રેમી'ની ડાયરી ગમે છે. હજુ કોઈ કલાપ્રેમી તથા તેમજ રાજકારણના અભ્યાસી પાસેથી આવી ડાયરી લખાવી ત્રણેયને એક મથાળે રજૂ કરી નવો આકર્ષક વિભાગ શરૂ કરી શકાય.

'વિધુર' એટલે 'ધુરા'થી મુક્ત થયો છે તે, એ ચોખવટ સ્ત્રી-સ્વાતંત્ર્યના આ જમાનામાં જરા જોખમી ખરી! સ્ત્રીઓને અપમાનજનક આ 'વિધુર' શબ્દનો વપરાશ બંધ કરવાની ઝુંબેશ સ્ત્રીઓએ કરવી જોઈએ! જોકે ભાષા ણી સાહેબ સ્ત્રી સમાજની મદદે વેળાસર પહોંચ્યા છે અને એ ઉક્તિ સુધારી લીધી છે.

બાળ-માનસ ખરેખર અદ્ભુત સર્જક હોય છે. કોઈ તોડેલું રમકડું એટલી મમતાથી જોડવા મથામણ કરતું હોય છે કે આપણને પણ એના જેટલો જ વિશ્વાસ બેસે કે એ રમકડું જોડાઈ જશે! ગયે વર્ષ એક નાનકડી બેબીની કૅલેન્ડર-કથા ગમી હતી. આ વખતના કલ્પનું તર્ક-શાસ્ત્ર પણ અજબ છે! આવી સર્જક-શક્તિ જિંદગીનાં પાછલાં વર્ષો સુધી કેમ નહિ સચવાઈ રહેતી હોય? બાળપણ એ જિંદગીનો એક તબક્કો નહિ પરંતુ એક અનોખી જિંદગી જ છે! કૉલેજમાં એક પાઠ આવતો હતો: 'સેન્ટિમેન્ટલ જર્ની' બાળપણથી મોટપણની મુસાફરીનું વર્ણન હતું. નાનપણમાં ગામના પાદરનો ટીંબો દુનિયાનો મોટામાં મોટો પહાડ હોય છે! મોટા થઈએ ત્યારે, 'અરે! આ તો આવડો અમથો ટીંબો છે' એ હકીકત કરતાં બાળપણના કલ્પના મીઠી લાગે છે! લેખકનો એ મત (મોટપણનું જ્ઞાન બાળપણની નિર્દોષતાનો હ્રાસ કરે છે) ખરો છે.

ફાધર વાલેસે ચર્ચેલો વિષય 'પૂર્વગ્રહ' જરા અઘરો છે. લગભગ સૌને કોઈ ને કોઈ બાબતમાં પૂર્વગ્રહ બંધાએલા જ હોય છે. એના ફળરૂપ 'મારું એટલું સારું' એ નિયમ નુકસાનકર્તા છે, પણ ક્યારેક સંતોષી બનવા માટે સારો પણ છે. એટલે અમુક અર્થમાં, જ્યાં ન્યાય કરવાનો ન હોય ત્યાં, પૂર્વગ્રહ જરૂરી છે. એનાથી 'એફિનિટી' વધે છે, જે સમાજનાં બંધન જારી રાખવા જરૂરી છે. બીજી બાજુ, પારકા પ્રત્યે ધૃણા કરનાર પૂર્વગ્રહ ખોટો છે જ.

(મુલુંદ) —રમેશ બી. શાહ

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૯/૨)

અનુક્રમણિકા

માર્ચ ૧૯૫૭ - અંક ૫૧૯

ચિત્રો

સાહિત્યસર્જક (કલાકાર : જૅકૉબ ઍન્ડાવ)	પૂંઠું
ભય (કાષ્ઠશિલ્પ : જોસેફ થરાઉસ સ્ટગમેલ)	આર્ટપ્લેટ પહેલી
ગોપજીવનનું સંગીત (ચિત્રકાર : ભીખુભાઈ આચાર્ય)	ત્રિરંગી મુખચિત્ર
શરણરાણી માથુર (ફોટો-કલાકાર : ભારદ્વાજ)	આર્ટપ્લેટ ત્રીજી
દેવ-નર્તકી (ચિત્રકાર : એસ. એન. ગુપ્તા)	આર્ટપ્લેટ ચોથી

કાવ્યો

અણસારા (હરિકૃષ્ણ રા. પાઠક)	૯૦
એક પાંદડું (યોસેફ મેકવાન)	૯૦
બે હાઇકુ (ચીમન ઠલાલ)	૯૦
નિર્વાસિત (સુશીલા ઝવેરી)	૯૦

ચરિત્ર

ડાહ્યાભાઈ ધોળશાજી	૯૧
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક-૬૧) રવિશંકર રાવળ	૯૮

વાર્તા

તરંગકથા	હર્ષદ શેઠ ૯૪
લઘુકથા	ડૉ. મુકુલ બક્ષી ૯૭

લેખો

સ્વમાન (વ્યક્તિ-ઘડતર-૨૧)	રેવ૦ ફાધર વાલેસ ૮૮
સ્વરાજ્યને સુરાજ્ય જો બનાવવું હોય તો	અમુભાઈ પંડ્યા ૮૯
હાયવરાળ (રંગતરંગિયાં-૭૮)	ચંદ્રવદન મહેતા ૧૦૦
આહાર તેવું આરોગ્ય (આહાર-આરોગ્ય-૮૦)	ડૉ. શિવપ્રસાદ ૧૦૧
ગોળીબારની તપાસ (ગુનાશોધન-૧૨)	પુષ્કરભાઈ ગોકાણી ૧૦૫
ઇન્દ્રેસ્તિયા	ગુણવંત છો. શાહ ૧૦૭
શરણરાણી માથુર	૧૦૯/૨
શતરંજનો કોયડો	સુરેશ મોદી ૧૦૯/૨
નવું પ્રધાનમંડળ	૧૧૦
સરકારપ્રેમીની ડાયરી	અખબારી કાંટ ૧૧૧
અતીતનાં પુષ્પો	ધનસુખલાલ કૃ. મહેતા ૧૧૬

વિભાગો

વાચકો લખે છે...	૮૫
પચ્ચીસ વર્ષ પહેલાં	૧૦૩
ટિકિટ-સંગ્રહ	૧૦૯/૪
સાહિત્યરૂપકં (શબ્દકથા : પરબ; મારી માન્યતા)	૧૧૩
માધુકરી (ચ. મહેતા, અમૃતમઝાર પત્રિકા, અસ્થાને ઉત્સાહ)	૧૨૩
તારા-પરિચય-૧૫	૧૨૩
આ માસ ઇતિહાસમાં (મ. વિ. રૉન્જન વિલ્હેમ કૅનરાડ ફૉન)	૧૨૬
છેલ્લું પાનું	૧૨૭
જર્મન પત્રમિત્રો	૧૨૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧.૫૦



ભય

(કાષ્ઠશિલ્પ)

કલાકાર: જૉસેફ થડ્ડાઉસ સ્ટમ્મેલ

માનવદેહનું નિરૂપણ ચિત્ર કરતાં શિલ્પમાં વધુ વિશદ અને ચોટદાર થાય એ સ્વાભાવિક છે, કેમ કે એમાં વિવિધ દેહભંગિ અને ભાવનિદર્શનને વધુ અવકાશ છે. ॥. સત્તરમી સદીના દક્ષિણ જર્મન કલાકાર જૉસેફ થડ્ડાઉસ સ્ટમ્મેલની મનાતી, માત્ર સાડા ચૌદ ઈંચ ઊંચી આ કાષ્ઠપ્રતિમાનાં મુખભાવ, હાથની મુદ્રા, ઊડતાં વસ્ત્રો તથે ખમચાઈને થંભી ગએલા દેહની ભંગિ વગેરેની વિગતસભર રજૂઆત સાથે પાત્રના પગ પાસે લપાઈ ગએલા ગભરુ સસલાનું પ્રતીક કેટલું સૂચક છે?



ગોપજીવનનું સંગીત

ચિત્રકાર: ભીખુભાઈ આચાર્ય

વાચા ભલે વિચારોનું માધ્યમ હશે, પણ અંતરના ભાવ તો સંગીતના સૂરમાં જ રેલાઈ શકે. એ સંગીત વડે જ માનવી હરીભરી હરિયાળી, વહેતા નીરના કલનાદ, પક્ષીઓના કિલ્લોલ અને મૂગા પશુ તથા માનવના હૃદય-ધબકાર સાથે તાલ મેળવી શકે. પ્રકૃતિની ગોદમાં રમતા એષણારહિત જીવનમાં આ સંગીત સાહજિક છે. મુક્ત જીવનના એ લયને ચિત્રકારે અહીં રંગ-રેખામાં ચિરંજીવ બનાવી દીધો છે. જીવનનાં એવાં મધુર પાસાંને તો આ યુગની હવામાં હવે કદાચ આવાં ચિત્રોમાં જ નિહાળવાનો રહ્યો હોઈ પચ્ચીસ વર્ષ પહેલાંનું આ ચિત્ર કંઈકને પોતાના ભુલાવા માંડેલા ભૂતકાળની મીઠી યાદ જગાવી જશે.

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૧૯
તંત્રી બચુભાઈ રાવત

સ્વમાન

ફાધર વાલેસ

મનુષ્ય એ સૃષ્ટિશિરોમણિ છે. માનવ-હૃદય ઇતિહાસનું આદ્ય વિશ્વતીર્થ છે. પિંડમાં બ્રહ્માંડનો સમાવેશ થાય છે. માણસને આનો ઓછો-વત્તો ખ્યાલ છે, અને તેનો એ ખ્યાલ જેમ વધે છે તેમ માણસ તરીકે પોતાનું સ્વમાન પણ એનામાં વધે છે. જંગલી માનવ કુદરતનાં બળો અને હિંસક પ્રાણીઓના ડરથી દબાએલો રહેતો; આંધી ને વીજળી, પૂર ને ધરતીકંપના હુમલાથી એ ધ્રૂજતો; સૂર્યોદય ને સૂર્યાસ્તનું, ભરતી ને ઓટનું રહસ્ય એનાથી ગુપ્ત રહેતું; સિંહ ને વાઘ, અજગર ને મગર એના હરીફ હતા. એ કુદરતનું રમકડું. એ પામર પ્રાણી, એ અસહાય જીવ જોતજોતાંમાં નાશ પામશે અને સૃષ્ટિના મંચ ઉપરથી એ કાયમ માટે અદૃશ્ય થઈ જશે એમ કોઈ પણ તટસ્થ નિરીક્ષકને થાત.

પરંતુ પ્રલયનાં પૂર આવ્યાં ને ગયાં, જાતજાતના રાક્ષશી જનાવરો લોપ પામ્યાં, જ્વાળામુખીઓ ભભૂકી ઊઠ્યા ને શમી ગયા, દરિયા-ધરતીની સીમાઓ બદલાઈ, પણ એ લાચાર માનવી, એ માટીનું પૂતળું, એ નબળામાં નબળું પ્રાણી, યુગો વટાવીને હજી ધરતીની કોરે ઊભું છે; એટલું જ નહિ, પણ પૂરનાં પાણી આડે એણે બંધ બાંધ્યા છે, વીજળી પાસેથી દાસીની સેવા લીધી છે અને જંગલનાં પ્રાણીઓને પાંજરામાં પૂર્યાં છે. કુદરતનું એ નાચીઝ રમકડું આજે સૃષ્ટિના સિંહાસને બેઠું છે. એ શક્તિ એનામાં ક્યાંથી આવી?

તત્ત્વજ્ઞ પાસ્કાલે માનવીની બે શબ્દોમાં ગર્ભિત વ્યાખ્યા આપી છે: 'વિચારશીલ બરુ'. બરુની જેમ માનવીનું શરીર પણ સહેજમાં ભાંગી જાય. દુનિયાની લહરોમાં ડોલતું રહે, પણ જો એ ડોલતા નેતરમાં વિચાર કરવાની શક્તિ આવે તો દુનિયા એ સોટીને તાલે નાચે. ભૂતકાળનો અનુભવ લઈ ભવિષ્યની યોજના ઘડવાની બુદ્ધિ, અને એ યોજનાને પગલેપગલે અમલમાં મૂકવાનાં સાધનો પસંદ કરીને યોગ્ય નિર્ણય લેવાની શક્તિ, એ માણસનો આગવો વારસો છે. એ વિકાસ, પ્રગતિ ને સંસ્કૃતિનો આધાર છે, અને એ જ સ્વતંત્રતાનો પાયો છે.

મારી ઓરડીની બારીમાંથી રોજ સવાર-સાંજ ચરવા જતી-આવતી ભેંસોનું એક ટોળું જોઉં છું. નિત્ય એ કાર્યક્રમ. એક જાય ત્યાં બીજી અનુસરે. એક ખોટા ઝાંપામાં ઘૂસી જાય, તો રબારીનું ધ્યાન ન જાય ત્યાં સુધી—બીજી બધી એ જ ઝાંપામાં આગળ વધે. એક ઊભી રહે તો તેની પાછળની પણ ઊભી રહે; અને આમ એક પછી એક બધી થોભી જાય. એનું નામ ટોળાવૃત્તિ. ટોળામાં વ્યક્તિ ઓગળી જાય. ભેંસમાં ને ભેંસમાં શો ફેર? હા, કંઈ રંગથી કે કદથી કે શિંગડાંના ઘાટથી રબારી એકએકને ઓળખી શકે, પણ દરેક ભેંસને 'વ્યક્તિત્વ' તો છે જ નહિ. વ્યક્તિત્વ માટે સ્વતંત્રતા જોઈએ અને સ્વતંત્રતા માટે બુદ્ધિ ને પસંદગીની શક્તિ જોઈએ.

માનવ-વ્યક્તિ પોતાનો રસ્તો પસંદ કરે છે, રસ્તો ન હોય તે ઘોર જંગલમાં કુહાડી ચલાવીને રસ્તો કરી લે છે, ને અનેક રસ્તા હોય તો પણ બધા છોડીને એ નવો ચીલો પાડી લે છે, એ તેની ખૂબી ને મહત્તા છે. નદીમાં કાષ્ઠ પડતું મૂકો તો એ પ્રવાહની સાથે તણાઈ જશે; પરંતુ એ લાકડા ઉપર જો માણસ સવાર થઈ જશે તો યુક્તિ ને શક્તિ અજમાવીને પ્રવાહની સામે અવળી ગતિએ પણ આગળ જશે ને ઠેઠ નદીના મૂળ સુધી પહોંચી જશે. એ સામે પૂરે તરવાની હોંશ, એ પહેલ કરવાની ધગશ, એ સાહસવૃત્તિ, એ સર્જક શક્તિ, એ માણસની વિશિષ્ટતા છે. માણસની વ્યાખ્યા જ છે: 'વિવેકપૂર્વક ને સ્વતંત્રરીતે પસંદગી કરવાની શક્તિ ધરાવતું પ્રાણી તે માણસ'.

સ્વતંત્રતા માણસનો લાક્ષણિક ગુણ હોવાથી વ્યક્તિઘડતરમાં એ તરફ વિશેષ ધ્યાન આપવું ઘટે. એ સ્વતંત્રતા ન હોય ત્યાં સુધી ન વ્યક્તિ કે ન સમષ્ટિ, ન માણસ કે ન દેશ પ્રગતિ કરી શકે એ ઇતિહાસ અને અનુભવની વાત છે. આઝાદીનાં વીસ વર્ષમાં ભારતે જે પ્રગતિ સાધી તે એ પહેલાંનાં પચાસ વર્ષમાં પણ એણે નહોતી કરી. એ જ રીતે બંધિયાર વાતાવરણમાં રહેતા યુવાનનું વ્યક્તિત્વ રૂંધાઈ જશે; પણ સમજપૂર્વક એને જવાબદારી સોંપવામાં આવે અને જીવનના વિકલ્પો પર પોતાની પસંદગી ઉતારવાની તક આપવામાં આવે તો તેનામાં પ્રૌઢતા જલદી આવી જશે.

'હું મોટો ક્યારે થયો?' એ શીર્ષક કરીને કાકાસાહેબ 'સ્મરણયાત્રા'માં લખે છે કે તે ચૌદ વર્ષના હતા ત્યારે કોઇને નાણાં ધીરવાની બાબતમાં એમના પિતાશ્રીએ એમનો અભિપ્રાય પૂછ્યો. 'હું આશ્ચર્યચકિત થયો. નાણાં ધીરવા જેવી મહત્ત્વની બાબતમાં પિતાશ્રી મારી સલાહ કોઈ કાળે માગે એવી મને કલ્પના પણ ન હતી. મને થયું કે હવે હું મોટો થયો, કેમ કે કૌટુંબિક રાજ્યમાં મત આપવાનો મને અધિકાર મળ્યો.' એમની સલાહ સાચી લાગવાથી પિતાશ્રીએ આખું કામ પતાવવાનું એમને સોંપી દીધું, અને પતાવટ જોઈ ને સંતોષ બતાવ્યો. 'મોટી જવાબદારી ઉપર કરેલા કામને માટે પિતાશ્રીની મંજૂરી મળી, એટલે મારી ખાતરી થઈ કે હવે હું મોટો થયો જ છું.'

સ્વતંત્રરીતે નિર્ણય લેવાની જવાબદારી મળે એટલે પ્રૌઢતા આવે. દુઃખની વાત એ છે કે રૂઢિપરાયણ સમાજવ્યવસ્થાને લઇને અનેક વખત મોટી ઉમર સુધી એવી જવાબદારી ઉપાડવાની ને એવા નિર્ણય

લેવાની તક કુટુંબના ને સમાજના ઊગતા સભ્યોને આપવામાં આવતી નથી. કાકાસાહેબ પોતે બીજે એક સ્થળે એવો એક પ્રસંગ ટાંકીને પોતાનો રોષ ઠાલવે છે: "સ્વરાજના દિવસોમાં પાંત્રીસ-ચાલીસ વરસના એક તરુણને ચળવળમાં ભાગ લેવા માટે હું સમજાવતો હતો. એટલામાં એના વૃદ્ધ પિતા આવ્યા અને કહેવા લાગ્યા: 'જે કાંઈ કહેવું હોય તે મને કહો. આ નાના છોકરાને શું કહો છો?' મેં નમ્રતાપૂર્વક કહ્યું: 'તમારા પુત્રને બે બાળકો પણ થયાં છે. તેઓ કાંઈ સાવ નાના બાળક નથી. દેશ પ્રત્યેનું કર્તવ્ય એમને શું ન સમજાવવું જોઇએ?' ડોસા ચિડાઇને બોલ્યા: 'ના, હું જીવું છું ત્યાં સુધી ઘરનો કર્તાપુરુષ હું છું. બધાંએ મારા કહ્યા પ્રમાણે ચાલવાનું છે. હું છું ત્યાં સુધી વિચાર કરવાનો અધિકાર પણ મારા દીકરાને ન હોય.' 'ત્યારે પછી અમારે ભગવાન આગળ શી પ્રાર્થના કરવી?' મેં જરા ખિજાઇને ને કંઈક ટીખળથી પૂછ્યું."(રવીન્દ્ર-સૌરભ, પૃ. ૧૫૮) ઘરની વ્યવસ્થામાં, ભવિષ્યની યોજનામાં, અભ્યાસક્ષેત્ર નોકરી ને જીવનસાથીની પસંદગીમાં જો નવયુવાનને હાથ પણ ઊંચો કરવાની છૂટ ન હોય તો એ સ્વતંત્ર વ્યક્તિ થશે કેવી રીતે?

જીવનમાં વિકલ્પો આવે, માર્ગમાં ત્રિભેટો આવે, ત્યારે એક-એક ફાંટાની તપાસ કરીને, પોતાથી આગળ ચાલી નીકળનાર વડીલોની સલાહ લઇને, છેલ્લે જાતે બીજા રસ્તા છોડી દઈ એક વિશ્વાસપૂર્વક પસંદ કરીને, અને એ પસંદગી માટે સંપૂર્ણ જવાબદારી માથે લઇને તેનાં સારાં-માઠાં પરિણામ સ્વીકારીને બીજા એવા વિકલ્પો માટે આપ-શિક્ષણથી તૈયાર થઈ રહેવું, એ જ વ્યક્તિ-ઘડતરનો રાજમાર્ગ છે. સમજણ ને જવાબદારીપૂર્વક એવી પસંદગી કરતી વખતે માણસના હૃદયમાં એક અનેરો ભાવ ઊભરાઈ આવે છે: જાણે માનવીને લાયક કામ પોતે ખરેખર કરી રહ્યો હોય! 'માણસ'ને એવું કામ શોભે! બુદ્ધિ ચલાવીને નિર્ણય લઈ શકે એ માણસ, બાકી તો યંત્રની સૃષ્ટિ!

અવકાશયાન 'જેમિનિ-૪'ને, ત્યાર સુધીના લાંબા ઉડ્ડયનનો વિક્રમ સ્થાપવા અમેરિકાએ આભમાં તરતું મૂક્યું હતું. ત્યાં એકબે પરિભ્રમણ પછી બળતણ-કોષ બગડ્યા! વાહન જો તરત ન ઊતરે તો એમાં બેઠેલા બે અવકાશવીરનાં જીવન જોખમાય એમ લાગ્યું. એક તરફ બે આદમીઓની સલામતી, અને બીજી તરફ દેશની આબરૂ—એ બે વિકલ્પો વચ્ચે ઉડ્ડયન-નિયામક ક્રિસ્ટૉફર ક્રાફ્ટે થોડી જ પળમાં નિર્ણય લેવાનો હતો. આખી દુનિયાની મીટ એની તરફ મંડાએલી હતી. એના ટેબલ ઉપર પડેલાં દુનિયાભરનાં રિલે-સ્ટેશનોના છેલ્લા હેવાલો પર એણે નજર નાખી, જાતજાતના ગણકયંત્રોના આંકડા પલકારામાં તપાસ્યા, આસપાસ ઊભેલા નિષ્ણાતોના અભિપ્રાયો પૂછ્યા, રેડિયો ઉપર અવકાશવીરોની સાથે વાત કરી, અને અણીને વખતે પોતાનો નિશ્ચય જણાવ્યો: 'ઉડ્ડયન ચાલુ!' અને ખરેખર પ્રયોગ સફળ નીવડ્યો અને નવો વિક્રમ નોંધાયો. યંત્રો જડ સેવા આપે છે, પણ એ જડ સેવા લઇને માણસનું જીવન અને માનવજાતનો ઇતિહાસ તો માણસની નિશ્ચયશક્તિ જ ઘડે છે.

તમારા જીવનમાં એવા પસંદગી કરવાના પ્રસંગો આવે ત્યારે સામે જઇને ઉત્સાહથી તેનો લાભ લો. તમારા નિર્ણયો તમે જ લો. 'બધા કરે છે એટલે હું પણ એમ કરું છું; મારા મિત્રો એમ કહે છે એટલે હું પણ એમ કહું છું; રિવાજ છે એટલે કરવું પડશે..' એવાં સૂત્રો તમારી જીભ પર ન શોભે. એ ગાડરોની ધર્મસંહિતા હશે, માણસોની નહિ. કૉલેજમાં શું લેવું, ક્યાં સુધી ભણવું, લગ્ન ક્યારે કરવું, કઈ નોકરી પસંદ કરવી, એ તમારા જ નિર્ણયો છે. ઘેર પૂછીને, સલાહ લઇને, પાકો વિચાર કરીને એ પસંદગીઓ કરજો. પણ 'બધું મને બીજા તૈયાર કરી આપશે' એમ કહી તમારી જવાબદારીમાંથી છટકી જવાનો ખોટો પ્રયત્ન ન કરતા—તમારું વ્યક્તિત્વ વહેલું ઘડવું હોય તો. આમ કરીકરીને જ તમારા આગવા વ્યક્તિત્વનું ભાન તમારા અંતરમાં ઉદ્ભવશે, તમારો સ્વતંત્ર મિજાજ ઘડાશે અને માનવ-વ્યક્તિ તરીકે તમારુ સ્વમાન તમારો જીવનમંત્ર બની રહેશે.

સ્વરાજ્યને સુરાજ્ય

સ્વ. શાસ્ત્રીજીના મૃત્યુ પછી જ્યારે ખબર પડી કે ભારતનું અઢાર માસ સુધી વડું પ્રધાનપદ ધારણ કરનાર એ વિભૂતિને ખાતે બૅંકમાં કાંઈ નથી, ઊલટા તે બૅંકના દેવાદાર છે, ત્યારે તેમની વીરતા, તેમની મુત્સદ્દીગીરી આદિમાં શિરમોર બની ને તેમના વ્યક્તિત્વને લોકહૃદયમાં સત્કાર અપાવનાર તેમની ત્યાગવૃત્તિ ઉપર ભારતીઓ મુગ્ધ બની ગયા.

જામ રણજીને ગોળમેજી પરિષદ વખતે કોઈ પત્રકારે પૂછ્યું: 'તમારા ગાંધીમાં એવું તે શું છે કે લોકો તેમની પાછળ આટલા ઘેલા બન્યા છે?' જામસાહેબે જવાબ આપ્યો: અમારા દેશમાં જે ત્યાગે છે તેને લોક બધું આપે છે. સ્વેચ્છાથી સ્વીકારેલી ગરીબાઈની ભારત ભક્તિ કરે છે. ભારતમાં ત્યાગીઓ એ જ ઇતિહાસને ભવ્યતા અર્પી છે. ભગવાન બુદ્ધે રાજવૈભવનાં સુખ ત્યજી દીધાં અને ત્યાગીઓની એક નવી દુનિયા ઊભી કરી દીધી; મહાવીરે એવો જ ત્યાગી સમાજ ઊભો કર્યો; શંકરાચાર્યે ભગવાં વસ્ત્રધારી ભિક્ષુક સંન્યાસીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને તેજ આપ્યું; નાનકે શીખ ધર્મ એવા ત્યાગીઓ મારફતે જ દૃઢ કર્યો. ગાંધીજીએ તો સમગ્ર ભારતની રાષ્ટ્રીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક શકલને પલટાવી દીધી.

આજે તો ઉપભોગ પાછળ આખા રાષ્ટ્રે જાણે દોટ મૂકી છે. 'રળી લો, રળી લો, રળાય એટલું રળી લો' એવી હવા ઊભી થઈ છે. દેશે સ્વાતંત્ર્ય રળ્યું છે પણ સ્વાતંત્ર્યની સિદ્ધિ રળવાની હજી બાકી છે ત્યારે સમષ્ટિનિષ્ઠ સમાજ સ્વનિષ્ઠ બનવા માંડયો છે એ કેમ ચાલશે!

આ દેશમાં જનક પેદા થયા છે, જેણે સંપત્તિને તૃણ માની એક ટ્રસ્ટથી વિશેષ ભાવ એની તરફ કેળવ્યો ન હતો. રઘુઓનો ઇતિહાસ ત્યાગની કથા લલકારે છે. રાજાઓ અને દેવો પણ જેનું શરણ ઇચ્છતા એવા ઋષિમુનિઓની ગાથા ત્યાગની બિરદાવલી ગાય છે. દેવોને પોતાનાં હાડ ભેટ ધરનાર દધીચિ, કર્ણ, રંતિદેવ, હંસધ્વજ કે મયૂરધ્વજના ત્યાગની વીરતા આપણાં બાળકો પાસે હવે પહોંચતી નથી. હર્ષવર્ધન દર પાંચ વર્ષે રાજલક્ષ્મીને ગરીબોમાં લુટાવી દઈ ગરીબ બનવામાં ગૌરવ અનુભવતો એ કથાનો રોમાંચ આ પેઢીને સ્પર્શ્યો નથી. દિલ્હીપતિ નાદીરશાહની બેગમની આંગળીઓ રોટલી શેકતાં દાઝી જાય પણ રાજતિજોરીમાં ખર્ચ નાખીને તે રસોઇયો

જો બનાવવું હોય તો

ન રાખે; મુઘલ સલ્તનતના આલમગીર પોતાનું ગુજરાન કુરાનની નકલ કરીને ટોપીઓ સીવી ચલાવે; શાસ્ત્રીજીનો હિસાબ અંગત મિલકતમાં દેવું બતાવે, એ ભારતીય ઇતિહાસની ભવ્યતા છે!

મરાઠા યુગના પેશ્વા માધવરાવના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીની પત્નીની થીગડાંવાળી સાડી જોઈ તેમને પેશ્વાનાં પત્ની સોને-રૂપે મઢી દઈ પાલખીમાં ઘેર પાછાં રવાના કરે, ત્યારે ઘરનાં બારણાં બંધ કરી પત્નીની ઉપેક્ષા કરીને બધું ધન પાછું મોકલાવી દેનાર રામશાસ્ત્રી જ રાઘોબાને 'નારાયણરાવના ખૂનનું પ્રાયશ્ચિત્ત મૃત્યુ જ હોઈ શકે' એમ જાહેર દરબારમાં ફરમાન કરી શકે, અને ન્યાયાસનને લાત મારી શકે. આપણાં બાળકો આજે આવા ગૌરવવંતા પ્રસંગોથી વંચિત છે એ કેવું દુઃખકર છે!

પાણીથી ભરેલા પડિયામાં પ્રતિબિંબ જોઈ સંત કુંભનદાસ તિલક કરે અને રાજા માનસિંહનો રત્નમંડિત અરીસો પાછો વાળે એ કેવી વિરલ સંતત્વની પ્રતિષ્ઠા છે! તુકારામની ગરીબાઈથી દયાર્દ્ર બનેલા શિવાજીએ મોકલેલાં સોના-ચાંદીનાં વાસણો તુકારામનાં પત્નીએ સ્વીકારી માટીની હાંલ્લી કાઢી નાખી પણ સંત તુકારામે તો એ મોઘા મૂલાં વાસણને 'ભગવાને દાન કરવાની આપેલી સુંદર તક' માનીને ગરીબોમાં લૂંટાવી દીધાં. પછી 'રસોઈ શામાં કરીશું' એવી મૂંઝવણ જ્યારે પત્નીને થઈ (હાંલ્લી તો કાઢી નાખી હતી) ત્યારે 'જેવી વિઠોબાની મરજી' કહી તુકારામ જે હસી પડયા એવા શ્રદ્ધા-નિર્મળ ત્યાગની આજે આપણું રાષ્ટ્રીય ચારિત્ર્ય જીવંત કરવા માટે જરૂર છે. 'ત્યાગીને ભોગવી જાણો' એ ઈશાવાસ્ય ઉપનિષદના વાક્યમાં પોતાના 'ત્યાગથી બીજાને થતું સુખ જોઈ તેનો આનંદ ભોગવી જુઓ' એ ભાવ લક્ષ્યાર્થ રૂપે રહ્યો છે.

સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબાઈ એ રાષ્ટ્રની આજની આવશ્યકતા છે. ભારત સેવકસમાજ, રામકૃષ્ણ મિશન, લાલાજીનો લોકસેવક સમાજ, ઠક્કરબાપાનું ભીલસેવામંડળ કે દક્ષિણામૂર્તિ જેવી સન્નિષ્ઠ આજીવન સેવકની સંસ્થાઓ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કેમ જન્મતી નથી? રાષ્ટ્રની સેવા પગારદાર નોકરો કેવી કરશે? આપણી ઊગતી પેઢી—ભણી પરવારેલા વિદ્યાર્થીવર્ગ—માંથી સેવકગણો નિર્માણ કરનાર લોકસેવક દાર્શનિકોની આજે તો જરૂર છે. સ્વરાજ્યને હવે સુરાજ્ય બનાવવાનું છે.

(સાધના) અમુભાઈ પંડયા

અણસારા… / હરિકૃષ્ણ રા. પાઠક

·સવૈયા·

હવડ ભૂતનો કૂવો એનાં બંધિયાર જળમાં ય
કદી ચાંચમાં ચાંચ પરોવી પીછાં ફફડી જાય.

કાંઠા ઉપર ખડો પીપળો ખખડે એનાં પાન,
કૂવામાં પડઘાય પ્રીતનાં આછાં આછાં ગાન.

મદભર આંખ-ઇશારે ઝૂલી કૂદી પડતું કો'ક,
કાંઠે ભીનું રૂપ ભીંજવું, ભલે ભાળતાં લોક!

રંગરંગનાં લટકાં ધારે ઝાંખાંઝાંખાં રૂપ,
બડબડતાં પાણીમાં ખીલે, ઠર્યાં કાળને કૂપ.

બંધિયાર જળ ડહોળ્યાં—તે શું રાતરાણી શાં ફોરે!
તરણા જેવા અણસારે મન આભ જેવડું ફોળે!

ગામનો હવડ કૂવો જોઇને તેમાંનાં કબૂતરની કેલિ તથા પીપળાનાં પાનના ખખડાટ દ્વારા જાગેલી ભૂતકાળની રંગભરી સ્મૃતિ (ત્યાં નાહવા જતાં થએલી પ્રીત, કાંઠા પરની કોઈકનાં કપડાં ભીંજાય એ રીતે મારેલા ભૂસકા, એ ભીંજાતું રૂપ લોકોને જોવા દેનારીની હોંશ) ના રાતરાણીની જેમ ફોરી રહેતા અણસારા.

એક પાંદડું / યોસેફ મૅકવાન

·કટાવ·

એક પાંદડું હલ્યું—હલ્યું ને ખર્યું,
ઢળ્યું ત્યાં નભ આવી આ દગમાં!

દગમાં પંખીઓની હાર,
હારથી એક વિખૂટું પંખી આવી
ઊંડે આંસુના સરવરિયે ઊતર્યું,
ઊતરી જલમાં ખેલ્યું, પાંખ પ્રસારી નાહ્યું,
આછી પાંખ પ્રસારી ટહુકો કરતું ઊડયું
ઊડયું કયાંય…

હજી એ ટહુકો નભમાં, જલમાં, દગમાં
હવા થકી પડઘાય…!
પીછી જેવી ફરતી ભીની હવા હવે હિજરાય.

પાંદડું હલીને ખરી પડતાં આંખમાં ઢળી આવેલા અવકાશ દ્વારા પંખીની જેમ ઊતરી આવીને ટહુકો કરી ઊડી જતી—ને પાછળ વેદનાભર્યો એનો પડઘો મૂકી જતી સ્મૃતિ…

બે હાઈકુ / ચીમન કલાલ

મત્સ્ય-નિશાને
અર્જુને છોડયું તીર,
વિંધાયો કર્ણ.

કૂવા કાંઠડે
ભરે ઘડુલા કન્યા,
હું છલકાઉં.

નિર્વાસિત

સુશીલા ઝવેરી

·કટાવ·

થયું મને કે
લાવ હવે આ
જૂના ઘરમાં
વાળીઝૂડી
ખૂણેખૂણો
ફંફોળી લઈ
ફગવી દઉં હું
કચરો સઘળો.

અવાવરું
અરમાન પડયાં છે
એને બદલે
થોડાં યે કૈં
નવાં વસાવી લઉં.

સડી ગએલાં
સ્વપ્નો ફૂંફી
કટાઈ ગયલી
તૃષ્ણાઓનું
કહોવાએલ
કલેવર બદલી
નવું નકોર ચડાવી દઉં.

અભિલાષોના
દડિયાના કૈં
ખડકાએલા
ગંજ બધા આ
અટવાતા ને
અથડાતા જે,
એષણાતણી
અનેક સળીઓ
છૂટી પડી ગઈ,
એ સઘળાંનો
ભેગો કરી
ભંગાર ટોપલે
લાવ ઉકરડે
નાખી આવું.

નાખી આવી;

શ્વાસ લીધો ના
જરી તહીં તો
આવી એકેએક
ભરાયાં ભીતર પાછાં!
નિર્વાસિત
ગણી લઈ ને શું
ફરી વસાવી લઉં?

ગુજરાતના સંસ્કારજીવનમાં રંગભૂમિના આદિક્ષેત્રે અગ્રિમ

'કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ
વારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ'

• •

જરી એક ઘડી મોડો ઊગજે ચાંદલીઆ
સૂનાં સલૂણાં વિના માળીઆં — જરી એક૦

મુંબાઈના 'ઝવેરી થીએટર' અને અમદાવાદના 'આનંદભુવન' તથા 'શાંતિભુવન'માં 'દેશી નાટક સમાજ' તરફથી ભજવાતાં નાટકો જોનાર ગઈ પેઢીના નાટ્યરસિકોને ઉપરની બોધપ્રધાન ને રસિક પંક્તિઓવાળાં ગીતો યાદ કરાવવાની ભાગ્યે જ જરૂર રહે. એ પેઢીના નાટ્યરસિયાઓ માટે આજના સિનેપ્રેમીઓની જેમ આવાં ગીતો મહિનાઓ સુધી મનોરંજક થઈ પડતાં. અલબત્ત, એમાં મોટો ફરક એ હતો કે એ ગીતો મનોરંજન સાથે જીવનનું મોંઘું ભાથું પણ સદુપદેશરૂપે બાંધી આપતાં. નાટકનો આસ્વાદ લેતાં લેતાં એ સમજતા કે

કાયર થઈ સંસારથી જે નર છાંડે પ્રાણ,
બાથ ધુમાડેથી ભરે, મૂર્ખ મહા અણજાણ.

• •

હીરો મૂકે હાથથી પામર લેવા પ્હાણ,
ચૂકાવ્યું ચૂકે નહિ, કર્મરાયનું દાણ!

ગઈ સદીના અંત અને આ સદીના શરૂના દાયકાઓના આપણા અર્ધશિક્ષિત ને નિરક્ષર આમ-મધ્યમ-સમાજની લગભગ બે પેઢીઓના જીવનનું રસિક-પ્રબોધતા દ્વારા ઘડતર કરવામાં રંગભૂમિએ જે અદૃશ્ય પણ મોટો ફાળો આપ્યો છે તેની યોગ્ય મૂલવણી આપણે કરી નથી.

પોતાનાં વીસેક જેટલાં નાટકોમાં, ઉપર ઉતારેલી પંક્તિઓ જેવાં મધુર ઉપદેશપ્રધાન ગીતો, રસપૂર્ણ ગરબાઓ અને ઝડઝમકથી ભરેલી કવિતાઓ આપનાર, ઉપર્યુક્ત વિખ્યાત નાટ્યસંસ્થા 'દેશી નાટક સમાજ'ના સ્થાપક, ગઈ સદીના ખ્યાતનામ નાટ્યલેખક, કવિ અને સંગીતજ્ઞ ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીની જન્મશતાબ્દી આ (માર્ચ) માસની ૧૯મીએ ઉજવાશે.

માત્ર પાંત્રીસ વર્ષના પોતાના અલ્પ આયુષ્યમાં પણ તળ ગુજરાતની રંગભૂમિમાં પ્રાણ ફૂંકી તેને માતબર બનાવનાર અને થીએટરો બાંધી તેને સ્થાપિત કરનાર એ સંનિષ્ઠ સારસ્વતનો જન્મ અમદાવાદની જૈન વીસા ઓસવાળ જ્ઞાતિમાં ઈ. ૧૮૬૭ની ૧૯મી માર્ચ ને મંગળવારે (સં. ૧૯૨૩ના ફાગણ સુદ ચૌદશે) ઝવેરાતના વ્યવસાયી શ્રીમંત ખાનદાનના પિતા ધોળશાજી હકમચંદ ઝવેરીને ત્યાં થયો હતો.

એમના નિવાસસ્થાનની પોળ(દોશીવાડાની પોળ)માં જ આવેલા (જૈન) દેરાસર અને અમદાવાદની ખ્યાત ગોંસાઈજી મહારાજની વૈષ્ણવ ધર્મની હવેલી, એમ બે ધર્મસ્થાનો વચ્ચેના વાતાવરણમાં ઊછરેલા બાળક ડાહ્યાભાઈના સંવેદનપટુ માનસ ઉપર ધર્મના સંસ્કાર સાથે સાહિત્ય અને સંગીતના સંસ્કાર પણ પડતા ગયા, અને કિશોરકાળથી લાગેલા વાચનનો શૉખ સોળ વર્ષની વયે તો તેમને કાવ્યરચનાના પ્રદેશમાં પ્રવેશ કરાવી ગયો. ઈ. ૧૮૮૩માં રચાએલું 'આત્મશિક્ષા' નામનું તેમનું પ્રથમ કાવ્ય 'સ્યાદ્વાદ સુધા'માં છપાયું.

અમદાવાદની મિશન સ્કૂલમાંથી મૅટ્રિક પાસ થઈ તેઓ કૉલેજના પ્રથમ વર્ષ સુધી પહોંચ્યા, જ્યાં સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવ તેમના સહાધ્યાયી હતા અને સંસ્કૃત પર સારો કાબૂ ધરાવનાર તરીકે એમની ખ્યાતિ હતી. સંસ્કૃત સાહિત્યના સંપર્કથી એમનો સાહિત્યજીવ કોળતો ગયો અને કાવ્યપ્રવૃત્તિએ વેગ પકડ્યો. ઈ. સ. ૧૮૮૪માં તેમનાં પ્રથમ પત્નીને અપાએલી કવિતા-શ્રદ્ધાંજલિથી આગળ વધીને વિકસતી ગએલી એ પ્રવૃત્તિ ઈ. ૧૮૮૭માં લખેલી લાલાની લીલા' નામના લાંબા કાવ્ય (૫૮ લીટી) અને ઈ. ૧૮૮૮માં રહેનેમી-રાજુલના જૈન કથાનક ઉપરથી લખાએલી એથી પણ લાંબી રચના દ્વારા, ઈ. ૧૮૮૯માં ૨૨૫ શ્લોક (૯૦૦ લીટી)ના દીર્ઘ કાવ્ય 'પ્રેમીને પત્ર' સુધી પહોંચી ગઈ. 'સરસ્વતીચંદ્ર'ના વાચનની અસર નીચે એમણે 'નવીન'ના તખલ્લુસથી એ રચના છપાવેલી મળી આવે છે. અલબત્ત, આ બધાં ઘડતરકાળનાં સોપાન હોઈ તેમાં રચનાની કચાશ અને કવિતા-તત્ત્વની ઊણપ છે, પણ એ જ વર્ષે કરેલો 'કાલિદાસ'ના 'અભિજ્ઞાન શાકુંતલ'નો અનુવાદ એમના ઉચ્ચગ્રાહની શાખ પૂરે છે.

કવિતા-રચનાની આ પ્રવૃત્તિની સાથોસાથ સમાંતરે વહેતો સંગીતનો રસ તેમને, એ કાળે ગુજરાતમાં નવાં જ પગરણ માંડતી રંગભૂમિના દ્વારે ખેંચી ગયો. એ પગરણ પહેલાં ગુજરાત કાઠિયાવાડમાં રામલીલા, ભવાઈ તથા માણભટ્ટની કથાઓ દ્વારા જનરંજન અને જીવનબોધ મળતાં. તેમાં કોઈ કોઈવાર વળી રામભાઉ જેવા મહારાષ્ટ્રીય કલાકારો પોતાની મંડળીઓ સાથે મોટાં શહેરોમાં ફરીને આખ્યાનો ભજવી જતા. ભાવનગરમાં દરબારી લગ્નપ્રસંગ વખતે મુંબાઈની દાદાભાઈ થૂથીની 'હિંદી નાટકમંડળી' થોડા પ્રયોગો રજૂ કરી ગઈ હતી. મુંબાઈની 'વિક્ટોરિયા નાટકમંડળી' તેમજ કાઠિયાવાડમાં જેનાથી રંગભૂમિની શરૂઆત થએલી અને મુંબાઈમાં પાંગરેલી તે વાઘજી આશારામ ઓઝાની 'મોરબી આર્યસુબોધ' નાટકમંડળી, બન્ને કંપનીઓ પણ ગુજરાતના પ્રવાસ દ્વારા સમાજમાં રંગભૂમિનો પ્રવેશ કરાવી ગઈ હતી.

એ અરસામાં તળ ગુજરાતમાં પાટણના શ્રી કેશવલાલ શિવરામ અધ્યાપકે જૈન કથાસાહિત્યમાંથી વસ્તુ લઈને તેની ઘટનાઓને નાટ્યસ્વરૂપે ગતિશીલતા આપતાં કેવળ ગીતોમાં 'સંગીત લીલાવતી' નામે નાટક લખ્યું, જે એમણે વિસનગરના ધનસુખલાલ મગનલાલ તથા છોટાલાલ અંબારામ નામના બે ત્રગાળા ભાઈઓનો સાથ લઈ તેમની જ્ઞાતિના ભોજકભાઈઓ દ્વારા વડનગર વિસનગર અને પાટણમાં ભજવવું શરૂ કરેલું.

આ દરમિયાન ડાહ્યાભાઈએ અમદાવાદમાં કૉલેજનો અભ્યાસ છોડી દીધો હતો. પિતા સુખવાસી ને શ્રીમંત હતા અને પુત્રને કમાણી કરીને ઘરને પોષવાની ચિંતા ન હતી, છતાં એમણે કૉલેજ છોડીને જૈન બાળકો તથા સાધુઓને સંસ્કૃત શીખવવાનું શા માટે શરૂ કર્યું અને પછી મીઠાના પારસી ઈજારદારને ત્યાં નોકરીએ શા માટે રહ્યા તેનાં કારણો જણાયાં નથી. એ નોકરીમાંથી પણ પોતાના અધિકારીને 'ઑક્ટોમ્બર' શબ્દનો સાચો ઉચ્ચાર 'ઑક્ટોબર' બતાવવા જતાં બરતરફ થવું પડ્યું, અને પોતાની વિદ્યાસંસ્થા અમદાવાદની મિશન સ્કૂલમાં તે સંસ્કૃતના શિક્ષક બન્યા. આ અધ્યાપન-વ્યવસાયનું એમના સારસ્વત હૃદયને એટલું ગૌરવ હતું કે એમનાં રચેલાં નાટકોનાં ગાયનોની કેટલીક ચોપડીઓ ઉપર એમના નામ સાથે તે 'મિશન સ્કૂલના માજી સંસ્કૃત શિક્ષક' લખાએલું જોવામાં આવે છે.

ઈ. ૧૮૮૮ના અરસામાં અમદાવાદના એ સમયના એક જબરા ને જાણીતા વણિક નાગરિક વીરચંદ ગોકુળદાસ ભગતે 'સંગીત લીલાવતી' નાટકને અમદાવાદમાં આમંત્રીને નાગોરીશાળાની પડાળીમાં

ફાળો આપનાર ગરવા ગુજરાતી
ડાહ્યાભાઇ ધોળશાજી
જેમની જન્મશતાબ્દી આ માસમાં છે



Dahyabhai D. Dalal.

જન્મ • ૧૯-૩-૧૮૬૭ અવસાન • ૩૦-૪-૧૯૦૨

કાચા તાડછાના માંડવા, તાડછાની જ પાછળ ટેકા મૂકેલી 'વિંગ', એક બે સાદા પડદા, ચાલીસના મોટા દીવા, કપાસિયાના 'ફૂટ-લાઈટ', આશ્રયદાતા ગણાતા રસિક સજ્જનોને ત્યાંથી માગી આણેલાં શેલાં-સાડી-અંગરખાં ને સારંગી-તબલાંના સાજ વગેરેથી ભજવાયું. ત્રણેક માસ એ પ્રવૃત્તિ ચાલ્યા બાદ હીરચંદ ભગત તેમાંથી છૂટા થયા અને એ નાટકના લેખક કેશવલાલ અધ્યાપકે મગનભાઈ કરમચંદની વાડીમાં (આજના 'લક્ષ્મી ટૅાકીઝ'ને સ્થળે) એકલે હાથે તે ભજવવા માંડયું.

ડાહ્યાભાઇએ તે પંદરવીસ વાર જોયું અને ગૃહિણી વિરુદ્ધ સામાન્યાના કથાવસ્તુવાળા એ નાટકમાંથી એમને રંગભૂમિને રંગ લાગ્યો. કહેવાય છે કે ડાહ્યાભાઈએ એના અમુક ગીત માટે ઉપરાઉપર 'વન્સમોર' માગેલા, બેત્રણ વખત તે અપાયા બાદ ફરીથી માગતાં તેમને ઉત્તર મળ્યો કે એક વાર નાટક કંપની કાઢી જુઓ, તો ખબર પડે કે વન્સમોર કેમ અપાય છે. આ ઉત્તરથી ચડેલી ચાનકે કેશવલાલ અધ્યાપક સાથેનો સંપર્ક વધાર્યો અને ઈ. ૧૮૮૯ની આખરમાં ડાહ્યાભાઇએ એમની સાથે ભાગીદારીમાં જોડાઇને 'દેશી નાટક સમાજ'ની સ્થાપના કરી. 'સંગીત લીલાવતી' નાટક જે સદંતર 'ગેય' હતું તેમાં છટાદાર સંવાદો ઉમેરીને એમણે 'પવિત્ર લીલાવતી'માં પલટાવ્યું.


ઈ. ૧૮૮૫થી ત્રણચાર વર્ષના ગાળામાં એ પોતાનું જીવનકાર્ય શોધવાની જે માનસિક મથામણમાં પડયા હતા તેનો આ પગલાથી અંત આવતો જણાયો, ને સંસ્કૃત સાહિત્ય, જૈન સાધુઓ તથા વિદ્યાધામોના પરિચયથી પુરસ્કૃત થએલી તેમની વિચારસરણીએ 'દુનિયાના રૂડા દર્પણ સમી' રંગભૂમિનો લોકઘડતરની શાળા તરીકે ઉપયોગ કરવા પાછળ પોતાની શક્તિ જોડવાનો એમની પાસે નિરધાર કરાવ્યો.

પણ એ મજલ બહુ કપરી અને તેમના આદર્શની કસોટી કરનારી નીવડી. થોડા સમયમાં કેશવલાલ સાથેની ભાગીદ રી છૂટી પડી ને કંપનીનો બોજ તેમના એકલાને માથે પડચો એક બાજુ નાટકો તથા તેનાં ગાયનો પણ પોતે રચતા, અને બીજી બાજુ સંગીતની તરજો બેસાડવાનું, દિગ્દર્શનનું અને નટોની તાલીમનું કામ કરવા સાથે કંપનીના વહીવટનો બોજ પણ પોતે જ ઉઠાવતા. આ ગાળામાં એમણે 'સતી સંયુક્તા', 'સુભદ્રાહરણ', 'ભોજરાજ', 'ઉર્વશી-અપ્સરા' તથા 'ભક્તરાજ' નાટકો રચ્યાં અને ભજવ્યાં.

છતાં એમના પ્રયત્નોને યારી મળી નહિ. ઊલટું આર્થિક અને બીજી વિપત્તિઓ ઉત્તરોત્તર આવતી ગઈ એક વાર માંડવામાં આગ લાગી તેમાં જે કાંઈ વસાવેલી-માગી આણેલી સાજસામગ્રી હતી તે બળી ગઈ; એ આગ બુઝાવવાના યત્નમાં એક નટ પણ બળી ગયો. પત્નીનાં ઘરેણાં વેચીને કંપનીને ટકાવી રાખીને પગભર કરવાના ઈરાદે તેને ભાવનગર લઈ ગયા પણ ત્યાં તો આર્થિક ભીંસમાં એવા ભૂંડા હાલ થયા કે હારમોનિયમ-તબલાં પણ વેચવાં પડયાં ને કોઈએ દયાભાવે આપેલા ત્રણ રૂપિયા વડે અમદાવાદની ટિકિટ કપાવવી પડી.

પણ આવા વિષમ અનુભવોથી નહિંમત થયા વિના તેમણે અમદાવાદ આવ્યા બાદ કંપની ફરી ઊભી કરવાના પ્રયાસ કરવા માંડયા; અને એમની કસોટી કરવી હોય તેમ નવાં વિઘ્નો પણ સાથોસાથ ઊભાં થવા માંડયાં. ઘરમાં સાવકી માતાના લીધે પ્રવર્તતા ક્લેશ ઉપરાંત, કુટુંબની અને પ્રતિષ્ઠાને બટ્ટો લગાડતો આવો સમાજમાં હલકો ગણાતો 'નાટકિયા'નો ધંધો છોડવાનું પિતાનું ફરમાન થયું; અને એ આજ્ઞાની અવગણનાનું પરિણામ કુટુંબની મિલકતના વારસદાર તરીકે બાતલ થવામાં આવશે એવી ધમકી પણ મળી. યુવાસહજ ટેકવાળા ડાહ્યાભાઇએ નિરધારેલા પંથને વળગી રહીને, લક્ષ્મીનંદન પિતા અને સાવકી માતા ગુમાનના વર્તાવને પરિણામે ગૃહત્યાગ કરનાર સરસ્વતીચંદ્રની પેઠે પિતાને સામે ચાલીને ફારગતી લખી આપીને ઘર છોડયું, અને વધારામાં અને પિતાના આ વલણના આઘાતના દુઃખ ને રોષથી પોતાના નામ પાછળ લાગતી પિતાની અટક 'ઝવેરી'નો પણ ત્યાગ કરીને ડાહ્યાભાઈ ધોળશાજી 'દલાલ'ની અટક ધારણ કરી.

નાટકો વિષે ડાહ્યાભાઇનો એક નિજી ખયાલ હતો. કાલિદાસાદિનાં સંસ્કૃત અને શેક્સ્પીઅર વગેરેનાં અંગ્રેજી નાટકોથી ઘડાએલી ભાવના અને પોતાના જમાનામાં પ્રવર્તતી ગ્રામ્ય પ્રણાલિકા, એ બે વચ્ચે એમને સેતુ બાંધવો હતો. રંજન દ્વારા પ્રબોધ સીંચીને સમાજનો ઉત્કર્ષ સાધવા માટે નાટક એક પ્રબળ સાધન છે, અને તેના વહન માટે થીએટર બાંધવામાં આવે તો એમાં રોકાએલી મૂડી દ્વારા 'એક પંથ અને દો કાજ' થાય એ વાત અમદાવાદના શ્રીમંત ચિમનલાલ નગીનદાસને ગળે તેઓ ઉતારી શકયા અને ધીકાંટામાં હાલ જ્યાં નૅાવેલ્ટી સીનેમા છે ત્યાં, ઈ. ૧૮૯૩-૯૪માં એમની પાસે આનંદભુવન થીએટર બંધાવરાવ્યું. બીજી બાજુ વડોદરાના મહારાજા સયાજીરાવની પાસેથી પણ આ સમાજોત્કર્ષ પ્રવૃત્તિ માટે રાજ્યાશ્રય મેળવવામાં તે સફળ થયા.


સુરદાસ —
કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ,
ન્હાસો ત્યાં લગી બ્હાલો, જ્યાં લગી વિસામો શ્વાસ.
સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઈએ
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ — સદા૦
પીંજળ પાવ ખરત, ...
... ... , ધોરી ...માં
... તેવી નિત્ય ... ...
... ઋતુના રંગ જેવા દેખી લઈએ — સદા૦
કદી મહેલાતો માળિયાં, કોમળ છપ્પરખાટ
કોઈ દિન એવો આવશે, ભૂખ્યાં ન મળે ભાત — સદા૦

ગુજરાતન કંઠે લોકગીતની પેઠે રમતું થએલું
ડાહ્યાભાઈનું ગાયન—એમના હસ્તાક્ષરમાં

નાટકોમાં પણ 'વીર વિક્રમાદિત્ય', 'કેસર–કિશોર' 'રામરાજ્ય', અને 'સતી પાર્વતી'નો એમણે ઉમેરો કર્યો અને પરિણામે સમાજમાં તેમનાં નાટકો આવકાર પામીને સ્થિતિનાં વળતાં પાણી થવા લાગ્યાં.

આ જ અરસામાં તેમણે પોતાના એક પરિચિત શ્રી ઘેલાભાઈ દોલતરામ દલાલ (શ્રી જયંતી દલાલના પિતા)ને મદદનીશ તરીકે રોક્યા જે છેક સુધી અનેક પ્રસંગોમાં નિષ્ઠાપૂર્વક તેમને વળગી રહ્યા.

ઈ. ૧૮૯૫માં તેમણે 'અશ્રુમતી' અને 'મ્યુનિસિપલ ઇલેક્શન' એ બે નવાં નાટકો ઉમેર્યાં અને એ બંનેએ નવો ઝંઝાવાત સર્જ્યો. 'અશ્રુમતી'માં રાણા પ્રતાપની એ પુત્રી અકબરના શાહજાદા સલીમ સાથે પ્રેમમાં હોવાનું નિરૂપણ કર્યું હતું તે સામે વિરોધનો વંટોળ ઊભો થયો અને નાટક ઠંડું પડી ગયુ. 'મ્યુનિસિપલ ઈલેક્શન'માં પણ એ સંસ્થામાં ચાલતી ગેરરીતિઓ કટાક્ષ દ્વારા ઉઘાડી પાડેલી હોવાથી મોટો ઉહાપોહ થયો અને તેમણે આનંદભુવન થીએટર છોડયું.

વડોદરામાં મળેલા રાજ્યાશ્રયથી કંપની ત્યાં ગઈ અને પછી તેઓ તેને સુરત લઈ ગયા, પરતુ ત્યાં પણ આર્થિક સંકડામણ ઊભી થઈ. છતાં ડાહ્યાભાઇએ આગળ નજર દોડાવી અને સૂરતના એક શ્રીમંત મિત્ર શ્રી માણેકલાલ ગોળવાળાના પ્રોત્સાહન તથા સહાયથી કંપનીને મુંબાઈ લઈ જવાની હામ ભીડી. ત્યાં ગેઈટી થીએટરમાં (આજના કૅપિટૉલ સિનેમાને સ્થાને) મુંબાઈ ગુજરાતી નાટક કંપની પોતાનાં નાટકો ભજવતી હતી તેના પેટાભાડૂત તરીકે મંગળ, ગુરુ, શુક્ર અને રવિવારની રાત જેવા આડ વારે નાટકો ભજવવાનું ઠરાવી ઈ. ૧૮૯૬ના મે માસની આખરે તે કંપનીને મુંબાઈ લઈ ગયા, અને 'અશ્રુમતી'માં જરૂરી ફેરફાર કરીને નવી સજાવટ સાથે તે રજૂ કર્યું.

અને, કોઈની કલ્પનામાં પણ ન આવે એવી સફળતા તેને ત્યાં મળી. એ નાટકમાં બંને હાથમાં બબ્બે તલવારો સાથે સામસામે પટાબાજી ખેલતા બાપુલાલ અને માણેકલાલ નામના પાટણના બે ભાઇઓ અને નર્મદાશંકર નારાયણે મુંબાઇને એવું તો ગાંડું કરી મૂક્યું કે ડાહ્યાભાઇને પોતાનાં બીજાં નાટકો રજૂ કરવાનો અવસર પણ ન આવ્યો. એ એક જ નાટકે કંપનીને તારી દીધી. તે સાથે ઈર્ષ્યાની આગ પણ ભભૂકી ઊઠી. આડ વારની ભજવણી માટે પેટાભાડે રહેનારની આ અકલ્પ્ય સફળતાથી જાગેલી ધંધાદારી અદેખાઇએ અવનવાં સ્વરૂપ ધારણ કર્યાં. ડાહ્યાભાઈ ઉપર અંગત હુમલો થયો અને અફવા તો એવી પણ છે કે

એમને પાનમાં ઝેર આપવામાં આવેલું, પણ તાત્કાલિક ઈલાજને લીધે જાનહાનિ થઈ નહોતી. એની સામેની અફવા વળી એવી છે કે પ્રેક્ષકોની સહાનુભૂતિ જીતવા આ આખો પ્રસંગ કાલ્પનિક ઊભો કરીને વહેતો મૂકવામાં આવેલો. હકીકત ગમે તે હોય પણ ડાહ્યાભાઈની 'કાયાનો કાચો કુંભ' એ સમયે તો અકબંધ રહ્યો.

'અશ્રુમતી' નાટકની સફળતાએ ડાહ્યાભાઇને પ્રતિષ્ઠા અને પૈસા અપાવ્યા એટલે સ્વાવલંબી બનવા એમણે મુંબાઈમાં અત્યારના 'એમ્પાયર'ની જગ્યાએ 'ઝવેરી થીએટર' બંધાવ્યું. સાથોસાથ અમદાવાદમાં પણ પોતાના શ્રીમંત સંબંધી લલ્લુભાઈ રાયજીના સહકારથી ઈ. ૧૮૯૮માં ધીકાંટામાં જ, આનંદભુવનની સામેની હરોળમાં આવેલી બ્રહ્મચારીની વાડીમાં, શાંતિનાથ મહાદેવની છાયામાં (હાલના અશોક સિનેમાની જગ્યાએ) શાંતિભુવન થીએટર બંધાવ્યું, અને તેમાં પોતાનું નવું નાટક 'ઉમાદેવડી' મૂકયું. લોકાકર્ષણ જમાવવા માટે 'અશ્રુમતી'માં નવી ઉમેરેલી બે હાથની પટાબાજી પેઠે આ નાટકમાં નવા તત્ત્વ તરીકે તેમણે રંગભૂમિ ઉપર સાચા વરસાદનું દશ્ય રજૂ કર્યું. સાથોસાથ કંપનીની સધ્ધરતા ને સમૃદ્ધિએ ડાહ્યાભાઈની કલમને પણ સમૃદ્ધ બનાવી ને તે ઉત્તરોત્તર ઉત્તમ નાટ્યસર્જન કરવા લાગ્યા.

કદી મહેલાતો માળિયાં, કોમળ છપ્પરખાટ,
કોઈ દિન એવો આવશે, ભૂખ્યે ન મળે ભાત.

ઈ. ૧૮૯૫માં રજૂ કરેલા 'અશ્રુમતી' સાથે શરૂ થએલો ડાહ્યાભાઈનો ઉદયકાળ ઉત્તરોત્તર તપતો ગયો અને ૧૮૯૬ થી ૧૯૦૨ સુધીનાં તેમનાં ઉઘટનાં છ યે વર્ષ દરમ્યાન સફળતા સંપત્તિ અને કીર્તિનો કળશ તેમના પર ઢોળાયા કર્યો. 'અશ્રુમતી' પછી ૧૮૯૭માં રજૂ થએલાં 'રામવિયોગ' અને 'સરદારબા' પૈકી બીજા નાટકે વધુ લોકચાહના મેળવી અને નવા શાંતિભુવન થીએટરમાં ૧૮૯૮માં 'ઉમાદેવડી'એ તેને રાગ ચડાવી. પણ એ જ વર્ષમાં 'ભોજરાજ'ના નવા સ્વરૂપ 'તરુણ ભોજ' પછી ૧૮૯૯માં મૂકેલું 'વીણાવેલી' તો એમનાં બધાં નાટકો કરતાં પણ લોકહૃદયમાં અનોખું સ્થાન જમાવી એમની કીર્તિદા બની રહ્યું. અને પછી તો ઈ ૧૯૦૦માં 'વિજયા-વિજય' અને ૧૯૦૧માં 'ઉદયભાણ'માં એમનો કીર્તિભાણ તપતો જ રહ્યો.

પોતાની જ આ પંક્તિઓનો અનુભવ કરી ચૂકેલા ડાહ્યાભાઈ સમૃદ્ધિ જોઈ છકી ગયા નહોતા. એમણે તો 'મુસાફર, સફર તારી ટૂંકી ભલા માણસ, કંઈ કરી લે ભલાઈ'વાળી પોતે આપેલી શીખ સદા નજર સામે રાખી હતી એટલે જ જ્યારે દેશમાં છપ્પનિયા દુકાળ અને પ્લેગની બીમ રીથી હાહાકાર વર્તી ગયો ત્યારે મહાદેવ ગોવિંદ રાનડે, લોકમાન્ય તિલક, ફિરોઝશા હ મહેતા, બદ્રુદીન તૈયબજી, ચિમનલાલ સેતલવડ, વીરચંદ દીપચંદ આદિ જેવા દેશના અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓના પ્રમુખસ્થાને નાટકો ભજવીને તેની લાખેક રૂપિયા જેટલી આવક એ મહામારીની રાહત અર્થે એમણે ઉદારતાથી અર્પણ કરી દીધી અને લોકોમાં નિંદ્ય ગણાતા નાટકને સામાજિક પ્રતિષ્ઠા અપાવી.

ઈ. ૧૯૦૨માં એમના 'મોહિનીચન્દ્ર' નાટકની રજૂઆત માટે રીડર્સલોને છેલ્લો ઓપ અપાઈ રહ્યો હતો અને એમને ત્રીજી વાર લગ્ન કર્યે માંડ એકાદ વર્ષ વીત્યું હતું એવામાં, એપ્રિલ માસ અધવારી ગયા પછી એમને સાધારણ તાવ શરૂ થયો. એ તાવ દરમ્યાન જ પીઠમાં પાકું થયું અને મૂળથી જ મધુપ્રમેહના દર્દથી પીડાતા ગુજરાતના આ એ સમયની 'રંગભૂમિના રાજા'નું આઠેક દિવસની કપરી માંદગી બાદ ૧૯૦૨ની ૩૦મી એપ્રિલની પાછલી રાતે અવસાન થયું. (અનુ. પૃ. ૧૦૯)

એક ધૂની પ્રૉફેસર, એક તરંગી મિત્ર, એક ગણિતજ્ઞ, એક રસાયણશાસ્ત્રી, એનો પુત્ર અને પ્રકાશશાસ્ત્રમાંથી સર્જાએલી એક

સંસ્થા

લેખક · હર્ષદ શેઠ

રાતના બારેક વાગ્યે સીતાપુરના છેવાડે આવેલા અર્ધખંડેર જેવા એક મકાન આગળ ટાંગો આવીને ઊભો રહ્યો. આગંતુક એમાંથી ઊતરી, ટાંગાવાળાને પૈસા આપ્યા અને પછી એ ખખડધજ મકાનના દિદાર પર એક નજર કરીને તેમાં પ્રવેશ કર્યો. એ આવનારનું નામ હતું રામસ્વામી ચંદ્રશેખર. તેનો પોતાનો દેખાવ પણ કંઈક અજબ હતો. ચોળાઈને લેંઘા જેવા ગોળ થઈ ગએલા પાટલૂન પર એણે અરધી બાંયનું ખમીસ પહેર્યું હતું. વાળ ટૂંકા અને બરછટ હતા અને ભારે નંબરવાળાં ચશ્માંના જાડા જાડા કાચમાંથી અજબ દેખાતી એની આંખો એના વ્યક્તિત્વનો કોઈ વિચિત્ર ખયાલ આપતી હતી. તેણે દાદરા ચડીને દરવાજાની બાજુમાં લગાડેલા પાટિયા પર લખેલા શબ્દો વાંચવા આંખો ઝીણી કરી. પાટિયા પર લખ્યું હતું: 'આધુનિક સંશોધન સંસ્થા. સંસ્થાપક—બિજ્જેતા ચૅટરજી."

આગડગોબડ અક્ષરો પરથી ચોખ્ખુ દેખાતું હતું કે એ કલાકૃતિ બિજ્જેતા ચૅટરજીની પોતાની હતી. પાટિયું ચીતરવા તેમને રંગ પણ નહોતો મળ્યો: ચાકથી જેમ ફાવે તેમ લખી માર્યું હતું.

આ પ્રોફેસર બિજ્જેતા ચૅટરજી પૂનાની નૅશનલ રીસર્ચ લૅબોરેટરીની ૧૯૬૫ થી ૧૯૭૦ સુધીની અસાધારણ પ્રગતિમાં મહત્ત્વનો ફાળો આપવા માટે જેટલા વિખ્યાત હતા એટલા જ પોતાના ધૂનીપણા માટે પણ જાણીતા હતા. છતાં એમણે જ્યારે ત્યાં પણ રાજીનામું આપ્યું ત્યાં સુધી કોઇએ નહોતું ધાર્યું કે તેઓ કોઈ પણ દેખાતા કારણ વિના આવું પગલું ભરશે. લૅબોરેટરીના ડિરેક્ટરે પણ એમને ફેરવિચારણા માટે ઘણો આગ્રહ કર્યો અને એમને ત્યાં અસંતોષનું કોઈ કારણ હોય તો તેને દૂર કરવાની પણ ખાતરી આપી અંતે બહુ પૂછતાં પ્રોફેસરે પોતાની દાઢી પર હાથ ફેરવતાં માત્ર એટલું જ જણાવ્યું કે પોતાને સંસ્થામાં થતા નિયમબદ્ધ સંશોધનની રીત નથી ફાવતી અને એટલે હવે તેઓ પોતે એક સંશોધન-પ્રયોગશાળા ખોલવા ઇચ્છે છે. જેમાં કોઈ નિયમ નહિ હોય. એમાં જોડાએલા સંશોધકો મુક્તપણે કામ કરી શકશે. વળી ત્યાં એમને કંઈ પગાર નહિ મળે, પણ જે કંઈ આવક થશે તેમાંથી પ્રયોગશાળાનો નિભાવવાને ખર્ચ કાઢતાં બચત રહેશે તે એ વૈજ્ઞાનિકોમાં વહેંચી આપવામાં આવશે.

પ્રોફેસર બિજ્જેતા ચૅટરજીનો ઇતિહાસ પણ રોમાંચક હતો. આમ તો તેઓ એન્જિનીઅર થએલા; પણ એમનો શુદ્ધ વિજ્ઞાનનો શૉખ ગજબનો હતો; અને એટલે જ એન્જિનીઅર થયા પછી કંઈક સંશોધન કરીને એમણે ડૉક્ટરની ઉપાધિ મેળવી. બેત્રણ વરસ પ્રોફેસર તરીકે નોકરી પણ કરી, પછી વળી ધૂન ચડતાં એ પણ છોડી દઇને કોઈ સંસ્થામાં રીસર્ચર તરીકે સાવ ઓછા વેતનથી કામ કર્યું. અને પછી ત્યાંથી યે છૂટા થઈ છેલ્લે આ નૅશનલ રીસર્ચ લબોરેટરીમાં પાંચ વર્ષથી કામ કરતા હતા. તેમના મિત્રોએ માન્યુ કે આખરે તેઓ હવે અહીં સ્થિર થયા. પરંતુ હમણાં થોડાક દિવસ પહેલાં તેમના એક મિત્ર કે. આર. એમ. આયંગરનો પત્ર આવ્યો હતો, ને ત્યારથી તેમનું ભેજું વળી કંઈક ઘૂમરીઓ ખાતું હતું. અંતે એક બાજુ તેમણે આયંગરને પત્ર લખ્યો, ને બીજી બાજુ તેમણે લૅબોરેટરીમાં રાજીનામું આપ્યું. હવે છએક માસથી એમણે પોતાના વતન સીતાપુરમાં પોતાના જ એક પુરાણા મકાનમાં આ 'આધુનિક સંશોધન સંસ્થા' સ્થાપી હતી.

આગંતુક ચંદ્રશેખર પણ પ્રોફેસરનો એક મિત્ર જ હતો. બૉર્ડ વાંચી એણે મોં મલકાવ્યું અને દરવાજો ઠોક્યો, પણ અંદરથી કંઈ જવાબ ન મળ્યો. એક વખત, બે વખત, ત્રણ-ત્રણ વખત બારણે ટકોરા માર્યા છતાં યે જવાબ ન મળ્યો. આખરે બારણાને સહેજ ધક્કો મારી જોયો, તો તે અંદરથી ખુલ્લું જ હતું; પણ અંદર પૂરેપૂરું અંધારું હતું. દૂર ખૂણામાં ટેબલ પર એક મીણબત્તી બળતી હતી અને બે-ત્રણ દગ-કાચો સ્ટૅન્ડ પર લગાવી બિજ્જેતા ચૅટરજી આંખ કાણી કરી કંઈક પ્રયોગ કરી રહ્યા હતા. થોડી વાર સુધી તો ચંદ્રશેખર ચુપચુપ ઊભો રહ્યો આખરે કંટાળીને કહ્યુ: 'અરે બિજ્જેતા, વિજ્ઞાનના પહેલા વર્ષની પરીક્ષા ફરીથી આપવાની છે કે શું?'

પ્રથમ તો કંઈ જવાબ ન મળ્યો. અંતે થોડી વારે બિજ્જેતાએ આંખ ઊંચી કરી અને તેઓ ચમકી ઊઠ્યા; 'અરે ચંદ્રશેખર, તું ક્યાંથી? મૅથમૅટિકલ સોસાએટી આખરે છોડી દીધીને? શાબાશ દોસ્ત! વારુ, જો આ આપણી પ્રયોગશાળા કેમ લાગે છે?'

'પણ પ્રોફેસર, પહેલાં તો હું તમને એ પૂછું છું કે તમે લોકો રાતના આ બારબાર વાગ્યા સુધી શાનાં સંશોધન કરો છો?'

'જો હજી આપણી સંશોધન-સંસ્થાએ કાળા પડદા નથી વસાવ્યા, એટલે પ્રકાશ વિષેનું સંશોધન રાતપાળીમાં થાય છે.'

'આ તમારી આધુનિક સંસ્થા! અમારી સ્કૂલની પ્રયોગશાળા પણ આના કરતાં તો વધુ વ્યવસ્થિત હતી.'

'ચંદ્રશેખર, સંશોધન સંસ્થા વિષેના મારા ખયાલ તદ્દન અલગ છે. શું તું એમ માને છે કે માત્ર વ્યવસ્થામાં જ સંશોધન થઈ શકે? હું તને એની વિરુદ્ધમાં એક હજાર ને એક પ્રમાણ આપી શકું એમ છું.'

'તમારી થીઅરી સાંભળવાની મને ફુરસદ નથી. હું છેક મદ્રાસથી સીધો ચાલ્યો આવું છું અને તમને પૂછવાની યે પડી નથી કે મુસાફરી કેવી થઈ? કંઈ તકલીફ પડી કે નહિ? કંઈ ખાધુંપીધું કે નહિ? તમારા બંગાળી લોકો તે કંઈ માણસો છે? અહીં સ્ટેશન પર જ ટિકિટ ચૅકર સાથે ઝઘડો થઈ ગયો. મને કંઈક કંઈક ગાળો દેવા લાગ્યો, અને મને તો પાછી એ એકે સમજાય નહિ. પણ હું યે એમ સાવ ગાંજ્યો જાઉં એવો થોડો જ છું? મેં પણ એને સંભળાવી દીધું, કે મૂર્ખા તારું પેટ તો પૅરૅબોલા જેવું છે, તારું મોઢું તો ઇલિપ્સ જેવું છે અને તારા વાંસાનો વળાંક તો હાઈપરબોલાની શાખા જેવો છે. અરે આખી ઉંમરમાં એણે આવી ગાળો નહોતી સાંભળી! સાવ ઠરી જ ગયો!'

'વાહ ગણિતશાસ્ત્રી, વાહ! તમે તો ગાળો પણ ગણિતની ભાષામાં દીધી એમને! પણ હવે એ જણાવી દે કે તારે આ સંસ્થાના સભ્ય થવું છે કે નહિ?'

'તો મદ્રાસ છોડીને અહીં શું ઝખ મારવા આવ્યો છું?'

'શાબાશ! તો જો આયંગર પણ આપણી સાથે જોડાયો છે. બાજુના રૂમમાં જ કંઈ કરતો હશે. અને તું ગણિતશાસ્ત્રી આવી ગયો. હવે એકાદ રસાયણશાસ્ત્રી મળી જાય તો જામી જાય આપણી સંશોધન-સંસ્થા! હા, પ્રબુદ્ધ મુખોપાધ્યાયને બોલાવી લઈએ તો કેમ?'

એને કંઈ જવાબ આપ્યા વિના ચંદ્રશેખરે બીજા રૂમમાં જવા પગ ઉપાડયા, ત્યાં તો પ્રોફેસરે એકદમ બૂમ મારીને એને પાછો બોલાવ્યો અને પૂછ્યું : 'અરે, તારાં ચશ્માંનો નંબર શો છે?

'કેમ? એકદમ ચશ્માંના નંબરનું શું કામ પડયું?'

'એ પછી કહું, પહેલાં મને નંબર કહે.'

'જમણી આંખનો માઈનસ સાડા સાત અને ડાબી આંખનો માઈનસ પોણા સાત.'

'એમ? તો તો કામ લાગશે. મારે તારા જમણી બાજુના કાચની જરૂર છે, જરા કાઢી આપને મારો પ્રયોગ એના વિના અટકી પડે એમ છે.'

'પણ એના વિના હું અરધો આંધળો થઈ જઈશ, એનું શું?'

'તારે આમે યે સૂઈ જ જવું છે ને?' કહેતાં પ્રોફેસરે ચંદ્રશેખરનાં ચશ્માં કાઢી લીધાં. બબડતો બબડતો ચંદ્રશેખર બીજા ઓરડા તરફ ચાલ્યો ગયો. ત્યાં આયંગર કંઈક ઊંડા વિચારમાં મગ્ન હતો.

'કેમ, શ્રીમાન કે. આર. એમ. આયંગર! કયા વિચારમાં મગ્ન છો?' તેને ચીડવવો હોય ત્યારે એને પૂરા નામે બોલાવવાની ચંદ્રશેખરને ખબર હતી.

'કેમ રામસ્વામી ચંદ્રશેખર, ખાલી આયંગર કહેતાં દાઢ વાય છે તે તારે કે. આર. એમ. આયંગર કહેવું પડે વારુ, તું વિચારનું પૂછતો હતો ને? મને એક બહુ જ ક્રાંતિકારી વિચાર આવે છે.'

'એમ? બોલો બી.એસસી ફેઈલ, શો વિચાર આવે છે?'

'આ રશિયનો મૂર્ખા છે. રૉકેટને ચંદ્ર પર મોકલવાનો સહેલો ઉપાય તો તેમને સૂઝતો જ નથી.'

'કેમ, તને કંઈ વિચાર સૂઝ્યો છે?'

'હા, મને બે વિચાર સૂઝે છે. એક તો રૉકેટને ચંદ્ર પર મોકલવાનો અને બીજો સૂર્ય પર મોકલવાનો.'

'તો ફરમાવો ત્યારે.'

'આ દરિયામાં ચંદ્રને લીધે ભરતી આવે છે એ ખરું? એટલે દરિયાના પાણીમાં કંઈક એવું તત્ત્વ છે કે જેને ચંદ્ર પ્રત્યે આકર્ષણ છે.'

'એવું કંઈ નથી. આકર્ષણ તો કોઈ પણ બે પદાર્થો વચ્ચે હોય છે.'

'તો હું તને એમ પૂછું કે લાકડાના વહેરનો મોટો ઢગલો પડયો હોય એમાં ભરતી કેમ નથી આવતી?'

'આપ આજે સંશોધનના તોરમાં છો, આગળ ચલાવો!'

'મારું કહેવું છે કે દરિયામાંથી એ તત્ત્વને છૂટું પાડી જો રૉકેટમાં ભરીએ તો તે ચંદ્રના પ્રચંડ આકર્ષણને લીધે એના તરફ ઊડવા માંડે કે નહિ? અને એ જ સિદ્ધાંત સૂર્ય તરફ જવાનાં પણ પ્રયોજી શકાય.'

'કેવી રીતે?'

'સૂર્યમૂખીના ફૂલ વિષે તો તું જાણતો હોઈશ. એ ફૂલને સૂર્ય પ્રત્યે આકર્ષણ હોવું જોઈએ કે જેને કારણે એ સૂર્ય ઊગે ત્યારે જ ખીલે છે અને સૂર્યની દિશામાં જ મોઢું રાખે છે.'

'તો તું શું એમ કહેવા માગે છે કે સૂર્યમુખીના ફૂલનો અર્ક કાઢી એક રૉકેટમાં ભરી દઈએ તો રૉકેટ સૂર્યના પ્રચંડ આકર્ષણને લીધે એ તરફ ઊડવા માંડશે?'

'હા, બરાબર એમ જ કહેવા માગું છું!'

'અરે શું ''એમ કહેવા માગું છું!'' હું તને એમ કહું છું આયંગર, કે તારું ભેજું ચસકી ગયું લાગે છે. કોઈ ડૉક્ટરને બતાવી દવા કરાવે તો સારું.'

'ચંદ્રશેખર, તમને લોકોને શરૂઆતમાં મારા વિચાર પર હમેશાં હસવું આવે છે; પરંતુ પાછળથી એ જ વિચાર પર જ્યારે કંઈક વાસ્તવિક સંશોધન થાય ત્યારે જ કંઈક ઢીલા પડો છો. તદ્દન બેકદર માણસો છો!'

આયંગરના ભેજામાં હમેશાં આવો ને આવો કોઈક વિચાર હોય જ! મોટે ભાગે તેના વિચારો બાલિશ રહેતા, પણ ક્યારેક એવા સચોટ વિચારો પણ એને આવતા કે પ્રોફેસર એના પર આફરીન થઈ જતા! અને એટલા માટે જ તેને આ સંશોધન-સંસ્થામાં રાખ્યો હતો.

'જો ચંદ્રશેખર, તને રસ પડે એવી બીજી વાત કહું. હું હમણાં પ્રિન્સિપીઆ મૅથમૅટિકા વાંચું છું.' આયંગર એમ ચંદ્રશેખરની બેકદરદાનીથી થાકે એવો નહોતો.

'તો એનો અર્થ મારે એમ કરવાનો કે તેં હવે ગણિતમાં પણ માથું મારવાનું શરૂ કર્યું છે, એમ ને! પણ તને એક ચેતવણી આપી દઉં કે એમાં તારા તુક્કા જરા યે નહિ ચાલે! માટે મહેરબાની કરીને તું એ વિષયની માથાકૂટ મૂકી દે.' ચંદ્રશેખરે તેને સદંતર તોડી પાડયો.

'અને તને એક નવી વાત કહું, ''એક, બે, ત્રણ…અનંત'' નામની પોતાની ચોપડીમાં જ્યોર્જ ગેમોવેને એક દાખલો બહુ સરસ કર્યો છે. કૉમ્પ્લેક્સ સંખ્યાનો ઉપયોગ કરી એક ખજાનાનું સ્થળ કેવી રીતે શોધવું તે એણે સરસ રીતે બતાવ્યું છે. પણ મને એ સમજાતું નથી; તું મને સમજાવે નહિ?' પોતાના ગણિતના અભ્યાસને તોડી પાડવાની ચંદ્રશેખરની પ્રવૃત્તિની જરા ય પરવા કર્યા સિવાય આયંગરે પોતાનું કથન ચાલુ રાખ્યું. આટલું બોલી તેણે કાગળ પેન્સિલ અને પેલી 'એક, બે, ત્રણ…અનંત'વાળી ચોપડી આગળ ધરી.

'જો ભાઈ, તને કોઈ ખજાનો એમ મળી જશે એવો ભ્રમ જ્યોર્જ ગેમોવેને ઊભો કર્યો હોય તો તેને ભેજામાંથી કાઢી નાખજે. અને બીજું, મારાં ચશ્માં પ્રોફેસરે લઈ લીધાં છે એટલે અત્યારે તો સૂઈ જવા સિવાય મારાથી બીજું કાંઈ થઈ શકે તેમ નથી.'

અને સામાન ઠેકાણે પાડી ચંદ્રશેખર સૂઈ ગયો ત્યારે યે આયંગર હજુ જાગતોજાગતો કંઈક વિચારતો હતો. બીજા રૂમમાં પ્રોફેસરનો પ્રયોગ પૂરો થઈ ગયો હોય એવું લાગતું હતું.

બીજે દિવસે બપોરે નોકરે ટેબલ પર ખાવાનું મૂકી ત્રણે જણને બોલાવ્યા ત્યારે પ્રોફેસર અને ચંદ્રશેખર તો આવી ગયા, પણ આયંગરનો પત્તો નહોતો. બંનેએ તો જમણ શરૂ કરી દીધું. થોડી વારમાં આયંગર દોડતો આવ્યો. એવી જ ચંદ્રશેખરે મજાક ઉડાવી: 'કેમ શ્રીમાન કે આર. એમ. આયંગર, પેલો ખજાનો મળી ગયો કે શું?'

'જો ચંદ્રશેખર, હું અત્યારે બહુ ઉશ્કેરાટમાં છું. મારે તારી સાથે વાત નથી કરવી; મારે પ્રોફેસરને કંઈક કહેવું છે.'

બિજેતા ચૅટરજીને બધા પ્રોફેસર જ કહેતા. તે બોલ્યા : 'ચંદ્રશેખર, તું એની મજાક ન ઉડાવ. એ તો આપણી સંસ્થાનો પ્રાણ છે.'

'ત્યારે તો સંસ્થાનો ઉદ્ધાર થઈ રહ્યો!' ચંદ્રશેખર હજી આયંગરનો કેડો છોડતો ન હતો.

'પ્રોફેસર, આપણાથી આવાં મેણાં સાંભળીને આ સંસ્થામાં કામ નહિ થાય. હું આ સંશોધન-સંસ્થામાંથી રાજીનામું આપી દઉં છું.'

'અરે આયંગર! આમાં આટલું બધું ઉશ્કેરાઈ જવાનું કંઈ કારણ નથી. તારા રાજીનામાનો હું અસ્વીકાર કરું છું!' પ્રોફેસરે કૃત્રિમ ગંભીરતા ધારણ કરી કહ્યું : 'તારે જે કહેવું હોય તે મને કહેને, ચંદ્રશેખર સાથે તું શા માટે વાત કરે છે?' આયંગર જરા હળવો બન્યો. છતાં ચંદ્રશેખર સામે કતરાતો કતરાતો જમવા બેઠો.

થોડી ક્ષણ બધાએ ચુપચુપ ખાવાનું ચાલુ રાખ્યું. આખરે આયંગરથી ન જ રહેવાયું. એ કહે : 'ચૅટરજી સાહેબ, આ દરિયાનાં મોજાંની શક્તિનો ઉપયોગ કરી વીજળી પેદા ન થાય?'

ચંદ્રશેખરને કહેવાનું મન તો થયું કે દરિયાનું 'અમુક' તત્ત્વ છૂટું પાડી એનો ઉપયોગ કરી ચંદ્ર પર પહોંચાય તો પછી દરિયાનાં મોજાંની શક્તિનો ઉપયોગ કરી વીજળી પેદા કરવી એ કંઈ મોટી વાત છે? પણ એ સંયમ રાખી ચૂપ જ રહ્યો. પ્રોફેસરે કહ્યું : 'થાય, કેમ?'

'અને, અંધકાર ફેંકી શકાય એવી ટૉર્ચ બનાવી શકાય કે નહિ?' તેણે એકદમ ગંભીરપણે બીજો પ્રશ્ન પૂછ્યો ચંદ્રશેખર ખડખડાટ હસી પડ્યો : 'શાબાશ! કે. આર એમ. આયંગર! શો કમાલ ખયાલ છે! ગજબ કરી નાખ્યો! અંધકાર ફેંકી શકાય તેવી ટૉર્ચ!!'

આયંગર ખિજાઈને પોતાની થાળી ઉપાડી બીજા ટેબલ પર બેઠો. મનમાં એ ચંદ્રશેખર પર ખૂબ ચીડાતો હતો કે આ ગણિતિય ને ગણિત સિવાયની વાતમાં કંઈ ખબર જ પડતી નથી. પરંતુ પ્રોફેસર ઊંડા વિચારમાં પડી ગયા. થોડી વાર તો ખાવાનું પણ ભૂલી ગયા.

'પ્રોફેસરસાહેબ,તમેઆવીગાંડીવાતમાંશાવિચારમાંપડીગયા?'

'ના ચંદ્રશેખર, એની વાતમાં કંઈક તથ્ય છે. તું કૉલેજમાં ઈન્ટરફરન્સ શીખી ગએલો તે યાદ છે? તેમાં આવતું હતું કે નવું અંશ ફેઝ-તફાવતવાળા બે પ્રકાશતરંગો જો એક બિંદુ પર મળે તો તે બિંદુ પર અંધકાર પેદા થાય. એટલે અમુક ચોક્કસરીતે પ્રકાશ ફેંકીને આપણે આયંગરના કહેવા પ્રમાણે ધારેલા બિંદુ પર અંધકાર મેળવી શકીએ.'

'પણ તેની નજીકના જ બિંદુ પર પાછો પ્રકાશ મળે એનું શું?'

'અલબત્ત, એ એક વિચારવાનો પ્રશ્ન છે કે એ પ્રકાશને ફરીથી પાછા એ જ સિદ્ધાંતથી અંધકારમા ફેરવી શકાય કે નહિ.'

'પણ એ જે કહે છે તેવી અંધકાર ફેંકનારી ટૉર્ચ બનાવતાં તો માણસ ગાંડો થઈ જાય.'

'ભલે થઈ જાય, પણ એનો વિચાર હસી કાઢવા જેવો તો નથી.'

પ્રોફેસરે જલદીથી ખાવાનું પતાવી લીધું પછી ચંદ્રશેખરને પોસ્ટ કરવા એક કાગળ આપ્યો તથા ગામમાંથી પરદા માટે જાડું કાપડ ખરીદી લાવવા પૈસા આપ્યા અને પછી પોતાના રૂમમાં જઈ પ્રકાશશાસ્ત્રનાં થોથાં ઉથલાવવામાં મગ્ન થઈ ગયા.

આયંગરે જમી લીધું તે ચંદ્રશેખરને કોઈ પણ રીતે કંઈક કામમાં રોકી રાખવા યુક્તિ શોધતો હતો. એટલે ચંદ્રશેખર પાછો આવ્યો ત્યારે તેણે કહ્યું : 'એઈ ગણિતશાસ્ત્રી, આજે તમે મારા એક સાદામાં સાદા કોયડાનો ઉકેલ શોધી આપો તો ખરા કહું!'

'હા, બોલ.' ચંદ્રશેખરે પૂછ્યું.

'શક્ય એટલા બધા અવિભાજ્ય અવયવો માટે એક સામાન્ય ગાણિતિક સૂત્ર શોધી કાઢો.' આયંગરે કહ્યું તેણે આજે જ સવારના વાંચ્યું હતું કે આ સાદો દેખાતો કોયડો આજ સુધી જગતના ગણિતશાસ્ત્રીઓને મૂંઝવતો હતો, એટલે એક વખત જો ચંદ્રશેખર એ કોયડા પર મંડી પડે તો બે-ત્રણ દિવસની તો પોતાને નિરાંત થઈ જાય. આયંગર આ સંશોધન સંસ્થાનું ખરેખર ફળદ્રુપ ભેજું હતો!

લગભગ અઠવાડિયું વીતી ગયું. કાળા પરદા આવી ગયા હતા એટલે હવે પ્રોફેસર રાતદિવસ પ્રકાશશાસ્ત્રના પ્રયોગમાં મચી પડ્યા હતા. માત્ર જમવાને સમયે અને કોઈ ચીજવસ્તુની જરૂર પડે ત્યારે જ તે બહાર નીકળતા. ચંદ્રશેખર આયંગરે પકડાવી દીધેલા કોયડા પર મંડ્યા હતા. પરંતુ હજી એ બનેમાંથી એકેને પોતાના પ્રશ્નોના ઉકેલ મળ્યો નહોતો. દાઢી કરવાની બાબતમાં અતિશય ચીકાશ રાખતા ચંદ્રશેખરને દાઢી કરવાનું પણ યાદ આવતું નહોતું!

આયંગરે આટલા દિવસમાં સ્પષ્ટપણે જોઈ લીધું હતું કે સંશોધન-સંસ્થાની આર્થિક હાલત કથળતી જતી હતી. જો કોઈ મોટી આર્થિક મદદ ન મળે તો સંસ્થા બંધ થઈ જવાનો ભય હતો. અને હમણાં પ્રોફેસરને તો બોલાવાય એમ હતું જ નહિ, એટલે પૈસા ઊભા કરવાની કોઈ યુક્તિ શોધવાની તે માથાકૂટ કરતો હતો.

મદદ આવી પહોંચી. પ્રોફેસરનો નિકટનો મિત્ર અને એક તેજસ્વી રસાયણ-શાસ્ત્રી પ્રબુદ્ધ મુખોપાધ્યાય સકુટુંબ સીતાપુરને છેવાડે આવેલી આ પ્રયોગશાળાનો સભ્ય થવા આવી પહોંચ્યો હતો. તે આ ત્રણે જેવો અલગારી તો નહોતો; ઊલટું જીવનમાં વ્યવસ્થિતપણાનો એ હિમાયતી હતો. છતાં પ્રોફેસરના પ્રેમભર્યા આમંત્રણથી અને સંશોધનની અદમ્ય ઝંખનાથી પ્રેરાઈ ને અહીં ખેંચાઈ આવ્યો હતો. આમ તો તે એક બહુ પૈસાદાર જમીનદાર કુટુંબનો નબીરો હતો. ઉપરાંત રસાયણશાસ્ત્રમાં અમુક ઉદ્યોગમાં મહત્ત્વની શોધો કરી ખૂબ પૈસા કમાયો હતો તેના કુટુંબમાં હતાં તેનાં પત્ની ઉત્પલાદેવી અને ૧૭ વર્ષનો પુત્ર નિખિલ નિખિલે આ વર્ષે જ મૅટ્રિકની પરીક્ષા આપેલી, અને હાલ રજાઓ હોવાથી તે પિતાની સાથે અહીં આવ્યો હતો.

નિખિલ આવ્યો ત્યારથી પ્રયોગશાળાના વાતાવરણમાં જાણે જીવન આવી ગયું હતું રોજ ને રોજ તેનું કંઈ ને કંઈ પરાક્રમ તો હોય જ! શરૂઆતના બે-ત્રણ દિવસ તો તે પ્રયોગશાળામાં ધૂમાધૂમ કરતો રહ્યો. એમાંય પ્રોફેસરની પ્રકાશ-શાસ્ત્રની પ્રયોગશાળામાં તો તેને ખૂબ રસ પડતો હતો. પ્રોફેસર એને માત્ર પોતાના અંધારા ઓરડામાં આવવા નહોતા દેતા. કહેતા કે હજી એને કંઈ સમજાય એવું એમાં નથી.

'પ્રોફેસર સાહેબ, આ ફેઝ-તફાવત એટલે શું?' ક્યારેક ક્યારેક તે પ્રબુદ્ધ અને પ્રોફેસરની ચર્ચામાં આ શબ્દ આવતાં પૂછી પાડતો.

'તને હમણાં એ બધું ક્યાંથી સમજાય?'

'સાહેબ! તમે દર વખતે મારી વાતને એમ ઉડાવી ન દો.' એના મુખ પર જિજ્ઞાસા તરવરી રહેતી.

'અચ્છા, તો આજે રાતના ભોજન પછી તું મારી પાસે આવજે.'

એ પછી પ્રોફેસર રાતના નિખિલને પ્રકાશના સિદ્ધાંતો, એ વિષયમાંનાં મતમતાંતરો અને પોતાનો મત અસાધારણ ધીરજથી તથા બને તેટલી સાદી ભાષામાં સમજાવવા લાગ્યા. નિખિલને પણ એ બધાંમાં ખૂબ રસ પડતો. જ્યાં પ્રોફેસર બિજોતા ચૅટરજી જેવા ગુરુ અને નિખિલ જેવા શિષ્ય હોય ત્યાં સમય ક્યાં પસાર થઈ જાય છે, તેની બન્નેને કઈ રીતે ખબર પડે? ને છેલ્લા થોડા દિવસથી તો પ્રોફેસર નિખિલને પોતાના પ્રયોગનાં સાધનો ગોઠવવામાં મદદનીશ તરીકે પણ સ્વીકારવા માંડ્યા હતા. આ તરવરાટવાળા, મજબૂત ને બુદ્ધિશાળી છોકરા સાથે પ્રોફેસરને હવે સારી રીતે ફાવી ગયું હતું.

'નિખિલ તું હવે અહીં જ રહી જા અને પ્રોફેસર પાસે શીખાય એટલું શીખ્યા કર. કૉલેજમાં તને કોઈ આવું સરસ નથી શીખવવાનું!' પ્રબુદ્ધ ક્યારેક ક્યારેક પુત્રને કહેતો.

'સાચે જ, એવું મન તો થાય છે.' નિખિલ જવાબ દેતો; 'પ્રોફેસરે આ થોડા સમયમાં મને કેટલું બધું શીખવી દીધું છે!' નિખિલ પ્રોફેસરને એમના પ્રયોગોમાં મદદ કરવા ઘણી વાર ઉજાગરા પણ કરતો.

એને પોતાને પણ ક્યારેક ક્યારેક નવાઈ લાગતી કે પોતે આટલી એકાગ્રતાથી અને આનંદપૂર્વક આટલી સખત મહેનત કેમ કરી શકે છે! મૅટ્રિકની પરીક્ષા વખતે તો પ્રકાશનું એક પ્રકરણ વાંચતાં એને કેટલો કંટાળો આવતો! અહીં આવીને એની દૃષ્ટિ વિશાળ થઈ ગઈ હતી. એને ખયાલ આવ્યો હતો કે પ્રકાશનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો કેટકેટલી ક્રિયાઓ સહેલી બની જાય. ચોક્કસ આંદોલન-સંખ્યાવાળા પ્રકાશ-તરંગોના એકએક પ્રકાશાણુ (ફોટોન) સાથે શક્તિનો

ચોક્કસ જથ્થો સંકળાએલો છે તેનો એ ખયાલ કરતો ત્યારે કેટલાંકેટલાં કામ પ્રકાશની મદદથી થઈ શકે તેનાં એને સ્વપ્નો આવતાં!

'નિખિલ, આપણે એવી શોધ કરવી છે કે રસોઈ પ્રકાશથી થઈ શકે.' પ્રોફેસર કહેતા.

'અને પ્રકાશથી વીજળી પણ પેદા થઈ શકે એ પણ કેટલો રોમાંચક વિચાર છે! તેનો પૂરો ઉપયોગ કેમ નથી થતો?' નિખિલે પૂછ્યું.

'તેના વિષે પ્રયોગો ચાલુ જ છે.' અને પછી પ્રોફેસરે તડકો પડે ત્યારે વીજળી મળે અને તેની સહાયથી વાત કરી શકાય એવા ફોનનું પોતે બનાવેલું એક મોડેલ નિખિલને બતાવ્યું!

'આપણે પ્રકાશ-શક્તિથી ચાલતી દુનિયા બનાવવી જોઈએ!' યુવાસહજ સ્વપ્નશીલતાથી નિખિલ કહેતો. પ્રોફેસર માત્ર સ્મિત કરતા, કેમ કે એમને શોધખોળો પાછળની જહેમતોનો વાસ્તવિક ખયાલ હતો.

બીજી બાજુ આયંગર અને પ્રબુદ્ધ વચ્ચે દોસ્તી જામી ગઈ હતી. તેણે પ્રબુદ્ધને પ્રયોગશાળાની આર્થિક સ્થિતિનો ખયાલ આપ્યો અને પ્રબુદ્ધે તેને એ અંગે બેફિકર રહેવાનું કહ્યું. ઉત્પલાદેવીના આવ્યા પછી મકાન વ્યવસ્થિત બન્યું હતું અને ભોજન વ્યવસ્થા પણ સુધરી હતી. થોડા સમયમાં પ્રબુદ્ધે પણ પોતાની રાસાયણિક પ્રયોગશાળાનો સામાન અહીં મગાવી લીધો અને એક ઓરડામાં તે ગોઠવી દીધો.

લગભગ બે મહિના વીત્યા હશે. પ્રોફેસર હમણાં જરા વધુ બહાર રહેતા. વચ્ચે વિજ્ઞાનના કોઈ અધિવેશનમાં પણ હાજરી આપી આવ્યા.

આ આધુનિક સંશોધન સંસ્થાના મકાનની પાછળ થોડે સુધી સપાટ ખેતરો હતાં અને તે પછી મોટી ટેકરીઓ શરૂ થતી હતી. હમણાં હમણાં એક વસ્તુ આયંગરની નજરે ચડી હતી કે પેલી ટેકરીઓની તળેટીમાં રાતના સમયે ઘણી વાર સચલાઈટો અને કંઈક અંડાકાર પ્રકાશિત પદાર્થો દેખાતા હતા. સવારના લગભગ પાંચેક વાગ્યાના સુમારે તે અદશ્ય થઈ જતા એ પણ એણે જોયું હતું. આ વાત પ્રોફેસરને કહેવી કે નહિ એની એ ગડમથલમાં હતો. છેવટે આજે રાતના ભોજન વખતે આ વાત જાહેર કરવાનો એણે મનમાં નિશ્ચય કર્યો.

રાત્રે લગભગ સાડાનવ વાગ્યે સૌ જમવાના ટેબલની આજુબાજુ ગોઠવાઈ ગયા. ઉપર વીજળીનો દીવો પ્રકાશતો હતો. માત્ર પ્રોફેસરની રાહ જોવાઈ રહી હતી. આ જમવાના ખંડને બે બારણાં હતાં. એક પાછળની બાજુએ ખેતરમાં ખૂલતું હતું અને બીજું મકાનના બીજા ઓરડામાં. થોડી વારે પ્રોફેસર સ્મિત કરતા કરતા ઓરડામાં દાખલ થયા. તેમના હાથમાં ટૉર્ચ જેવું કંઈક ચળકતું દેખાયું. હજી એક ક્ષણ થઈ હશે ત્યાં તો રૂમમાં એકાએક સંપૂર્ણ અંધકાર છવાઈ ગયો—સંપૂર્ણ અંધકાર! એકબીજાના ચહેરા પણ ન દેખાય એટલો અંધકાર! ઉત્પલાદેવીથી તો ચીસ પડાઈ ગઈ. આખરે...

...આખરે અંધકાર ફેંકતી ટૉર્ચની શોધ પ્રોફેસરે કરી હતી.

અંધકારની સાથે શાંતિ કઈ રીતે જોડાએલી છે એ તો કોને ખબર, પરંતુ આ અંધકારને કારણે જાણે બધાનાં મોં સિવાઈ ગયાં હતાં.

'નિખિલ, ડર તો નથી લાગતો ને?' એ અંધકારમાં જ પ્રોફેસરે પૂછ્યું. કોઈ જવાબ ન મળ્યો. સ્મશાનવત્ શાંતિ!

'નિખિલ, જવાબ તો દે!' પ્રોફેસરનો અવાજ ફરીથી ગુંજી રહ્યો.

'પ્રોફેસર સાહેબ! બહુ થયું; હવે બત્તી બોલોને' ઉત્પલાદેવીને જાણે અંધકાર ગુંગળાવતો હતો. લગભગ દસેક મિનિટ અંધકારની સનસનાટીમાં ગઈ!

છેવટે પ્રોફેસરે અંધકારક્ષેપક ટૉર્ચ બંધ કરી. ફરીથી ઓરડો ઝળહળી ઊઠ્યો. ગાઢ અંધારા પછી ફરી થએલા પ્રકાશથી સૌની આંખો અંજાઈ તો ગઈ જ, પણ એ ઉપરાંત બધાંને જાણે ૫,૦૦૦ વૉટના વિદ્યુત્ દબાણવાળો આંચકો લાગ્યો. ઓરડામાં નિખિલ નહોતો!

'નિખિલ!' પ્રબુદ્ધે બૂમ પાડી: 'હવે રમત બહુ થઈ, બહાર આવ.'

પણ કંઈ જ જવાબ ન મળ્યો! બધા જ કિંકર્તવ્યમૂઢ થઈ ગયા. પ્રોફેસરના મોં પર પણ કાળી શાહી છવાઈ ગઈ! (ચાલુ)

લઘુકથા

એમ કેમ બન્યું!

ડૉ. મુકુલ બક્ષી

છેલ્લી 'કેઈસ હિસ્ટરી' પણ લખાઈ ગઈ. ડૉક્ટરે જોરથી એક બગાસું ખાઈને આળસ મરડી. 'ડૉક્ટર, હું તમારે માટે એક સ્ટ્રૉંગ કૉફીનો ડોઝ બનાવી લાવું છું.' સિસ્ટરે કહ્યું.

'થૅંક યૂ સિસ્ટર' ડૉક્ટરે કહ્યું. 'મને ખરેખર જરૂર છે.'

હવે નિરાંત હતી. ડૉક્ટર શાંતિથી ટેબલ પર બેઠા. અને જરા આંખ મળવી શરૂ થઈ ત્યાં તો કૉટ નં. ૧૮ વાળાએ બૂમાબૂમ શરૂ કરી: 'મને જવા દો...તમારા પગે પડું છું...મારા ઘેર સાત છોકરાં...મા વિનાનાં...અને હું બાપ...સા'બ જવા દો...મને આમ કેમ બાંધ્યો છે? મેં શું ચોરી કરી છે?'

'આ ઊંઘવા નહિ દે.' ડૉક્ટર બબડ્યો: 'હાઉસ-સર્જનની તે કંઈ જિંદગી છે?' હાઉસ-સર્જન ખરેખર થાકી ગયો હતો. આજની 'ઇમર્જન્સી' ઘણી ભારે હતી. એક દર્દીનું માંડમાંડ પત્યું હોય ત્યાં બીજો કેઈસ આવીને ઊભો જ હોય! એટલે એના ટાંકા, ડ્રેસિંગ, હિસ્ટરી બધું ચાલે. એ પતે ત્યાં વળી કોઈ મારામારી...ઍક્સિડેન્ટ ...કંઈ ને કંઈ આવી જ પડે.

એમાં વળી એક ઍપેન્ડિસાઇટિસનો કેઈસ આવી ગયો. ફોન કરીને ઑનરરી સર્જનને બોલાવ્યા. ઑપરેશનમાંથી માંડમાંડ છૂટ્યો ત્યાં મારામારીમાં એકબીજાને ઈજા પહોંચાડેલા બે જણ આવીને ઊભા હતા.

એકના ટાંકા લઈને ડ્રેસિંગ કર્યું. પણ બીજો તોફાની નીકળ્યો. ટાંકા લેવા જ ન દે. વારે ઘડીએ માથું હલાવ્યા કરે. પોતાના હાથ એ ઘામાં નાખે. ડૉક્ટરે વૉર્ડબૉયને બોલાવીને એના હાથપગ બંધાવ્યા. પેલો બબડવા માંડ્યો: 'મારી જિંદગીમાં પહેલી જ વાર પીધો અને આ... જવા દો... મારાં છોકરાં...' 'ચૂપ' કહીને ડૉક્ટરે પોતાનું કામ પતાવ્યું.

અને પાછો એ તોફાને ચડ્યો હતો. 'સાત છોકરાંનો બાપ છે તો પણ જવાબદારીનું ભાન...' ડૉક્ટર ઊંઘમાં ને ઊંઘમાં વિચારે ચડ્યા.

'ડૉક્ટર કૉફી તૈયાર છે.' સિસ્ટરે કહ્યું અને ડૉક્ટર ઝોકાંમાંથી જાગ્યા.

કૉફીનો કપ મોઢે માંડતાં એમણે કહ્યું: 'પેલો ૧૮ નંબરના કૉટવાળો સૂઈ ગયો? બૂમાબૂમ પણ નથી કરતો ને?'

સિસ્ટર હસી પડી. ડૉક્ટરને કશું સમજાયું નહિ. તેણે પૂછ્યું: 'આમ હસે છે કેમ?' 'હું કૉફી બનાવતાં બધું જોતી હતી.' સિસ્ટરે કહ્યું.

'શું જોતી હતી?'

'એ જ કે તમે અહીંથી ઊભા થયા, પેલાનાં બંધન છોડ્યાં અને એને જવા દીધો.'

'ઈમ્પૉસિબલ! એની હાલત...હું એને જવા જ ન દઉં.' કહેતાં ડૉક્ટર ઊભા થયા અને ૧૮ નંબરના કૉટ આગળ જઈને જોયું તો કૉટ ખાલી હતો! આવું કેમ બની ગયું તે ડૉક્ટરને સમજાયું નહિ. ખરેખર આમ થયું હશે એ જ એમના મગજમાં ઊતરતું ન હતું.

એક લેખક તરીકે કદાચ તમે મારી પાસેથી ખરેખર શું બન્યું તે જાણવા માગતા હશો, પણ માફ કરજો. હું ચોક્કસપણે કશું કહી શકું તેમ નથી; કારણ કે એ ડૉક્ટર તે હું પોતે જ!

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૬૧

રવિશંકર રાવળ

વડીલો અને ડૉક્ટરોની અનુમતિ મેળવી મેં ઈ. ૧૯૧૪ના જાન્યુઆરી બેસતા મુંબાઈ જવાનો નિર્ણય કરી લીધો અને મક્કમ નિર્ધાર કરી ટ્રેઈનમાં બેઠો. નવસારીમાં મોટા ભાઈ ને મૅલેરિયાથી તાવ આવતો હતો એટલે તેમને મળવા વચ્ચે પ્રવાસ રોકયો. ભાભી બહુ મુંઝાએલાં અને બેચેન હતાં : ઘર સંભાળવું, બાળક સાચવવું અને મોટા ભાઈની માવજત કરવી. હું બે એક દિવસ રહ્યો તે દરમિયાન દૂરના દવાખાનેથી દવા લઈ આવતો. તેમને જરા ઠીક લાગ્યુ એટલે તા. ૪થીએ નવસારી છોડી રાત્રે આઠ વાગ્યે મુંબાઈ પહોંચ્યો.

પીપળવાડીમાં બધું એમ.નેં એમ જ હતું. માત્ર નર્મદ ભટ્ટ ઘાટકોપર રહેવા ગયા હતા ને મનુ તથા લખુભાઈ પીપળવાડીની રૂમ ખાલી કરી લોઅરપરેલ મગનબાગમાં રહેવા ગયા હતા. હરિભાઈનો ઓરડીમાંથી કુટુંબ દેશમાં ગયું હતું. જેભાઈ પણ ત્યાં જ રહેતા. બધા નાકા પરની દક્ષિણી ખાણાવળમાં જમી લેતા. ત્યાં અમે પહેલાં વરણભાત, પાતળભાજી ને પછી પોળી ખાવાનં શીખી ગયા. પોળી સાથે ખાંડની ચપટી અને માખણના તાવેલા ઘીની ચમચી મળતી. અમને તે ફાવી ગયું.

આર્ટ સ્કૂલમાં સમયસર હાજર થયો તેથી શ્રી ધુરંધર ખુશ થયા. તેમણે મને એવી રીતે સમજાવીને બીજા વર્ષમાં બેસવા કહ્યુ કે હું કશી દલીલ કરી ન શક્યો બધા છોકરા કામના કલાકોમાં લહેર કરતા હતા, પણ મેં બન્યું તેટલું કામ એકચિત્તે કર્યું. બહારની બેપરવાઈ જોઈ સાંજે મનમાં ખૂબ નિર્વેદ થયો. પણ 'ભવિષ્યમાં આપણે માટે શું નિર્માયું છે તે નહિ જાણતા હોવાથી જ ઘણી વાર આપણે ફોકટ દિલગીર થઈએ છીએ. ઈશ્વરી નિર્માણમાં બધું થાય તે સારા માટે એવી શ્રદ્ધા રાખવી જોઈએ; આઘાતો અને મુશ્કેલીઓ મનને સ્થિર રાખી વટાવી શકીએ તો તે પ્રસંગો આપણને ઉચ્ચ સ્થાન માટે લાયક બનાવે છે.' આવા વિચારો કરી બીજા દિવસથી મેં ઉલ્લાસથી કામ કરવા માંડયું.

હવે કામ કરવાના દિવસો આવ્યા હતા, એટલે પરેલમાં મનુ સાથે મગનબાગમાં મેં મુકામ ફેરવ્યો. ત્યાં હવે રામનારાયણ પાઠક નહોતા. ગિજુભાઈ બધેકા પણ સુરેન્દ્રનગરમાં વકાલત કરવા નીકળી ગયા હતા. તેમના ભાઈ વજુભાઈ પડોશમાં રહેતા હતા. બીજા ખંભાતના જયશંકર પાઠક હતા, અને મહાત્મા જેવા એક વકીલ હતા. ઉપરનો સંસર્ગ રહ્યો નહોતો; અને હવે હાથે રાંધવાનું બને તેમ નહોતું તેમજ સારા ખોરાકની જરૂર હતી; એટલે અંબારામ માસ્તરે લાગણીપૂર્વક મારા માટે ભૂલેશ્વરમાં એક મંદિરમાં તેમના બનેવી ભીત રેયા હતા તેમની પાતળ બંધાવી આપી. માસ્તર સાથેના સંબધે તેમનાં બેન મારાં માશી પણ થતાં તે બાઈ બહુ હેતાળ હતાં. મંદિરમાંથી આવતી પાતળમાંનાં દાળભાત ઠડાં થઈ ગયાં હોય તે ગરમ કરી આપતાં. મંદિરના સેવકોને પગાર સાથે ભગવાનને ધરાતા રાજભોગની એક ભરીભરી પાતળ મળતી, તે તેઓ ઘેર લઈ જતા ને ઘણા તેમાંથી કુટુંબને પોષતા કે ગ્રાહકને જમાડી આવક વધારતા. પણ માશીએ મને કંઈ ગ્રાહક ગણ્યો નહોતો. બહુ ભાવથી મારી સગવડ ને સમય સાચવતાં. એ લોકો ડોકામરડીમાં એક નાની ઓરડીમાં રહેતાં તેમા ઘોડિયું, પથારી, રસોડું સમાઈ જતાં. મહેમાન આવે તેને ચાલીની બારી આગળ બેસાડતા.

૨૯૦ ડોકામરડી

ડોકામરડી એ મુંબાઈમાં ભૂલેશ્વરની એક જૂની ગલી છે. એ સાંકડી લાંબી ગલીમાં બંને બાજુ જૂનાખખ માળા છે. તેના પાંચ પાંચ માળ સુધી ગરીબ કુટુંબો વસેલાં હતાં. મુંબાઈના ભદ્ર લોક તો ત્યાં પગ સરખો મૂક્યો નહિ હોય. હું લોઅર પરેલથી વહેલી લોકલ પકડી ચર્નીરોડ ઊતરતો ને ભૂલેશ્વરમાં કાલબાદેવીના ખૂણે આવેલી ડોકામરડીમાં જમીને સીધો ઝવેરી બજારમાં થઈ આર્ટ સ્કૂલમાં પહોંચી જતો. સાંજે પણ વળતી વખત જમીને ટ્રેઇન પર પહોંચતો. થાક લાગે એટલું અંતર હતું, પણ મને ખાવાનું રોજ ચોખ્ખું ને સારું મળતું. ઠાકોરજીને ધરાતા ઋતુઋતુના મિષ્ટ પદાર્થો પણ તેમાં મળતા. એ સમયમાં એવી એક પાતળનો ભાવ માત્ર માસિક સાત રૂપિયા હતો.

એક વાર હું જમીને માશીની ઓરડી પાસેની બારી આગળ જરા વાર બેઠો હતો, ત્યાં ઉપરના માળનાં એક વૈષ્ણવ ડોશીમા પડિયોમાં પેંડા લઇને દાદર પર ચડયાં. એવામાં પાસે રમતી એક નાની બાલિકા લલચાઈ ને તેની માને પકડી બોલી ઊઠી, 'બા મને પેંડો!' આટલું બોલી ત્યાં તો ડોશી છેડાઇ પડયાં : 'ઠાકોરજીને પ્રસાદ ધરવા લાવી છુ તેમાં તેં નજર નાખી? હાયહાય, મારો પ્રસાદ અજીઠો થઇ ગયો! તારી છોકરીને તેં વારી યે નહિ.' અને પછી કેટલું ય બોલતાં ઉપર ચાલ્યાં ગયાં. હું તો આભો જ બની ગયો કે એક અણસમજુ બાળકે પ્રસાદ માગ્યો એના અંતરમાં શું પ્રભુ નહોતા? ડોશીમાની આ ભક્તિ કેવી!

૨૯૧ આર્ટ સ્કૂલમાં સાહેબશાહી

સ્કૂલના પ્રિન્સિપલ મિ. બર્ન્સ વર્ગમાં કદી પણ દેખાતા નહિ. ગ્રીફીથ્સને જ સૌ પ્રિન્સિપલ ગણતા, એટલે તેની વિદાય પછી બર્ન્સ આવે જાય ત્યારે સામે મળતો કોઈ વિદ્યાર્થી સલામ કરતો નહિ. આથી તેમણે પોર્ચમાં ઊભા રહી ધુરંધર માસ્તર દ્વારા તે બાબત તપાસ કરાવી તો જાણવા મળ્યું કે એ કોણ છે તે વિદ્યાર્થીઓ જાણતા નહોતા, અને તેથી સલામ થતી નહોતી. તે પરથી મિ. બર્ન્સ વર્ગમાં આવ્યા અને ધુરંધર માસ્તરે વિદ્યાર્થીઓને તેમનો પરિચય આપી યોગ્ય માન દર્શાવવા સૂચના આપી. તે પછી ધુરંધર પોતે પણ તેમને સામા મળતા ત્યારે ઝૂકીને બે હાથે સલામ કરતા મેં જોયા હતા. આ બનાવ શ્રી ધુરંધરે પણ પોતાની સ્મરણ-નોંધમાં લીધો છે. ત્યાર પછીથી મિ. બર્ન્સ સ્કૂલમાં ઑફિસનો પટાવાળો સાથે રાખીને દાખલ થતા અને જતા, તેમજ કોઈ કોઈ વાર વિદ્યાર્થીઓએ વર્ગનાં તેમજ ઘેર કરેલાં માસિક કામો બોર્ડ પર ચોડાવી તપાસવા આવતા. તે પર ટીકાટિપ્પણ આપતા તથા વર્ગોના કાર્યક્રમમાં પણ ફેરફારો કરાવતા.

૨૯૨ કન્હેરીની ગુફાઓ

લોઅર પરેલના અમારા સાથીદારોએ એક વખત વિચાર કર્યો કે એકાદ રવિવારે પાસેની કન્હેરીની ગુફાઓ જોવા જવું તે માટે બોરીવલીથી કન્હેરીના પહાડી રસ્તા પર ચાલતા જવાનું હતું. વાહન તરીકે માત્ર બળદના ખટારા ત્યાં ચાલી શકતા. પણ તેનાં યે ભાડાં ખરચવાનું અમારુ ગજું નહોતું. એટલે સવારે નીકળી જઈ સાંજે પાછા ફરવાનું ઠરાવ્યું. તે માટે આગલે દિવસે પડોશનાં કાળીબેને ઢેબરાં બનાવી આપ્યાં હતાં. તેનું પોટલું ઉપાડી, સવારના પાંચ વાગ્યાની લોકલમાં અમારી આઠ જણની મંડળી ઊપડી અને બોરીવલીના સ્ટેશને ઊતરી ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં અમારી ટ્રેઇને છોડેલા કાંદીવલી સ્ટેશને પહોંચ્યા ત્યારે ખબર પડી કે અમે રસ્તો ચૂકયા છીએ.



કન્હેરીના ગુફાદ્વારે દાતાઓનાં શિલ્પો

એટલે પાછા ટ્રેઈનમાં ચડી બોરીવલી ઊતર્યા. તે માટે નવી ટિકિટો લેવી પડી નહોતી; સ્ટેશન માસ્તરને અમે બધી વાત જણાવીને અમારી રિટર્ન ટિકિટોનાં અરધિયાં બતાવ્યાં એટલે અમને બહાર જવા દીધા. અવારનવાર સામા મળતાં માણસોને પૂછતા અમે ડુંગરાળ રસ્તે બોરડી, વાંસ અને બીજાં અજાણ્યાં વૃક્ષોનાં જંગલમાંથી ચાલ્યા. ત્રણેક માઈલ સુધી જ બળદ-ખટારા પણ જઈ શકે તેમ હતું, પછીનો એક માઈલ તો પહાડમાં ચડવાનું જ હતું. અમે ઉપર ચડી રહ્યા ત્યાં સુધી તો બધાનો દમ પૂરો ખેંચાઈ રહ્યો હતો. એટલે પહેલી ગુફા આગળ જ બેસી ગયા અને સૌએ દિશાજંગલ પતાવી શેરડીનો નાસ્તો કર્યો, પછી ગુફાઓ જોવા માંડી. આ ગુફાઓ એટલે ડુંગરમાં કોરી કાઢેલા નાનામોટા મંડપો. સાધુઓ માટે તે બહુ જ શાંતિભર્યા આવાસો છે. ગુફાઓમાં બહુ કોતરકામ નથી, પણ તેની પરસાળોમાં કે દ્વારપ્રદેશો આગળ દાતાઓની તેમની પત્નીઓ સાથે ઊભેલી પ્રતિમાઓ કોરેલી છે. આટલું બધું પોલાણ ચોક્કસ માપસર પહાડમાં કોરેલું અમે પ્રથમ વાર જોયું તેથી ખૂબ જ આશ્ચર્ય અનુભવ્યું. દરેક ગુફા આગળ એકેક પાણીનું ટાંકું હતું જેમાં બારે માસ ઠંડું નિર્મળ જળ રહેતું. અમને ભૂખ ઘણી સરસ લાગી હતી એટલે એક ગુફાના દ્વાર આગળ બેસી ઢેબરાં અને બટાટાના શાકની ઉજાણી માણી અને પાછા ઊતરવા પ્રયાણ કર્યું.

૨૯૩ થોડી મસ્તીખોરી

અમારામાં શ્રેયઃસાધક વર્ગના એક ભાઈ હતા તેને અમે 'મહાત્મા' કહેતા. તે આ એકાંત સ્થાનો જોઈ બોલી ઊઠયા: 'અહા, અહીં કેવો આનંદ છે!' એ સાથે ઉચ્ચર્યા: 'નગ્નો નિઃસંગઃ ત્રિગુણ વિરહિતો, ધ્વસ્તમોહાંધકારો!' અમે ચડાવ્યા કે તમે અહીં જ એવો અનુભવ કરોને; એટલે તુરત તેઓ બધાં વસ્ત્રો ઉતારી ગોમટેશ્વરની પ્રતિમાની જેમ બે સાથળે હાથ અડાડી સૂર્ય સામે ઊભા! ઘણા પારસીઓ, મરાઠાઓ અને ક્રિશ્ચિયનો પણ આજની રજાનો લાભ લઈ ઉજાણીએ આવ્યા હતા, તેમાંની એક ક્રિશ્ચિયન મંડળી નીચેથી ઉપર આવી ચડી. તેનો નેતા મહાત્માની આ દશા જોઈ ત્રાડી ઊઠયો અને દોડી આવીને તેને બીચારાને એક તમાચો ધરી દીધો, અને ગાળો બોલતો ચાલ્યો ગયો! અમે બધા આથી એકાએક હેબતાઈ ગયા. સામી મંડળી મોટી હતી ને ઝગડો કેવું રૂપ લે તે કહેવાય નહિ, એટલે મહાત્માને આશ્વાસન આપી કપડાં પહેરાવી દીધાં અને પેલી મંડળી ઉપર દેશ રાખી ઝડપી ગતિએ નીચે ઊતર્યા. ત્યાં અમે પેલા લોકોના ખટારા જોયા, એટલે અમારામાં એક ગોવિંદલાલ વકીલ હતા તેમનામાં દાઝ ઊભરાઈ. પેલા લોકોને સજા કરવાના ઇરાદે એમણે જંગલના રસ્તે સૌને દોડતા ઉપાડયા ને બાજુ પર પડેલા મોટામોટા પથ્થરો બબ્બે ત્રણત્રણ જણના જોરથી ધકેલી ગાડીના ચીલા ઉપર ગબડાવી પાડ્યા અને પછી દોડતા શ્વાસભેર બોરીવલી સ્ટેશનમાં દાખલ થઈ ગયા. દુર્ભાગ્યે ત્યાં ટ્રેઈનને આવવાની વાર હતી; એવામાં તો હાકો મારતા ખટારાવાળા પણ છળથી આવી પહોચ્યા અને પેલા ક્રિશ્ચિયન નેતાએ પોલીસ સાથે અમારા ઉપર ચડાઈ કરી. અમે તો એકલા વકીલ સાહેબને બોલવા દીધા. પેલા ક્રિશ્ચિયને અંતરાયો નાખવાનો આરોપ કરી પોલીસ પાસે અમારો ખુલાસો માગ્યો. વકીલે સિફતથી 'સસ્સેકા તીન પાઉં' બતાવી પોતાનું વકીલ તરીકેનું સરનામું આપ્યું ને આહ્વાન આપ્યું કે જોઈએ તો કેસ કરજો ને ગુનો સાબિત કરજો. એટલામાં ગાડી આવી અને અમે સૌ ચડી ગયા. બધાને લાગતું હતું કે કંઈક નવાજૂની થશે, પણ 'આજની ઘડી ને કાલનો દી' થઈ ગયું.

૨૯૪ ત્રીજા વર્ષમાં

૧લી ફેબ્રુઆરીએ મને ત્રીજા વર્ષમાં કામ કરવાની રજા મળી. મને અને બીજા એક દક્ષિણી જુવાન કાલેકરને સાથે જ આ લાભ મળ્યો, એટલે અમે બને સહજ મિત્રો બની ગયા. કાલેકરમાં ઠાવકાઈ અને ગંભીરતા હતી. તેનું કામ પદ્ધતિસરનું અને ચીવટવાળું હતું. વળી તેને ખર્ચ માટે ઘર આગળ ફોટોગ્રાફી અને કેર્યોન તસવીરો કરવી પડતી અને તેમાં તેને સારી ફાવટ હતી. એ આખું વર્ષ અમે સારા મિત્રો રહ્યા હતા, પણ ત્રીજા વર્ષ પછી તેણે ચિત્ર શિક્ષક થવાનો વર્ગ પકડયો એટલે પછી અમારો સમાગમ લબાયો નહિ. (ચાલુ)

રંગગઠરિયાં-૭૮

હાયવરાળ

લેખક ચંદ્રવદન મહેતા

દ. ૧૯૬૫ના નવેમ્બરમાં બર્લિનમાં 'ધી ઇન્કવાયરી' નાટક જોયું. '૬૩-'૬૪માં પિસ્કેટરને મળ્યો હતો. '૬૫માં પણ મળ્યો. લાખોની સંખ્યામાં યહૂદીઓની જે કતલ થઇ એના કાતિલો જે કોઈ હાથ લાગ્યા એમની સામે કામ ચલાવવા ઈઝરાએલમાં એક અદાલત બેઠી હતી. એ અદાલત ઉપરથી ઐતિહાસિક ઘટનાઓ અને અદાલતી કારંવાઈ સંબંધની સાક્ષી જુબાનીઓને આધારે પ્રખ્યાત નાટકકાર પીટર વાઇસે 'ડાઈ એરમિટલુંગ' એટલે કે 'ધી ઈન્કવાયરી'—એક તપાસ નામે નાટક લખ્યું. પિસ્કેટરે પોતે તે ભજવવા બીડું ઝડપ્યું. અરવિન પિસ્કેટર એટલે બ્રેખ્ટના ગુરુ, ૧૯૨૦ની ડાડાઈઝમની ચળવળના સાથીદાર. પંચોતેરની આસપાસના, પણ એટલી જ સતેજ બુદ્ધિ અને તાઝગીદાર વ્યક્તિ. નાટકની ઘટનાબદ્ધ રજૂઆત. એની ભજવણી જોવાસમજવા એક વાર નહિ પણ લાગલાગટ ત્રણ રાત એ નાટક જોયું. ત્રીસ-ચાળીસ નટોનો સાથ, એકાદ માંડમાંડ નટી, ત્રણ ન્યાયાધીશો અને અદાલતમાં પડેલી અદ્દલ જુબાનીઓ ઉપરથી લખાએલું નાટક. યહૂદીઓ–ઍન્ટી નાઝીઓને કેમ રહેંસ્યા, કેમ રિબાવ્યા, કેમ માર્યા, કેમ લોહી પીધાં, કેમ જુલ્મોની ઝડીમાં તાવ્યા, એની કેવળ જુબાની. ક્યાંય કે ફ્લૅશબૅક કે નાટ્યાત્મક રજૂઆત કશું જ નહિ. ને નાટક નીવડ્યું. ક્યાંય હોઠ વિસ્ફારવાનો, મોં મલકાવવાનો મોકો ન મળે, તો હીહી હસવાનો પ્રસંગ તો સાંપડે જ શાનો?

યુરોપમાં નાટક પૂરું થાય એટલે 'કર્ટન કૉલ'ની પ્રથા છે. બહુ સરસ નાટક હોય તો દસબાર વાર તો પરદો ઉઘાડબંધ થાય જ, જેમાં નટ-નટીઓ સલામી ભરી જાય, ઝીલી જાય. પણ અહીં ત્રણે દિવસ, પરદો પડ્યો કે બાજુનાં બારણાંમાંથી, એક પછી એક, પ્રેક્ષક ધીમે રહી કશું બોલ્યા વિના, સાથીદાર કે મિત્રને 'હલ્લો' કર્યા વિના બહાર નીકળવા મંડી પડે. બહારના ફૉયરમાં પણ એટલી જ એવી શાંતિ. કેટલાક ડ્રિન્કસ પીવા જાય તો તે પીને તુરત ઘર તરફ ગચ્છંતિ. એ એનો ઇમ્પૅક્ટ–અસર. તે રાતે કોઈ પિસ્કેટરને મળવા પણ ન જાય, તો હું શાનો જાઉં? પણ ત્રણ દિવસ બાદ એક બપોરે એને મળીને એના પાસેથી એનો કીમિયો સમજવા પ્રયત્ન કર્યો. ઘણાંને એ નાટક નથી ગમ્યું; ઘણાંને ગમ્યું છે; પણ આ રજૂઆત એક ઐતિહાસિક સાહસિક ઘટના હતી. આમ '૬૫ના નવેમ્બરમાં પિસ્કેટરને મળ્યો, બ્રેખ્ટ વિષે ઘણી વાતો કરી. પણ '૬૬ના એપ્રિલમાં એને ન મળી શક્યો. હું બર્લિન પહોંચ્યો તે જ પહેલાં એમનું અવસાન થયું હતું.

કે કેન્ડલ ગઈ, પિસ્કેટર ગયા, ઍાગ, ડવેન્ટ તો ક્યારના ગયા હતા. લંડનમાંના ટૉમસ પણ ગુજરી ગયા. યુરોપમાંના કેટલાક મિત્રો વિદાય લઈ રહ્યા હતા. ઇન્ગ્રિડ, મૉરિસ શેવાલિયે, ડર્કાન્ટે એવા હજી હયાત બેઠા છે. પણ સરવાળે હવે વળતાં પાણી–પા સેકો આથમવા શરૂઆત કરે છે, ત્યાં અમે પણ હવે વિદાય લઈએ એ જ ઠીક છે. ઘણું જ્ઞાન મેળવ્યું, પરંતુ મનમાં થાય છે કે એ જ્ઞાનને કયા ચૂલામાં નાખું? એ ઈંધન થકી શું રાંધુ? અસલી સાહિત્યમાં એક વાત છે કે ચાર બટુકો ચાર દિશામાં જુદીજુદી વિદ્યા શીખવા ઊપડ્યા. પાછા આવી મળ્યા ત્યારે દરેકે પોતાની વિદ્યા અજમાવી. એકે મૂર્તિ ઘડી, બીજાએ ઘરેણાં બનાવ્યાં, ત્રીજાએ પોશાક સજાવ્યો, ને ચોથો સંજીવની વિદ્યા જાણનાર તે એણે સજીવારોપણ કર્યું. 'પૂતળી તો જીવતી થઈ; જાણે રૂપરૂપની અવતાર, રંભા! એટલે મારા વહાલા ચારે પરણવા તૈયાર થઈ ગયા. પણ વર તો જેણે ઘરેણાં પહેરાવ્યાં તે જ થઈ શકે એમ શામળ ભટ્ટે પોતાના એ વાર્તા-કાવ્યમાં ક્યાંક ઠરાવ્યું છે. ઘટિત વાત છે; ઠીક કથા છે; પણ આપણે માટે સાર એટલો કે એ જમાનામાં વિદ્યાનો ઉપયોગ થતો હતો. પણ આજે, પ્રથમ વાતે તો બહાર વિદ્યા શીખવા જવાના વાખા. શીખો તો તેનો અહીં ઉપયોગ કરવાના વાખા. અને અહીં નિશાળોમાં, કૉલેજોમાં તો વિદ્યા ભણાવવાનું મોકૂફ રાખવામાં આવ્યું છે. બંને વાત સાચી છે, કે વિદ્યાર્થીઓને વિદ્યા ભણવી નથી; શિક્ષકો વિદ્યા ભણાવી શકતા નથી. માબાપોને પોતાનાં સંતાન ભણેગણે એની પડી નથી. એ પરિસ્થિતિમાં હજી અરધી સાઠી પસાર કર્યા બાદ પણ જાતને ભણતર ભણાવી રહ્યો છું એનો સંતોષ છે. પરંતુ મનમાં ક્યાંક સતતની બળતા છાણા પેઠે એક આછી ધૂંધવાતી બળતરા ધૂમરાઈ રહી છે. એ ધૂમ્રસેરનો આછોપાતળો ધુમાડો આંખમાં લાગીને જરા બળતરા બાળી એને પાણીભીની કરે તો ક્ષમા કરજો.

આવો મારા એકલાનો બળાપો નથી; ઘણા કિશોરોએ બહારથી વિદ્યા સંપાદન કરી છે. પણ એમનું જ્ઞાન પોતાને આંગણે ઉપયોગમાં લેવામાં નથી આવતું એવું બની રહ્યું છે. ત્યાં મારા જેવા જેકે બળાપો કરવાનું કારણ નથી. છતાં થાય છે, એટલે વ્યક્ત કરું છું. સંસ્કૃતના સુવર્ણકાળમાં સુંદર નાટકો લખાયાં, કબૂલ છે. કદાચ એ 'કનકકોટ ચળકારા કરે' એવી ભીંતદીવાલો વચ્ચે બંધાએલી, રત્નજડિત મોતીનાં તોરણો થકી સુશોભિત એવી નાટકશાળાઓની રંગપીઠ ઉપર ભજવાયાં પણ હશે, કબૂલ છે. ચોસઠ અક્ષૌહિણી સેનાઓ લડી છે, જોજનોના જોજનો લંબાએલી નગરીઓમાં કોટિકોટિ નગરજનો નિવસ્યા છે, એવાં તો કંઈક નગરીઓનાં વર્ણનો વાંચ્યાં છે જેમાં દૂધ-દહીં-મધની તો નદીઓ વહેતી, એવી વૈભવનગરીઓમાં એક કરતાં વધારે વિધવિધ પ્રકારની રંગભૂમિઓ લોકરંજન કરી જ્ઞાન-રસની સમૃદ્ધિ ભરતી હશે, કબૂલ છે. પણ એવો, કે યુરોપમાં અમે હરીફરી નાટ્યસૃષ્ટિ જોઈ એવો, કે એ બે થકી અનોખો, અન્ય પ્રકારનો વડેરો નાટકયુગના આપણે ત્યાં હવે સુવર્ણકાળ તો શું પણ ચાંદી કહેતાં રૌપ્યકાળ પણ આવે એની અમને આશા નથી. વાતોમાં વખાણણી ગાયા કરીશું, ભાષણોમાં શબ્દભંડાર ઠાલવ્યા કરીશું પણ યુરોપના કોઈ પછાત દેશની ખરાબમાં ખરાબ નાટકશાળા જેવી પણ અહીં થોડી નાટકશાળાઓ આપણે સરજી શકીશું કે કેમ એની અમને શંકા છે. ભારતીય શિલ્પસમૃદ્ધિ અનુસાર અનોખી ઢબની પણ બાંધી શકીશું કે કેમ એની અમને દહેશત છે. ના, નહિ બંધાય. કેમ નહિ બંધાય? નહિ બંધાય, કારણ કે નાટકશાળાઓની બાંધણી સરકારી પી. ડબ્લ્યુ. ડી ને ચોપડે બંધાણી છે. એમને કુદરતીરીતે રસ્તા-પુલ-ગરનાળાં બાંધવામાં આવડત, નાટકશાળાઓ બાંધવામાં શો રસ? ટાગોરને નામે બંધાએલી નાટકશાળાઓ જુઓ. બસ્સો બાંધવાનો મદાર હતો, એમાંથી બેપાંચના અપવાદ બાદ કરો તો જુઓ એની હાલત. અને પછી, એ બંધાયા કેડે એનો ઉપયોગ, એની દેખભાળ, એમાથી ભાડાં ખાવાની ભૂખ એમાં હરરોજ કરતાં જુદીજુદી વધારે મંડળીઓને ભાડે આપવાની ગોઠવણ: એને ધર્મશાળા પણ નહિ કહેવાય. નહિ બંધાય, કારણ હજી નટનટીઓ, રંગભૂમિ ખેલનારાઓ પ્રત્યેની સૂગ પૂરતા પ્રમાણમાં નાબૂદ થઈ નથી; એનો કામ પૂરતો ઉપયોગ કરી લેવા સિવાય જોઈએ એવો માનમરતબો મોભો હજી આપવામાં આવ્યો નથી. કૌટિલ્યએ કરેલી એમની નિંદા આજના રાજદ્વારી ચાણક્યો અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હજી જાણ્યેઅજાણ્યે ભૂલી શકી નથી. ના જી, નવી નાટકશાળા નહિ બધાય, એમાં નવતર નાટકો નહિ થાય, કારણ વડા પ્રધાનથી માંડી સરકારી અમલદારોને મન સિનેમા વધુ અગત્યની ને ઉપયોગી સંસ્થા છે. વડા પ્રધાનના શબ્દોમાં જ 'એ સંસ્કારને પોષક

અને જીવનને વધારે સારી રીતે અસરકારક' સાધન છે. મરાઠી રંગભૂમિના એક મહત્ત્વના વાર્ષિક સંમેલનમાં પ્રમુખે ઉચ્ચાર્યું હતું કે 'નાટક એ કલા છે, સિનેમા એ ધંધો છે' પણ એનું એ વિધાન વિસારે પડ્યું છે; પ્રધાનોનાં વિધાનોને વજૂદ અપાય છે એ સ્વાભાવિક છે.

નહિ બંધાય, કારણ બાંધનાર બંધાવનારને નવતર રંગભૂમિનો ખયાલ જ નથી. દફતરદારો, વેપારીઓ, ઈજનેરો, નગરપાલિકાઓના સભ્યસાહેબો પોતે આ બાબતમાં જાણકારો છે, નિષ્ણાતો છે, એવી અંતરમાં ભાવના સેવે છે. એ અજ્ઞાન છે ત્યાં સુધી નહિ બંધાય. એક સાદી જ સરખામણી વિચારો: નાટકશાળાને કોઈ એરકંડિશન્ડ કરવાની વાત એકાએક સ્વીકારતું નથી. ત્યાં એને લક્ઝરીની મોજશૉખની, વાત ગણવામાં આવે છે. સિનેમા હાઉસ એરકંડિશન્ડ જોઈએ, ટ્રેઈન એરકંડિશન્ડ જોઈએ; સરકારી દફતરો એરકંડિશન્ડ જોઈએ; લક્ઝરી બસ પણ અમારે ખપે, પણ નાટકશાળામાં એ બડેખાંઓને વેંસવની અંધ આવે છે! વળી, નાટકશાળાની બાંધણીમાં એક 'ઓપન એર થીએટર'નો ચાળો ચાલ્યો છે. એ ચીલો કેટલો હાનિકારક છે એ તરફ કોઈ નજર પણ કરતું નથી; ઘણા જણ એકી વખતે પતી જાય, એવી વ્યાપારી નજર મોટે ભાગે કામ કરે છે. ઉપરાંત, 'ફ્રોક'—લોકથોકની દૃષ્ટિ, ને જનતાજનાર્દનની ઉપયોગિતાનો દાવો આગળ ધરવામાં આવે છે, ત્યાં છસો-સાતસો કે આઠસો નવસોની આરામદાયક બેઠકવાળી નાટકશાળાનો કોણ વિચાર કરે? ક્લાસિકલ-રોમાન્ટિક બંધનો-વિચાર ઊંચી કક્ષાએ પહોંચશે તો લોકબંધ સુધરતા રહેશે; કેવળ લોકબંધની કક્ષા ઉપરથી ક્લાસિકલ નહિ નીપજે. ઉત્તમ અતિ ઊંચા પ્રકારના સુસંસ્કૃત સંસ્કારી બંધના આદર્શ વિના લોકરુચિ નહિ સુધરે. ખુલ્લા મેદાનમાંથી ભરાઇને આદર્શ ડેરવવાથી નાટકનો ઉદ્ધાર નહિ થાય. આ મત મારો એકલાનો નથી, વિદ્વાનોના મતમાંથી તારવેલો છે. વિદેશીઓના મતની નોંધણી નથી, આનંદશંકર, રણછોડભાઈ, નરસિંહરાવ, નાનાલાલ, બળવતરાય, રામનારાયણ, રસિકભાઈ, કાલેલકર, ઉમાશંકર જેવાઓનાં લખાણ તપાસશો તો એ જ મત નીતરતો જણાશે.

એક અભિપ્રાય

For years I have taken it in myself and read it every week with the liveliest interest, and, in addition, I subscribe for it to be sent to two old friends of mine. It is the easiest and best of presents for a friend abroad. It is magnificently edited. It is amazing how wide and comprehensive is the sweep of its nets. I do not see how anyone can keep up to date about the things that matter without it. It ought to be in every school and in every household where there are young sons and daughters. 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુઝ'ને અભિનંદન આપતાં એચ. જી. વેલ્સે આ પ્રશંસા લખી હતી. એ 'કુમાર'ને લાગુ પડતી આપને લાગતી હોય તો આપ પણ બીજું લવાજમ મોકલી આપોને?

'આજ તેવા ઓડકાર'ની કહેવત જાણીતી છે એની સાથે 'આહાર તેવું આરોગ્ય'નું સૂત્ર ધ્યાનમાં રાખવાનું છે. આહાર અને આરોગ્ય પરસ્પર સંકળાએલાં છે. જિંદગી દરમિયાન શરીરની કામગીરીઓ કદી બંધ પડતી નથી. મોટા ભાગે તે નિયત ગતિથી નિરંતર ચાલતી જ રહે છે, ને કદીક જોસથી પણ ચાલે છે. ગાઢ નિદ્રામાં પણ ફેફસાંમાં હવા પુરાય છે ને હૃદય ધબકતું રહે છે. આ અવિરત કામગીરી અને તેનું નિયમન થવા તથા એ કામગીરીથી થતા કોષોના ઘસારાની મરામત માટે આહારની આવશ્યકતા છે. વળી, દર દસ વરસે શરીરમાં પુનર્જીવનની ક્રિયા પૂરી થાય છે. ઇમારત જેમ ઈંટોની બને છે તેમ શરીર અબજો કોષોનું બનેલું છે. આ જૂના ઘસાએલા કોષોના સ્થાને નવા આવે છે. આ ક્રિયા માટેનાં દ્રવ્યો પણ આહારમાંથી પ્રાપ્ત થાય છે. વળી શારીરિક બધી ક્રિયાઓની શક્તિનું ઉદ્ભવસ્થાન પણ આહાર છે. વેદમાં પણ કહ્યું છે કે અન્ન એ જ પ્રાણ છે.

ખોરાકને પેશીઓ અને શક્તિમાં ફેરવવાની કાયાની અદ્ભુત કરામત જન્મથી શરૂ થઈ જિંદગી પર્યંત ચાલુ જ રહે છે. પ્રૌઢાવસ્થા પછી પણ ઘણાં માણસો આહારના અભિશોષણ અને ઉપયોગ સારી રીતે કરી શકે છે, પરંતુ ઘડપણમાં મોટા ભાગના માણસોમાં આ ક્રિયા મંદ પડી જાય છે. વળી ઉમર વધતાં માનવી બેઠાડુ બનતાં શ્રમ ઘટવાથી ભૂખ ઓછી લાગે છે. આ કારણે સાઠ-પાંસઠની આસપાસ કે કદીક તેથી પહેલાં શરીર બરાબર કામ ઉપાડતું ન હોવાનું અનુભવાય છે. થાક જલદી લાગે છે અને ઊંઘ પણ બરાબર નથી આવતી. આ ઉપરથી નથી સમજાતું કે શરીરનું જોમ ટકાવી રાખનાર તો આહાર છે? 'જોમ' શબ્દના અર્થમાં રોગોના હુમલા ખાળનાર અને ઘડપણને આઘું ઠેલનાર શરીરની સમગ્ર વેષ્ણવી શક્તિનો સમાવેશ થાય છે.

આપણા પ્રાચીન આયુર્વેદાચાર્યોએ ખોરાકના ગુણધર્મો અને નીતિનિયમો વિષે વિસ્તારથી લખેલું છે, પણ નવા જમાનાની તાસીરમાં તે અર્થપૂર્ણ ન લાગવાથી કાં તો વિસારે પડ્યું છે કે ભુલાઈ ગયું છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં પોષણવિજ્ઞાનનો પ્રાયોગિક વિકાસ સધાઈને આહારમાં સ્વીકારવા લાયક ઘણાં સત્યો પ્રાપ્ત થયાં છે.

ગઈ સદીની શરૂઆતમાં ખોરાકનું પૃથક્કરણ અને શરીરમાં તેના વપરાશ વિષે સંશોધનો થયાં ત્યારે આહારમાંથી ગરમી મળવાના ધોરણે એનું મૂલ્ય નક્કી થયું. ગરમી એટલે શક્તિ. ખોરાકની ગરમી આપવાની શક્તિનું માપ 'ઉષ્માંક' (કૅલોરી) વડે ગણાવા લાગ્યું. આ પછી ગઈ સદીના અંતમાં ને આ સદીની શરૂઆતમાં થએલાં નવાં સંશોધનોના આધારે જાહેર થયું કે આહારમાં એકલા ઉષ્માંકની ગણતરી નકામી છે. આગળ જતાં પ્રોટીનની જરૂરત સમજાઈ અને તે પછી ખોરાકમાં અતિ આવશ્યક વિટામિનો અને ખનિજ દ્રવ્યો પણ શોધાયાં. આ બધાં દ્રવ્યો રક્ષણદાતા છે. જ્યારે કાર્બોહાઇડ્રેટ ને ચરબી પદાર્થો શક્તિદાતા ખોરાકો છે.

આપણે જે કંઈ ખાઇએ તે પેટ ભરવા નહિ પણ પોષણ મેળવવા ખાવાનું છે, અને પોષણ ખોરાકના જથ્થામાં નહિ, પણ તેનાં જાત અને પ્રમાણમાં રહેલું છે. આથી ખાવાની બાબતમાં પ્રથમ ધ્યાન ખોરાકની જાત ઉપર રાખવાનું છે. શક્તિદાતા અને રક્ષણદાતા ખોરાકો પ્રમાણસર લેવાય તો જ આહાર સયુક્ત બને છે.

સયુક્ત આહાર જ જિંદગીના નિભાવ વૃદ્ધિ મરામત અને સગર્ભાવસ્થા તથા સ્તન્યપાનના બોજભર્યા સમય માટે પૂરતો થઈ શકે છે અને હવે પોષણનું નવું જ્ઞાન તો કહે છે કે એ પૂરતો ગણાતો આહાર પણ ઈષ્ટમાન ન હોઈ તેને યે સુધારવો જોઇશે. વીસ વરસના ગાળામાં ઉંદરોની પેઢીઓ ઉપરના એક પ્રયોગમાં પાંચ ભાગ ઘઉંનો ભૂકો

'અન્ન તેવા ઓડકાર' અને આહાર તેવું આરોગ્ય

આહાર અને આરોગ્ય-૮૦

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

*

ખરા આરોગ્ય માટે
માત્ર ખાવું એ જ પૂરતું નથી
પ્રમાણસર ખાવું એ પણ પૂરતું નથી
પૂરતો મનાતો આહાર પણ ઇષ્ટમાન નથી
તો પછી
?

તો એક ભાગ શુદ્ધ દૂધના ભૂકાનો ખોરાક, વૃદ્ધિ ને આરોગ્ય, પ્રજનન ને વંશવિસ્તાર માટે સપ્રમાણ (નૉર્મલ) જણાયો હતો, પરંતુ જ્યારે એમાં દૂધનું પ્રમાણ વધાર્યું ત્યારે પરિણામો વધુ સારાં આવ્યાં. ઇંગ્લંડના બીજા એક પ્રયોગમાં ઉંદરોની ચાર પેઢીના અરધા ઉંદરોને લોકરૂઢ સામાન્ય ખોરાક આપ્યો તો બીજા અરધાઓને આ ખોરાક સાથે વધારામાં દૂધ અને લીલોતરી શાકપાન આપ્યાં. એમાં ખોરાકની સમૃદ્ધિથી ઉંદરોનો દેખાવ સુધર્યો, તેમના શરીરની સારી વૃદ્ધિ થઈ, લોહીમાં હિમોગ્લોબિન વધ્યું, બચ્ચાંનો ઉછેર સારો થયો અને એમનું મૃત્યુ પ્રમાણ પણ ઘણું ઘટ્યું.

બાળકો ઉપર પણ પોષણ વિષયક બીજા અખતરાઓ થયા છે. ૧૯૨૩ની સાલમાં બર્મિંગહામનો દાખલો દર્શાવે છે કે પૂરતું પોષણ પામે છે એવું ધારેલાં બાળકોને વધારાનું દૂધ આપવાથી તેમના શરીરનું વજન અને લોહીમાં હિમોગ્લોબિનના વધારા સાથે માનસિક અને શારીરિક શક્તિમાં પણ સુધારો થયો. બ્રિટિશ મૅડિકલ રિસર્ચ કાઉન્સિલના વ્યાપક પ્રયોગોમાં સપ્રમાણ પોષણ પામેલા છોકરાઓના રોજિંદા ખોરાકમાં દૂધ ઉમેરવાથી તેમની ઊંચાઈ તથા વજન વધ્યાં હતાં, તથા એમની શારીરિક અને માનસિક વૃદ્ધિ સારી થઈ હતી. આ દર્શાવે છે કે પૂરતા અને ઇષ્ટમાન આહાર વચ્ચે મહત્ત્વનો તફાવત છે. ખોરાકના વિવેકભર્યા ઉપયોગથી પોષણનું ધોરણ જળવાય છે. નિરામિષાહારીઓના ખોરાકમાં દૂધ મહત્ત્વનું ખાદ્ય છે. પેઢીઓ ગત ઉંદરો ઉપરના પ્રો. શરમાનના પ્રયોગોથી સિદ્ધ થયું છે કે દૂધ બાળકો ઉપરાંત પુખ્તવયના માણસોને પણ લાભદાયી છે. વધારાના દૂધથી શરીરની વૃદ્ધિ ઝડપી, શ્રેષ્ઠ ને ચઢિયાતી થવા ઉપરાંત પ્રજનનકાળ અને જિંદગી લંબાવા સાથે જિંદગીમાં ઉપયોગી–ઉપજાઉ વરસો ઉમેરાય છે.

પહેલાં મનાતું હતું કે વારસાનુગત સંસ્કારોથી પુખ્ત વયની મર્યાદા અંકાય છે. આપણે જિંદગીમાં વરસો તો ઉમેરી ન શકીએ, પણ આયખામાં ચેતના માણી શકાય છે હવે જાણવા મળ્યું છે કે આયુર્મર્યાદા નક્કી થવામાં વારસાની અસરો તો છે જ, વધારામાં પોષણની અસરો પણ થાય છે જ. આપણે પૂર્વજોની પસંદગી ન કરી શકીએ, પણ આપણે ખોરાક તો પસંદ કરી શકીએ. માત્ર જીવતર લંબાવવાની જ આ વાત નથી, પણ જીવનના મધ્યાહ્નનાં વરસો વધે એવી લાંબી અને ઉપજાઉ જિંદગીની આ વિચારણા છે. એ તો સાબિત થયું છે કે શ્રેષ્ઠ પોષણદાયી ખોરાકથી આરોગ્ય જળવાયાથી આયુર્મર્યાદા લંબાય છે.

સર રિચાર્ડ ગ્રેગરીએ ૧૯૩૭માં લખ્યું છે કે, 'દૂધ ઈંડાં ફળ અને બીજા ખોરાકના સેવનથી મૃત્યુપ્રમાણ ઘટવા સાથે બાળકોની ચઢિયાતી વૃદ્ધિ, પુખ્તવયે પુષ્ટ કાઠું અને સામાન્ય આરોગ્યમાં ઘણો સુધારો થયો છે.' બ્રિટિશ અન્નસચિવમંડળના ખોરાકનાં પરિણામોના આધારે આરોગ્ય સચિવમંડળે નિર્ણય તારવ્યો છે કે, 'રાષ્ટ્રીય આરોગ્યના મૂળમાં અને સારાંશમાં પોષણ રહેલું છે.'

વિશ્વયુદ્ધ દરમિયાન પોષણનો કાર્યક્રમ હાથ ધરાયો હોવાથી ૧૯૪૨ થી ૧૯૪૭નાં છ વર્ષમાં બ્રિટિશ ઇતિહાસમાં નોંધાયો ન હોય એવા શ્રેષ્ઠ આરોગ્યનો વિક્રમ નોંધાયો હોવાનું ડૉ. સી. જી. કિંગ કહે છે. પોષણવિજ્ઞાનીઓનું તો કહેવું છે કે એકલી સારું ખાવાની ટેવોથી એક પેઢીમાં જિંદગીમાં દસ વર્ષ ઉમેરાશે; ઉપરાંત શારીરિક અને માનસિક બળમાં પણ વધારા સાથે સર્વ વાતે આરોગ્યનું ઉચ્ચ ધોરણ પ્રાપ્ત થશે તથા અત્યારના ક્ષીણકારી રોગો થોડા અંશે નાબૂદ થશે.'

'ફીડિંગ ધ ફૅમિલી' પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. મેરી એસ. રોઝ લખે છે કે, 'ઊંઘ ચોખ્ખી હવા કસરત વગેરે આરોગ્યપ્રદ બાબતોમાં શ્રેષ્ઠ તો ખોરાક છે. પોતાની સુખાકારી અને આધુનિક જિંદગીનો બોજ ઉપાડવા માટે બાળકોને સારું સાધન આપવા ઇચ્છનારા માણસો ખોરાકની વિવેકભરી પસંદગી વિષે પૂછપરછ કરે છે.'

એમાઈનો ઍસિડો (એટલે કે પ્રોટીનો)ને ક્ષારોના મહત્ત્વની જાણ અને કુદરતી ખોરાકોમાં એમની હાજરીની શોધ એ પોષણનું નવું જ્ઞાન છે. ૧૯૧૮માં મેક કોલમના 'ન્યૂઅર નૉલેજ ઑવ ન્યૂટ્રિશન'ના પુસ્તકથી પોષણના નવા વિજ્ઞાનનો ખયાલ સ્પષ્ટ થયો. મેક કોલમના કહેવા પ્રમાણે ઇષ્ટમાન ખોરાકથી શ્રેષ્ઠ વૃદ્ધિ સાથે પ્રજનનશક્તિથી બાળઉછેરને સફળતા મળે છે. યુવાનીની લાક્ષણિકતાઓ જળવાઈ રહેવા સાથે જિંદગી લંબાય છે. દોષિત કે ન્યૂન પોષણથી આરોગ્ય ને પ્રાણશક્તિને ધીમો ઘસારો પહોંચે છે. આ કારણે શારીરિક વિકાસમાં ખામી, જ્ઞાનતંત્રની અસ્થિરતા, સાજા થવાની શક્તિ તથા સહનશીલતાની ન્યૂનતા થવાથી સંચિત થાક ને ક્ષયરોગ જેવા ચેપનો પ્રતિકાર ન થઈ શકે એવી સ્થિતિ આવી પડે છે.

ગોવાળિયાઓની શારીરિક સંપત્તિનું કારણ પુષ્કળ દૂધનો ખોરાક હોવાનું કહી, મેક કોલમ માણસદીઠ બશેર દૂધ લેવાની સલાહ આપે છે. કોઈ પણ ઉંમરે દૂધની ઉપયોગિતા રહેલી છે. દૂધની વિશેષ જરૂરતો વિદ્યાર્થીઓને છે. તેમને શાળાના સમયમાં મફત કે ઓછી કિંમતે શક્ય એટલું વધુ દૂધ આપવાની વ્યવસ્થા થવી જોઈએ.

ઘણા લોકોને, ખાસ કરીને જુવાનિયાંઓને દૂધ કરતાં ઇંડાં શ્રેષ્ઠ લાગે છે. જેને ધાર્મિક દૃષ્ટિએ વાંધો ન હોય તે ઈંડાં ને માંસ લઈ શકે છે, પણ દરેકે આટલું તો જાણવાનું છે કે માંસ એ સંપૂર્ણ ખાદ્ય નથી ને દૂધ કરતાં તે ગૌણ છે ઇંડાં પણ દૂધ કરતાં ચઢિયાતાં નથી. તેના વગર ચાલી શકે છે. દૂધની શ્રેષ્ઠતા વિષે પ્રો. શ્રુમેન લખે છે, 'ઇંડાં ને માંસના જેટલી ઉચ્ચ પોષણક્ષમતા દૂધમાં છે. ઈંડાંના પ્રોટીનોથી ઘણીવાર આંતરડાંમાં સડો ઊપજે છે. ઇંડાં લોહ ને ફૉસ્ફરસથી સમૃદ્ધ છે, પણ તેનાં ખનિજદ્રવ્યો સુસમતોલ નથી. તેમાં કેટલાંક વિટામિનો વધારે તો બીજાં બિલકુલે ય નથી. તેમાં કોલેસ્ટેરોલ વધારે હોવાથી તે ઇષ્ટમાન પ્રમાણ કરતાં વધારે પ્રમાણમાં શરીર આવે છે.'

જે લોકો પૂરતા પ્રમાણમાં દૂધ ખાઈ ન શકે તેમણે પાંદડાંવાળાં શાકપાન લેવાં જરૂરી છે. આમાંથી વિટામિનો ને ક્ષારો મળવા ઉપરાંત આંતરડાંની તંદુરસ્તી જળવાય છે.

(ચાલુ)



પચ્ચીસ વર્ષ પર ચાલેલી 'ભૂતકાળની શોધમાં' નામની રસમય અને શિક્ષણાત્મક લેખમાળામાં શ્રી અમૃતલાલ પંડયાએ ૧૯૪૨ના માર્ચ અંકમાં 'ગુજરાતના અલોપ થએલા સાગર'ની વાત કરેલી તેમાંનો થોડો ભાગ:

હવે રણપ્રદેશના હાર્દમાં સૂતા પડેલા પુરાતન તીર્થ ઝિલાણંદ બેટ તરફ જવા હું ઊપડયો. રણની સપાટી ઉપર પ્રસરેલી મીઠાની જાડી શ્વેત પોપડી, અને તેની સાથે ભળેલા સમુદ્રફીણના કકડા તથા મૃત જળચરોનાં અસંખ્ય અવશેષોમાં છુપાઈ રહેલા આનર્તરાષ્ટ્રના એક અવનવા ઇતિહાસની મને ઝાંખી થવા લાગી. એક દિવસ આ વિસ્તાર ઉપર મહાસાગરનાં મોજાં ધૂઘવતાં ને આનર્તરાષ્ટ્ર (પ્રાચીન ઉત્તર ગુજરાત)ની પુણ્ય ભૂમિને અહર્નિશ પખાળ્યા કરતાં. પંચાસરપુરી અને અણહિલ્લવાડ પત્તનનો જ્યારે ખયાલે ય નહોતો એ કાળમાં અનેક નગરો અને પત્તનો (બંદરો) એ સાગરના સોહામણા તટપ્રદેશને શોભાવતાં. અનેક પ્રજાઓનાં વહાણો દેશદેશાંતરોની સમૃદ્ધિ આનર્તરાષ્ટ્રને આંગણે ઠાલવ્યા કરતાં, ને એ સમૃદ્ધિ અનેક આર્યાનાર્ય પ્રજાઓને આ પ્રદેશમાં ખેંચી લાવતી.

ભારતખંડની ભૂમિ ઉપર માનવજાતનો પડછાયો પડયો તે પૂર્વે અરબી સમુદ્ર અને બંગાળનો ઉપસાગર, સિંધુ ને ગંગાની ઉપત્યિકાઓને આવરી લઈ આખા ઉત્તર હિંદ ઉપર ફરી વળીને છેક દિલ્હીના વિસ્તારની નજીકમાં એકમેકને મળી જતા. એ અંગે જળવિસ્તારને ભૂસ્તરશાસ્ત્રીઓ 'ટેથિસ સમુદ્ર' કહે છે. પૃથ્વીની આત્રરદાના ત્રીજા કલ્પમાં પ્રચંડ ધરતીકંપોને લઈ એ ટેથિસ સાગરનું તળિયું ઊંચુ આવવા લાગ્યું, ને કાળાંતરે તે એટલું બધું ઊંચુ ઊઠી આવ્યું કે આજે તેને હિમાલયના નામથી આપણે ઓળખીએ છીએ!

ત્યાર બાદ એ ગિરિરાજની આડભીંતે અને અરવલ્લી હારમાળાની વચ્ચે એ સાગર ઘઘવવા લાગ્યો. પછી હિમાલયના અંતરમાંથી સિંધુ, સરસ્વતી, ગંગા, યમુના ઈત્યાદિ અનેક મહાનદીઓ ફૂટી એમાં વહેવા લાગી. એ નદીઓ જે જળમળો ખેંચી લાવતી તે વડે એનું પુરાણ થવા લાગ્યું ને વચ્ચેના ભાગમાં જમીન બંધાવા લાગી. પરિણામે એ સાગરના બે ભાગ પડી ગયા: પશ્ચિમ ભાગ તે 'રાજપૂતાના સમુદ્ર', ને પૂર્વ ભાગ તે 'બંગાળ સમુદ્ર.'

રાજપૂતાના સમુદ્રનાં મોજાં સિંધ, રાજપૂતાના ને ઉત્તર ગુજરાત ઉપર ગરજતાં ને અરવલ્લી તથા હાલાની હારમાળાઓ વચ્ચે હિલોળા લેતાં. એ સાગરમાં ત્રણ બેટ હતા: પારકરથી જેસલમેર સુધીનો ઉચ્ચ પ્રદેશ, કચ્છ અને કાઠિયાવાડ.


ફરી ધરતીકંપોની પરંપરા આવી અને તેને પરિણામે થરનું રણ, પૂર્વ ને ઉત્તર રાજપૂતાના તથા અરવલ્લી ને આરાસુર નજીકની ઉત્તર ગુજરાતની ભૂમિ, આટલા પ્રદેશો એ સાગરને તળિયેથી બહાર આવ્યા. લૂણી, સાબરમતી, વાત્રક ને મહી નદીઓ ત્યાં વહી નીકળી નર્મદા ને તાપી તો દક્ષિણ ગુજરાતમાં કયારની ય વહેતી હતી. આ સમયે હિંદમાં માનવજાતનું આગમન થયું ને ગુજરાતમાં સાબરમતી, વાત્રક, મહી, નર્મદા તથા તાપીને કાંઠે પણ એ પ્રજાએ વસવાટો માંડયા.

ફરી પાછી કુદરતની લીલા શરૂ થઈ. ઉત્તર હિંદ ઉપર બરફના થરો ખડકાવા માંડયા અને અસહ્ય ઠંડીનાં મોજાં પ્રસરી રહ્યાં. માનવપ્રજા ઉત્તર હિંદ અને ગુજરાતનો ત્યાગ કરી કદાચ પૂર્વ અને દક્ષિણ તરફ જતી રહી.

હજારો વર્ષ પછી એ સ્થિતિ પલટાઈ ને કાળાંતરે ઉત્તર હિંદમાં આર્ય પ્રજાએ દેખા દીધી. એ કાળે દક્ષિણ રાજપૂતાના અને આબુની પશ્ચિમનો ઉત્તર ગુજરાતનો ભાગ હજી 'રાજપૂતાના સમુદ્ર'ની નીચે રહ્યા હતા. આર્ય પ્રજામાં એ વેળા વરુણ દેવની હાક વાગતી. એ દેવ સાગરનો સ્વામી હતો ને તેથી એ સાગરભાગ 'વરુણ સમુદ્ર' કહેવાવા લાગ્યો. મોહેંજો ડેરોની સૈન્ધવી સંસ્કૃતિ એ જ આર્ય પ્રજાની હતી એમ હું માનું છું. આર્યોનો રાજકીય ઇતિહાસ સૂર્ય વંશથી શરૂ થયો છે. એના આદિ પુરુષ વૈવસ્વત મનુના પુત્ર ઈક્ષ્વાકુએ સિંધુ નદી જ્યાં એ સમુદ્રને મેળવી ત્યાં પોટલક નામનું પાટનગર વસાવ્યું હાલ એ સ્થળે હૈદરાબાદ (સિંધ) આવેલું છે. ઈક્ષ્વાકુના એક પુત્રનું નામ 'કુશ' હતું. તેના વંશધરો કુશ પ્રજા કહેવાયા. એ કુશોના સમયે વરુણ સમુદ્ર નાનો બની આનર્તસાગર બન્યો ને કુશો તેને ફરતા વીંટળાઈ વળ્યા. હાલ જ્યાં મૂળ દ્વારકા છે ત્યાં આગળ તેમની પાટનગરી કુશસ્થલી હતી. આનર્તસાગરને ખેડતીખેડતી આ પ્રજા બૅબીલોનિયાની વતની થઈ પડી. બાઈબલે 'કુશ પુત્રો'-Cushitesના નામથી તેમના સુયશ વિસ્તાર્યો છે

રામાયણના યુદ્ધકાંડમાં મુનિ વાલ્મીકિ લખે છે કે એ સાગરને સિંધુ અને સરસ્વતી નદીઓ મળતી ને તેને ઉત્તર કાંઠે આભીરો (હાલના આહીરો) વસતા હતા. રામાયણ અને મહાભારતના બનાવોના કાળ વચ્ચેના ગાળામાં ઉત્તર ગુજરાતમાં શ્રીમાળના પ્રદેશ પર આ આનર્તસમુદ્રનાં મોજાં સુકાયાં હોય એમ 'શ્રીમાળ માહાત્મ્ય' ઉપરથી જાણવા મળે છે. હજી પણ એ પ્રદેશના ખડકો ઉપર સમુદ્રના ઘસારાનાં ચિહ્નો સ્પષ્ટ નજરે પડે છે.

ઈ. પૂર્વે ૩૨૭માં હિંદ છોડતી વેળા અલેક્ઝાંડરનો સૈનિક કાફલો આપણા રણસાગર-



કચ્છના રણને સ્થળે પુરાતનકાળમાં મહાસાગરનાં મોજાં ઊછળતાં. એ સાગરના ઇતિહાસ અને અલોપ થએલા ત્યારના આનર્તરાષ્ટ્રના અવશિષ્ટ બેટો તથા ભગ્ન બંદરોની પૂરેપૂરી ભાળ તો હજી યે કદાચ કાઢવાની ઘણી બાકી છે. અહીં નકશામાં ઈસ્વી સનના આરંભકાળના કચ્છના રણ ઉપરનો પ્રાચીન સમુદ્ર અને તે વેળાનો ગુજરાતનો દરિયાકાંઠો દર્શાવ્યો છે.

માંથી પસાર થએલો હોવાની નોંધ ગ્રીક પ્રવાસપોથીઓમાં મળી આવે છે. ઉપરના બનાવોના સમય અને ઈ.સ.ના બીજા સૈકાની વચ્ચેના ગાળામાં થએલા ધરતીકંપાદિ કુદરતી ઉપદ્રવોને લઈને ફરી પાછી કચ્છના રણસાગરની કાયા કૃશ બની ને વળી તેની સપાટી ઊંચી ઊપસી આવી. ગ્રીક ગ્રંથ પેરિપ્લસનો કર્તા ત્યારની વિગત આપતાં કહે છે કે રણસાગર (મોટા)ના અમુકઅમુક વિસ્તારોમાં વહાણો ચાલી શકતાં નહોતાં, પણ નાના રણ ઉપર તો છેક ચાવડાઓના રાજ્યકાળ સુધી દરિયાનાં મોજાં ઊછળતાં રહ્યાં છે ને વહાણવટું ખેડાયા કર્યું છે. ઈ.સ. ૬૪૦માં ચીની મુસાફર હ્યુયાન ચ્વાંગે મહીકાંઠાથી શ્રીમાલ તરફ જતાં માર્ગમાં એ સાગરવિસ્તાર જોયો હતો.

કચ્છનો એરણસાગર, ઝિંઝુવાડાના ઝિલ્લાણું: ઠેઠ આગળથી, સામુદ્રધુનીના આકારે ગુજરાત અને કાઠિયાવાડની વચ્ચે થઈ, નળ સરોવરને પોતાના અંગમાં સમાવતો, ખંભાતના અખાતને જઈ મળતો હતો એ તો છેક મુઘલ કાળ સુધીની હકીકત છે ગુજરાત અને કાઠિયાવાડ વચ્ચેની આ સામુદ્રધુનીને મુસલમાની કાળમાં પ્રવાસે આવેલા યુરોપિયનો સિંધુ નદીનો પ્રવાહ લેખતા. તે પછી એ સામુદ્રધુની માત્ર ચોમાસામાં ને તે પછીના થોડાક માસ સુધી વહાણવટા માટે કામ લાગવા માંડી. છેક ૧૭૮૮ સુધી વર્ષમાં છ માસ તો ઘોઘાનાં વહાણો પાટણવાડે આવી ત્યાંનો કપાસ ભરૂચ લઈ જતાં એમ સરકારી દફતરો નોંધે છે. ૧૮૧૩માં રૉયલ એશિયાટિક સોસાએટીના જર્નલમાં મૅકમર્ડો લખે છે કે તેના સમયમાં વર્ષના છ માસ કાઠિયાવાડ ગુજરાતથી છૂટું રહે છે ને કચ્છના રણ તથા ખંભાતના અખાતના વિસ્તાર વચ્ચે એક સામુદ્રધુની અસ્તિત્વમાં આવી જાય છે.'

અશુદ્ધ જોડણીના અનર્થ

સુરત=કામક્રીડા . . . સૂરત=મુખાકૃતિ
તુર્ય=ચોથો ભાગ . . . તૂર્ય=એક જાતનું વાદ્ય
દિન=દિવસ . . . દીન=ગરીબ
નિકર=સમૂહ . . . નીકર=નહિ તો
પલિત=પળિયાંવાળું . . . પલીત=ભૂતપ્રેત
રફુ=નાઠેલું . . . રફૂ=તૂણવાનું કામ
રાશિ=ઢગલો . . . રાશી=ખરાબ
વિણ=વિના . . . વીણ=પ્રસવની પીડા
વધુ=વધારે . . . વધૂ=વહુ
રવિ=સૂર્ય . . . રવી=શિયાળુ પાક.

પનઘટ

શ્રી ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'ના બીજો કાવ્યસંગ્રહ 'પનઘટ' ત્યારે બહાર પડનાર હતો. તેના એ જ નામના મુખકાવ્યમાંથી થોડો ભાગ તારવી કાઢીને, આજથી ૨૫ વર્ષ પરની કવિતાના આસ્વાદ માટે-શ્રી કનુ દેસાઇએ ત્યારે આલેખેલાં શોભનચિત્રો સાથે-આ નીચે આપીએ:



તે કંકણો રણકતાં, પદનૂપુરો તે,
તે પાનીઢંક ઊડતાં નવરંગી ચીર,
ને તે મીઠું ધબકતું ઉરમાં છૂપું કૈં,
તેનું અહીં તવ ઉરે પ્રતિબિમ્બ જોતાં
આનન્દે તે ધનગન થતી
કોડીલી અંગનાને
તારા જેવું, પનઘટ, બીજું
સ્થાન કો પ્રેરણાનું ?



કો ગોપબાલ અહીં બંસરી મીઠી છેડી,
જાતો હશે જગવી કોમલ ભાવ કોઈ
ગોપીતણા ઉરમહીં; નીરખી તને તે
કેવું હશે જીવન સાર્થ થતું જણાતું !



સંસારના અનલથી સળગી રહેલી,
તારી કને વિવશ કો હતભાગી નારી
આવી હશે હૃદયનો ઊભરો શમાવા !
તેં તો વળી સુણી હશે કથની અનેક
વૈધવ્યની કરુણ કો અતિ મર્મભેદી !
અન્તર્દાહો સહુ શમવતો
એક આધાર થાતો,
તારા જેવો, પનઘટ, બીજો
પ્રેમનો કો કુવારો ?



તું હે રસેશ, સુકુમાર જ ઊર્મિઓ કો
કોડેભરી ગુલછડી સમી કન્યકાની
ઝીલી, બને પ્રણયના મૃદુ કોક છૂપા
સંકેતનું વિરલ સ્થાનક કૈંક વેળા !
તારી કને દિવસરાત અનેક સેવ્યાં
સ્વપ્નોતણી સફળ સિદ્ધિતણી શી છાની
વાતો તને કહીકહી ન ધરાતી ઘેલી,
પ્હેલી વેળા જતી નવવધૂ
કાન્તની પાસ જ્યારે,
હૈયું તારું, પનઘટ, તદા
રોક્યું રોકાય આ કે ?



આવે અહો ! તવ સમીપ પ્રસન્નગાત્રી
રાખી કટોરી કર તારકની નિશા, ને
આવે પીવા રવિ અને શશી નિત્ય તો યે
તારાં અમીઝરણ તે ન સુકાઈ જાતાં !
નિત્યે ધીખ્યા પ્રખર રણમાં
લીલી નાઘેર જેવો !
સંતપ્તોનો, પનઘટ, જગે
એક વિશ્રામ તું તો !



તારી સમીપ પ્રિય હું સ્મરીને સુહાગી
તારાં સ્વરૂપ સહુ પ્રેમળ, આજ આવ્યો!
યાચું તને! વિમલ એક પ્રસન્ન ઊર્મિ
તું પ્રેરીને ઉર જગાડી ઋતંભરાને
ગાનો તણી ચિર વહાવ વિમુક્ત ધારા,
જે કાળના રણ મહીં અતિ દૂર દૂરે,
સંતપ્ત ને વ્યથિત કો ઉરસદ્મ ભોમે,
મ્હોરાવી કૈં
બળીઝળી નવે પલ્લવે પ્રાણવેલી,
રે'શે ફૂટી મીઠી કો
રસભરી સરવાણી સમી નીતરેલી !

●○○ [ગુનાશોધન-૨૨] ○○○

ગોળીબારની તપાસ

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

ગુનો જ્યારે મારામારી કે મૃત્યુમાં પરિણમે ત્યારે એમાં મોટે ભાગે કોઈ ને કોઈ હથિયાર પણ સંકળાઈ જાય છે અને ગુનાશોધનમાં એ બહુ મહત્ત્વનો પુરાવો બની રહે છે. ગુનો જો પૂર્વયોજિત હોય તો બહુધા લાકડી, છરી, ચપ્પુ, રિવૉલ્વર વગેરે જેવું હથિયાર વપરાયું હોય છે; જ્યારે સંજોગવશાત્ થતી મારામારી કે ખૂન જેવા પ્રસંગે તાત્કાલીક હાથ ચડેલી કાતર, હથોડી કે લોખંડના સળિયા સોયો વગેરે જેવી ચીજો વપરાએલી જોવા મળે છે. સેફ્ટી પિન ને હજામતની પતરીથી પણ મોત નીપજાવ્યાના દાખલા મળી આવ્યા છે. આવી જ રીતે રેશમી કે સૂતરાઉ દોરી, નાડી, ઓશિકા વગેરેની મદદથી ગૂંગળાવીને પણ ખૂન કરાએલાં હોય છે. અનેક રીતે આ બધાંની તપાસ થઈ શકે છે, પણ એમાં બંદૂક, પિસ્તોલ કે રિવૉલ્વર જેવાં હથિયારોની તપાસની તો એક આખી શાખા જ વિકસેલી છે. અંગ્રેજીમાં એને 'બૅલિસ્ટિક્સ' કહે છે. જોકે ખરી રીતે આ શબ્દનો અર્થ આ પ્રકારનાં હથિયારોની કામગીરી પૂરતો મર્યાદિત છે, પરંતુ ગુનાશોધનમાં 'બૅલિસ્ટિક્સ'નો તપાસમાં આવાં હથિયારો, એની જાત, એની ગોળીઓના પ્રકારો વગેરે બધાંની ગુનાશોધનમાં જરૂરી એવી સર્વ પ્રકારની તપાસને આવરી લેવામાં આવે છે.

સૈદ્ધાંતિક રીતે એક જ પ્રકારે કામ કરતાં બંદૂક, પિસ્તોલ, રાયફલ, રિવૉલ્વર વગેરે અનેક પ્રકારનાં હથિયારોનો આમાં સમાવેશ થઈ જાય છે પરંતુ આપણે પણ આ લેખમાં એમની વિશિષ્ટ કામગીરીની વિગતોને બાજુએ રાખીને જ વિચારીશું. સરળતા ખાતર આપણે 'રિવૉલ્વર' નામ જ વાપરીશું.


આવું કોઈ પણ હથિયાર રાખવા માટે કાયદાની રૂએ પરવાનો કઢાવવો પડે છે એ રીતે અને જ્યારે એ ખરીદવામાં આવે ત્યારે વેપારીને ત્યાં આ હથિયારના નંબર ને જાત વગેરેની માહિતી સાથે એ લેનાર ગ્રાહકના નામસરનામાની પૂરી નોંધ રાખવામાં આવે છે. એના પરથી ઘણી વાર જો કોઈ ગુનામાં એવું હથિયાર વપરાએલું મળી આવે તો એના નંબર-જાત વગેરેને આધારે એના માલિકની શોધ ચલાવી શકાય છે. અલબત્ત, દરેક વખતે આ માર્ગે ચાલેલી તપાસ પૂરી સફળ ન પણ નીવડે કેમ કે મોટે ભાગે ગુનામાં સંડોવાએલું હથિયાર પણ કોઈ ગુના દ્વારા જ મેળવાએલું હોય છે. વળી, રીઢા ગુનેગારો હથિયારના નંબરને ઘણી વાર ઘસી નાખે છે. જોકે એ ઘસી નાખેલા નંબરો પણ ઉકેલી શકાય છે. સામાન્યરીતે જ્યારે હથિયાર ઉપર નંબર ઉપસાવવામાં આવે ત્યારે તે આંકડાની આસપાસની ધાતુ દાબમાં આવી સખત બની જાય છે. એટલે જો ઘસાઈ ગએલા નંબરવાળા હથિયાર ઉપર તેજાબ રેડવામાં આવે તો જ્યાં આંકડા હોય તે ભાગ ઓછો કઠણ હોઈ તે જલદી ખવાઈ જાય છે, પરિણામે ઘસાઈ ગએલા આંકડા ફરી સ્પષ્ટ થઈ આવે છે.

યુદ્ધકાળમાં લંડન સ્ટેશનમાં ટિકિટ-કલેક્ટર પર કોઈએ ગોળીબાર કર્યો પણ નિશાન ખાલી ગયું અને ગોળી પાછળ દીવાલમાં પેસી ગઈ. ગોળી છોડનાર નાસી ગયો. પોલીસ તપાસ દરમિયાન પેલી ગોળી સંભાળપૂર્વક કાઢીને સંઘરી રાખવામાં આવી. બેએક વર્ષ પછી કોઈ કારણસર એક શંકાસ્પદ માણસની ધરપકડ કરવામાં આવી ત્યારે એની પાસેથી ગન પણ મળી આવી. એ માણસનો પાછલો ઇતિહાસ તપાસતા લાગ્યું કે પેલા ટિકિટ કલેક્ટર પર ગોળીબાર કરનાર કદાચ આ માણસ હોઈ શકે. પોલીસે એ માટે તપાસ પણ આદરી. પેલી દીવાલમાંથી કાઢેલી ગોળીનો ફોટોગ્રાફ લેવામાં આવ્યો. માણસ પાસેથી મળેલી ગનમાંથી પણ પરીક્ષણ માટે એક ગોળી છોડવામાં આવી અને પછી એ ગોળી પર પડેલા ગનની નળીનાં ઘસરકાનો પણ ફોટોગ્રાફ લેવાયો. એ બંને ફોટાને એક જ સરખા કદમાં સારીપેઠે ઍન્લાર્જ કર્યા અને પછી બંને ફોટાનાં અડધિયાં એકબીજા સાથે બેસાડી જોતાં બંને ગોળીઓ પર પડેલા ઘસરકાનો મેળ મળી ગયો. સાબિત થયું કે ટિકિટ-કલેક્ટર પર થએલો ગોળીબાર આ જ ગનમાંથી થયો હતો. આ મુદ્દાને આધારે પુછાએલા સવાલોનો એ માણસ યોગ્ય ખુલાસો કરી ન શક્યો અને એના પર એ અંગે પણ કામ ચાલ્યું ને તેને એ માટે સજા થઈ. બંદૂકની બંને ગોળીઓ પરના ઘસરકા અને એ બંનેનાં અડધિયાંના, એકબીજા સાથે કઈ રીતે બંધબેસતાં થયાં તે નીચેના ત્રણ ફોટોગ્રાફ પરથી સ્પષ્ટ જણાશે. એમાં પહેલા ફોટામાં ગુનાના સ્થળેથી મળેલી ગોળી પરના ઘસરકા છે; બીજામાં પરીક્ષણ માટે છોડેલી ગોળી પરના ઘસરકા છે ને ત્રીજામાં એ બંને ગોળીઓ પરના ઘસરકાનો બેસી ગએલો મેળ દર્શાવ્યો છે.









ગુનાશોધનમાં ગોળીબારની તપાસમાં ગોળીની જ તપાસ થઈ શકે એવું નથી. આ પ્રકારના પ્રત્યેક હથિયાર–બંદૂક, રાયફલ, રિવૉલ્વર, પિસ્તોલ વગેરે બધાંની કામગીરીની કંઈ ને કંઈ આગવી છાપ કોઈ ને કોઈ રીતે પડે જ છે. જેમ એની નળીના ઘસરકા એમાંથી પસાર થતી ગોળી પર અંકાઈ જાય છે તેમ કારતૂસને ફોડવા માટે એની ખોળીના તળિયા પર અથડાતો ઘોડો-ફાયરિંગ પિન, બ્રીચ બ્લૉક કે ઇજેક્ટર જ્યારે અથડાય છે ત્યારે તેની છાપ પણ ત્યાં પડે છે. સાથેના ચિત્રમાં એવી છાપના બે ફોટા છે. પહેલો ફોટો ગુનાના સ્થળ પરથી મળેલી કારતૂસની ખોળીનો છે અને બીજો ગુનામાં વપરાએલ મનાતા હથિયારમાંથી પરીક્ષણ માટે ફોડવામાં આવેલી ગોળીનો છે. બંને પર દર્શાવ્યા પ્રમાણે સાત જગ્યાએ જે સામ્યતા જણાય છે એના પરથી એ મળી આવેલ હથિયાર અને ગુનાના સ્થાનેથી મળેલ કારતૂસ વચ્ચેનો સંબંધ સાબિત થાય છે.

ગુનાના સ્થળે જો કોઈનું મૃત્યુ થયું હોય ને ત્યાં આવું કોઈ હથિયાર મળી આવે તો એ માટે નીચે મુજબ કામગીરી ચાલે છે.

પ્રથમ તો તે હથિયાર ત્યાં કઈ રીતે પડેલું છે તે નોંધી લે છે અને તે પછી જ તેની ઉપરની આંગળાંની એકે છાપ (જો હોય તો) ભૂંસાય નહિ એ રીતે તેને સાવધાનીથી ઉપાડે છે. તેના પર જો 'સેફ્ટી કેચ' હોય તો તે ચડાવી દેવાય છે જેથી તેમાં કોઈ ગોળી રહી ગઈ હોય તો અકસ્માત ફૂટે નહિ. વળી, એમાં જો ન ફૂટેલી ગોળી હોય તો તે કાઢી સાચવીને અલગ રાખવામાં આવે છે.

આટલા વિધિ પછી એ હથિયાર તેના પરની આંગળાંની છાપના ફોટા લેવા માટે સોંપાય છે. હથિયારની બનાવટ, એના નંબર વગેરેની નોંધ પણ થાય છે ને જો નંબર ઘસી નંખાયો હોય તો એ અંગે જરૂરી વિધિ પણ કરવામાં આવે છે.

ઘણી વાર ગુનાના સ્થળેથી મળેલા હથિયારનો ઉપયોગ જ થયો ન હોય અને તે માત્ર પોલીસને આડે માર્ગે દોરી જવા માટે જ મૂકાયું હોય એવું પણ બને છે, એટલે એ અંગે પણ તપાસ કરવામાં આવે છે બીજી બાજુ જો ગોળી ક્યાં ય વાગી હોય તો તે કઈ દિશામાંથી આવી હશે, કેટલી ઊંચાઈથી આવી હશે, કેટલે દૂરથી આવી હશે વગેરે નક્કી કરવામાં આવે છે. જો ગોળી બહુ નજીકથી વાગી હોય તો જ્યાં એ સ્પર્શે ત્યા દાઝ પણ પડી ગએલી જોવા મળે છે. આ ઉપરાંત, જો મળી શકે તો ગુનાના સ્થળ પર છૂટેલી ગોળી ખાસ તકેદારી રાખી શોધી કઢાય છે. મરનારના શરીરમાં જ એ હોય તો પોસ્ટમૉર્ટમમાં ડૉક્ટર એ ચીવટથી કાઢીને તપાસ માટે પોલીસને સોંપી દે છે.

પણ આમ, ગુનામાં વપરાએલી મનાતી રિવૉલ્વર અને મળી આવેલી ગોળી એમ ને એમ કૉર્ટમાં પુરાવા તરીકે ચાલી ન શકે. ત્યાં તો એ પણ સાબિત કરવું પડે કે મળેલી ગોળી એ મળેલી રિવૉલ્વરમાંથી જ છોડવામાં આવી છે. આની તપાસમાં રિવૉલ્વર બનાવવાની એક ક્રિયા નો આધાર ઘણો કામ લાગે છે. રિવૉલ્વર કે આવાં હથિયાર બનાવતી વખતે એની નળીને અંદરથી ઘસવામાં આવે છે. રાયફલની નળીમાં તો અંદર વળ (ગ્રુવ) પણ હોય છે. આ ઘસવાની ક્રિયાથી એ નળીમાં જે ઘસરકા પડે છે એ પ્રત્યેક નળીએ અલગઅલગ રીતે જ પડે છે અને એટલે રિવૉલ્વરને ઓળખવાની અચૂક નિશાની જેવા બની રહે છે. એમાંથી છૂટતી ગોળી પર પણ એ ઘસારાની છાપ પડે જ છે અને એ રીતે એક જ રિવૉલ્વરમાંથી છૂટતી બધી જ ગોળીઓ પરનો ઘસારો એકસરખો જ પડે છે. ગુનાના સ્થળેથી મળેલી ગોળી પર પડેલા ઘસરકાને, મળી આવેલી રિવૉલ્વરમાંથી પરીક્ષણ માટે એક ગોળી છોડીને એના પર પડેલા ઘસરકા સાથે મેળવવામાં આવે છે. જો એ બંનેના ઘસરકા એક જ સરખા જણાય તો નક્કી થાય છે કે ગુનાના સ્થળ પરથી મળેલી ગોળી ત્યાંથી મળેલી અથવા પોલીસે ગુનામાં વપરાએલી મનાતી રિવૉલ્વરમાંથી જ છોડવામાં આવી હતી.

પણ આટલું જ બસ નથી. બંદૂક-પિસ્તોલોની અને ગોળીઓના યે સંખ્યાબંધ જાત છે. દરેકની કામગીરી પણ એ રીતે ભિન્નભિન્ન હોય છે. ગુનાશોધનમાં આ બધી બાબતોને લક્ષમાં લઇને જ તપાસ કરવાની હોય છે. ફિંગરપ્રિન્ટથી માંડી, સૂક્ષ્મદર્શકયંત્ર ને માઇક્રોફોટોગ્રાફી વગેરે તથા વિજ્ઞાનની અન્ય શાખાઓની પણ એમાં સહાય લેવાય છે ને આ છતાં યે ઘણી વાર માત્ર બૅલિસ્ટિક્સના જ આધારે ગુનો સાબિત ન પણ થઈ શકે. બીજા પણ અનેકવિધ પુરાવાઓ કોર્ટમાં રજૂ કરવાના રહે છે. અને તો જ ખરો ન્યાય તોળવામાં સરળતા થઈ શકે.

કેટલીક વાર ગુનેગાર હથિયારની નળીને મારીઠોકીને વાળી નાખી આવી તપાસમાંથી છટકવાનો પ્રયાસ પણ કરે છે. પરંતુ પોલીસ લૅબોરેટરીના નિષ્ણાતો એ નળીને ય સીધી કરીને તપાસી શકે છે. વળી પિસ્તોલની નળી અને ગોળી પરના ઘસરકાનો સુમેળ જોવો એ જ એક માત્ર તપાસ નથી થતી. પિસ્તોલની, એમાંથી ગોળી ફૂટવાની, તેમજ એની જે કંઈ કામગીરી હોય એ પ્રત્યેકની કંઈ ને કંઈ આગવી ખાસિયત હોય જ છે ને ચાલાક ગુનાશોધકો એના આધારે પોતાને જોઈતી માહિતી મેળવી શકે છે. ટૂંકમાં જે પિસ્તોલ ખૂન કરી શકે છે એ જરૂર ખૂનીને પકડાવી પણ શકે છે.

ઈઝ્વેસ્તિયા

ИЗВЕСТИЯ

СОВЕТОВ ДЕПУТАТОВ ТРУДЯЩИХСЯ СССР

સોવિયેત સરકારનું અધિકૃત મુખપત્ર

ગુણવંત છો. શાહ

આજથી બરોબર પચાસ વર્ષ પહેલાં, ઈ. ૧૯૧૭ના માર્ચની ૧૩મી તારીખે 'ન્યૂઝ ઑવ ધ પેટ્રોગ્રાડ સોવિયેટ ઑવ વર્કસ ડેપ્યુટીઝ' તરીકે એક નાના ચોપાનિયા રૂપે શરૂ થએલું 'ઈઝ્વેસ્તિયા' આજે રશિયાની સોવિયેત સરકારનું અધિકૃત મુખપત્ર છે, અને રશિયાભરમાં પથરાએલાં બાવીસ શહેરોમાંથી એકીસાથે પ્રસિદ્ધ થતા એ દૈનિકનો ફેલાવો ૬૦ લાખ નકલ સુધી પહોંચે છે. આમ એક રીતે આ દૈનિકની ગણતરી જગતભરનાં મોટાં દૈનિકોમાં થાય છે, તો બીજી બાજુ કેટલીક બાબતોમાં તો એ આજની અખબારી પ્રગતિની દૃષ્ટિએ કેવળ પ્રાથમિક અવસ્થામાં છે; અને વળી કેટલીક બાબતોમાં લોકશાહી દેશોનાં અખબારોએ નહિ અપનાવેલી એવી ઘણી લોકશાહી રસમો અપનાવવામાં એ આગળું પણ છે.

આજે ભલે એની ગણના રશિયાના સામ્યવાદી તંત્રના મુખપત્ર તરીકે થતી હોય, પરંતુ એના આરંભકાળે તો, સોવિયેત એન્સાઈક્લોપીડિયા (સર્વસંગ્રહ)માં ઉલ્લેખ કરાએલો તેમ 'ગંદા આક્ષેપો કરનાર અખબાર' તરીકે એ લેખાતું. 'પ્રાવદા'માં એ વખતે લેનિને લખેલું કે એના તંત્રીઓ 'પોતાની જાતને સમાજવાદી તરીકે ગણાવવા ઇચ્છે છે, પરંતુ લોકશાહીવાદી કેમ બનાય એનું ય એમને ભાન નથી.'

શરૂઆતનું એક વર્ષ તો એ મેનશેવિક ગામમાંથી જ પ્રગટ થતું રહ્યું, પણ ૧૯૧૮ના માર્ચમાં એની કચેરી મૉસ્કો ખસેડવામાં આવી. ત્યારથી એનો ફેલાવો ઝપાટાભેર વધવા લાગ્યો : ઈ.સ. ૧૯૧૭માં જે ૩૫,૦૦૦નો હતો તે ૧૯૨૪માં વધીને દસગણો–૩,૫૪,૦૦૦નો થયો અને ઉત્તરોત્તર વધતો રહી ૧૯૩૨માં ૧૬,૫૦,૦૦૦—સાડાસોળ લાખે પહોંચ્યો, ને ૧૯૫૬ સુધી એકધારો સરખો રહ્યો.

'પ્રાવદા'ના મુકાબલે 'ઈઝ્વેસ્તિયા'ને જાણીતી વ્યક્તિઓના તંત્રીપદનો લાભ નહિવત્ મળ્યો છે. સ્તાલિન, બેરિયા, શેપિલોવ વગેરે જેવા તંત્રીઓ 'પ્રાવદા'ને મળેલા ત્યારે 'ઈઝ્વેસ્તિયા'ને તો, ૧૯૫૯માં ખ્રુશ્ચોવના જમાઈ અદ્ઝુબી તંત્રી થયા એ સિવાય કોઈ જાણીતી વ્યક્તિ એના તંત્રીસ્થાને રહી નથી. હા, ઈલિયા એહૅનબર્ગ, લિયોનીડ લિયોનોવ, બૉરિસ પિલ્યાક, મતીતા શાગિન્યાન જેવા લેખકોની કટારો એમાં અવારનવાર ચમકતી રહી છે એટલું ખરું.



ઉપર મથાળે: ઈઝ્વેસ્તિયાના રશિયન નામાક્ષરો

સરકારી મુખપત્ર હોવાના કારણે કૉલમનાં કૉલમ ભરીને નેતાઓનાં ભાષણો, સરકારી આદેશો, સરકારના કૃપાપાત્ર માનવીઓની નામાવલિઓ, અખબારી ક્ષેત્રમાં ન હોય એવી વ્યક્તિઓની લેખમાળાઓ વગેરે બાબતો આ દૈનિકને મુક્ત વિશ્વના અખબારી વિજ્ઞાનની ગુણવત્તામાં આવતું અટકાવે છે; પરંતુ એ સઘળાં દૈનિકોને ટપી જાય એવી આ દૈનિકની આગવી વિશિષ્ટતા છે 'વાચકોના પત્રો.'

મૉસ્કોના પુશ્કિન સ્ક્વેરમાં આવેલી એની કચેરીના દસ વિભાગોમાંથી સૌથી સમૃદ્ધ અને આખા દૈનિકની ચાવી રૂપ વિભાગ છે આ 'વાચકના પત્રો'નો. રશિયાના અન્ય દૈનિકોની જેમ 'ઈઝ્વેસ્તિયા' પણ સ્થાનિક ખબરપત્રીઓ, બહારના 'ફ્રી લાન્સ' સંવાદદાતાઓ તથા નિષ્ણાત લેખકો.ની કલમોનો મબલખ ઉપયોગ કરે છે તો ખરું, પરંતુ વણનોતરેલા 'પત્રો'ને એમાં સૌથી વધુ સ્થાન અને મોભો મળે છે.

સામ્યવાદી દેશોમાં અન્યાય અને વહીવટી તંત્રની વિરુદ્ધ વ્યક્તિએ ફરિયાદ કરવી હોય તો જે કેટલાક રસ્તાઓ છે તેમાં 'તંત્રીને વાચકનો પત્ર' એ મહત્ત્વનો માર્ગ છે. એવા પત્રો 'ઈઝ્વેસ્તિયા'માં અઢળક પ્રમાણમાં આવે છે. ઈ. ૧૯૫૬માં ૬૫,૮૩૦ પત્રો આવેલા તે ૧૯૬૧માં વધીને ત્રણ લાખે પહોંચેલા! એ સઘળા પત્રોને ચીવટપૂર્વક વાંચી જવામાં આવે છે અને તેને લગતી જરૂરી તપાસ કર્યા બાદ સુધારાવધારા કરીને, તેમ જ રદ કરવા જેવું કાઢી નાખીને તે પ્રગટ કરવામાં આવે છે. વળી આ પત્રોના સંપાદન માટે દરરોજ મંત્રણા ગોઠવવામાં આવે છે. તેમાં દરેક પત્રને વિષયવાર તારવીને એની પર જુદાજુદા રંગનાં લેબલ તથા તે મળ્યાની તારીખ લગાવાય છે. પત્રને પસંદગી મળ્યા બાદ એનો સીધો જ ઉપયોગ કરવો કે ખાસ ખબરપત્રીને એની વિગતોમાં વધુ ઊંડા ઊતરવા માટે મોકલવો, મહત્ત્વના કયા પત્રને સચિત્ર બનાવવો વગેરે નક્કી કરવામાં આવે છે. વહીવટી તંત્રની એક યા બીજી ખામી છતી કરતા બે-પાંચ પત્રો તો દરરોજના અંકમાં હોય જ છે અને એની સાથે જ એક બીજા કૉલમમાં એ ફરિયાદ અંગે પગલાં લેવાયાં હોય તો તે, અથવા અને લાગતાવળગતા સત્તાવાળાનાં ખુલાસા

'ઈઝ્વેસ્તિયાનો ફેલાવો ગયે વર્ષે ૭૮ લાખમાંથી ઘટીને ૭૫ લાખનો થઈ ગયો અને 'પ્રાવદા'નો સિત્તેરથી ઘટીને સાઠ લાખનો. પરિણામે ત્યાંના પત્રો હવે ફેલાવો વધારવાની હરીફાઈમાં બીબાંનાં વૈવિધ્ય, મુદ્રણમાં રંગનાં ચટકાં, ચિત્રસંખ્યામાં વધારો આદિ માર્ગો અપનાવીને એકબીજાની સરસાઈ કરી રહ્યાં છે. ડાબી બાજુ ઈઝ્વેસ્તિયાનું નવા રૂપવાળું પાનું આપ્યું છે. જોકે સરકારતરફી રાંખનાદ અને ચોખલિયા સેન્સરશિપને લીધે 'ઈઝ્વેસ્તિયા'-'પ્રાવદા' જેવાં રાષ્ટ્રીયપત્રોમાં ખૂનબળાત્કારના કિસ્સા છાપી શકાતા નથી, પણ તાશ્કંદના ધરતીકંપ જેવા સ્થાનિકપત્રોમાં જ આવતા ખબર તેમાં હવે અપાતા થયા છે. હમણાં એક બસ તળાવમાં ઊથલી પડી તેના ખબરમાં એક પોલીસે છ જણને કેવી રીતે બચાવી લીધા તે છપાયું હતું, પણ બાકીના માટે એ ચૂપ રહ્યું હતું.

પણ ક્યારેક આપવામાં આવે છે. જો કશું જ પરિણામ ન આવે તો થોડા દિવસ પછી તંત્રીલેખ દ્વારા તે અંગે ચીમકી આપવામાં આવે છે અને પરિણામ ન આવે ત્યાં સુધી એ ચીમકી ચાલુ જ રહે છે.

બીજી કેટલીક બાબતોમાં સરકાર-નિયુક્ત કંટાળાજનક વાચન આપતા હોવા છતાં 'ઈઝ્વેસ્તિયા'નું આ પાસું જીવંત હોવાથી આમ જનતામાં તેની માગ વધતી જ ગઈ અને ૧૯૫૬માં જે ફેલાવો સાડાસોળ લાખનો હતો તે ચારગણો થઈ ગયો. રશિયામાં પ્રવર્તતી અખબારી કાગળની ખેંચ ન હોત તો આ ફેલાવો હજુ પણ આગળ વધી ગયો હોત; અને એમ મનાય છે કે અખબારો ઉપરના અંકુશો હળવા થતાં તો એ ફેલાવો એક કરોડે પહોંચી જશે.

પણ અમેરિકન સામયિક 'ટાઈમ'ના ગઈ ૧૭મી ફેબ્રુઆરી (૧૯૬૭)ના અંકમાં જણાવ્યા પ્રમાણે તો ગયે વર્ષે ફેલાવામાં જબરી ઓટ આવી છે. કારણો સ્તાલિનશાહી આયોજનમાં સરકારનાં વર્તમાનપત્રોને ભરપટ્ટે અપાતા અખબારી કાગળના પૂરવઠાને લીધે જે ઘણી વાર ખપત કરતાં વધારે નકલો છાપી નંખાતી તેને બદલે હવે છેલ્લાં બે વરસથી માગ પ્રમાણે જ પૂરવઠો આપવાની નીતિ સ્વીકારાઈ છે. પરિણામે 'ઈઝ્વેસ્તિયા'નો ફેલાવો ગયે વર્ષે ૭૮ લાખમાંથી ઘટીને ૭૫ લાખનો અને 'પ્રાવદા'નો ૭૦થી ઘટીને ૬૦ લાખનો થઈ ગયો છે. આથી હવે એ પત્રો પણ ફેલાવો વધારવાની હરીફાઈમાં પડયાં છે, અને સોગિયા દેખાવનાં સરકારી પત્રોમાં પણ રંગનાં ચટકાં, બીબાંનું વૈવિધ્ય, ચિત્રસંખ્યામાં વધારો આદિ ઉપાયો યોજાવા માંડયા છે.

ખ્રુશ્ચોવના જમાઈ અદ્ઝુબી 'ઈઝ્વેસ્તિયા'ના તંત્રી હતા એ દરમ્યાન ખ્રુશ્ચોવની ઉદાર રાજનીતિને અનુસરીને અખબારમાં જે સુધારા-વધારા કરવામાં આવેલા એમાં મહત્ત્વનો સુધારો હતો વિદેશોમાં એના ખાસ પ્રતિનિધિ-સંવાદદાતાઓની નિમણૂકનો. અત્યારે દુનિયાનાં બાવીસ પાટનગરોમાં એના ખાસ પ્રતિનિધિ-સંવાદદાતાઓ છે, જેમાંના ૧૮ તો બીનસામ્યવાદી દેશોનાં શહેરોમાં છે. આ ઉપરાંત એના પ્રવાસી સંવાદદાતાઓ પણ સારી સંખ્યામાં છે. વિદેશી સમાચારોની સમીક્ષા કરતી માત્વેયેવ અને પોલિયાનોવ જેવાની કલમો પણ એમાં નિયમિત ચમકતી રહે છે.

સોમવાર સિવાય દરરોજ સાંજે પ્રગટ થતા આ દૈનિકની પૃષ્ઠસંખ્યા ચાલુ દિવસોએ ચાર પાનાં અને રવિવારે છ પાનાંની હોય છે. સાંજે પાંચ વાગ્યે એની પહેલી આવૃત્તિ માર્ગો પર વેચાવા માંડે છે તે બીજા દિવસની સવારે છેલ્લી આવૃત્તિ પ્રગટ થતાં સુધીમાં ઉત્તરોત્તર તાજા સમાચારો સાથે અનેક આવૃત્તિઓ પ્રગટ થતી રહે છે. આ ઉપરાંત રશિયાના જુદાજુદા પ્રદેશોની ખાસ પ્રાદેશિક આવૃત્તિઓ ત્યાંત્યાંના સ્થાનિક વધારાના સમાચારો સમાવતી તે તે પ્રદેશમાંથી પ્રગટ થાય છે. જોકે એ બધી આવૃત્તિઓની મૅટ્રિક્સ—તો મૉસ્કોથી જ ત્યાં મોકલાય છે. (મૅટ્રિક્સ એટલે અખબારના આખા પાનાને બીબાંમાં ગોઠવીને છાપવા માટે તૈયાર કર્યા બાદ તેને રોટરી મશિન ઉપર છાપવા માટેનો સીસાનો ગોળ ઢાળો બનાવવા સારુ એક ખાસ પ્રકારના પોચા પૂઠા ઉપર દાબીને તૈયાર કરવામાં આવતો ફરમો, જેના ઉપર પ્રવાહી સીસું રેડીને છાપવા માટેની આખા પાનાની અખંડ પ્લેટ તૈયાર થાય છે.)

આ દૈનિકની અખબારી કલા પ્રમાણમાં ઠીક જીવંત રહે છે. સમાચારોના મહત્ત્વ અનુસાર વિવિધ પ્રકારનાં નાનાંમોટાં બીબાંઓના ઉપયોગ ઉપરાંત વિવિધ તસવીરો તથા ક્યારેક રંગનો પ્રયોગ પણ કરવામાં આવે છે. 'પ્રાવદા'માં જેમ પહેલા પાના ઉપર દરરોજ તંત્રીલેખ હોય છે તેમ આમાં દરરોજ તંત્રીલેખ હોવો જ જોઈએ



મૉસ્કોના પુશ્કિન ચોકમાં આવેલું ઈઝ્વેસ્તિયાની કચેરીનું મકાન

એવો આગ્રહ નથી હોતો. એમાં નિયમિત જોવા મળતો તો એક જ વિભાગ હોય છે: બીજા પાના ઉપરના વિદેશના સમાચારો. સમાચાર સિવાયની વાચનસામગ્રીની દૃષ્ટિએ એમાં વધુ ભાર ખાસ લેખો તેમજ અન્ય સામયિક લખાણો પર મૂકવામાં આવે છે. તે ઉપરાંત રોજ નિયમિત પ્રગટ થતો 'ચાલુ ચર્ચા-ચોરો' આવે છે, જેમાં વાચકોને પણ ભાગ લેવાનું આમંત્રણ અપાય છે.

'ઈઝ્વેસ્તિયા'નો અર્થ તો થાય છે 'સમાચાર', પરંતુ બીજાં સામ્યવાદી દૈનિકોમાં જેમ છેલ્લી ઘડીના સમાચારો સમાવવાનો પ્રયત્ન થાય છે તેમ આમાં નથી થતો. એમાં માહિતી કરતાં 'શિક્ષણ' અને 'આંદોલન'ને વધુ મહત્ત્વ અપાય છે. પરિણામે એક જ અંકમાં ૩ હજાર શબ્દોથી માંડીને છેક ૨૦૦ શબ્દો સુધીના નાનામોટા કેટલાયે લેખો એમાં જોવા મળે છે. 'સ્ટૉપ પ્રેસ' (ચાલતા યંત્રે) જેવું કે અન્ય અખબારોમાં હોય છે એવા અલાયદા 'સમાચાર ખંડ' જેવું પણ કૈં નથી હોતું. મોટા ભાગે તો આખો અંક મુદ્રણના સમય કરતાં બે કલાક અગાઉથી જ તૈયાર થઈ જાય છે!

ઈંગ્લંડ, અમેરિકા, ફ્રાંસ કે ભારત જેવા લોકશાહી-પ્રધાન દેશોમાં પણ અદના વાચકના વિચારોને જે સ્થાન નથી મળતું એ સામ્યવાદી દેશના આ અખબારમાં મળે છે એ જેમ એનું આગવું અનુકરણીય અંગ છે, તેમ દુનિયાના દરેકે દરેક અને પ્રગતિવાંછુ અખબારે અપનાવવા જેવી એક બીજી પણ આ પત્રની આંતરિક પ્રણાલિ છે. એ છે 'લેતુર્કા' નામે ઓળખાતી એમની સાપ્તાહિક પરિષદ. દર અઠવાડિયે મળતી એ પરિષદમાં સમગ્ર સપ્તાહ દરમ્યાન પ્રગટ થએલા એકેએક અંકના અંગેઅંગની મુક્ત આલોચના કરવામાં આવે છે. એ માટે દર અઠવાડિયે જુદાજુદા આલોચકને અગાઉથી નક્કી કરીને નિમંત્રવામાં આવે છે. ક્યારેક એ આલોચક બહારની વ્યક્તિ હોય છે તો ક્યારેક એ અખબારમાં જ કામ કરતી કોઈ વ્યક્તિ હોય છે, તો ક્યારેક વળી હરીફ દૈનિકના તંત્રીખાતાની પણ કોઈ વ્યક્તિ હોય! એ પરિષદમાં આખા દૈનિકનો દરેકેદરેક કર્મચારી હાજર રહે છે અને ત્યાં અઠવાડિયાના અંકોની પૂરેપૂરી ચકાસણી કરવામાં આવે છે, જેને કશા જ રાગદ્વેષ વિના સ્વીકારવામાં આવે છે.





ડાબી બાજુ: પાટણના જૈન અધ્યાપક કેશવલાલ શિવરામ જેમણે જૈન કથાનકમાંથી પોતે રચેલું ગેય નાટક 'સંગીત લીલાવતી' નાયક-ભોજક નટો દ્વારા પ્રથમ ભજવ્યું ને જેમની સાથે મળી ડાહ્યાભાઇએ 'દેશી નાટક સમાજ'ની સ્થાપના કરી; જમણી બાજુ : ડાહ્યાભાઈના સાવકા ભત્રીજા ચંદુલાલ દલસુખરામ ઝવેરી, જેમણે ડાહ્યાભાઈનાં વિધવા સાથે કોર્ટમાં સમાધાન કરી કંપની ખરીદી ૧૯૦૩થી ૧૯૨૩ સુધી ચલાવી.

ડાહ્યાભાઈ ધોળશાજી

[અનુસંધાન પૃષ્ઠ ૯૩થી]

ડાહ્યાભાઈનાં 'મોહિનીચંદ્ર', 'તારાસુંદરી' ને 'વિજય-કમળા' નાટકો એમના અવસાન પછી ભજવાયાં, જે પૈકી 'વિજય-કમળા'નો એક અંક એમણે લખી રાખેલો તેમાં બીજા બે અંક છોટાલાલ રૂખદેવ શર્માએ ઉમેરેલા. આ ઉપરાંત 'લાક્ષાગૃહ' અને 'શકુંતલા' ભજવાયાં નથી.

ગુજરાતની જનતાને ફિલ્મવિહોણા એ જમાનામાં પોતાનાં નાટકો દ્વારા ઉત્તમ બોધદાયક મનોરંજન આપનાર ડાહ્યાભાઈમાં આદર્શનિષ્ઠા, કાર્યદક્ષતા, ઉદારતા અને કલાપ્રિયતાના ઉચ્ચ ગુણો હતા. એ ઉપરાંત દૃઢતા, ખંત અને સહનશીલતા પણ હતી, જેને પ્રતાપે તેઓ અનેક મુશ્કેલીઓ આવવા છતાં કીર્તિ અને કંચન મેળવી શક્યા હતા. એમની જ શક્તિ ને સાધનાને પરિણામે એમણે સ્થાપેલી 'દેશી નાટક સમાજ' ઈ. ૧૮૮૯ થી ૧૯૦૨ સુધીના તેર વર્ષના પોતાના પ્રાથમિક તબક્કામાં જ નાટ્ય-સંપત્તિથી સમૃદ્ધ અને યશસ્વી સંસ્થા બની રહી.

સંસ્કૃત સાહિત્યની સવિશેષ અસર ધરાવતા હોવા છતાં નાટ્યકાર ડાહ્યાભાઇએ સંસ્કૃત નાટ્યપ્રણાલીના નિષેધો સાચવ્યા નથી. શાંત



અમદાવાદમાં દેશીવાડાની પોળમાં આવેલા આ મ-કાનમાં ડાહ્યાભાઈ યુવાવસ્થામાં વાચન-લેખનનું કાર્ય એકાંતે કરતા અને મમરા-ચણાના બબ્બે દાણા ધીમે ધીમે મોંમાં મૂકતાંમૂકતાં નાટકો અને તેનાં ગાયનો રચતા. (ફોટો · સનત ઝવેરી, અમદાવાદ)

રસના ચાહક આ નાટ્યલેખકે સદુપદેશ ને મનોરંજન નજર સામે રાખી નાટકો લખ્યાં છે, તેમ છતાં ગુજરાતી રંગભૂમિ પર આવી ગએલી અતિરંજિતતાને તેઓ દૂર રાખી શક્યા છે.

ડાહ્યાભાઈનાં કુલ વીસેક નાટકોને બે તબક્કામાં વહેંચી શકાય એમ છે સમયની દૃષ્ટિએ ૧૮૯૦ થી '૯૫ના ગાળામા લખાએલાં, એમની અત્યંત કીર્તિદા કૃતિ 'અશ્રુમતી' પૂર્વેનાં નાટકો; અને ૧૮૯૫ થી ૧૯૦૨-ના ગાળામાં લખાએલાં 'અશ્રુમતી' પછીનાં નાટકો. પહેલા તબક્કાનાં 'સુભદ્રાહરણ', 'સતી પાર્વતી', 'પૃથ્વીરાજ સંયુક્તા', 'ભગતરાજ', 'ઉર્વશી-અપ્સરા', 'ભોજરાજ', 'વીર વિક્રમાદિત્ય', 'કેસર-કિશોર' આદિ નાટકોનાં વસ્તુ લેખકે એના મૂળ પ્રસંગમાંથી સીધાં જ ઉપાડયાં છે. પરંતુ મોલિયેરના 'માઈઝર' પરથી લખાએલા 'કેસર-કિશોર' પછીનાં નાટકોમાં ડાહ્યાભાઈ વસ્તુ આખું ઉપાડતા નથી, પણ પોતે ગોઠવેલા પ્લૉટમાં એ પ્રસંગને વણી લે છે. એ વણાટ એવો તો કુશળતાથી થયો છે કે જરા યે થાગડથીગડ જેવું લાગતું નથી.

અંગ્રેજીના વાચનથી શેક્સપીઅર પ્રત્યે આકર્ષાએલા ડાહ્યાભાઈ, બીજા તબક્કા નાં 'અશ્રુમતી', 'મ્યુનિસિપલ ઇલેક્શન', 'ઉમા દેવડી', 'વીણા-વેલી', 'વિજયા-વિજય', 'મદન-મંજરી', 'ઉદયભાણ', 'મોહિની-ચંદ્ર', 'તારાસુંદરી', 'વિજય-કમળા' (અપૂર્ણ), 'લાક્ષાગૃહ' (અપૂર્ણ) વગેરે નાટકોમાં શેક્સપીઅરની કોઈ ને કોઈ કૃતિનો પ્રસંગ લઈ વણી લેવાનું ચૂકતા નથી. આ તબક્કાનાં નાટકોમાં મુંબઈના તખ્તાનો એમનો જાતઅનુભવ અને મુકત તખ્તા તરફનું પ્રયાણ સહાયક નીવડે છે, ને એથી વસ્તુની પસંદગીમાં સફળતાપ્રેર્યો આત્મવિશ્વાસ દેખાય છે. આ નાટકોમાં એમણે પ્રચલિત લોકકથાઓનો ઉપયોગ કરી બોધ અને મનોરંજનના તત્ત્વને બરાબર ઉપસાવેલું જણાય છે. એ ઉપરાંત, પ્રથમ ગાળાનાં નાટકો માત્ર વર્ણનાત્મક હતાં જ્યારે આ નાટકો કાર્ય-પ્રધાન—કાર્યને લીધે જન્મતાં ને અન્ય કાર્ય જન્માવતાં—બન્યાં છે.

સ્વ. રણજિતરામે પોતાના એ સરકૃતના શિક્ષણના જીવનની જાહેર સેવાની નોંધ લેતાં લખ્યુ છે કે, 'રા. ડાહ્યાભાઈનું રંગભૂમિ પર વિહરતું વિશ્વ સાંકેતિક છે. પાપનું સૂક્ષ્મ અને તીક્ષ્ણ પૃથક્કરણ એમાં નથી, તેમ જુગુપ્સા કે સંપૂર્ણ વૈરાગ્ય ઊપજે એવું કલાવિધાન નથી. પશ્ચાત્તાપના દાવાનળમાં શુદ્ધ થતાં કંચનપાત્રો જેવાં ઉત્કૃષ્ટ પાત્રો જવલ્લે જ દર્શન દે છે....જૈન સૂરિઓનાં કથાનક પરથી રા. ડાહ્યાભાઈએ પોતાનાં નાટકોનાં વસ્તુ લીધાં છે. સૂરિઓ શીલનો મહિમા હમેશ ગાતા, એટલે રા. ડાહ્યાભાઈનાં નાટકોમાં પણ એનો મહિમા ગવાયેલ છે. શીલ ને પાતિવ્રત્ય સંબંધી પાત્રોનાં સંભાષણો અને ગાયનો દરેક નાટકમાંથી મળશે....નીતિના સબળ પાયા પર જ દરેક નાટકની ઇમારત ચણાયલી છે. રા. ડાહ્યાભાઈ નીતિ પ્રચાર માટે એટલા બધા આતુર હતા કે રુચિતાની ક્ષતિ થાય તેવે પ્રસંગે પણ નીતિતત્ત્વો પ્રત્યક્ષ રીતે ઉદ્‌ઘોષ્યા વિના રહેતા નહિ.'

સ્વ. રણજિતરામના આ નીડર ને સાચા મંતવ્ય સાથે સંમત થવા છતાં નાટ્યલેખક ડાહ્યાભાઈની નીતિપ્રિયતા માટે એમનો સુધારા-પ્રધાન જમાનો અને નાટક વિષેનો એમનો આદર્શ ધ્યાનમાં રખાય તો એમને થતો અન્યાય થોડો ઘટી જાય. એ આખો યુગ સાહિત્યને સુધારાનું સાધન ગણનારો હતો એ સર્વવિદિત હકીકત છે, અને 'સતી પાર્વતી' નાટકની નાન્દીમાં ડાહ્યાભાઇએ નાટ્યરચનાનો પોતાનો આદર્શ આ પ્રમાણે બતાવ્યો છે:

'નાટક દુનિયાનું દર્પણ રૂડું. ગુણદોષ જોવાનું ખાંતેથી.
જોઈ જોઈ બોધ લઈ, દિલડાનું દુઃખ ખોવાનું;
જ્યાં સુંદર મનહર ગાણું, રસભરેલું રૂડું ભાણું,

શ્રી ઘેલાભાઈ દોલતરામ દલાલ



શ્રી ઘેલાભાઈ દલાલ (શ્રી જયંતી દલાલના પિતા) ઈ. સ. ૧૮૯૫થી ડાહ્યાભાઈ સાથે જોડાએલા. એક જ્ઞાતિના તો હતા જ; પણ ઘેલાભાઈ રહેતા તે વાઘણપોળમાં ચાલતી ધાર્મિક પાઠશાળામાં ડાહ્યાભાઈ સંસ્કૃત ભણાવવા જતા તેમાં, ડાહ્યાભાઈને ઘેલાભાઈના અક્ષર ખૂબ ગમ્યા, એટલે પોતાનાં નાટકોની નકલ એમની પાસે કરાવતા. ઈ. ૧૮૯૩માં ઘેલાભાઈ મૅટ્રિકની પરીક્ષામાં નાટકના છંદને કારણે નાપાસ થયા ત્યારે માતાએ એમને પાલનપુર ભણવા મોકલ્યા. પણ ઘેલાભાઈ ત્યાંથી જેમના તેમ પાછા આવ્યા, અને સારા અક્ષરને લીધે બંધાએલો બંનેનો સંબંધ વધતો ગયો. ઈ. ૧૮૯૬માં કંપની પહેલી વાર મુંબાઈ ગઈ, ત્યાં ડાહ્યાભાઈ ઉપરના શારીરિક હૂમલા બાદ ડાહ્યાભાઈએ ઘેલાભાઈને સાથે રાખ્યા અને વ્યવસ્થાનો બધો ભાર બાવીસ વર્ષના ઘેલાભાઈ પર આવ્યો. તેમાં એમણે ડાહ્યાભાઈનો પૂર્ણ વિશ્વાસ સંપાદન કર્યો. અહીં એ વાતનો ઉલ્લેખ જરૂરી છે કે ૧૮૯૫ થી ૧૯૦૨ સુધીનાં સાત વર્ષમાં ઘેલાભાઈએ કંપની કે ડાહ્યાભાઈ પાસેથી એક પાઈ પણ લીધી ન હતી. ડાહ્યાભાઈ ઘેલાભાઈનું ખૂબ માન જાળવતા. ઘેલાભાઈને એકલાને જ ડાહ્યાભાઈની લખેલી નાટકની સ્ક્રિપ્ટ પર ટીકા કરવાનો હક્ક હતો. ડાહ્યાભાઈ તો નાટક લખી આપી દૂર રહે; ઘેલાભાઈ અને નર્મદાશંકર નાટકને 'બેસાડે': સ્પષ્ટ ઉચ્ચારણ અને ગદ્ય બોલવાની રીત એ આ 'બેસાડવા'નાં ખાસ અંગ.

ઈ. ૧૯૦૨માં ડાહ્યાભાઈના અવસાન અગાઉ થોડા દિવસ પર એમણે વિલ કરીને દેશી નાટક સમાજ ઘેલાભાઇને આપેલી. મૃત્યુ પછી એ વિલ ચોરાયું. ડાહ્યાભાઈનાં વિધવા મણિબહેન અને ઘેલાભાઈ પર મિલકત માટે દાવો મંડાયો. ઘેલાભાઇએ, ૧૮૯૩માં ડાહ્યાભાઈ ફારગતીથી છૂટા થએલા હોઈ બધી પ્રાપ્તિ ડાહ્યાભાઈની સ્વોપાર્જિત પુરવાર કરી, અને મુંબાઈ હાઇકોર્ટે પ્રોબેટનું નક્કી થાય ત્યાં લગી ઘેલાભાઇને રીસીવર નીમ્યા. દરમ્યાન મણિબહેને પોતાની માલિકીની ઠરેલી કંપની પોતાનાં સગાંવહાલાંની સમજાવટથી વાદીઓ સાથે સમાધાન કરીને તેમને વેચી. આથી ઘેલાભાઇને ઘણું માઠું લાગ્યું. કરારદાદની રૂએ થએલા ચુકાદાથી ઘેલાભાઈ ૧૯૦૩માં, લગભગ એક વર્ષ સમાજ ચલાવીને–એક પૈસો પણ લીધા વિના–છૂટા થયા.

લે જેને મન જે ભાવે, જ્યમ માર્યું તાંબુ ખાય,
રીતસર ખાધે રસ આવે, નહિ તો જમપુરી જાય.
કરમકુટ ઊંધું સમજે તો કોને કહેવાનું—નાટક.

આવા આદર્શને નજર સામે રાખી લખાએલાં નાટકોમાં નીતિપરાયણતા પ્રધાનપણે હોય એ સહજ છે.

ડાહ્યાભાઈનાં નાટકોમાં એમનું મૌલિક પ્રદાન કેટલું એ પ્રશ્ન પણ ઉપર્યુક્ત અભિપ્રાય જોતાં, ઊભો થવા સંભવ છે. એનો જવાબ એ છે કે એમનાં નાટકોનું વસ્તુ ભલે અન્યત્રથી લેવાયું હોય પણ નાટકોનાં પાત્રો, ગાયનો, સંવિધાન આદિમાં ડાહ્યાભાઈની મૌલિકતા પ્રતીત થયા વિના રહેતી નથી. ગુજરાતી રંગભૂમિ પર, સંસ્કૃત નાટકોમાંથી ઊતરી આવીને નાટકની સંકલના શિથિલ કરતા ને રસનિષ્પત્તિમાં ક્ષતિ આણતા વિદૂષકને રજા આપી ને ડાહ્યાભાઇએ તેને બદલે હાસ્ય તથા ઉપદેશ માટે નાટ્યાંતર્ગત ઉપકથાઓ યોજી નાટકના મૂળ વસ્તુ સાથે સંયોજી દીધી. બીજું એમણે સાવ મૌલિકરીતે સોની, મોચી, દરજી, બાવા, ઠગ, તેલિયા, માળી, જમાદાર આદિ સામાન્ય પાત્રોને નાટકમાં પ્રવેશ કરાવી ગુજરાતી નાટકનો ચહેરો બદલી નાખ્યો. સામાન્ય માણસનો નાટ્યોચિત ઉપયોગ કરીને સમાજદર્શન પર નર્મ કરવાની શક્તિ એ એમની વિશિષ્ટતા છે. એમનું ત્રીજું મૌલિક પ્રદાન છે એમણે નાટકમાં રમતો મૂકેલો સંઘર્ષનો ખયાલ. અને છેલ્લે, નાટ્યોચિત ભાષાનો જે વિવેક એમણે શીખવ્યો એ અદ્વિતીય છે. એમાં લોકબોલીઓ, કહેવતો ને રૂઢિપ્રયોગોના ઉપયોગ એમણે લાક્ષણિક સચોટતાથી કર્યા છે.

ડાહ્યાભાઈનાં નાટકોમાં આવતાં (હજી પણ ગઈ પેઢીના નાટ્યરસિકોના કંઠેથી સાંભળવા મળતાં) લોકપ્રિય ગીતો, ગરબા ને કાવ્યો તેમ જ 'પ્રેમીને પત્ર' નામનું સવા બસો શ્લોક (૯૦૦ લીટી)નું સળંગ સ્વતંત્ર કાવ્ય એમની કવિત્વશક્તિ ને સંગીતજ્ઞતાની સાક્ષી પૂરે છે.

શ્રી 'સુન્દરમ્' એ લાંબા કાવ્યને અવલોકતાં લખે છે: 'આખી કૃતિમાં વિચારની તથા વસ્તુની સમગ્રતા સધાઈ નથી. કાવ્યની બાની જેમ કેટલીક વાર ઘણી ઊંચી ટોચ સાધે છે, તેમ તે કદીક લથડી પણ પડે છે. છતાં અનેક છંદોમાંથી પસાર થતા આ કાવ્યમાં કવિત્વછટાનો જે મઘમઘાટ છે તે ખૂબ આકર્ષક છે. કાવ્યના લેખકનું માનસ એક પ્રકારની મસ્તી અને રસની આર્દ્રતાથી ભરેલું છે. કાવ્યમાં અર્વાચીન નવી કવિતાની છટાઓ છે અને તેમાંની કેટલીક બાલાશંકર વગેરેમાંથી ઝિલાએલા જેવી હોઈ કેટલીક વાર તે બાલાશંકર જેવી જ ઉન્નત છટા ધારણ કરે છે. કવિ પોતાની શૈલીમાં શિષ્ટ સંસ્કૃતની અસર તેમજ ભાષાના ગમે તે સ્વરૂપને કાવ્ય માટે પ્રયોજવાની હિંમત બતાવે છે. અમદાવાદમાં રહેતા મિત્રોની આ કથા એલિસબ્રિજને પણ કવિતોચિત રંગથી રંગી આપે છે. કાવ્યમાં ઘેરી મૈત્રીના સ્થાયી પ્રણયના પ્રધાન રસ સાથે વિનોદ, અદ્‌ભુત ચમત્કારો, વગેરેની છાંટ પણ કવિ લઈ આવે છે.'

નાટકોમાં આવતા ગરબાઓમાં વિવિધ નાયિકાઓ આછા પ્રકૃતિવર્ણન સાથે વર્ણવાઈ છે. લલિત લય, મધુર સુરાવટ ને કોમળ ભાષા સાથે રુચિકર અલંકારો ને સાદી-સરળ ભાષા આ ગરબાઓને આકર્ષક ને લોકપ્રિય બનાવતાં. એમનાં ગીતોમાં પણ મનોહરતા, શ્રુતિપ્રિયતા, સુગમ્યતા, લાલિત્ય અને પ્રવાહિતા છે. નીતિના આગ્રહી ડાહ્યાભાઈની ભાષા મહદ્ અંશે સંસ્કારી છે.

એમની હયાતી દરમ્યાન એમને વિષે લેવાએલી એક નોંધ મુજબ "પોતે જેને 'પવિત્ર' ધંધો કહેતા એ નાટકને 'સમાજપ્રિય' અને 'ઉચ્ચ' બનાવવા માટે એમણે પ્રયત્ન કર્યો છે અને સંસ્કૃત સાહિત્યમાં શ્રેષ્ઠ ગણાએલા કરુણ રસની ભાવાભિવ્યક્તિ લાવવા એ મથ્યા છે. એમનાં સંભાષણોમાં શીલ, પાતિવ્રત્ય આદિ ગુણો ઉપર ભાર મુકાયો છે અને એમનાં ગાયનો 'છટેલ મસ્તી' વિનાનાં, સંસ્કારી, રસિક

અને બોધક છે. એમના ગરબા એટલા લયલલિત, મધુર અને રુચિકર છે કે સમાજની જીભે તે 'લોકગીતો'ની પેઠે રમી રહ્યા છે."

અલિ! અલિ વિણ આજે માલતી છેક વીલી
શુકમુખ વિણ શોકે સારિકા છે છબીલી
ફરી રસિક ગુલાબી જાય છે ચીમળાઈ
સદય હૃદય મારૂં હાય! જાએ દળાઈ. ૨.

ડાહ્યાભાઈના હસ્તાક્ષરમાં એક કાવ્યશ્લોક

ડાહ્યાભાઈનાં નાટકોની ઉપદેશપ્રધાનતા, ગુણદોષનાં પ્રતીક સમાં પાત્રો, ગીતોમાં વર્ણસગાઈ ઝડઝમક આદિના વધુપડતા ઉપયોગ, ભાષામાં ક્વચિત આવતી ગ્રામ્યતા આદિ મર્યાદાઓ એમની પોતાની નહિ, એમના જમાનાની મર્યાદાઓ છે. એ મર્યાદાઓ વચ્ચે પણ ડાહ્યાભાઈએ નાટ્યક્ષેત્રે કરેલું કાર્ય ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. અને સાથે સાથે સંભારાશે આ પંક્તિઓ પણ:

પીપળ પાન ખરંત, હસતી કૂંપળિયાં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

• •

કમળપત્ર પર જળબિંદુને સૂકાતાં શી વાર?
શ્રાવણની જળભરી વાદળીઓ વિખરાતાં શી વાર?
જીવતર સમજવું તેવું, આખર નહિ લેવુંદેવું.


• •

દુનિયા કોઇને ખારો સાગર, કોઈને મન સુખનો રત્નાકર,
કોઇને નિત શીરો ને સાકર, કોઇને ન મળે સૂકી ભાખર.

[સંદર્ભ: શ્રી જયંતી દલાલ કૃત 'કાયા લાકડાની માયા લૂગડાની'માંના ઉલ્લેખો તથા તેમના તરફથી મળેલી અન્ય માહિતી; 'દેશી નાટક સમાજ'ના અમૃત મહોત્સવ પ્રકાશનમાં શ્રી જયંતીલાલ ર. ત્રિવેદીનો લેખ; 'રણજિતરામના નિબંધો' ભાગ ૧; સુંદરમ્ કૃત 'અર્વાચીન કવિતા'; તથા સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજીનાં સાવકા ભત્રીજા ચંદુલાલ દલસુખભાઈના દૌહિત્ર શ્રી જગદીશ ઝવેરી પાસેથી મેળવેલી હકીકતો વગેરે પરથી તારવીને. એ સૌના આભાર સાથે]

શ્રીમતી શરણરાણી માથુર

આ અંકની ત્રીજી ચિત્ર-તક્તી (આર્ટપ્લેટ) પર જેમની સુંદર છબિ આપી છે એ શ્રીમતી શરણરાણી માથુર તંતુવાદ્યોમાં બહુ કષ્ટસાધ્ય ગણાતા સરોદના વાદક તરીકે ભારતભરમાં વિખ્યાત છે. દિલ્હીના એક ખાનદાન કુટુંબનાં પુત્રી અને કલારસિક પતિનાં ૩૭ વર્ષનાં પત્ની શરણરાણી, મહિયરના મશહૂર ઉસ્તાદ અલાઉદ્દીખાંનાં પુત્ર અલીઅકબરખાંનાં શિષ્યા, વિષ્ણુ દિગંબર સંગીત વિદ્યાપીઠનાં 'સંગીત વિશારદ', દિલ્હી વિશ્વવિદ્યાલયનાં એમ.એ., હિંદી અંગ્રેજી ઉર્દૂ તથા બંગાળી ભાષાનાં સારાં જ્ઞાતા તથા કથ્થક નૃત્યનાં કલાકાર છે. ભારત, શ્રીલંકા ને અમેરિકામાં રેડિયો તેમજ ટેલિવિઝન કાર્યક્રમો આપવા ઉપરાંત ૧૯૬૦માં યુરોપનો ને તાજેતરમાં અમેરિકાનો પ્રવાસ કરી પોતાની વાદ્યકળા વડે ઉચ્ચ નામના મેળવી છે. વક્તૃત્વ અને સંગીત સ્પર્ધાઓમાં એમણે અનેક પારિતોષિકો ને ચન્દ્રકો પણ મેળવ્યાં છે.



H. LOMMER

શતરંજનો કોયડો

સ્થિતિ: 24/5k2/7 q/5k2/8/R1R5.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં કાળાના વજીરના બદલામાં સફેદ પાસે બે હાથી છે. તે સહેજ વધુ જોરદાર ગણાય, પણ જીતવા માટે તો પૂરતા નથી જ. છતાં પરિસ્થિતિનો લાભ લઇને અહીં સફેદ જીતે છે. (ઉકેલ જુઓ પૃ. ૧૨૭)

સુરેશ મોદી

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૮૭થી

ફેબ્રુઆરી અંક (પચ્ચીસ વર્ષ પહેલાંનો વિભાગ)માં શ્રી અમૃત વસંત પંડયા જણાવે છે કે વૈદિક સરસ્વતી શિવાલિક પર્વતમાળામાંથી નીકળી, રજપૂતાના ને સિંધમાં થઇને, ગુજરાતની બહાર રહીને કચ્છના મોટા રણને મળતી હતી, જ્યાં તે સમયે સાગર હતો. સરસ્વતી અંગે બીજો એક અભિપ્રાય એવો છે કે તે હાલના ખંભાતના અખાતને મળતી હતી. વૈદિક સરસ્વતીનો પટ હજી પણ અસ્તિત્વ ધરાવે છે અને કયાંક કયાંક તે ચારથી છ માઇલ જેટલો પહોળો છે એ પહેલી જ વાર જાણવા મળ્યું. આજની ઘગ્ઘર એ વૈદિક સરસ્વતી હોય તો જણાવવાનું કે આજે પણ ચોમાસામાં તેમાં પાણી વહે છે અને તેથી સૂરતગઢનું 'ફાર્મ' મુશ્કેલીમાં મુકાયું છે.

(ભાવનગર) —(ડૉ.) એમ. જી. પારેખ

ફેબ્રુઆરી અંકમાં ફ્રેંચ કલાકારનું નામ 'ઇંગ્રે' જોઇએ. 'ઇંગ્રેસ'નો 'સ' ફ્રેન્ચમાં બોલાતો નથી. તે જ રીતે 'ટાલોસ'ની જગ્યાએ 'તુલુસ', 'પ્રિક્સ દ રોમ'ની જગ્યાએ 'પ્રિ દ રોમ', 'ગીઓટો'ની જગ્યાએ 'જ્યોત્તો' (ઈટાલિયન) જોઈએ. ઇંગ્રેનો જન્મ 'મોંતબાં' (મૉન્ટોબાન નહિ)માં દક્ષિણ ફ્રાંસમાં થયો હતો, ઇટલીમાં નહિ.

(વનસ્થલી વિદ્યાપીઠ) —યજ્ઞેશ્વર શુક્લ

મારું લખાણ અંક ૫૧૮માં વાંચ્યું. અંક ૫૧૭ના ગણિતના લેખમાં ભૂલ છે તે $(૧૪૯)^2 - (૧૩૯)^2 = ૨૮૮૦$ જોઈએ.

સ્વ. કૃષ્ણલાલ સૂરજરામ વકીલનું મૃત્યુ પાકટ વયે '૮૫' વર્ષે નહિ પણ '૮૮' વર્ષે ઉત્તરપાડા, કલકત્તે એમના દીકરાને ત્યાં થયું. કૃષ્ણલાલ વિષે વધારે વિગત 'ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિક'(જાન્યુઆરી અંક)માં આપેલી છે. સ્વ. પો. ઝ. યાજ્ઞિક (એક શિક્ષક હતા) શ્રી ઈન્દુલાલ ક. યાજ્ઞિક તથા સ્વ. પ્રિ. રમણલાલ ક. યાજ્ઞિકના કાકા થાય.

(નડિયાદ) —ભાનુશંકર યાજ્ઞિક

ગયા અંકમાં 'હજી ય' કાવ્ય પરત્વે ભાઈ શ્રી વિજયશંકર દવેએ એમના પ્રત્યાઘાત રજૂ કર્યા છે. આમ તો મોલ્ટને કહ્યું છે તેમ 'A poet is not a final authority as to his own poem.' છતાં જો વિવેચન ઉપકારક બને એવું હોય તો રજૂ કરશો.

'કટાવ છંદની પ્રાસાદિક પ્રવાહિતા', 'પંક્તિઓનું મીઠું ડોલન' આ બધા ભાવક ચિત્તના છંદ પરત્વેના પૂર્વસંસ્કાર થયા. કટાવની નવી

કૃતિ સામે આવે, કટાવનો સહેજ ભિન્ન મરોડ આંખ સામે ઊભો થાય, તો એ મરોડ કૃતિની ઇબારતમાં કેટલે અંશે ઉપકારક છે એ જોવું, ભાવકની સામેના challenge (પડકાર)નો પ્રશ્ન છે. કાવ્યમાં સળંગ ભાવાનુભવનો આલેખ નથી, પણ ભિન્નભિન્ન ઇન્દ્રિયો પર સ્મરણોનો વિલક્ષણ અનુભવ થાય છે એનું નિરૂપણ છે. આ અનુભવ ઇન્દ્રિયો પર સતત નહિ પણ ઓચિંતો ઊપસે છે અને એ દર્શાવવા કટાવના junctures કવિકર્મમાં પ્રવેશે છે. એટલું જ નહિ, આ junctures 'સ્વાદ'થી શરૂ થઈ 'યાદ' સુધી એકરૂપ બની કાવ્યને વિશૃંખલ થતાં અટકાવે છે.

(દાહોદ) —ચન્દ્રકાન્ત ટોપીવાળા

'કુમાર' નિયમિત વર્ષોથી વાંચું છું અને તેની 'કાગડોળે' રાહ પણ જોઉં છું. એક એક વસ્તુ વાંચવી ગમે છે. અંક ૫૧૩માં 'સન-ડે ...જ સન-ડે' વાર્તા તો ખૂબ જ ગમી. માણસના ચાલુ જીવનની વાત, છતાં ય કેટલી હૃદયસ્પર્શી! આ લખું છું ત્યાં સુધી હજુ મન એની અસર નીચેથી મુક્ત નથી થયું. પૂરા ચોવીસ કલાક થયા. 'કેવડાની મહેક' પણ ખૂબ ગમી હતી. લેખકોને અભિનંદન.

(વડાલા-મુંબાઈ) —ગુણવંતી શાહ

અત્રેની લાયબ્રેરીમાં અમને 'કુમાર' કદીક વાંચવા મળે; અન્યથા એ પુરુષોના વિભાગમાં જ હોય. ફાઈલ થાય ત્યારે આદિથી અંત સુધી વાંચવા મળે. હમણાં જુલાઈ '૬૯થી ડિસે. '૬૯ સુધીની ફાઈલ મળી. વાર્તાઓ માટે ધન્યવાદ. તેમાં ય 'વલોણું' તો ખરેખર 'વલોણું' જ હતું. અને 'કેવડાની મહેક' તો જાણે હજી ય મન પર છવાઈ છે. 'વલોણું' વાર્તા તો એટલી સુંદર છે કે એની એક નાનકડી ક્ષતિ બતાવવાનું પણ મન નહોતું થતું. પૃ. ૨૨૭ પર ચોથા પૅરેગ્રાફમાં રવિના પગમાં મોજડી છે, જ્યારે પૃ. ૨૩૦ પર ૭મા પૅરેગ્રાફમાં રવિને ચંપલ પગમાં પહેરાવ્યાં છે. આવી સુંદર વાર્તામાં આટલો તફાવત ચલાવી લઉં, પણ 'કુમાર'ના વાચનને કારણે જ સ્પષ્ટ થઈ ગયો તેથી ધ્યાન દોરું છું. લેખકને મારાં અભિનંદન પહોંચાડશો. અંતમાં 'અને આ પણ જોયું' જેવી વાર્તાના અનુવાદકને પણ અભિનંદન.

(કચ્છ-માંડવી) —મીનાક્ષી દોશી

ડિસેમ્બર 'કુમાર'માં પાન ૪૩૬ ઉપરના વિનોદરાય પંડયાના ચર્ચાપત્રનો ખુલાસો: 'મફત કે ચંદન ઘસ બે લાલિયા' એ કહેવત કોઈની ચીજ આપણે વિનામૂલ્યે વાપરીએ ત્યારે વપરાય છે. પણ એથી ઊલટું જ બનતું હોય છે અને એક ભલા માણસને કાંઈ પણ મહેનતાણું આપ્યા વગર અનેક માણસો એની પાસે કામ કરાવ્યા કરે છે. તે માટે મારા મોટા ભાઈ જયસુખલાલે આ કહેવત યોજેલી. 'મફત કા લાલિયા ઘસ બે ચંદન!' આવા 'મફત કા લાલિયા' તરીકે જયસુખલાલે અનેક શેઠિયાનાં કામ કરી આપેલાં.

(મુંબઇ) —ધનસુખલાલ મહેતા

આફતાબે મૂસીકી (કે મૌસીકી?) ઉસ્તાદ ફૈયાઝખાં ઉપરનો શ્રી ધનંજયનો લેખ વાંચતાં જાણે ખુદ ખાંસાહેબને સાંભળ્યા હોય એવો આનંદ થયો. એના નશામાં બેત્રણ દિવસ સુધી ખાંસાહેબની ગાયકી અને એમના કલાકાર સ્વભાવની વાતો ચિત્તમાં ચાલી. એમાંની એક વાત રજૂ કરવાનું પ્રલોભન છોડી શકતો નથી. ઈ. ૧૯૪૨માં મુંબાઈના તે સમયના ગવર્નરે (રૉજર લુમ્લીએ?) વૉર ફંડ માટે સુરતમાં સંગીતનો જલસો ગોઠવ્યો હતો. ધરમપુર રાજ્યના પ્રખ્યાત વીણાવાદક કુમાર શ્રી પ્રભાતદેવજી સાહેબે પણ ગવર્નરના આગ્રહને માન આપીને જાહેર જલસામાં પહેલી જ વાર કાર્યક્રમ આપેલો. તેમાં ઉસ્તાદ ફૈયાઝખાં પણ આવેલા. ખાંસાહેબે દરબારી રાગ ઉપાડયો: સારે ગ......આલાપકારી કરતાં કોમળ ગાંધાર પર અટકી એને જે લાડ લડાવ્યા અને દરબારી રાગનો જે મિજાજ, જે ઠાઠ અને જે વ્યક્તિત્વ માત્ર એક કોમળ ગાંધાર દ્વારા ખડાં કર્યાં તેથી શ્રોતા તો મંત્રમુગ્ધ બની ગયા. અને એ રીતે કોમળ નિષાદ સુધી વિસ્તાર કરતા ગયા. કલાક પછી એમણે ગાવાનું બંધ કર્યું ત્યારે સમસ્ત વાતાવરણ દરબારીથી જ જકડાઈ ગએલું લાગ્યું. છતાં ગાન પૂરું કરી એ જ્યારે કુમાર શ્રી પ્રભાતદેવજી પાસે આવ્યા ત્યારે પ્રભાતદેવજી સાહેબે ટકોર કરી: 'લાહોરમેં સુને થે ઐસી ઝમક નહીં થી.' અને તરત જ આ વિનમ્ર ઉસ્તાદે જવાબ આપ્યો: 'સરકાર, અબ બઢ્ઢા ભી તો હો ગયા હૂં ન?'

(નવસારી) —ચન્દ્રકાન્ત જે. પંડયા

લેખકો લખે છે



'કુમાર-ચંદ્રક' મળ્યાના સમાચાર હમણાં વાંચ્યા એટલે આનંદ અને આભારની લાગણીઓ સાથે લખું છું. આનંદ એ વાતનો કે સદાચાર ને જીવનઘડતરની સીધીસાદી વાતો વાચકોને ગમે છે એ તેમની સંસ્કારિતા ને નેકદિલી સિદ્ધ કરી આપે છે. અને આભાર તો આપ સૌનો જેમના સહકાર ને પ્રોત્સાહન વિના હું લખવાનું સાહસ કરી શક્યો ન હોત. 'કુમાર' માટે લખવા આપનું આમંત્રણ છ વર્ષ પહેલાનું હતું; એ સ્વીકારતાં આટલી વાર લાગી એનું મુખ્ય કારણ મારો સંકોચ. સાવ તો ગયો નથી, પણ આટલો આવકાર જોઈને મારું ચાલે ત્યાં સુધી લખતા રહેવા પ્રયત્ન કરીશ. લેખોની નવી શ્રેણી માટે વિચાર કરું છું અને ટૂંક સમયમાં એ કામ હાથ ધરવાની આશા રાખું છું. જૂનમાં અમદાવાદ આવીશ ત્યારે 'વ્યક્તિઘડતર'ના લેખો પુસ્તકાકારે પ્રગટ કરવાની વિગતો વિચારીશું.

ફાધર વાલેસનાં વંદન



આજે લેખમાળાનો છેલ્લો હપ્તો મોકલ્યો છે. આ વેળા મને 'કુમાર'ના લેખક તરીકેના સંબંધોની મીઠી યાદ આવે છે. ૧૯૪૯ની સાલના મે માસમાં 'લોહી'નો મારો પહેલો લેખ પ્રગટ થયો ત્યારથી તે આજ સુધીમાં જિજ્ઞાસુ અને જ્ઞાનેપ્સુ વાચકોને ધ્યાનમાં રાખી મેં જે ત્રણ લેખમાળાઓ ('કાયાની કરામત' ચાર વર્ષ, 'માંદગીનાં મૂળ' પાંચ વર્ષ ને 'આહાર ને આરોગ્ય' સાડા છ વર્ષ)નું અવિરત લેખનકાર્ય કર્યું તેમાં હું ખરા અર્થમાં અભ્યાસી બન્યો છું. પુસ્તકોની નાની લાયબ્રેરી જ વસાવી છે. વાચકોને જ્ઞાનવાન બનાવતાં અગાઉ ઘણી માહિતી મેળવવાનો મને મોટો લાભ થયો છે. જિજ્ઞાસુઓની પૃચ્છાઓએ મને લખવામાં ઘણો અનુરાગ ઉપજાવ્યો છે. મારા ચાહક વાચકોનું એક ગિલ્ડ રચાયું હોવાનો અનુભવ થયો છે. આમ, મારી લેખનપ્રવૃત્તિથી આપણા સાહિત્યમાં શરીર આહાર ને માંદગીનું વૈજ્ઞાનિક દૃષ્ટિથી આલેખાએલું યત્કિંચિત્ સાહિત્ય ઉમેરાયું હોય તો તેનો યશ 'કુમાર'ના ફાળે જાય છે, અને આટલાં બધાં વરસો સુધી મને લખતો રાખવાનો ઉત્સાહ પ્રેરણા ને દૃષ્ટિ આપવાનો યશ તમને છે. આના માટે હું કયા શબ્દોમાં આભાર માનું? આ પ્રવૃત્તિ પાછળ હું જે કંઈ જાણું છું તેનાથી બીજાને જ્ઞાનવાન બનાવવાનો સાત્ત્વિક આનંદ જ સમાએલો છે. ઉપનિષદકારે નથી કહ્યું?-કે आनन्देन जातानि जीवन्ति ॥

ડૉ. શિવપ્રસાદનાં વંદન

ટિકિટ-સંગ્રહ

ભારતની નવી ટપાલ-ટિકિટો



આ માસ માર્ચની ૧૫-મીથી 'દેશના નકશા'વાળી તથા 'પંચવર્ષી યોજના'ના ચિત્રવાળી ટિકિટોના બદલે છ નવી ચાલુ ટિકિટો ચલણમાં મુકાઈ છે. આઠ, ત્રીસ, પચાસ અને સિત્તેર પૈસાની તથા બે અને પાંચ રૂપિયાની કિંમતની આ ટિકિટો પર ભારતનું 'ચિત્તળ', હસ્તોદ્યોગની દ્યોતક 'ઢીંગલીની જોડ', અહીંનું વ્યાપક ને લોકપ્રિય ફળ 'કેરી', 'હમ્પીનો રથ', કાશ્મીરનું 'દલ-સરોવર' અને 'ભાકરાબંધ'નાં ચિત્રો છે. અગાઉ બહુ જાણીતી થએલી પુરાવશેષોનાં ચિત્રોવાળી ટિકિટો બાદ ઘણા લાંબા સમય સુધી એક જ લઢણની ટિકિટો જોઈજોઈને થાકેલી આંખોને આ નવી ટિકિટો રાહત આપશે એમ લાગે છે.




બ્રિટનની પુષ્પસમૃદ્ધિની આ નવી બહુરંગી ટિકિટો ૨૪મી એપ્રિલે બહાર પડશે. એમાં ચાર પેન્સની ટિકિટો પર હૉથૉર્ન ને બ્રેમ્બલ; મૉર્નિંગ ગ્લોરી ને વાઇપર્સ બગ્લોસ; ઑક્સ આઈ ડેઇઝી, કલોસફૂટ ને બટરકપ, તથા બ્લ્યુબેલ, રેડ કૅમ્પીઅન ને વૂડ ઍનીમૉન છે. ૯ પે.ની ટિકિટ પર ડૉગ વાયોલેટ તથા ૧ શિ. ૯ પે.ની પર પ્રિમરોઝનું ચિત્ર છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી · લંડન)



ફરીથી ચૂંટાએલા મુખ્ય પ્રધાન
શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

"શ્રી હિતેન્દ્રભાઈમાં રાજપુરુષને છાજે એવા સદ્‌ગુણો છે ચારે તરફનો વિચાર કરવો. સહકાર અને સુમેળ સાધીને કામ કરવું, વાણીનો ઉપયોગ કંજૂસાઈથી કરવો, વિરોધીને પણ મિત્ર કરવાનો પ્રયત્ન કરવો, નાની વાતને મોટું રૂપ ન આપવું, વાણી વિનયયુક્ત રાખવી, ખટપટો ને કાવાદાવામાં ન પડવું, પક્ષને સંપૂર્ણ વફાદાર રહેવું ને વડીલોની ઉપેક્ષા ન કરવી–એ બધી સધ્ધર જમા બાજુ સાથે શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ મુખ્ય પ્રધાન તરીકે ગુજરાતનું સુકાન ફરીથી સંભાળે છે."   —ય. મ.

[જન્મ: સૂરતમાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કનૈયાલાલ દેસાઈને ત્યાં ૯મી ઑગસ્ટ ઈ ૧૯૧૫; સૂરત અને મુંબાઈમાં શિક્ષણ; અસહકારમાં શાળા છોડી ઈ. ૧૯૩૦માં જેલ; ૧૯૩૩માં મૅટ્રિક થઈ ૧૯૩૭માં મુંબાઈ યુનિ.માંથી અર્થશાસ્ત્રના ચન્દ્રક સાથે પાસ તથા ફેલો; '૩૯માં એલએલ.બી. થઈ વકાલત; '૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ અને '૪૨માં 'હિંદ છોડો' ચળવળમાં ફરી કારાવાસ; '૪૬ થી '૫૬ સુધી સૂરત મ્યુનિ. દ્વારા આગળપડતી જાહેર સેવા; '૫૭માં દ્વિભાષી મુંબાઈ રાજ્યના શિક્ષણપ્રધાન; વિભાજન પછી ગુજરાતના પ્રથમ પ્રધાનમંડળમાં વિવિધ ખાતાં સંભાળ્યા બાદ બલવંતરાય મહેતાના અવસાન બાદ મુખ્ય પ્રધાન; ચોથી ચૂંટણી બાદ આ માસથી ફરી મુખ્ય પ્રધાન.]



ચોથી ચૂંટણીમાં ગુજરાતનું ચિત્ર

દેશના વહીવટનું સુકાન સોંપવા માટે દર પાંચ વર્ષે પોતાના યોગ્ય પ્રતિનિધિઓને પસંદ કરવાનો અધિકાર ભોગવતી પ્રજાએ આ મહિને ચોથી ચૂંટણી કરીને એ અધિકાર ગુજરાતમાં જે રીતે અદા કર્યો છે તેનું પક્ષવાર ચિત્રણ ઉપરના નકશામાં આપ્યું છે (સૌજન્ય: 'જનસત્તા') દુનિયાની મોટામાં મોટી લોકશાહીની એ અધિકાર-બજવણીમાં પ્રજાએ લોકશાહીના આભૂષણમાંથી જેમ મેલ સાફ કર્યો છે, તેમ ક્યાંક પાપડી ભેગી ઈયળ બફાઈ પણ ગઈ છે. ☐ ગુજરાતના આગામી રાજવહીવટમાં પ્રધાનવાર સોંપાએલાં ખાતાં નિરૂપતા નીચેના વ્યંગચિત્રમાં તેતે પ્રધાનના ઠઠ્ઠાચિત્ર સાથે તે પ્રત્યેકના ખાતાનું પ્રતીકાત્મક આલેખન છે. (સૌજન્ય: 'સંદેશ')

નવું પ્રધાનમંડળ



સંસ્કારપ્રેમીની ડાયરી

રહસ્યમય હાસ્ય ધરાવતી રમણી 'મોના-લિસા'ના ચિત્રના જગનામી સર્જક લિયોનાર્દો દ વિન્ચીની એક સ્કેચબુક છેલ્લાં બસો વર્ષથી બેપત્તા હતી, તે આખરે સ્પેનના રાષ્ટ્રીય ગ્રંથાગારમાંથી હાથ લાગી છે. અત્યાર સુધી એનાં કાચાં ચિત્રોની હસ્તપ્રતો ધરાવતાં ૫૦૦૦ પૃષ્ઠ પ્રાપ્ત હતાં તેમાં આ નવાં ૭૦૦ પૃષ્ઠનો ઉમેરો થાય છે, જેમાં એના વિખ્યાત ચિત્ર 'ધ લાસ્ટ સપર'ના મૂળ સ્કેચનો (કાચી કૃતિનો) પણ સમાવેશ છે.

આ કાચી હસ્તકલાકૃતિઓનો સંગ્રહ શોધાયો પણ અજબ રીતે! માસાચુસેટ્સ યુનિવર્સિટીના ભાષાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પિક્કસને મૅડ્રિડના ગ્રંથાગારમાં મધ્યયુગીન લોકપ્રિય રાસાઓની શોધખોળ કરતાં એનાં ઇંડેક્સ કાર્ડમાં એક ક્રમ ખૂટતો જણાયો. એ ખૂટતા પુસ્તકમાં જ પેલા રાસા હોવા જોઈએ એમ માનીને એમણે એ ખૂટતા નંબરનું પુસ્તક શોધી કઢાવ્યું તો એમાં પેલા રાસાને બદલે દ વિન્ચીની આ સ્કેચબુક નીકળી આવી. વિન્ચીની કલાના પ્રમાણભૂત જ્ઞાતા ડૉ. લાદિસ્લાઓ રેતી, આ વિન્ચીના જ સ્કેચ હોવાની ખાતરી આપતાં જણાવે છે કે દ વિન્ચીની પેલી જાણીતી 'અરીસા પદ્ધતિ' (એટલે કે અક્ષરો અરીસામાં પ્રતિબિંબિત થાય ત્યારે જ સવળા વાંચી શકાય એ રીતે અવળા જમણેથી ડાબી બાજુએ લખવા–ચીતરવાની) વિન્ચીની અદ્વિતીય શક્તિ આમાં પણ છે તે એના કર્તૃત્વનો મજબૂત પુરાવો છે. દ વિન્ચીના એક બીજા અધિકૃત અભ્યાસી ડૉ. બર્ન ડિબનેર પણ આ કૃતિઓની માઇક્રોફિલ્મ જોયા પછી એના અધિકૃતપણા વિષે નિઃશંક થઈને કહે છે કે 'જાણે કે શેક્સપીઅરનું કોઈ નવું નાટક હાથ લાગી ગયું હોય એવો આનંદ આથી થાય છે.' ઈ. ૧૪૫૨ થી ૧૫૧૯ સુધીના દ વિન્ચીના જીવનકાળ દરમ્યાન તેમની ઇજનેરી અને યાંત્રિક શોધોના સ્કેચ તો ૧૯મી સદી સુધી સાવ અપ્રકાશિત જ રહેલા. વિન્ચીની આ કલાપોથીમાં સાઇકલની ચેઈન, જે ૧૮મી સદી એટલે કે વિન્ચી પછી ૨૦૦ વર્ષ સુધી વપરાશમાં પણ નહોતી, તેના જેવાં સાંકળોનાં રેખાંકનો છે. ઉપરાંત દુશ્મનોને હરાવવા માટેનો 'બૉમ્બ', અનાજ દળવાની એક વિશિષ્ટ ઘંટી (કે જે દળવાની સાથે લોટને દૂર પણ લઈ જઈ શકે) પીસાથી ફ્લૉરેન્સ સુધીની આર્નો નદીનો રંગીન નકશો વગેરે રેખાંકનો છે. ડૉ. રેતી નોંધે છે કે દ વિન્ચીની આવી કલાપોથીઓમાંની પોણા ભાગની યે હજી લાપત્તા હોવાથી એની પ્રતિભા કેવી સર્વતોમુખી હતી એનું પૂરું માપ તો નીકળી જ નહિ શકે.




લીઓનાર્દો દ વિન્ચીની નવી શોધાએલી સ્કેચબુકનું પાનું

સોળ મહિના પહેલાં બંધ પડેલા બ્રિટનના જાણીતા સામયિક 'ધ ટૅટલર'ની જગ્યાએ શરૂ થએલું 'લંડન લાઈફ' પણ આખરે અવલમંજલ પહોંચી ગયું છે! આ નવા શરૂ થએલા સામયિકની નેમ 'ઊગતા નવયુવાનો' હતી, પરંતુ ફેલાવામાં એ ૩૦ હજારનો આંકડો કદી વટાવી જ ન શક્યું. (ઈંગ્લંડ–અમેરિકામાં સાધારણ રીતે એક લાખ નકલોની ખપત જરૂરી ગણાય છે.) એના પુરોગામી 'ટૅટલર'ની ૮૦ હજાર નકલો ખપતી હતી. બંને પત્રોને ખતમ કરવાનો ગુનો જાહેરખબરોના અભાવે કર્યો હતો. આમ, અત્યાર સુધીમાં બ્રિટનનાં ઉચ્ચ કક્ષાનાં ગણાય એવાં 'સ્ટ્રૅન્ડ,' 'નૅશ', 'રૉયલ', 'વાઈડ વર્લ્ડ', 'લિલિપુટ,' 'બાઈસ્ટૅન્ડર', 'સ્કેચ', 'પિક્ચર પોસ્ટ', 'ઇલસ્ટ્રેટેડ', 'સ્ફીઅર' 'ગ્રાફિક' વગેરે સામયિકોની રાખ જોડે 'લંડન લાઈફ'ની રાખ પણ ભળી ગઈ.

લાઘવ અને ચોકસાઈ માટે વિશ્વભરમાં જાણીતા 'ચેમ્બર્સ એન્સાઇક્લોપીડિયા'ની ચોથી આવૃત્તિના ૩,૫૦૦ સેટ (૧ સેટની કિંમત ૧૩૫ પૌંડ) પંદર દિવસમાં જ વેચાઈ ગયા હોવા છતાં એના વધુ પ્રસાર માટે એની પ્રકાશક સંસ્થાના મુખ્ય વ્યવસ્થાપક રૉબર્ટ મૅક્સવેલ તાજેતરમાં એશિયાના પ્રવાસ વેળા ભારત પણ આવેલા. એન્સાઈક્લોપીડિયાના સમગ્ર ક્ષેત્રે ભારત અત્યંત દરિદ્ર છે. સ્વાતંત્ર્ય મળ્યા પછી આપણી વિવિધ ભાષાઓની પ્રગતિ માટે સરકારી રાહે અઢળક નાણાં વેરાય છે છતાં આવા જ્ઞાનકોશ માટે તો આપણે અંગ્રેજી સાહિત્યમાં જ ફાંફાં મારવાં પડે છે. જોકે મરાઠી તથા હિંદીમાં જ્ઞાનકોશના થોડા ખંડ પ્રગટ થયા છે ખરા, પણ તે મૌલિક નહિ. અને ગણીએ તો 'પાશેરામાં ૦ા પૂણી' જ.

વિશ્વમાં જ્ઞાનકોશનું ક્ષેત્ર ઠેઠ ૧૭૦૩ની સાલથી ખેડાતું આવ્યું છે. આ 'ચેમ્બર્સ એન્સાઈક્લોપીડિયા' સૌપ્રથમ ૧૮૬૦-'૬૮ના ગાળામાં ૧૦ ખંડમાં પ્રગટ થયો ત્યારે એ લાઈપઝિગમાં ૧૮૦૯માં પ્રગટ થએલા એક ભાષાના Konversations–Lexikonની ધાટી ઉપર તૈયાર કરેલો. છતાં કક્ષાવારી પ્રમાણેના સુંદર 'એન્સાયક્લોપીડિયા'નું માન તો ઈંગ્લંડને જ જાય છે. ૧૭૦૩માં ત્યાં આંતરરાષ્ટ્રીય, ઐતિહાસિક, ભૌગોલિક, 'ક્લાસિકલ', તવારીખી વગેરે વિષયોના કોશ પ્રગટ થએલા. એના બીજા જ વર્ષે, સર આઈઝૅક



રૉબર્ટ મૅક્સવેલ

ન્યૂટન પણ જેમાં લેખક હતા તે, ડૉ. જ્હૉન હૅરિસની 'યુનિવર્સલ ઇંગ્લિશ ડિક્શનેરી ઑવ આર્ટ્સ ઍન્ડ સાયન્સ' પ્રગટ થઈ. એ પછી પચાસ વર્ષે, જેમાં રૂસો અને વૉલ્તેર જેવાના લેખો છે તે વિખ્યાત ફ્રેન્ચ એન્સાઈક્લોપીડિયા પ્રગટ થએલો. 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'ની પહેલી આવૃત્તિ તો ઠેઠ ૧૭૭૧માં–અને ત્રણ જ ખંડમાં–પ્રગટ થએલી.

આ 'એન્સાઈક્લોપીડિયા' શબ્દનો પ્રથમ પ્રયોગ ઈ.૧૫૩૧માં સર ટૉમસ ઇલિયૉટે એના Boke of the Governourમાં કરેલો.

જગતની 'શેરલૉક હોમ્સ સોસાએટી'એ આ મે માસમાં, તેમના એ પ્રિય પાત્રને લગતાં, The Final Problem તથા The Empty Houseમાં વર્ણવ્યા મુજબનાં સ્થળોની મુલાકાત લેવા, એ જ રસ્તે સ્વિટ્ઝર્લૅન્ડનો એક અઠવાડિયાનો પ્રવાસ આયોજી રહી છે. સર આર્થર કૉનન ડૉઈલે સર્જેલા અંગ્રેજી સાહિત્યના એ વિખ્યાત ડિટેક્ટિવપાત્રને, ઇ ૧૮૯૧ની ચોથી મેના દિવસે



શેરલૉક હોમ્સની તક્તી

મોરીઆર્ટીએ જે સ્થળેથી ધક્કો મારીને મોતના મુખમાં હડસેલેલો એ Reichenbach Fallsની પણ ખાસ મુલાકાત લેવાશે. એ સ્થળે ૧૯૫૭માં અંગ્રેજ-અમેરિકન સંયુક્ત પ્રયાસથી શેરલૉક હોમ્સની એક તક્તી મૂકેલી, પરંતુ લંડનની સોસાએટી હવે એમ કહે છે કે એ તક્તી ખોટી જગ્યાએ મુકાઈ છે. સોસાએટીના એક માજી પ્રમુખ શ્રી ઍન્થની હાઉલેટ કહે છે કે ફૉલ્સના એ સ્થળે પહોંચવાનો મૂળ રસ્તો જુદો છે. હોમ્સને જ્યાંથી ધક્કો મરાએલો એ કિનાર ઉપર મેં જાતે જઇને સમતોલપણું ગુમાવવાનો અનુભવ કરેલો!

એમ માનવામાં આવે છે કે લગભગ સોએક જણ આ 'હોમ્સ-યાત્રા'માં જોડાશે. દરેક યાત્રીને સૂચના આપવામાં આવી છે કે તેણે ૧૮૯૦ની સાલમાં હોમ્સના કાળમાં પહેરાતો પોશાક પહેરીને આવવું!'

જગતભરની બાળ-ચિત્રકલાના પુરસ્કર્તા અને પ્રેરણાદાતા તથા ભારતના એકમેવ કટાક્ષચિત્ર-સાપ્તાહિકના સંચાલક-તંત્રી શ્રી શંકર પિલ્લાઈ આંતરરાષ્ટ્રીય બાળજગતને આકર્ષે એવું 'ચિલ્ડ્રન્સ વર્લ્ડ' નામનું સાપ્તાહિક શરૂ કરી રહ્યા છે. બાળકો, બાળમાનસ, બાળકોની સંસ્થાઓ અને બાળકોની પ્રવૃત્તિ વિષે વિસ્તૃત સાહિત્ય પૂરું પાડી શકે એવા છ બાળ-સંપાદકો એમને સહાય કરશે. એમાંના લેખો બાળકોએ જ લખેલા હશે. આ બાળસંપાદકો દર અઠવાડિયે બદલાતા રહેશે. એથી દુનિયાભરનાં બાળકોને આ 'પોતાના સાપ્તાહિક'માં ભાગ લેવાની સરળતા થશે.

બાળકોનું વિશ્વૈક્ય અને આંતરરાષ્ટ્રીયતા સિદ્ધ કરવાની આ સાપ્તાહિકની નેમ છે. એમાં શિખામણો કે બોધવચનો પ્રત્યેનો ઝોક નહિ હોય, પણ કંઈક કરી જવાની તમન્ના બાળકોમાં જગાવે એવું 'કંઈક' એમાં આવતું રહેશે.

આ ઉપરાંત એ જ શ્રી શંકર એપ્રિલ માસમાં દુનિયાના ૫૦ દેશોના બાળ-સાહિત્યના પ્રદર્શનનું આયોજન કરી રહ્યા છે. પ્રકાશનની ગુણવત્તા અને ઉત્તમ વાચનસામગ્રીની દૃષ્ટિએ ચીવટથી ચૂંટેલાં એ દેશોનાં સોસો પુસ્તકો તે તે દેશોનાં એલચીખાતાં તથા પ્રકાશકો પાસેથી મેળવવામાં આવી રહ્યાં છે.

'ડૉ. ઝિવાગો', 'લૉરેન્સ ઑવ અરેબિયા' તથા 'મૅન ફૉર ઑલ સીઝન્સ' જેવાં નામી ચિત્રપટોના કથાનક-લેખક રૉબર્ટ બોલ્ટ (નીચેની છબી) ગાંધીજીના જીવન વિષેના



ચિત્રપટની કથા લખવાની તૈયારી કરે છે. પોતાનું કાર્ય લેશ પણ કચાશવાળું ન રહે એ માટે ગાંધીજી સાથે સંલગ્ન એવા અનેક મહાનુભાવોની એમણે મુલાકાત લીધી છે. પોતાના વિષયને સાંગોપાંગ સફળ બનાવવા છેલ્લા છ મહિનાથી એ ગાંધીજી સાથે વૈચારિક ભૂમિકાએ એકરસ થઈ ગયા છે. મહાત્માજીનું લખેલું તેમ જ એમના વિષેનું પ્રાપ્ય સઘળું સાહિત્ય એ વાંચી રહ્યા છે. જેમજેમ એ વાચન વધે છે તેમતેમ એમને લાગે છે કે આ કાર્ય વધુ ને વધુ મુશ્કેલ છે. શ્રી બોલ્ટ જોકે પોતાનું સઘળું લખાણ લંડન નજદીકના પોતાના નિવાસસ્થાને કરશે, પરંતુ એ પહેલાં તેઓ ભારતની ઘણી મુલાકાતો લેવાના છે.

ચિત્ર ગાંધીજીના જન્મ શતાબ્દી-વર્ષ ૧૯૬૯માં પૂરું થશે એમ નિર્માતાઓ ધારે છે.

બ્રિટનનું રાજવી કુટુંબ જ્યાં રહે છે તે બકિંગહમ પૅલેસમાં સંગ્રહાએલાં કલારત્નો અંગેનું એક પુસ્તક પહેલી જ વાર તૈયાર થઈ રહ્યું છે. ઈ. ૧૯૬૮માં પ્રકટ થનાર આ પુસ્તક વિષે એના પ્રકાશક ટૉમસ નેલ્સન કહે છે કે એ ઘણાં સમૃદ્ધ ચિત્રોથી સજાવાયું હશે. મહેલમાંની દરેક કલાકૃતિની તસવીર લેવા માટે ૩ તસવીરકારો, કામે લાગી ગયા છે. પુસ્તકમાં મહેલ, રાચરચીલાં તથા અન્ય કલાકૃતિઓ વગેરેના ઇતિહાસ સાથેના સંપૂર્ણ વર્ણન ઉપરાંત ૭૦ રંગીન તથા ૩૫૦ સાદાં ચિત્રો થશે.

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ નજીક આવેલી રોડેમૂરમાંની 'ઈન્ટરનૅશનલ લાયબ્રેરી ઑવ આફ્રિકન મ્યૂઝિક' સંસ્થાએ આફ્રિકાની ૧૨૮ બોલીઓનાં ગીતોના ૩૦૦૦ નમૂનાઓની ૨૧૦ જેટલી રૅકૉર્ડો તૈયાર કરી છે.

ઉર્દૂમાં લખાએલા 'એન્સાઈક્લોપીડિયા ઑવ ઇસ્લામ'ને ૧૯૭૧ સુધીમાં પૂરું કરવાનું 'યુનિવર્સિટી ઑવ પંજાબ' (પાકિસ્તાન) વિચારે છે. આ મહાકાર્યના ૧, ૨ ને ૪ ખંડ તો પ્રગટ થઈ ગયા છે. બાકીના ૯ ખંડને પ્રગટ થતાં હજી પાંચેક વર્ષ લાગશે એમ એના પ્રમુખ-સંપાદક ડૉ. સૈયદ મહમદ અબ્દુલ્લા કહે છે.

અત્યાર સુધીમાં પ્રગટ થએલા ૩ ખંડનાં કુલ પાનાં ૩,૨૦૦ છે અને સઘળા ખંડોનાં મળી ૧૨,૦૦૦ પાનાં થશે ત્યારે પૂર્વના દેશોના અભ્યાસીઓએ ઇસ્લામ વિષે પ્રગટ કર્યો હોય એવો એ પ્રથમ એન્સાઇક્લોપીડિયા થશે.

સાહિત્યપ્રેમીઓના ખાસ માનીતા ને લંડનના બી. બી. સી.ના સાપ્તાહિક મુખપત્ર 'ધ લિસનર' માટે કટોકટી ઊભી થઈ છે. એની ઉચ્ચ કક્ષા ટકાવી રાખનાર એના તંત્રી મૉરિસ ઍશ્લે આવતા સપ્ટેમ્બરમાં નિવૃત્ત થઈ રહ્યા હોઈ એના અનુગામીની શોધ ચાલે છે. એનું વેચાણ ૧૯૬૦માં જે એક લાખ નકલોનું હતું તે આજે ઘટીને ૬૮,૦૦૦ પર ઊતરી ગયું છે. એની ચિંતામાં આ અનુગામીનો પ્રશ્ન વળી વધુ ઉમેરો કરે છે. —'અખબારી કીટ'

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પરબ

'પરબ'નો સંબંધ છે સંસ્કૃત 'પ્રપા' સાથે, પણ તેનો વિકાસ નિયમિતરીતે થએલો નથી. અને અનિયમિતતા છે તે પણ બેવડી છે.

નિયમ પ્રમાણે વિકાસ થયો હોત તો આપણને 'પવ' એવું રૂપ મળત—અપભ્રંશમાં હકીકતે તે મળે જ છે, પણ તેને બદલે આપણી પાસે ગુજરાતીમાં તો 'પરબ' છે. જેમાં મૂળના પહેલા 'પ્ર' ને બદલે 'પર' છે, અને બીજા 'પ'કારનો 'બ'કાર થયો છે.

'પ્રવિષ્ટ'—'પેઠો', 'પ્રતિપદ'—'પડવો', 'પ્રસર'—'પસરવું' વગેરેમાં નિયમ પ્રમાણે 'પ્ર'ને બદલે 'પ' છે. પણ 'પ્રસ્વેદ'—'પરસેવો', 'પ્રાજન'—'પરોણો', 'પ્રોત'—'પરોવવું' જેવામાં 'પ્ર'ને માટે 'પર' છે. 'પરબ' આ વર્ગનો છે.

વળી 'દીપ'—'દીવો', 'તાપ'—તાવ', 'વાપી'—'વાવ' વગેરેમાં નિયમ પ્રમાણે 'પ' માટે 'વ' મળે છે. પણ 'શવ'—'શબ' જેવામાં, જૂની ગુજરાતી 'ગરબ' (=ગર્વ)મા અને 'ચરવી' માટે બીજી બોલીમાં મળતા 'ચરબી' ઉચ્ચારણમાં, શબ્દને છેડે 'વ'ને બદલે 'બ' મળે છે. 'પર્વ' ઉપરથી થએલા 'પરબ' શબ્દમાં પણ તેમ જ છે. તે જ પ્રમાણે 'પ્રપા'નું 'પરવ' નહિ પણ 'પરબ' એવું રૂપ આપણને મળ્યું છે.

પાણીની પરબ પ્રાચીન સમયથી આપણા ઉનાળુ જીવનનું—વિશેષે ગ્રામીણ વિસ્તારોમાં —એક જીવંત, રસિક અંગ બનેલી છે. પરબ ઉપર પાણી પાતી યુવતી—પ્રપાપાલિકા અને પ્રવાસી યુવાન વચ્ચેના દૃષ્ટિરાગને એક પ્રાકૃત ગાથામાં સુંદર અભિવ્યક્તિ મળી છે:

ઉદ્ધચ્ચો પિઅઈ જલં જહ જહ વિરલંગુલી ચિરં પહિઓ।
પાવાલિઆ વિ તહ તહ ધારં તણુઈ પિ તણુએઈ।।

'ઊંચી આંખે જોતો પથિક પહોળી આંગળીઓ રાખીને અંજલિથી જળ પીતાં જેમ જેમ વાર કરે છે, તેમ તેમ પરબવાળી બાળા પણ રેડાતા જળની પાતળી ધારને યે વધુ પાતળી કરે છે.'

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યનો નોબેલ પુરસ્કાર

સ્વીડનની અકાદમીએ આ વર્ષનો નોબેલ પુરસ્કાર બે યહૂદી સર્જકો—સ્મુએલ યોસેફ ઍગ્નન અને 'નાજુક નમણી, વૃદ્ધા રમણી' શ્રીમતી નેલ્લી સાશ વચ્ચે વહેંચી આપીને યહૂદી સંસ્કૃતિ અને તેની અપરાજેય શક્તિ પ્રગટ કરતા સર્જનનું બહુમાન કર્યું છે. હિબ્રૂ ભાષામાં વાર્તાઓ અને નવલકથાઓ લખતા, યહૂદી જીવનના ઉદ્‌ગાતા ઍગ્નનને આ પુરસ્કાર પ્રાપ્ત થયો છે, યહૂદી જીવનકલાને વિષય બનાવી વાર્તાકથન કરવાની ગહન સંવેદનાભરી એમની પરમ વ્યુત્પન્ન કલા માટે; અને નેલ્લી સાશને, યહૂદીઓની વેદના વ્યક્ત કરતાં વિશિષ્ટ પ્રકારનાં નાટ્યાત્મક ઊર્મિગીતો માટે.

ઍગ્નન

સ્મુએલ યોસેફ ઍગ્નનનો જન્મ ઈ. ૧૮૮૮ની ૧૭મી જુલાઈએ ઑસ્ટ્રો હંગેરિયન (હાલના પોલંડ)ના ગેલેસિયા પ્રદેશના બગ્ઝાક ગામમાં, યહૂદી પાદરી હોવા છતાં કાપડની ફેરી કરતા પિતા શાલોમ મૉર્ડેચી ત્ચાત્સ્કી (Shalom Mordechi Czaczkes)ને ત્યાં થયો હતો. હિબ્રૂ પ્રણાલીગત શાળામાં અભ્યાસ કરતાં કરતાં ઍગ્નને પિતા ને શહેરના પાદરી પાસે તાલમુડનો અને આપમેળે યાસિદિક સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. નવ વર્ષની નાની ઉંમરે હિબ્રૂમાં લખવાનું શરૂ કરનાર આ પ્રતિભાસંપન્ન સર્જકની પ્રથમ કૃતિ 'એ લિટલ હીરો' નામની કવિતા ૧૫ વર્ષની વયે પ્રસિદ્ધ થઈ હતી. સ્થાનિક ઝિઓનિસ્ટ (Zionist) સમાજમાં સક્રિય ભાગ લેતા અને સામયિકોમાં લેખો લખતા ઍગ્નન ૧૮ની વયે એક હિબ્રૂ સામયિકમાં જોડાવા લ્યોય (Lyoy) ગયા અને બે વર્ષ બાદ ઈ. ૧૯૦૮માં 'ઇરેત્ઝ ઈઝરાએલ' પત્રના તંત્રીખાતામાં જોડાવા વિયેના જવા ઊપડ્યા. થોડા સમયના જાફાના વસવાટ દરમિયાન એમણે દૂર વસતા યહૂદીઓ, યહૂદી જાતિની કાઉન્સિલ અને યહૂદી સંચાલિત કોર્ટ સાથે સંબંધ ધરાવતી હિબ્બાત ઝીઓન કમિટીના સેક્રેટરી તરીકે કામ કર્યું. ઇઝરાએલના વસવાટ દરમિયાન એમની પહેલી વાર્તા 'ઍગ્યુનોટ' (Agunot) 'ઍગ્નન' તખલ્લુસ સાથે પ્રસિદ્ધ થઈ.•

ઈ. સ. ૧૯૧૦માં તેઓ જેરૂસલેમ ગયા. ત્યાં લેખનકાર્ય ચાલુ રાખવા સાથે રાષ્ટ્રીય લાયબ્રેરીમાં સંશોધન કર્યું ને શહેરની યહૂદી જાતિઓનો અભ્યાસ કર્યો. ૧૯૧૩માં એ અભ્યાસાર્થે બર્લિન ગયા, જ્યાં શિક્ષણકાર્ય અને વિદ્વાનોને અભ્યાસસામગ્રી પૂરી પાડી આજીવિકા ચલાવતાં એમણે મર્હૂમ માર્ટિન બુબેર (Buber)ને યાસિદિક (Hassidic) વાર્તાઓનું સંપાદન કરવામાં સહાય કરી ને પોતાની વાર્તાઓ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરી. ત્યાર બાદ હિબ્રૂ ભાષાના અધ્યાપક તરીકે કામ કરતા ઍગ્નને ૧૯૧૯માં બર્લિનમાં જ ભેટેલી એસ્થર માર્ક્સ સાથે લગ્ન કર્યાં જેનાથી

ઍગ્નન



• એ તખલ્લુસ પણ એક પ્રસંગમાંથી ઉદ્‌ભવેલું હિબ્રૂ ભાષામાં 'અગ્યુનૉટ' એટલે પતિ મૃત્યુ પામ્યો ન હોવાથી પુનર્લગ્ન કરવા કે છૂટાછેડા મેળવવા અશક્ત એવી ત્યક્તા સ્ત્રી આવા, પત્નીને ત્યજી જનાર, યહૂદી પાદરીઓ માટે વાપરી શકાતો શબ્દ તે 'ઍગ્નન'. એ વાર્તા પ્રકટ થયા પછી એક વાર તે જેરૂસલેમની યુનિવર્સિટી લાયબ્રેરીમાં પુસ્તક લેવા ગયા ત્યારે લાયબ્રેરિયન તરીકે ત્યાં કામ કરતા યહૂદી રહસ્યવાદના પ્રો. ગેરશોમ સ્કોલેમે એમની સહી મૂળ નામથી– એસ. વાય. ત્ચાકીસક' તરીકે જોઈ..એટલે એણે, સ્મુએલને અજાણ્યા લેખીને લાયબ્રેરીના નિયમ પ્રમાણે જામીનગીરી આપવાની માગણી કરી. નોકરશાહી કડકાઈવાળા આ લાયબ્રેરિયનને, જ્યારે સ્મુએલ યોસેફે 'ઍગ્નન' નામથી સહી કરી ત્યારે તેને જામીનની જરૂર ન લાગી! 'ત્યારથી પછી', સ્મુએલ લખે છે કે 'મેં મારા ઉપનામ તરીકે 'ઍગ્નન' શબ્દ કાયમ માટે ચાલુ રાખ્યો.'

એમને શ્રીમતી એમુનાહ યારોન નામે પુત્રી અને હેમ્દાત નામે પુત્ર એમ બે સંતાન થયાં.

ઈ. સ. ૧૯૨૪માં જેરૂસલેમ પાછા ફરીને ૧૯૨૭થી એ હાલ જ્યાં વસે છે એ તાલ્પી ઓટમાં સ્થાયી થયા. ૧૯૨૯માં અરબોના હુલ્લડમાં એમનું મકાન લૂંટાઈ જતાં નવું મકાન બંધાવવાનો નિર્ણય કર્યો પણ એમ કરતાં પહેલાં ઉપર્યુક્ત બનાવના આઘાતથી બીમાર થઈ ગએલી પત્નીને બાળકો સાથે શ્વસુરગૃહે જર્મનીમાં મૂકી આવી, તેઓ જર્મની અને ગૅલિસિયાના યહૂદીવાસિત વિસ્તારોની સફરે ઊપડ્યા. એ પ્રવાસના અનુભવોના પરિપાક રૂપે એમણે ૧૯૩૨માં જેરૂસલેમ પાછા ફર્યા બાદ 'હારેત્ઝ' સામયિકમાં ઓરિચ નાટા (એ ગેસ્ટ ફૉર ધ નાઇટ) નામની ધારાવાહી નવલકથા શરૂ કરી.

ઈ. ૧૯૩૬માં એમને 'જ્યૂઈશ થીઓલૉજિકલ સેમિનરી' તરફથી ડૉક્ટરેટની ઉપાધિ એનાયત થઈ. તલ-અવિવ મ્યુનિસિપાલિટીએ એમને ઈ. ૧૯૩૫ અને '૫૧માં 'બિઆલિક પારિતોષિક' અને ૧૯૫૦ તથા '૫૮માં ત્યાંની સરકારે 'ઇઝરાએલ પારિતોષિક' આપેલાં. ૧૯૬૩માં એમને ન્યૂ યૉર્ક યુનિવર્સિટીની હિબ્રૂ અભ્યાસ માટેની સંસ્થાનું 'ઇરવિંગ ઍન્ડ બર્થા ન્યૂમન'નું પ્રથમ ઇનામ મળેલું; ને '૬૨માં એમને જેરૂસલેમના ૧૧મા સ્વતંત્ર માનવી જાહેર કરવામાં આવેલા. ત્યાંની મ્યુનિસિપાલિટીએ એમના લત્તામાં 'શાંતિ! ઍગ્નન લખી રહ્યા છે' એવું પાટિયું લગાવી એમને સવલત આપી છે.

પોતાના આયુષ્યકાળ દરમિયાન જ 'ક્લાસિક' (પ્રશિષ્ટ) ગણાવું એ કોઈ પણ લેખકની વિશિષ્ટ અને અનન્ય પ્રતિભાનો પુરાવો છે; પણ ઍગ્નન તો એથી યે વિશેષ નોંધપાત્ર સર્જક છે. એક પેઢીથી પણ વધારે સમય સુધી પુરાણકથાના પાત્ર જેવા ગહન રહેલા ને ૭૭ની વયે પણ માત્ર નવી વાર્તાઓ લખવામાં જ નહિ પણ અત્યાર સુધી અપ્રગટ રહેલાં લખાણને ફરીફરી સુધારવામાં અવિરત ઉત્સાહ બતાવતા ઍગ્નનની વાર્તાઓનું મુખ્ય આકર્ષણ એમના વિષયો છે.

એમની ઘણી વાર્તાઓનાં મૂળ છે એમના વતન ગૅલેસિયાનાં બાળપણનાં સંસ્મરણો. પૂર્વ યુરોપના યહૂદી લોકોના જીવનનાં આધ્યાત્મિક ઊંડાણ ને સમૃદ્ધિ. એને લગતી પુરાણકથાઓ અને લોકકથાઓ, માનવ સંબંધોની ઉષ્મા, સાદાઈ, ભક્તિ, શ્રદ્ધા, વિદ્યાપ્રેમાદિ એમની આ પ્રકારની વાર્તાઓની પશ્ચાદ્‌ભૂમિમાં રહેલાં તત્ત્વો છે. જૂના જીવન માટેની આરઝૂ ને વતનપ્રેમ વ્યક્ત કરતી એ વાર્તાઓ ઍગ્નનની કલાની ઉત્તમતાને લીધે જૂનવાણી કે માત્ર પરીકથાઓ બની નથી. બીજા પ્રકારની એમની વાસ્તવલક્ષી વાર્તાઓમાં આ સદીના પહેલા દાયકામાં ઈઝરાએલમાં વસેલા, કે પહેલા વિશ્વયુદ્ધમાં ભીષણ હત્યાકાંડનો ભોગ બનેલા યહૂદીઓનું જીવન આલેખાયું છે. બંને પ્રકારની વાર્તાઓમાં ચિત્રાત્મકતા ને કાવ્યત્વ રહેલાં છે. અનેક ઉપકથાઓવાળી અને યહૂદી જીવનનાં વિવિધ પાસાંઓનું ભાતીગર દર્શન કરાવતી એ વાર્તાઓમાં વેતનથી વિખૂટા પડેલા નિર્વાસિત યહૂદીઓનો વતનપ્રેમ આલેખાયો હોવાથી તે ખૂબ લોકપ્રિય બની છે.

પણ ઍગ્નનની વાર્તાઓમાં બીજું પણ એક તત્ત્વ છે, જે એમની લોકપ્રિયતાનું મહત્ત્વનું કારણ બને છે. ભૂતકાળના ભવ્ય, ધાર્મિક ને સુખી જીવન પ્રત્યે પ્રેમ હોવા છતાં ઍગ્નન હિબ્રૂ સાહિત્યના કોઈ પણ સમકાલીન સર્જક કરતાં વર્તમાન સાથે વધારેમાં વધારે સંવાદી રહ્યા છે. એમની વાર્તાઓ દુઃસ્વપ્ન, અપરૂપ અને રહસ્ય તથા કોયડાભર્યા–અર્ધ જાદુભર્યા–વાતાવરણવાળી છે. આપણા આધુનિક પરિવર્તિત જગતની વેદનાઓ ને અશ્રદ્ધા એમની આ પ્રકારની વાર્તાઓમાં પ્રતીકાત્મક કે રૂપકાત્મક રીતે, ભય દર્શાવતા ભયાનક દુઃસ્વપ્નોના રૂપમાં અભિવ્યક્ત થઈ છે.

ભાષા અને વિષય, ઉભયની દૃષ્ટિએ ઍગ્નનની વાર્તાઓ બંને ભિન્ન સ્તરોથી માણી શકાય છે. પ્રાકૃત વાચક માટે એ સુંદરરીતે કહેવાએલી, તે હૃદયસ્પર્શી લોકવાર્તા જેવી બની રહે છે; પણ રહસ્યપારખુ વાચક એની હચમચાવી નાખતી ગહનતા સમજે છે, જે એક અનનુકરણીય, નાજુક રંગના સ્પર્શવાળા તદ્દન જુદા જ તત્ત્વની બનેલી છે.


વાસ્તવ સાથેનું પ્રામાણિક અનુસંધાન ઍગ્નનના ઉત્તમ સર્જનનું કાયમી પ્રેરક બળ રહ્યું છે. સંવેદનશીલ વાચક એમના સર્જનમાં અનુભવાતા અર્થના તીવ્ર વ્યંગથી, નિષ્ફળ વતનપ્રેમના અતિરેકથી, કેફભરી તરંગી ચિત્રમાળાથી, ને આ સૌને પોષનાર પ્રણાલીગત સૃષ્ટિ નાશ પામી છે એવા ખયાલ સાથેની ભંગાર જાગૃતવસ્થાના ચિત્રણથી મુક્ત રહી શકતો નથી. બે પેઢીની વિચારસરણીના તુમુલ યુદ્ધ વચ્ચે રહેલી ઍગ્નનની કલાવિષયક સ્વ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : **ચંપકલાલ મહેતા**



ચન્દ્રવદન મહેતા



૧) પરદેશની રંગભૂમિમાં કયાં વિશિષ્ટતા લાગેલી?
પૂર્વ ને પશ્ચિમ જર્મનીમાં નાટકશાળા સુંદર; ઇંગ્લંડમાં અભિનય ચડી જાય; નાટકના લેખકો તો બસ ફ્રાંસના.

૨) તમે રંગભૂમિના મંચ પર કેટલી વાર ઊતર્યા? કયો પાઠ ભજવતાં વધારે આનંદ આવેલો?
પંચોતેર વાર. 'મૂગી સ્રી'માં જજ ખાનબહાદુર ખરશેદજી ખરખરિયા હું બન્યો ત્યારે મને વધારે મજા આવેલી.

૩) તમને તમારી કઈ કૃતિ ગમે, અને તે શાથી?
'આગગાડી', કેમ કે સાહિત્યમાં સાચો ચંચુપાત એણે કરાવ્યો, સાહિત્યસૃષ્ટિમાં ખ્યાતિ એણે અપાવી.

૪) રેડિયોમાં વધુ આકર્ષણ આણવા શું કરવું જોઇએ?
બી.બી.સી.ની માફક સરકારના કરમાંથી સ્વતંત્ર થાય તો અનેક રીતે મનોહર બને.

૫) તમારો જીવનસંદેશ?
'લિવ ડેન્જરસલી'—ખડિયામાં ખાપણ રાખીને. જીવો.

૬) તમને સાહિત્યની ઘેલછા કોણે લગાડી? કયારે?
પંદરમે વર્ષે. સૂરતમાં શિક્ષક શ્રી એમ. એમ. મૂળાણીએ. નરસિંહરાવની 'કુસુમમાળા' એ શીખવતા. ત્યારથી ચસકો લાગ્યો.

૬) કાવ્યોમાં પ્રધાનપણે શું જોઇએ?
ઊર્મિ તત્ત્વ, કલ્પનાશીલતા ને વિચારસામર્થ્ય એ ત્રણેયનો સુમેળ.

૮) પશ્ચિમના તમારા પ્રિય કવિ? શેલી.

૯) ગુજરાતના પ્રિય કવિ? નાનાલાલ.

સ્થતામાં અને કલાત્મક પૂર્ણતા માટે એમણે કરેલા સમર્પણમાં એમની મહત્તા રહેલી છે. વર્ષોના કલાકસબના મહાવરાથી એમણે પોતાની આગવી શૈલી વડે બે ભિન્ન સમયનાં વિશ્વોને એક અખંડિતતામાં સમરસ કર્યાં છે.

વિવિધ શૈલીના પ્રયોગકાર ઍગ્નનની પ્રશંસા અનેક વિવેચકોએ કરી હોવા છતાં વિશિષ્ટ હિબ્રૂ સાહિત્યશૈલીને લીધે બહારનું જગત એમનાથી સાવ અનભિજ્ઞ જ રહ્યું છે. પરિણામે જગતની ઓછી જાણીતી ભાષાઓના સર્જકોનું દુર્ભાગ્ય આજ સુધી એમને પણ નડ્યું હતું. 'ઇશ્વર સાથે મેં કરાર કર્યો છે કે હું જે ભાષાઓ શીખ્યો નથી તે દરેક માટે એ મને હિબ્રૂ ભાષાના થોડા વધુ શબ્દો આપશે' એમ કહેનાર આ હિબ્રૂપ્રેમી સર્જકની કૃતિનો અનુવાદ કરવો અઘરો હોવા છતાં અનુવાદ કરવા લલચાવે એવા એ સમર્થ લેખક છે.

આપણી સદીના ઘણા ઓછા લેખકો એમના જેટલી કુશળતાથી વાર્તાકથન કરી શકે છે. નિરાલંબ બુદ્ધિવાદીઓના છિન્નભિન્ન માનસનું આલેખન કરતા હોય કે યહૂદી લોકજીવન અને લોકસંસ્કૃતિની રંગદર્શી ઝાંખી કરાવતા હોય, ગંભીર મિજાજમાં હોય કે હળવા હોય, પણ એ ઉત્તમ કલાકસબી જ હોય છે. કલાદૃષ્ટિએ ન જોઇએ તો પણ તેઓ, માત્ર યહૂદીઓ માટે સીમિત નહિ એવી આપણા યુગની સાંસ્કૃતિક કટોકટીનું કલાત્મક અર્થઘટન કરનાર છે. વિશેષે યહૂદી સમાજમાં કાર્ય કરતા હોવા છતાં એમના નાયકો ને ખલનાયકો વિશ્વવ્યાપી પ્રશ્નોના ઉકેલ શોધવા મથી રહેલા દેખાય છે.

એમના વિષય આધ્યાત્મિક વૈમનસ્ય અને નોકરશાહીની જડતા-અમાનવતા સાથે સંબંધ ધરાવતા હોવાથી ઍગ્નનને કાફકા સાથે સરખાવવામાં આવે છે—અરે, એનું અનુકરણ કરતા હોવાનો આરોપ પણ મૂકવામાં આવે છે. પણ કાફકાની જાણીતી કૃતિ 'મેટામૉર્ફોસિસ'ની પ્રસિદ્ધિ અગાઉનાં પાંચ વર્ષ પૂર્વે ઍગ્નનની એ પ્રકારની વાર્તાઓ યિદ્દિશ ભાષામાં લખાઈ ગઈ હોવાથી અસરનો પ્રશ્ન રહેતો નથી; અને વસ્તુત: તો ઍગ્નન અને કાફકા બંને જર્મનરોમૅન્ટિસિઝમમાંથી ઊતરી આવેલી મધ્ય યુરોપિયન શૈલીના સહસર્જકો હોઈ સામ્ય તદ્દન સ્વાભાવિક છે. પણ આધ્યાત્મિકતા સાથે સંબંધ ધરાવતા, ને સર્જક ચિત્તની મૂંઝવણ દર્શાવતી તંગ છિન્નભિન્ન ગદ્યશૈલીના આ સર્જકોમાં ઍગ્નનની વાર્તાઓ કાફકા કરતાં વધારે સઘન અને એમાંનો વ્યંગ વધારે સૂક્ષ્મ છે,—જેમ જેરૂસલેમના
૧૧૫ ('કુમાર' અંક ૫૧૯)

આ નિવાસીમાં યહૂદી સંસ્કૃતિની સંપન્નતા છે.

ઍગ્નનની અંગ્રેજીમાં અનુવાદિત થએલી The Bridal Canopy (૧૯૩૭), Books, Writers and Stories (૧૯૩૮), A Guest For a Night (૧૯૪૦), The Heart of the Seas (૧૯૪૮), Day of Awe (૧૯૪૮), Only Yesterday (૧૯૬૬) આદિ ઉપરાંત સોળેક ભાષાઓમાં અનૂદિત બીજી અનેક કૃતિઓ છે. એ સિવાય યુદ્ધોમાં નાશ પામેલું સાહિત્ય પણ વિપુલ હતું.

A Guest for a Night (એક રાતના મહેમાન)માં એક અનામી પ્રવાસી લાંબો કાળ દેશવટો ભોગવી, જ્યાં પોતે યુવાની પસાર કરેલી એવા વતનમાં શાંતિ મેળવવા આવે છે, પણ વતનને એક ખંડેરમાં બદલાએલું જોઈ નિરાશ થઈ જાય છે અને એનો વતનપ્રેમ એક ભયાનક દુ:સ્વપ્નમાં પરિણમે છે. The Bridel Canopy ૧૮મી સદીના ગેલેસિયાના સુખી ને સમૃદ્ધ યહૂદી જીવનની ચિત્રાત્મક કહાણી છે. Only Yesterdayમાં યહૂદીઓની જાતિભાવના તથા પવિત્ર યહૂદીઓના અર્થહીન તરંગીપણાની હાંસી ઉડાવી એના નાયકને કૂતરાના મોતે મરવા દઈ વિશ્વના દિવ્ય નિયામકનો પણ અસ્વીકાર કર્યો છે.

હૅપ્સબર્ગ સામ્રાજ્યના અંતિમ દિવસોના શાંત વાતાવરણમાં ઉછરેલા ઍગ્નનમાં એમની પાછલી અવસ્થાના અનુભવે જન્માવેલી કટુતા એમને અર્વાચીન બનાવે છે, છતાં જીવનના કોયડા ઉકેલવાનો આડંબર કર્યા વિના-જે કલાકારનું કામ પણ નથી-તેઓ સંતોષપ્રદ જીવનસૂત્રો આપી શક્યા છે. ખરેખર તો ઍગ્નન હિબ્રૂ ભાષાના પુનરુદ્ધારક છે. એમનું સર્જન આપણા અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નો માટેની સમજની પુનર્જાગૃતિરૂપ છે.

નૉબેલ પુરસ્કારનાં બીજાં ઇઝરાએલી વિજેતા નેલ્લી સાશ



ઍગ્નનનાં સહભાગી પારિતોષિક-વિજેતા નેલ્લી સાશનો જન્મ ઈ. ૧૮૯૧ની ૧૦મી ડિસેંબરે બર્લિનમાં થયો હતો. ઈ. ૧૯૨૧માં એમની પ્રથમ કૃતિ 'લીજેન્ડ્ઝ ઍન્ડ ટેઈલ્સ' પ્રસિદ્ધ થઈ અને હિટલર સત્તા ઉપર આવ્યો એ પૂર્વે તો તે પોતાનાં ઊર્મિકાવ્યો ઉપરાંત જર્મન સાહિત્યનાં સામયિકોમાં નિયમિત પ્રસિદ્ધ થતાં નાટકો ને નિબંધોથી નોંધપાત્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી ચૂક્યાં હતાં. પણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થએલા નાઝી અત્યાચારોથી અન્ય બુદ્ધિજીવીઓ સાથે એમને પણ જર્મની છોડવું પડ્યું, ને તે સ્વીડનના પ્રિન્સ યૂજીન તથા ૧૯૦૯માં સાહિત્યનો નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર વિખ્યાત નવલકથાલેખિકા સેલ્મા લૅગરલૉફના આશ્રયે સ્ટૉકહૉમમાં રહ્યાં. આ સમય દરમિયાન એમણે કેટલીક સ્વીડિશ કવિતાઓનો જર્મનમાં અનુવાદ કરીને જર્મનોને મુગ્ધ કરી દીધા.

In the House of the Dead અથવા Habitations of Death (૧૯૪૭). Eclipse of the Stars (૧૯૪૯), Nobody Knows Anything (૧૯૫૭) ને Flight and Metamorphosis (૧૯૫૭) એમના જાણીતા કાવ્યસંગ્રહો છે; તો Night-watch, Abraham in Salt, Simson Fall through the Centuries, The Magic Dancer અને What is Sacrifice આદિ એમનાં સુવિખ્યાત નાટકો છે.

હિટલરે યહૂદીઓ પર ગુજારેલા અમાનુષી અત્યાચારોના સાક્ષી નેલ્લી સાશની કવિતાનો મુખ્ય વિષય એ સિતમો જ બન્યો છે. સાઠ લાખ યહૂદીઓની નૃશંસ હત્યા, એમનો સ્વદેશત્યાગ, નાઝી બંદિ-શિબિરના અત્યાચારો આદિનું કરુણતાપૂર્ણ ગીતોમાં બયાન કરતાં નેલ્લી સાશની ધર્મશ્રદ્ધા અવિચલિત છે. એથી એમનાં કેટલાંયે કાવ્યોમાં બાઇબલની સનાતન વાણીનો રણકો સંભળાય છે. હિટલર યોજિત ગૅસચેમ્બર ને વિદ્યુતચિતામાં ભસ્મીભૂત થઈ ગએલ યહૂદીઓનાં સ્વજનોના આર્ત ચિત્કાર ને નિ:શ્વાસવ્યક્ત કરતી એમની કવિતામાં સારા યે વિશ્વની પીડિત પ્રજા પ્રત્યેની અનુકંપા ગુંજે છે, છતાં એમનાં આશાવાદ ને શ્રદ્ધા અદ્ભુત રીતે ટકી રહ્યાં છે.

હોલ્ડરલિન, નૉવિસ અને રિલ્કે જેવા મહાન કવિઓનાં કળાકૌશલનું દર્શન કરાવતી, જર્મન ભાષાના માધુર્યથી સભર એમની કેટ-

અતીતનાં પુષ્પો

પદ્મશ્રી ચન્દ્રવદન મહેતા

ધનસુખલાલ મહેતા

ચન્દ્રવદન ઘણી નાની વયે ઝળક્યા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં હતા ત્યારે દવા વેચનારની ભૂમિકા ભજવી શ્રેષ્ઠ ઈનામ જીતી ગએલા. બીજા કવિઓથી જુદી જ કેડી પાડ ને ભાઈ-બહેનનો પ્રેમ વિશિષ્ટ રૂપે 'ઈલા કાવ્યો'માં ગાયો. ૧૯૨૦માં જૂની રંગભૂમિની અનેક ખામી જોઈ બંડ કરી નવી રંગભૂમિ સ્થાપી.

લગભગ એ જ સમયે મુનશીજીએ પણ એ જ પ્રવૃત્તિમાં ઝુકાવ્યું અને લગભગ વીસ વર્ષ સુધી એ બંને મહારથીઓએ એ નવી રંગભૂમિને મ્હલાવી, રમ ડી, વિકસાવી. પણ બંનેએ એક જ પણ લીધેલું : ચન્દ્રવદન પોતાનાં જ નાટકો ભજવે, મુનશીજી સ્વંસર્જનને જ રંગમંચ પર રજૂ કરે. પરિણામે એમને વીસ વીસ વર્ષોનો 'ડિક્ટેટરશિપ'નો લ્હાવો મળ્યો હોવા છતાં જોઈએ તેવું ફળ મેળવી શક્યા નહિ.

૧૯૪૦માં એ બંન એ ક્ષેત્રમાંથી નિવૃત્ત થયા; પણ ચન્દ્રવદને પોતાની કલમ 'ફ્રીઝ'માં મૂકી દીધી નહિ. લાંબે ગાળે પણ એ નાટક લખી નાખતા રહ્યા છે અન એ નાટકો લાંબે લાંબે ગાળે ભજવાયાં પણ કરે છે.

ચન્દ્રવદન જ્યારે નાટકો ભજવતા ત્યારે એમનું પ્રિય નાટક તે 'આગગાડી'. તેમાં એમણે જેટલા સાહિત્યકારોને રંગમચ પર અફીણ ઉતારેલા તેટલા બીજા કોઈ પણ નાટકમાં ઊતર્યા નથી અને હવે ઊતરશે પણ નહિ.

ચન્દ્રવદન ૧૯૪૦ સુધી તો કવિ હતા, નાટ્યકાર હતા; પણ ગદ્ય એમણે ખેડ્યું ન હતું. ધનસુખલાલને પચાસ વર્ષ પૂરા થયા અને તોયે જીવતા રહ્યા એટલે કલમ મંડળે એક નવી જ પદ્ધતિના નાટક દ્વારા 'ધનસુખ-રંગલીલા' ઊજવી; એની પ્રસ્તાવના ચન્દ્રવદને લખી, હું તે વાંચીને સ્તબ્ધ જ થઈ ગયો ! મેં એમને કહી નાખ્યું કે, 'ચન્દ્રવદન, તમે કવિ છો, પણ જો ગદ્યમાં લખતા થાઓ તો કવિ તરીકે તમને ખ્યાતિ મળી તેના કરતાં વધારે ખ્યાતિ ગદ્યકાર તરીકે મળશે; મારી ખાતરી છે.'

મેં આમ કહ્યું તેથી જ ચન્દ્રવદને એમની, હવે તો સારાયે ગુજરાતમાં મશહૂર, 'ગઠરિયાં' લખવાની શરૂ કરી એમ હું કહેતો નથી; પણ એટલું તો જરૂર કહી શકું છું કે મારા આમ કહેવા પછી જ થોડા જ વખતમાં એમની 'ગઠરિયાં' શરૂ થઈ. અને પ્રથમ પંક્તિના ગદ્યકાર તરીકે એમને સ્થાન મળ્યું.

ત્યાર પછી ગુજરાતના જ નહિ પણ સારા હિંદુસ્તાનના રંગભૂમિના પ્રતિનિધિ તરીકે એમણે અત્યારનવાર યુરોપમાં ભ્રમણ કર્યું છે અને ત્યાં અનેક ઉજ્જ્વલ કામગીરી કરી બતાવી છે. ધીમેધીમે બહારના માણસોને પણ જાણ થઈ કે હિંદુસ્તાનની રંગભૂમિ વિષે સાચો જાણકાર હોય તો તે છે સી. સી (ચં. ચી.) પરિણામે આ વખતે એ, મિશિગન યુનિવર્સિટીમાં નવ માસની મુદત દરમ્યાન હિન્દી રંગભૂમિ વિષે ભાષણની હારમાળા આપવા ઊપડી ગયા છે અને આ રીતે, એક અંગ્રેજી ઉક્તિનો ઉપયોગ કરું તો, 'એમની ટોપીમાં (જોકે હવે તો સોમાંથી નવ્વાણુ માણસો ટોપી પહેરતા જ નથી) એક નવું પિચ્છ, અને તે પણ સરસ પિચ્છ, ઉમેરાયું છે.'

એમનો જન્મ ૧૯૦૧માં, એટલે અત્યારે એમને ૬૬ વર્ષ થયાં; પણ એમની શક્તિઓ જોતાં એ હજી પચાસની અંદર રમ્યા કરે છે એમ જ લાગે. એમનો ઉત્સાહ અદમનીય છે, ને કામ કરવાની ધગશ પારાવાર છે, એટલે હજી એઓ ઘણુંઘણું કરવા નિર્માયા છે એમ લાગે છે. આવે વખતે સરકારે એમને 'પદ્મશ્રી'-નો ઈલકાબ આપ્યો તે યોગ્ય જ થયું છે. જો કે વહેલો આપ્યો હોત તો યોગ્યતર થાત.

એમના પ્રિય 'કલમમંડળ'ના આજીવન પ્રમુખ તરીકે અને એ મંડળના સૌથી વૃદ્ધ સભ્ય તરીકે એમને હું અંતઃકરણથી આશિષ આપું છું કે એ ખૂબ ખૂબ કામ કરે અને ભવિષ્યમાં 'પદ્મભૂષણ'નો ઈલકાબ પણ તેમને મળે.

ણીક રચનાઓમાં યહૂદી ધર્મનાં રહસ્યમય પ્રતીકોની ઝાંખી થાય છે; તો બીજા વિશ્વયુદ્ધ પછી રચાએલાં એમનાં કાવ્યો સામૂહિક હત્યાનાં દર્દગીતો બન્યાં છે. ભસતા અને કરડતા કૂતરા (નાઝીઓ), ધુમાડા (ગૅસ ચેમ્બર), ભસ્મ (વિદ્યુત્ ચિતા), રેતી (અનંત કાળ) પતંગિયાં (ઉલ્લાસ) આદિ વિભન્ન પ્રકારનાં પ્રતીકો એમની કવિતામાં જોવા મળેછે.

ગયા વર્ષે જ જર્મનીના પુસ્તકવિક્રેતા સંઘ તરફથી 'શાન્તિ પુરસ્કાર' પ્રાપ્ત કરનાર અને પોતાનાં સ્વજનો નાઝીઓના બંદીશિબિરમાં મૃત્યુ પામ્યાં હોવા છતાં વર્તમાન જર્મન નાગરિકોની સજ્જનતા ને વિવેક પર શ્રદ્ધા રાખી એમના માટે સદ્ભાવ ધરાવનાર આ વિદુષી મહિલાને એમના સર્જન માટે ઘણાં સ્વીડિશ, જર્મન અને આંતરરાષ્ટ્રીય પારિતોષિક મળ્યાં છે. એમની ૭૦મી વર્ષગાંઠે પશ્ચિમ જર્મનીના ડોર્તમંડમાં યુવાન લેખકોને સહાયક કરવા એમના નામે એક ફંડ કરવામાં આવેલું.

પયગંબરોના પ્રદેશ તરીકે જ નહિ પણ જ્યાં નિર્વાસિત યહૂદીઓ પોતાનાં ઘર બાંધી રહ્યા છે એવા દેશ તરીકે ઈઝરાએલ માટે નેલ્લી સાશાના દિલમાં ઊંડી લાગણી છે—જે પોતાના નિરાશ્રિતપણામાંથી ઉદ્ભવી છે.

અત્યંત સાદુ ને ધાર્મિક જીવન જીવતાં આ નમ્ર ને ગંભીર, શુભ્રકેશી મહિલાને જ્યારે પૂછવામાં આવ્યુ કે તમે ૧૦,૦૦૦ પાઉંડના આ પુરસ્કારનો શો ઉપયોગ કરશો, ત્યારે એમણે કહ્યું : 'હું જેમને સહાય કરી શકું એવાં ઘણાં લાયક માણસો મારા ધ્યાનમાં છે.'

અનુવાદક્ષેત્રની તાલીમ

ઈઝરાએલે આજે વિજ્ઞાનના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ મેળવી છે, કારણકે ત્યાંના સમગ્ર હવામાનમાં જાણે વિજ્ઞાન સીંચાઈ ગયું છે. આનું એક કારણ ત્યાં વૈજ્ઞાનિક સાહિત્યનો આશ્ચર્યજનક પ્રમાણમાં થતો અનુવાદ છે. એ કામ કરાવતી ઈઝરાએલની પ્રકાશનસંસ્થા દુનિયાભરની એવી સંસ્થાઓમાં સૌથી મોટી છે! ત્યાં ૪૦૦ તો તાલીમબદ્ધ અનુવાદકો છે. (જે અમેરિકાના વિવિધ ભાષાવિજ્ઞાનીઓ જેટલા જ છે) વિવિધ પ્રજાને લીધે ઈઝરાએલમાં આજે ૭૦ ભાષાઓ બોલાય છે ને વિશ્વની વૈજ્ઞાનિક સાહિત્ય સર્જતી અંગ્રેજી, રશિયન, જર્મન, ફ્રેન્ચ, ઈટાલિયન સ્પૅનિશ, ચીની, જાપાની આદિ મુખ્ય ભાષાઓમાંથી એ સિત્તેરે ભાષાઓમાં અનુવાદો થાય છે!

આની સરખામણીએ આપણી પ્રગતિ નિરાશા પ્રેરે એટલી મંદ છે. વૈજ્ઞાનિક વાઙમયનો અનુવાદ કરવામાં માત્ર બંને ભાષાઓનું રૂઢિપ્રયોગો ને પારિભાષિક શબ્દો સાથેનું જ્ઞાન હોય એટલું જ બસ નથી. એની સાથે યોગ્ય વૈજ્ઞાનિક પશ્ચાદ્ભૂ પણ હોવી જરૂરી છે. આ બંને શક્તિ ધરાવતા માણસો ભારતમાં બહુ ઓછા મળી આવે છે, અને એથી જ તો, તેર વર્ષ પહેલાં નવી દિલ્હીમાં સ્થપાએલા 'ઇન્ડિયન નૅશનલ ડૉક્યુમેન્ટેશન સેન્ટરે' ખાસ પ્રગતિ બતાવી નથી. ભાષામાં રસ લેતા અને એના પર પકડ ધરાવતા વિજ્ઞાનના વિદ્યાર્થીઓને અનુવાદક તરીકે કારકિર્દી જમાવવા પ્રોત્સાહિત કરવા જોઇએ. (ટા. ઈ.)

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કંપની · પબ્લિશર્સ
પ્રા. લિ. કાલબાદેવી રોડ · મુંબઈ-૨

ન્યાયદંડ : પતિને સજા કરનાર ન્યાયાધીશને પોતાની બાળકી સોંપી સ્ત્રીએ વિદાય લીધી. પણ પછી એ બાળકી પિતાને પાછી સોંપતાં ન્યાયાધીશની ન્યાયવૃત્તિની થતી આકરી કસોટીનું દિલને જકડી રાખે એવું આલેખન કરતી બંગાળી લેખક શ્રી 'જરાસંધ'ની વધુ એક પ્રાણવાન કૃતિનો શ્રી નગીનદાસ પારેખે કરેલો અનુવાદ. પૃ. ૩૩૯; પાકું પૂઠું; રૂ. ૭.

બંદિની : સંજોગવશાત્ અપરાધ કરી બેઠેલી, સમાજના મધ્યમ વર્ગની હીના અને કૃષ્ણા નામની બે યુવતીઓના કરુણ જીવનનું આલેખન કરતી શ્રી 'જરાસંધ'ની પુરસ્કારિત વિખ્યાત કૃતિ: અનુ. શ્રી ટોપણ દયાળજી વેલાણી. પૃ. ૩૪૪; પાકું પૂઠું; રૂ. ૭.

સોનેરી ભમરો : અમેરિકન લેખક એડગર ઍલન પોની 'ગોલ્ડ બગ' નામની, ગુપ્ત સંજ્ઞાઓવાળા એક દસ્તાવેજના આધારે કીમતી ખજાનાની શોધમાં રઝળપાટ કરતા શેઠ-નોકરનાં પરાક્રમો તથા છબરડા વર્ણવતી, રસભરી કથાનું શ્રી જેઠાલાલ સોમૈયાએ કરેલું આ રૂપાંતર કિશોરો ને યુવાનોને આકર્ષી શકે એવું છે. પૃ. ૮૩; રૂ. ૧·૫૦.

ડૉક્ટર : નોબેલ પારિતોષિક-વિજેતા પ્રથમ અમેરિકન લેખક સિંક્લેર લૂઈની, 'અમેરિકાના ભ્રષ્ટ અને બાધાઈભર્યા જનસમાજની વચ્ચેના એક પ્રામાણિક આદમીના રઝળપાટ'ની કહાણી આલેખતી, કશા ચોક્કસ કથાવસ્તુ ને શૈલીના ઢાંચા વિનાની નૉવેલ 'ઍરોસ્મિથ'નો શ્રી જયંતી દલાલે કરેલો અનુવાદ. પૃ. ૫૧૨; પાકું પૂઠું; રૂ. ૬.

વાદળ વરસ્યાં નહિ : વિક્ટર હ્યૂગો જેવાના મુખે 'જગતના સર્વશ્રેષ્ઠ નવલકથાકાર'નું બિરુદ પામેલા અમેરિકન નવલકાર જેઈમ્સ ફેનીમોર કૂપરની 'ધ પાથફાઈન્ડર' નામની, આરણ્યક જીવનને અંજલિ આપતી જાણીતી નૉવેલનો શ્રી હરીન્દ્ર દવેએ કરેલો રોચક ને આસ્વાદ્ય અનુવાદ. પૃ. ૩૧૯; રૂ. ૬.

જવાહરલાલની આત્મકથા : સ્વ. શ્રી મહાદેવભાઈ દેસાઈએ અંગ્રેજી પરથી કરેલા અનુવાદના, શ્રી શાંતિલાલ ટગલીએ 'ગ્રંથ' માસિકના નેહરુ વિશેષાંક માટે કરેલા સંક્ષિપ્તીકરણનું આ પ્રવેશ સ્વરૂપ, આખી આત્મકથા વાંચવાની પ્રેરણા આપી શકે એવું રોચક બન્યું છે. પૃ. ૯૮; કાચું પૂઠું; રૂ. ૧-૫૦.

શહીદનાં સપનાં : શૌર્ય ને સ્વાર્પણનાં ઉત્તમ ઉદાહરણો પ્રેરણાત્મક રીતે પૂરાં પાડતી શ્રી રસિક મહેતાની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૧૨૦; કાચું પૂઠું; રૂ. બે.

મુક્ત જનોની ભૂમિ : અમેરિકાની શોધ થઈ ત્યારથી, આજ સુધીમાં બનેલી પ્રમુખ ઘટનાઓનું બયાન આપતી તેમજ વૉશિંગ્ટન, લિંકન, રાઈટ બંધુઓ, એડિસન, રૂઝવેલ્ટ આદિ અમેરિકન જ્યોતિર્ધરોનું ચરિત્રનિરૂપણ કરતી ઐતિહાસિક કૃતિ. મૂળ લે. એનિ દ લા મૉન્ટે મીડોક્રૉફ્ટ, અનુવાદક: વિનોદિની નીલકંઠ. પૃ. ૧૩૬; રૂ. ૨.

આર્થિક વિકાસનું દર્શન : આર્થિક વૃદ્ધિ અને સ્વાતંત્ર્ય વિષેના આ પુસ્તકમાં અમેરિકન અર્થતંત્રને એના વાસ્તવિક સ્વરૂપમાં—એની સિદ્ધિઓ અને મર્યાદાઓ સાથે—વર્ણવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અવિકસિત-અર્ધવિકસિત દેશોને બોધક થઈ પડે એમ હોઈ આદરણીય છે. મૂળ લે. જેમ્સ ડી. કેલ્ડરવૂડ, હૅરૉલ્ડ જે. બિયેનવેનુ, અનુ. રમેશ મ. ભટ્ટ. પૃ. ૧૪૭; રૂ. ૨.

અમેરિકન અર્થતંત્ર : પરિવર્તનશીલ અને વ્યવહારુ એવા સતત વિકસતા જતા અમેરિકન અર્થતંત્રનો ખયાલ આપતું, અધિકૃત લેખકોના હાથે લખાએલું, અર્થશાસ્ત્રના અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક: સંપાદક: જેસી ડબ્લ્યુ. માર્ક્સ, અનુ. આચાર્ય એસ. સી. પાઠક. પૃ. ૩૮૦; પાકું પૂઠું; રૂ. ૫.

અમેરિકી પ્રમુખપદ : અમેરિકાના પ્રમુખનાં કાર્યો, સત્તા, એ પદનો વિકાસ અને શક્તિશાળી પ્રસિદ્ધ પ્રમુખો વિષે આધારભૂત માહિતી આપતા, ઉપર્યુક્ત લેખકના મૂળ પુસ્તકનો શ્રી જયંતી કે. પટેલે કરેલો અનુવાદ. પૃ. ૯૦; કાચું પૂઠું; રૂ. ૧૫૦.

અમેરિકી કૉંગ્રેસ : અમેરિકાની વીસ કરોડની જનતાનું પ્રતિનિધિત્વ ધરાવતી સેનેટ અને પ્રતિનિધિસભામાં વહેંચાએલી ત્યાંની પાર્લમેન્ટ જેવી કૉંગ્રેસની શરૂઆત, કાર્યપદ્ધતિ, સત્તા આદિ વિષે સંપૂર્ણ અને અધિકૃત માહિતી આપતી ઉપર્યુક્ત લેખકની શ્રી નવનીત દવે અનુવાદિત પુસ્તિકા. પૃ. ૯૬; કાચું પૂઠું; રૂ. ૧-૫૦. અમેરિકા સંબંધે ઉપર્યુક્ત ત્રણે પુસ્તકોના મુખ્ય સંપાદક: દેવવ્રત પાઠક.

અમેરિકાની સર્વોચ્ચ અદાલત : જિરાલ્ડ ડબ્લ્યુ. જૉન્સનના પુસ્તક 'ધ સુપ્રીમ કોર્ટ'નો શ્રી દિનેશ શુક્લએ કરેલો આ અનુવાદ એ અદાલતના કાર્યક્ષેત્ર, એની સત્તા એના ન્યાયાધીશો અને એના આજ સુધીના ઇતિહાસની આમૂલ માહિતી આપે છે. પૃ. ૧૦૮; કાચું પૂઠું; રૂ. ૧·૫૦.

કાયમી સરહદ : અમેરિકાના કાર્યરત અર્થતંત્રનો ઇતિહાસ આપતું, ન્યૂ યૉર્ક યુનિવર્સિટીના ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇકૉનૉમિક અફેર્સના અધ્યાપકગણે રચેલું અને હેઈગ બૅબીઅન સંપાદિત કરેલું પુસ્તક, જેના અનુવાદક છે અર્થશાસ્ત્રના જાણીતા પ્રાધ્યાપક રમેશ ભટ્ટ, પૃ. ૨૪૮; પાકું પૂઠું; કિં. ૩.

જીવંત શરીર : રૉબર્ટ વૉર્નર ચેમ્બર્સના 'ફ્રૉમ સેલ ટુ ટેસ્ટ-ટ્યૂબ' નામના અંગ્રેજી, પુસ્તકનો બંસીધર દલાલે કરેલ આ સરળ અનુવાદમાં જીવરસાયણશાસ્ત્ર વિષેની માહિતી આપવામાં આવી છે. પૃ. ૨૩૨; પાકું પૂઠું; રૂ. ૩.

આ માનવ-કીડિયારું : વસ્તીવધારાથી ઉદ્‌ભવેલા કેટલાક પ્રાણપ્રશ્નોનો ઉકેલ સૂચવતું, ગહન ખયાલોને સરળ છતાં સચોટ રીતે આલેખતું, માર્ગારેટ ઓ. હાઈડના મૂળ પરથી જશભાઈ પટેલના હસ્તે અનુદિત થએલું સચિત્ર પુસ્તક. પૃ. ૧૫૧; પાકું પૂઠું; રૂ. ૩.

બાળકનું નીરોગી વ્યક્તિત્વ : ગૃહવિજ્ઞાનના એક આનુષંગિક વિષય 'બાળઉછેર'ને લક્ષમાં લઈ બાળકના વ્યક્તિત્વઘડતરનો માનશાસ્ત્રીય રીતે ખયાલ આપતુ અંગ્રેજીમાંથી અનુવાદિત થએલું નોંધપાત્ર પુસ્તક : અનુ. માયા મહેતા. પૃ. ૪૮; કાચું પૂઠું; કિં. ૪૦ પૈસા.

યંત્ર શું છે ? : માણસે પોતાના દેહમાં રહેલી યાંત્રિકતાના આધારે ઉચ્ચાલન આદિના સિદ્ધાંત ઉપરથી યંત્રો કેવી રીતે શોધી કાઢ્યાં એની સરળ ને રોચક ભાષામાં વૈજ્ઞાનિક ઢબથી માહિતી આપતી, આકર્ષક ચિત્રો સાથેની નોંધપાત્ર પુસ્તિકા. મૂળ લેખક : જેરોમ એસ. મેયર, અનુ. વિજયગુપ્ત મૌર્ય. પૃ. ૬૪; પાકું પૂઠું; રૂ. ૩.

ચિત્રમય વિજ્ઞાન : ગ્રહોની દુનિયા
બાળકોને ઉપયોગી નીવડે એવી મંગળ, બુધ, ગુરુ શુક્ર આદિ ગ્રહોની સચિત્ર માહિતી આપતી પુસ્તિકા. પૃ. ૧૬; કાચું પૂઠું; રૂ. ૧·૨૫.

ચીનના ખેડૂત અને કૉમ્યૂન : ચીની ખેડૂત, સામ્યવાદી ખેતીનીતિ; કૉમ્યૂનોનાં સામાજિક પાસાં ને એમની નિષ્ફળતા આદિ વિષે અધિકૃત માહિતી આપતી હેન્રી જે. લેથબ્રિજની અંગ્રેજી કૃતિનો શ્રી સુધાબેન અંજારિયાએ કરેલો અનુવાદ. પૃ. ૧૫૮; કાચું પૂઠું; રૂ. ૨.

ટેલિવિઝન : જે વૈજ્ઞાનિક સિદ્ધાંત પર રચાયું છે તેની સરળ; સચિત્ર માહિતી આપતી બાળોપયોગી પુસ્તિકા; લે ધીરજલાલ ગજ્જર પૃ. ૧૬; રૂ. ૧ ૨૫.

પાણી વિષે આટલું જાણી લો : પાણીની જાળવણી, એના ઉપયોગ અને એનાથી થતા નુકસાન તરફ લાલ બત્તી ધરતા આ અમેરિકન પુસ્તકનો બોધપાઠ જ્યાં પાણીનો નિઃસીમ દુર્વ્યય થાય છે એવા આપણા દેશમાં અત્યંત આવકાર્ય છે. મૂ લે. એફ સી સ્મિથ, અનુ. વિજયગુપ્ત મૌર્ય. પૃ. ૬૬; રૂ. ૩.

ત્રિભેટે : શ્રી ચંદ્રવદન શુક્લનાં કાવ્યો અને ગીતોનો સંગ્રહ. પૃ. ૭૭; કિં ૨-૫૦.

સ્મિત અને આંસુ : શ્રી કનૈયાલાલ જોશીની વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૦૦, રૂ. ૪.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો • અમદાવાદ ૧

કૃષ્ણાવતાર–ખંડ બીજો : 'સુપરમૅન'-ની ભાવનાના ચાહક આપણા સિદ્ધહસ્ત નવલકથાકાર શ્રી મુનશીને ક્ષણેક્ષણે જીવનના ઉલ્લાસી શ્રીકૃષ્ણના વ્યક્તિત્વનું સદા આકર્ષણ રહ્યું છે. મહાભારત–ભગવત્–પુરાણો આદિના અભ્યાસના આધાર પર એ માનવશ્રેષ્ઠનાં જીવન અને પરાક્રમોની કથા પોતાની રસળતી અને રંગદર્શી શૈલીથી ભારતીય વિદ્યાભવનનાં સામયિકોમાં ધારાવાહીરીતે તેઓ જે આપે છે તેના ગ્રંથસ્વરૂપનો આ બીજો ખંડ છે એનું પેટાનામ છે 'સમ્રાટનો પ્રકોપ', અને તેમાં પ્રધાનપણે મગધના મદાંધ ને શક્તિશાળી સમ્રાટ જરાસંધના, હજી તો તરુણ એવા કૃષ્ણે કરેલા સફળ પ્રતિકારની રોમાંચક કથા આવે છે, જે રુક્મિણીહરણના પ્રસંગ સાથે પૂરો થાય છે. પૃ. ૫૬૪; પાકું પૂઠું; રૂ. ૧૧.

સ્વૈરવિહાર–૨ : આપણા વિદ્વાન વિવેચક, સુપ્રસિદ્ધ નવલિકાકાર અને કવિ સ્વ. રામનારાયણ વિ. પાઠકના નર્મ ને મર્મવાળા નિબંધોના સંગ્રહનું આ પુનર્મુદ્રણ ત્રીસેક વર્ષના ગાળા પછી પણ એટલું જ તાજું લાગે છે, કારણ કે આપણા એ હસતા ફિલસૂફે એમાં પસંદ કરેલા વિષયો મહદ્ અંશે સનાતન નહિ તો ચિરકાલીન રસના વિષયો તો બની શકે એમ છે જ. પૃ. ૨૦૫; પાકું પૂઠું; રૂ. ૩–૭૫.

ઇતિહાસ અને સાહિત્ય : જાણીતા વિદ્વાન સંશોધક, સાહિત્યકાર ને ઇતિહાસજ્ઞ શ્રી ભોગીલાલ સાંડેસરાના આ પુસ્તકના ૧૯ લેખોમાં 'દયારામ', 'ફાગુનો સાહિત્ય પ્રકાર', 'હરિ વિજય' મહાકાવ્ય આદિ સાહિત્યવિષયક, અને 'સોલંકી યુગની શ્રી અને સંસ્કૃતિ', 'પ્રાચીન ભારતનાં મત્સ્યતંત્રો', 'પ્રાચીન નગરી ચંદ્રાવતી' આદિ ઐતિહાસિ લેખો સંગ્રહાયા છે, જે કર્તાની એ બંને વિષયો માટેની લગની, સંશોધનવૃત્તિ અને અભ્યાસનિષ્ઠાનાં દ્યોતક છે. આખો ગ્રંથ સાહિત્ય અને ઇતિહાસના અભ્યાસીઓ માટે મનનીય સામગ્રી પૂરી પાડે એવો માતબર છે. પૃ. ૩૪૦; કિં. રૂ. ૭–૦૦.

રણયજ્ઞ : કવિ પ્રેમાનંદના આખ્યાન 'રણયજ્ઞ'નું પ્રો. ડૉ. મંજુલાલ મજમુદારે કરેલું આ સંપાદન, એની વિગતપૂર્ણ અભ્યાસનિષ્ઠ પ્રસ્તાવના, માર્ગદર્શક ટિપ્પણ, રસાલંકારની ચર્ચા અને અન્ય ઉપયોગી સામગ્રીને લીધે વિદ્યાર્થીઓ તેમ જ અન્ય અભ્યાસીઓને પ્રેમાનંદ વિષે અને એની આ જાણીતી કૃતિ વિષે સારી માહિતી પૂરી પાડે છે. કવિ તથા આખ્યાનકાર પ્રેમાનંદનું મૂલ્યાંકન કરતાં સંપાદકે આપેલાં અન્ય આખ્યાનોમાંનાં ઉદાહરણો અને સુદીર્ઘ ટિપ્પણ પ્રેમાનંદ વિષે ઘણી અભ્યાસસામગ્રી આપી રહે છે. પૃ. ૧૯૫; કિં. કાચું પૂઠું રૂ. ૫–૨૫; પાકું પૂઠું રૂ. ૬.

સાહિત્યવિચાર : ડૉ. આનંદશંકર ધ્રુવની સ્વસ્થ અને સ્વચ્છ સાહિત્ય મીમાંસાનો પરિચય કરાવતા વિવેચનલેખો, અવલોકનો અને સાહિત્યને આનુષંગિક પ્રશ્નો પરનાં પ્રવચનોનો સર્વશ્રી રા. વિ. પાઠક અને ઉમાશંકર જોશી સંપાદિત સંગ્રહ (બીજું પુનર્મુદ્રણ) પૃ. ૫૯૨; પાકું પૂઠું; રૂ. ૯.

શબ્દ-પુષ્પાંજલિ : દયારામ, રણછોડભાઈ ઉદયરામ, કૃષ્ણલાલ ઝવેરી, ખબરદાર, ધૂમકેતુ આદિ સારસ્વતો ને દશરથલાલ જેવા સંસ્કાર સેવકનાં જીવન-સર્જનનો પરિચય કરાવવાનો સુમધુર ને સાહિત્યકારને શોભે એવો પ્રયાસ દર્શાવતું શ્રી હર્ષદરાય દેસાઈનું આ પુસ્તક ચરિત્રના અભ્યાસીઓને ઘણી રસપ્રદ માહિતી પૂરી પાડશે. પૃ. ૧૫૧; રૂ. ૩.

ચારુશીલાને પત્રો : કવિશ્રી નાનાલાલનાં 'પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ', 'દ્વારિકાપ્રલય', 'હર્ષદેવ', 'રસગંધા' એ ચાર સર્જનોનો સ્વાધ્યાય કરતા લેખોનો સંગ્રહ : લે૦ હર્ષદરાય દેસાઈ. પૃ. ૬૨; રૂ. ૧–૨૭.

શ્યામ રંગ સમીપે : 'કુમાર'માં અવારનવાર પ્રસિદ્ધ થએલાં શ્રી રમણલાલ ચી. શાહનાં આ સંગ્રહમાંનાં નવ એકાંકી નાટકો મુખ્યત્વે લગ્નવિષયક કોયડાઓની ગૂંથણી કરી એના ભાવનાલક્ષી ઉકેલ આપતાં હેતુપ્રધાન નાટકો છે. એકાદ બેનાં ચમત્કૃતિ તાલમેલિયા લાગતી હોવા છતાં એકંદરે બધાં નાટકો જીવનલક્ષી ને વાચનક્ષમ તેમ જ તખ્તાલાયક પણ બન્યાં છે. પૃ. ૨૯૧; કિં. ૬–૨૫.

સૌરાષ્ટ્રની રસધાર : સૌરાષ્ટ્રનાં શૌર્ય, ટેક, ત્યાગ, દિલાવરી, કુરબાની જેવા વિશિષ્ટ માનવભાવોને અને એની તળપદી ધરતીની મહેકથી સુવાસિત માનવતાને વાસ્તવમાં બનેલા પ્રસંગો દ્વારા રજૂ કરતું શ્રી મેઘાણીની રંગભરી, ઓજસ્વી શૈલી ને સોરઠી જબાનની મીઠાશને લીધે અપૂર્વ લોકાદર પામેલું, આ પુસ્તક છ આવૃત્તિ અને પાંચ પુનર્મુદ્રણ પામી ચૂક્યું છે અને છેલ્લાં ૪૩ વર્ષથી એકસરખું આકર્ષણ ટકાવી રહ્યું છે એ જ એની લોકપ્રિયતાની નિશાની છે. પૃ. ૨૦૦; રૂ. ૩-૫૦.

ગુજરાતનો નાથ : શ્રી ક. મા. મુનશીની સર્વશ્રેષ્ઠ ગણાએલી ને ગુજરાતી નવલકથા-સાહિત્યમાં શકવર્તી સીમાચિહ્ન રૂપ એ નવલકથાની સોળમી આવૃત્તિ. પૃ ૫૬૦; રૂ. ૯.

મહાન વૈજ્ઞાનિકો–ખંડ ૧, ૨ : કોપરનિકસ, વિલિયમ હાર્વે, ન્યૂટન, બોઈલ, ડેવી આદિ વિશ્વના વિખ્યાત વિજ્ઞાનીઓનાં કિશોરભોગ્ય અને આમલોકભોગ્ય ચરિત્રોના સંગ્રહનું પુનર્મુદ્રણ : લે૦ શેઠના અને શાહ, દરેકનાં પૃ ૭૭; કિં દરેકની રૂ. ૧.૬૯.

બાર હાથનું ચીભડું–૧ : પ્રજાની અનુભવવાણી પ્રગટ કરતી કહેવતોમાં રહેલી કથાઓ શ્રી જયભિખ્ખુએ બાળકોને સમજાય એવી સરળ ભાષામાં આ પુસ્તિકામાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. વાર્તાઓ આકર્ષક અને બાળકો માટે રસ તેમજ માહિતીદાયક થઈ પડે એમ છે. પણ વાર્તાઓ કહેવા માટે યએલો મશરૂઅહેનનો ઉપયોગ કલાત્મક થવાને બદલે કંઈક કૃત્રિમ થઈ ગયો લાગે છે. પૃ. ૪૮; કાચું પૂઠું; ૬૨ પૈસા.

સર જાવે તો જાવે : ભારત–પાકિસ્તાનના તાજેતરના દ્વન્દ્વમાં પોતાના જાનના ભોગે દેશસેવા કરનાર કેટલાક વીર જવાનોની શ્રી જયભિખ્ખુએ આલેખેલી કથાઓ પૃ ૬૮; રૂ. ૧

કાશ્મીરની કહાણી : ૧૯૬૪ના ઑગસ્ટમાં પાકિસ્તાની ઘૂસણખોરોએ કાશ્મીરમાં પ્રવેશ કર્યો ત્યારે લોકો જે જાણવા ખૂબ ઉત્સુક હતા એ કાશ્મીરના પ્રશ્ન (સ્વરાજ્ય મળ્યું ત્યારથી તાશ્કંદ કરાર સુધી)નો બાળકોને સમજાય એવી ભાષામાં અહેવાલ આપતી વાર્તા. લે. જિતેન્દ્ર દેસાઈ. પૃ ૮૨; કાચું પૂઠું; રૂ. ૧-૭૫

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ • મુંબાઈ-૨

સાહેબ બીબી ગુલામ : બંગાળના સુપ્રસિદ્ધ લેખક શ્રી બિમલ મિત્રની ફિલ્મીકરણ

પામેલી આ દીર્ઘકાય કૃતિ સજીવ રેખાબદ્ધ પાત્રો, આવેગવંત પ્રસંગમાળા અને વેધક માર્મિક બાનીથી શોભતી તેમજ પાનેપાને માનવઉર-ધબકારથી ધબકતી હૃદયસ્પર્શી નવલકથા છે. ગઈ પેઢીના બંગાળના જમીનદારોના જીવનની વિલાસિતા, એમની વધૂઓની વેદના, એમના શોખો, એમની કુટિલતા અને મદાંધતા આદિનું સભર આલેખન અત્યંત કલાત્મક રીતે કરતી આ નવલકથાનો શ્રી રમણિક મેઘાણીએ કરેલો અનુવાદ રોચક, પ્રવાહી ને આસ્વાદ્ય બન્યો છે. પૃ. ૪૧૧ અને ૪૨૫; પાકું પૂઠું; કિં. બંને ખંડની રૂ. ૧૫-૫૦.

લાક્ષાગૃહ: શ્રી ઈશ્વર પેટલીકરની આ દીર્ઘકાય નવલમાં જૂની લગ્નવ્યવસ્થાની મર્યાદાઓ, પૂર્વ ને પશ્ચિમની સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવના, ભારતીય નારીનું પતિવ્રતાપણું, પુત્રીને પુત્ર સમોવડી બનાવવા જતાં નડતી મુશ્કેલીઓ, સજાતીય વિકૃતિઓ આદિ અનેક પ્રશ્નોની છણાવટ કરવામાં આવી છે. અંતે લેખક એ નિષ્કર્ષ તારવે છે કે આજનાં ભાવનાહીન યુવકયુવતીઓ છીછરાં માનસ ધરાવે છે અને એમનું વિચારાલય લાક્ષાગૃહ જેવું ક્ષણભંગુર છે. પેટલીકરની ઘણી નવલકથાઓની જેમ આ નવલકથામાં પણ એમના સમાજહિતચિંતક વ્યક્તિત્વે એમના સર્જક વ્યક્તિત્વ પર વર્ચસ જમાવ્યું છે. પૃ ૬૫૨; પાકું પૂઠું; રૂ. ૧૨.

શ્યામદુલારી: પોતાના પ્રિયતમ શ્યામને બદલે એના કાકાના અર્ધબેવકૂફ અને અધંખલ દીકરા છબીલ સાથે મજબૂરીથી લગ્ન કરવા પ્રવૃત્ત થએલી રાધાના જીવનની ઘેરી કરુણાન્તિકા બનવા યોગ્ય આ નવલકથા લેખકની કલાસૂઝના અભાવે એક નિષ્ફળ વર્ણનકથા બની ગઈ છે એમ સખેદ નોંધવું રહ્યું. સંવાદો દ્વારા સ્ફુટ થતી ઘટનાઓ કે માનસવ્યાપારોને પેટલીકરશૈલીથી વર્ણવીલેખકે કરેલું પિષ્ટપેષણ રસજમાવટને તો ઠીક, વાચકના કુતૂહલને પણ બોજારૂપ થઈ પડે છે. છબીલાનો અનુભવ શ્રી સારંગ બારોટને પ્રસંગોનું ચિત્રાત્મક આલેખન કરવામાં ઠીકઠીક સહાયક નીવડ્યો છે, તેમ જ સંવાદો પણ આકર્ષક છે એટલું કથાના જમાપાસામાં ઉલ્લેખવું જોઈએ. પૃ. ૫૫૫; પાકું પૂઠું; રૂ. ૧૧-૨૫.

એક જ્યોત જલે: સોળ સત્તર વર્ષની વયે એક દીવાના માણસની આડ થઈ ઊભી રહેનારી અને ૨૫મે વર્ષે ખૂનનો ભોગ બનનારી ગુજરાતની એક નારીની, ગુણવંતરાય આચાર્યની કલમે આલેખ એલી ઐતિહાસિક ગાથા. પૃ. ૪૦૮; પાકું પૂઠું; રૂ. ૭ ૫૦.

કહત કથીર ધમાલકો: આઝાદી બાદ દંભી ને ડોળઘાલુ સેવકો તથા નેતાઓએ પોતાના સ્વાર્થી હેતુઓ સિદ્ધ કરવા કેવાંકેવાં ષડયંત્રો રચ્યાં છે એનો ચિતાર આપતી સ્વ. શ્રી ગુણવંતરાય આચાર્યની આ 'કટાક્ષકથા' (?) જોઈએ એટલી વ્યંગપૂર્ણ બની નથી. સંયમનો અભાવ, નિરર્થક પિષ્ટપેષણ, સામાન્ય શ્લેષો, વ્યંગ્ય કરવાની અનાવડત આદિએ આ કૃતિને કટાક્ષકથા કે સીધીસાદી કથા બેમાંથી એક પણ રહેવા દીધી નથી. પૃ. ૨૭૬; કિં. ૫-૨૫.

સ્વાતિ પ્રકાશન

૨૨૬ • સેમ્યુઅલ સ્ટ્રીટ • મુંબાઈ-૩

તૂટેલા ફરિશ્તા: આબિદ સુરતીની 'અલ્લડ શૈલી'માં આલેખાએલી આ નવલકથા જે. જે. સ્કૂલ ઑવ આર્ટ (મુંબાઈ)માં કલાભ્યાસ કરવા આવેલાં વિવિધ પ્રાંતોનાં યુવકયુવતીઓનાં જાતીય આકર્ષણને અત્યંત ઉત્કટ રીતે વ્યક્ત કરતી, અમેરિકન જાતીય નૉવેલોને મળતી આવતી કૃતિ છે. સૂરજપ્રકાશ અને કરુણાનો પવિત્ર પ્રેમ, લગ્ન નિષ્ફળતા અને નાસભાગ, તથા અંતે થતું કરુણ મૃત્યુ આદિનો કેન્દ્રવર્તી કથાદોર આકર્ષક છે, કેમકે એમાં માનવમનનું વાસ્તવિક ને કલાત્મક નિરૂપણ છે; જોકે અંત કેવળ નાટકી લાગે છે અને જચે એમ નથી. પાત્રોનું વૈવિધ્ય, પ્રસંગોની જમાવટ, શૈલીની તાઝગી, પાત્ર-માનસપરિવર્તન વગેરે નવલકથાને જકડી રાખતી કૃતિ બનાવે એવાં તત્ત્વો આમાં છે. પણ કૃતિમાં જાતીય આવેગનું થએલું બેફામ નિરૂપણ અરુચિકર છે. પૃ. ૪૪૫; પાકું પૂઠું; રૂ ૯.

લિરિક અને લગરીક: કવિતા ને નાટક સંબંધી મંતવ્યો અવલોકનો અને પોતાનાં રેડિયો-રૂપકોથી ખચિત શ્રી ચંદ્રવદન મહેતાનો આ સંગ્રહ એ નાટ્યકારની વિવેચનસૂઝનો પરિચય કરાવે છે. એમની વિલક્ષણ શૈલી એમનાં અવલોકનો કે વિવેચનમંતવ્યોને ગંભીરતા કે પ્રૌઢી અર્પવા દેતાં નથી, તો પણ કવિતા અને નાટકના અભ્યાસેચ્છુને આ સંગ્રહ ઘણી સામગ્રી પૂરી પાડે એમ છે એ નિઃશંક. પૃ. ૩૫૦; પાકું પૂઠું; રૂ. ૬.૫૦.

સ્પર્શ: 'અલબેલો અડકે મને આંખથી રે' અને 'નથી રે રમવું સહિયર મોરી સાંવરિયાની સાથે રે' જેવાં (દયારામનું સ્મરણ કરાવતાં) રાધાકૃષ્ણના સનાતન પ્રણયવિષયક ગીતો, 'મને એક ગેંદ મળી ગઈ' ને 'કે ક મદીલી લોચનબાળા શીદ ઝરૂખે ઝૂકે?' જેવાં માનવપ્રણયના રોમૅન્ટિક ભાવો વ્યક્ત કરતાં ગાન, અને 'એક સમય'. 'જહાણું વાય', 'સમયનું સોનું', 'પવન', 'કવિનો હીંચકો', 'અગાસીમાં આંટા' વગેરે દીર્ઘ કાવ્યોવાળા, 'પ્રતીક' તથા 'અશબ્દ રાત્રિ' પછીના, આ કાવ્યસંગ્રહમાં શ્રી પ્રિયકાન્ત મણિયારની કાવ્યયાત્રામાં થએલી પ્રગતિનો સ્પર્શ અનુભવાય છે એ સાનંદ નોંધવું જોઈએ. પૃ. ૮૦; સુંદર ઉઠાવ અને પાકું પૂઠું; રૂ. ૪.

પીપળ પાન ખરતાં: શ્રી રંભાબહેન ગાંધીની નવલિકાઓ. પૃ. ૨૪૫, રૂ. ૬.

હરિહર પુસ્તકાલય

ટાવરરોડ • સૂરત

આલોક: સાહિત્યના તાત્ત્વિક વિષયોનું સૈદ્ધાંતિક નિરૂપણ, અવલોકનો અને સાહિત્યિક ચર્ચાઓનો સમાવેશ કરતા શ્રી જયંત પાઠકના આ વિવેચનસંગ્રહમાં એમની વિષયસૂઝ, મંતવ્યોને સુસ્પષ્ટ રીતે રજૂ કરતી વિશદ શૈલી વિદ્વત્તા અને અભ્યાસનિષ્ઠાનો પરિચય થાય છે. 'કલા અને વાસ્તવ', 'હાસ્ય અને કરુણ', 'કાવ્યમાં પ્રતિરૂપો', 'ટૂંકી વાર્તામાં પ્રયોજન અને સંવિધાન', 'રૂપોનાં રમણીય ચોસલાં' આદિ આ સંગ્રહમાંના તાત્ત્વિકચર્ચા કરતા કેટલાક લેખો ખાસ નોંધપાત્ર છે. પૃ. ૨૫૬; પાકું પૂઠું; રૂ. ૫.

સન્નારીઓ અને સજ્જનો: 'ફિલસૂફ'ના ઉપનામથી 'પાનસે પારી'ની કટારો લખતા શ્રી ચિનુભાઈ પટવાના હળવા લેખો અને કટાક્ષિકાઓનો આ આઠમો સંગ્રહ, ગુજરાતના હાસ્ય સાહિત્યમાં થએલા એમના વિપુલ પ્રદાનનો બોલતો પુરાવો છે. વિષયો ભલે પ્રાસંગિક હોય પણ માનવની સનાતન વૃત્તિની નબળાઈ શોધી, એના પર કટાક્ષ કરવાની ફિલસૂફની શક્તિ એમનાં હળવાં લખાણોને પણ અતિ અલ્પજીવી બનતાં અટકાવી શકે છે. ઊંચા મધ્યમ વર્ગનાં માનવીઓના દંભને એમણે નિર્દેશ રીતે કટાક્ષનો વિષય બનાવ્યો છે. રમાઓ અને રામાઓ એમના પ્રિય વિષયો હોઈ અન્ય સંગ્રહોની જેમ આ સંગ્રહમાં એ બંને વિષયો પર સારા લેખો છે. અતિશયોક્તિની મર્યાદામાંથી બચીને રમૂજી પ્રસંગો આલેખવાની એમની કલાનો આ સંગ્રહને પણ સારો લાભ મળ્યો છે. પૃ. ૩૨૮; પાકું પૂઠું; રૂ ૬.

ગુલછડી: શ્રી ધનસુખલાલ મહેતાનાં સર્જનામાંથી ચૂંટેલાં નાટકો, નવલિકા, વિવેચનલેખો ને નિબંધોનો સંગ્રહ: ગૂંથનાર-

રામપ્રસાદ બક્ષી અને પરમસુખ પંડ્યા. પૃ. ૩૧૨; પાકું પૂઠું; રૂ ૬·૨૫.

ગુજરાતી ભાષાનું અધ્યાપન: તાલીમ લેતા શિક્ષકોને ગુજરાતી ભાષાનું અધ્યાપન કરાવવામાં સહાયક થઈ પડે એવું, એમને લક્ષમાં રાખીને લખાએલું પુસ્તક. લેખકો–રણજિતભાઈ દેસાઈ, મગનલાલ નાગર અને બકુલભાઈ રાવળ. પૃ. ૨૮૦; પાકું પૂઠું; રૂ ૬.

મોરલીના મૂંગા સૂર: પન્નાલાલ પટેલનો વાર્તાસંગ્રહ પૃ. ૨૪૪; પાકું પૂઠું; રૂ. ૫.

મીણ-માટીનાં માનવી: ગ્રામજીવનને સાકાર કરતી પન્નાલાલ પટેલની નવલકથા. પૃ. ૫૫૨; પાકું પૂઠું; રૂ. ૧૨.

ભારતીય વિજ્ઞાનીઓ નામની શ્રેણીમાં (જગદીશચંદ્ર બોઝ, પ્રફુલ્લચંદ્ર રૉય, મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા, શ્રીનિવાસ રામાનુજમ, ચંદ્રશેખર વ્યંકટરામન મહેન્દ્ર સરકાર, ડૉ. હોમી ભાભા, પ્રો ચંદ્રશેખર, સર ભટનાગર, ડૉ. મેઘનાદ સાહા આદિનો પરિચય આપતી શ્રી ધીરજલાલ ગજ્જર કૃત, આ પુસ્તિકાઓ માહિતીની દૃષ્ટિએ બાલભોગ્ય બનશે, પણ કાચી શાહીની હલકી છપાઈ અને વિજ્ઞાનીઓની તસવીરોનું બેડોળ આલેખન ભોગતા વાચકો આગળ ચિત્રો મૂકવાનો હેતુ મિથ્યા બનાવી એમની રસવૃત્તિને કુંઠિત કરશે એ પ્રકાશકોએ ધ્યાનમાં રાખ્યું હોત તો કેવું સારું! દરેકનાં પૃ. ૩૨ થી ૪૦ વચ્ચે; દરેકની કિં. ૫૦ પૈસા.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધીમાર્ગ • અમદાવાદ ૧

કુળકથાઓ: પોતાના પરિચયમાં આવેલા ન શ્રુતિ કે સ્મૃતિમાં સચવાઈ રહેલા, કપોળ, કચ્છી, ભાટિયા, મોઢ, વાણિયા આદિ સાહસિક દરિયાખેડૂઓ ને વાણિજ્યવીરોનો પરિચય આપતાં રેખાચિત્રોનો, સ્વામી આનંદની વિશિષ્ટ શૈલીનો આસ્વાદ કરાવતો સંગ્રહ. પૃ. ૨૩૮; પાકું પૂઠું; રૂ. ૧૦.

હિન્દુધર્મમાં મધ્યમમાર્ગ: બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, ગીતા, પુરાણ ને શાંકર વેદાંત આદિમાં પ્રવર્તતા મધ્યમમાર્ગ વિષે શ્રી ડોલરરાય માંકડે 'નાનાભાઈ વ્યાખ્યાનમાળા'ના આશ્રયે ૧૯૬૩માં આપેલાં ત્રણ મનનીય અને ચિંતનપ્રેરક વ્યાખ્યાનોનો સંગ્રહ. પૃ. ૮૮; રૂ. ૧·૭૫.

ચિંગલિંગ: ક્રાન્તિ કરવા ઉત્સુક ચીનના અમેરિકા સાથેના લગ્ન દ્વારા જન્મેલી ચિંગલિંગને ભારતમાં આણી, વિનોબાની પ્રવૃત્તિઓ નિહાળતી બતાવી, આ પુસ્તકનાં લેખિકા કુ. નિર્મળા દેશપાંડેએ, ભાવિની જાગતિક ક્રાંતિ માટે આપણાં માનસ તૈયાર કરવાનો જેમાં સબળ પ્રયાસ કર્યો છે એવી, હેતુલક્ષી, સમયોચિત નવલકથાનો મીરા ભટ્ટે કરેલો આ અનુવાદ સરસ ને પ્રવાહી બન્યો છે. પૃ. ૨૯૬; પાકું પૂઠું; કિં. ૬·૨૫.

વિજ્ઞાનનો મર્મ: વિજ્ઞાન એટલે શું એ સરળ રોચક શૈલીમાં ચિત્રો સાથે સમજાવતી, મૂળ બંગાળીમાં અસાધારણ ખ્યાતિ પામેલી દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાયની કૃતિનો શ્રી સુભદ્રા ગાંધીએ કરેલો પ્રશંસનીય અનુવાદ. પૃ. ૧૦૪; કાચું પૂઠું; રૂ. ૨.

વરુની ગુફામાં: રંગના ભપકાથી આંખને આકર્ષી જાય એવી પણ વાર્તાતત્ત્વ કે માહિતીની દૃષ્ટિએ બાળકોને નિરાશ જ કરે એવી આ 'બાલવાર્તા' નામધારી કૃતિ પદ્યસ્વરૂપે છપાઈ છે, પણ ગદ્યપદ્યનો વિચિત્ર શંભુમેળો લાગે છે અને એ પણ અપૂર્ણ જ રહે છે. પૃ. ૧૬; કાચું પૂઠું; રૂ. ૧ા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર-અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબાઈ

બોપદેવશતક: રોગનિવારણ અર્થે અને ન રોગી રહેવા માટે અનુભૂત ઔષધપ્રયોગો અને અન્ય ઉપયોગી વિષયો દર્શાવતું, પં. બોપદેવ રચિત વૈદકના સારગ્રંથરૂપ, આયુર્વેદના જિજ્ઞાસુઓ ને સામાન્ય વાચકો માટે અત્યંત ઉપયોગી પુસ્તક. અનુવાદક: શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર. પૃ. ૧૬૦; રૂ ૧ા.

રમૂજી લોકવાર્તા: ધર્મ, વ્યવહાર અને સમાજને લગતા ૨૬ વાર્તાપ્રસંગોનો રમૂજ સાથે બોધ આપે એવો સંગ્રહ: સં. ચિમનલાલ ર. પંચાલ. પૃ ૧૦૪; રૂ. ૧ા.

આપણાં લગ્નગીતો: હિન્દુ સમાજે પવિત્ર અને મંગલ ગણેલા, જીવનના મહત્ત્વના પ્રસંગ લગ્ન સમયે આનંદ ઉલ્લાસ વ્યક્ત કરવા ગુજરાતમાં ગવાતાં ગીતોનો સંગ્રહ. સં. કમળાબેન ર. સૂતરિયા એમ. એ. બી. ટી. પૃ. ૯૬; રૂ. ૧.

મહાન શીખ ગુરુઓ: પોતાનાં શૌર્ય અને સ્વાર્પણ માટે વિખ્યાત થએલી શીખ પ્રજાના બે ગુરુઓ નાનકદેવ અને ગોવિંદસિંહના જીવનની સિલસિલાબંધ હકીકતો આપતો અક્ષેય ચરિત્રગ્રંથ: પ્રયોજકો: કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા અને ચૂનીલાલ રામચંદ્ર શેલત. પૃ. ૩૨૮; રૂ. ૨ા.

દાંતનું જતન: પાચનતંત્રના અત્યંત ઉપયોગી સહાયક દાંતની સંભાળ માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન આપતી પુસ્તિકાની બીજી આવૃત્તિ: લે. હરરાય અમુલખરાય દેસાઈ. પૃ. ૮૮; ૪૦ પૈસા.

સમુદ્રો: પૃથ્વીની આસપાસ વીંટળાઈને પડેલા ન લોકવાર્તામાં વારંવાર ચમકતા 'સાત સમંદર'ના પેટાળમાં રહેલી સંપત્તિ, પ્રાણીસૃષ્ટિ, પર્વતો, જ્વાળામુખીઓ આદિની માહિતી આપતા શ્રીમતી રેચલ કારસનના જગવિખ્યાત પુસ્તક 'ધ સી ઍરાઉન્ડ અસ'ના આધારે લખાએલી વૈજ્ઞાનિક કૃતિ: લે. નાનુભાઈ દવે પૃ. ૧૩૬; કાચું પૂઠું; રૂ. ૧ા.

પ્રાચીન કિશોરકથાઓ: ઉપનિષદો, મહાભારત, ભાગવત, રામાયણ વગેરે ગ્રંથોની આખ્યાયિકાઓનો, સાઠ વર્ષ પૂર્વે વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થએલો સંગ્રહ સુધારાવધારા સાથે હવે પુનઃપ્રસિદ્ધિ પામ્યો છે. શ્રી શારદાબેન સુમંત મહેતાએ લખેલી આ વાર્તાઓ બાળકોને ગમે અને એમના ચારિત્ર્યઘડતરમાં ફાળો આપે એવી આકર્ષક અને મૂલ્યવાન છે. પૃ. ૧૩૬; કાચું પૂઠું; કિં. રૂ. ૧ા.

વૃક્ષાયુર્વેદ: વરાહ, કશ્યપ વગેરે સંહિતાઓમાંથી વૃક્ષના ઉછેર સંબંધી માહિતી એકત્ર કરીને ૧૯૦૫માં બહાર પાડવામાં આવેલા આ પુસ્તકની બીજી આવૃત્તિ, આજે છાશવારે થતા નિષ્ફળ વૃક્ષારોપણના ઉત્સવો ટાણે માર્ગદર્શક થઈ પડે એવી છે. વૃક્ષારોપણ વિષે એના પ્રયોજક શ્રી કાનજી મયાશંકર ત્રિવેદીએ એકઠી કરેલી માહિતી એમનાં પરિશ્રમ ને ચીવટની પ્રતીતિ કરાવે છે. પૃ. ૮૦; કાચું પૂઠું; ૭૫ પૈસા.

અનડા પ્રકાશન

ગાંધીમાર્ગ • અમદાવાદ ૧

કૃષિ-વિહાર ભા. ૨,૩,૪: ઉત્તર બુનિયાદી વર્ગ બીજા અને ધો. ૯ માટે લખાએલું આ પાઠ્યપુસ્તક માત્ર કોરું જ્ઞાન નહિ પણ ઊંડી અનુભૂતિનો રણકો સંભળાવતું કૃષિવિષયક વાઙ્મયમાં પણ અનોખું સ્થાન ધરાવતું પુસ્તક થઈ શકે એમ છે. લે. બાબુભાઈ અવરાણી, પૃ. અનુક્રમે ૩૨૩, ૧૯૨ અને ૧૫૨; કિં. અનુક્રમે રૂ. ૩·૫૦, ૨·૫૦, ૨·૫૦.

સામાન્ય મનોવિજ્ઞાન: જુદીજુદી ચારેક કૉલેજોના માનસશાસ્ત્રના પ્રાધ્યાપકોએ સમૂહ પ્રયાસરૂપે લખેલું, ગુજ. યુનિ. પ્રથમ વર્ષ બી. એ.ના માનસશાસ્ત્રના અભ્યાસક્રમને આવરી લેતું પાઠ્યપુસ્તક લે. ભટ્ટ, ભટ્ટ, કો-

ઠારી, કાપડિયા. પૃ. ૪૮૪; પાકું પૂઠું; રૂ. ૭.

રાજ્યવહીવટ-પરિચય : ગુજરાત યુનિવર્સિટીના એસ. વાઈ બી એ.ના પબ્લિક ઍડમિનિસ્ટ્રેશનના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને લખાએલું પાઠ્યપુસ્તક. લે કાંતિદેવ ડા. દેસાઈ. પૃ. ૪૨૩; પાકું પૂઠું; કિ. ૯.

સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર : પ્રિ. યુનિવર્સિટી વિજ્ઞાન માટેનું પાઠ્યપુસ્તક. લે. ત્રિવેદી, મહેતા, ગોહેલ, ગોર આદિ પ્રાધ્યાપકો. પૃ. ૪૦૫; પાકું પૂઠું; રૂ. ૫.

વ્યક્તિ-સમાયોજન મનોવિજ્ઞાન : ગુ. યુ. ના એસ વાય. બી એ.ના માનસશાસ્ત્ર (ગૌણ ને મુખ્ય)ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પુસ્તક. લે. ભોપટકર, મુનશી, કાપડિયા, સાકરવાલા આદિ વિવિધ કૉલેજોના પ્રાધ્યાપકો. પૃ. ૫૩૪; પાકું પૂઠું; રૂ. ૧૨.

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ ૯

સરકારી વિત્તવ્યવસ્થા : સરકારનાં આવક, ખર્ચ ને કરજ-પક્ષ તેઓનું સામાન્ય અવલોકન કરીને, એની આર્થિક અસરો તથા આર્થિક સુખાકારી સાથેના એના સંબંધોની છણાવટ કરતા, જૉન એફ ડ્યૂના મૂળ અંગ્રેજી પુસ્તકનો શ્રી હસમુખરાય ત્રિવેદીએ કરેલો અધિકૃત અનુવાદ: પૃ. ૭૫૪; પાકું પૂઠું; રૂ ૨૦.

'Abdu'r-Rahim Khan-i-Khanan and his Literary Circle: સૈનિક, વ્યવસ્થાપક, ભાષાશાસ્ત્રી અને સર્જક એવા અબ્દુર-રહીમ ખાનખાનાના સાહિત્યિક તથા રાજકીય જીવન વિશે માહિતી આપવા ઉપરાંત એમના સમકાલીન સર્જકો ઉપર પણ પ્રકાશ પાડતો ચરિત્રાત્મક મહાનિબંધ : લે. છોટુભાઈ નાયક. પૃ. ૫૮૩; પાકું પૂઠું; રૂ. ૧૫

સામાજિક મનોવિજ્ઞાન : ગુજરાત યુનિવર્સિટીના માનસશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ત્રિવર્ષી ડિગ્રી કોર્સને ધ્યાનમાં રાખીને લખાએલું અધિકૃત પુસ્તક: લે. વિ. સ. વાણીકર. પૃ ૨૫૨; રૂ. ૩-૫૦

આયોજન અને અર્થતંત્ર : આમ જનતાને ઉપયોગી નીવડે એવું આયોજન અને આર્થિક વિકાસના સ્વરૂપનો સાચો ખયાલ આપતું, અનુભવી ને વિદ્વાન પ્રાધ્યાપક શ્રી આર.કે. અમીન કૃત પુસ્તક પૃ.૧૭૮; રૂ. ૨-૫૦

Non-Urban Graduates in India: ગુજરાતના ગ્રામ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓએ ડિગ્રી મેળવીને જુદાંજુદાં ક્ષેત્રે કરેલાં કાર્યોની મોજણીનો અહેવાલ: લે૦ આર. ડી. પરીખ. પૃ ૬૬; રૂ ૨

દશમ સ્કંધ : પ્રેમાનંદકૃત દશમ સ્કંધ (૧)નું શ્રી ઉમાશંકર જોશી અને ડૉ હરિવલ્લભ ભાયાણીએ સંશોધિત કરેલું સંપાદન. પૃ. ૨૯૨; રૂ. ૪.

ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન : ભાષાના સંકેતો, ધ્વનિઘટક, પરિવર્તન-પ્રક્રિયા, ધ્વનિપરિવર્તન, બોલીનું સ્વરૂપ આદિ ભાષાવિજ્ઞાનનાં મહત્ત્વનાં ઘટકોની તાત્ત્વિક છતાં વિદ્યાર્થીભોગ્ય છણાવટ કરતું, એ વિષયના નિષ્ણાત શ્રી પ્રબોધભાઈ પંડિત (અધ્યાપક ને અધ્યક્ષ, ભાષાવિજ્ઞાન, દિલ્હી યુનિવર્સિટીનું) અધિકૃત પુસ્તક. પૃ. ૩૦૮; પાકું પૂઠું; રૂ. ૧૦.

ભૂગોળની પરિભાષા, સમાજશાસ્ત્રની પરિભાષા, ઉચ્ચ ગણિતની પરિભાષા, રસાયણશાસ્ત્રની પરિભાષા: તે તે વિષયના અંગ્રેજી શબ્દોના ઉચિત ગુજરાતી પર્યાયો દર્શાવતી પુસ્તિકાઓ. અનુક્રમે પૃ. ૧૬, ૩૫, ૫૦, ૩૯; કિં અનુક્રમે રૂ. ૦-૫૦, ૧-૨૦, ૦-૭૦, ૦-૫૦.

Report on A Study of Socio Economic Condition of Women Workers in certain Textiles Mills of Ahmedabad: અમદાવાદની સૂતરાઉ કાપડની મિલોમાં કામ કરતી સ્ત્રીઓની સામાજિક-આર્થિક સ્થિતિની, શ્રીમતી જયશ્રી દેસાઈએ કરેલી મોજણીનો અહેવાલ. પૃ. ૬૭; રૂ. ૧-૨૦.

ગુજરાત સરકારના માહિતી ખાતાનાં પ્રકાશનો

સચિવાલય • અમદાવાદ ૧૫

Handicrafts of Gujarat: ગુજરાતનાં પટોળાં, બાંધણી, લાખકામ, પડદા, તોરણ, લાકડાનાં રમકડાં, હાથીદાંત વગેરેમાં પ્રગટતી ગુજરાતના કારીગરોની હસ્તકલાનો સચિત્ર પરિચય કરાવતું અંગ્રેજી ભાષામાં લખાએલું નાનકડું પણ આકર્ષક પુસ્તક. પૃ ૨૦.

દૂર કરો દીવાલ: અસ્પૃશ્યતાને હિન્દુ સમાજનું કલંક બતાવી એ દૂર કરવાનો બોધ આપતી નાનકડી પણ મર્મસ્પર્શી નાટિકા. લે. જાલિમસિંહ ઠાકુર. પ્ર. ગુજરાત સરકારનું માહિતી ખાતું; પૃ. ૨૬ કિ. છાપી નથી.

માઈ: ચીનના પાશવી આક્રમણ સમયે ભારતના યુવાનોમાં માતૃભૂમિની રક્ષા કરવા જાગેલી ઉત્સાહ ને ત્યાગની ભાવના અભિવ્યક્ત કરતી શ્રી કૈલાસ પંડ્યાની હેતુપ્રધાન છતાં આકર્ષક નાટિકા. પૃ. ૧૯, કિ. ૧૫ પૈસા.

અઝમા: ચીન-પાકિસ્તાનના આક્રમણ સમયના પરિસ્થિતિનો ચિતાર આપતી શ્રી કૈલાસ પંડ્યાની નાટિકા. પૃ. ૨૪, કિ. છાપી નથી.

રણના રખેવાળ: રણભૂમિ પરના યુવાનોનાં શૌર્ય ને માતૃભક્તિ દર્શાવતી શ્રી રમણ પટેલની નાટિકા. પૃ. ૨૬. કિ. છાપી નથી.

Gujarat 66: ગુજરાત વિશેની ઐતિહાસિક, ભૌગોલિક રાજકીય, ઔદ્યોગિક અને ઇતર તમામ પ્રકારની માહિતી આપતું અદ્યતન પુસ્તક અંગ્રેજીમાં. પૃ. ૨૪૬; રૂ. ૨-૫૦.

વિવિધ પ્રકાશકોનાં

પ્રાસાદમંજરી: મૂળ સંસ્કૃતમાં સૂત્રધાર નાથજી વિરચિત 'વાસ્તુમંજરી'માંના વિભાગ 'પ્રાસાદમંજરી'ના આ સંપાદનમાં સંપાદક શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ મૂળના શ્લોકો સાથે ગુજરાતી વિવરણ આપીને આપણા પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય વિશેના એક ગ્રંથનો સુંદર પરિચય કરાવ્યો છે. પુસ્તકની સચિત્રતા એનું મૂલ્ય દ્વિગુણિત કરે છે: પ્ર. બળવંતરાય પ્ર. સોમપુરા અને ભાઈઓ, પૃ. ૧૨૦; રૂ. ૬ ૫૦.

ભાવસાધનની સમસ્યા: આકાશના ગ્રહો મનુષ્યના જીવન ઉપર અસર કરે છે એ વાત સાચી હોય તો એ અસર જાણવા માટેનું ગણિત કેવું હોઈ શકે એ બહુ ઝીણવટથી બતાવતી અભ્યસનીય પુસ્તિકા: લે. ધીરજલાલ અ. વોરા, ભાવનગર; પૃ. ૬૬; રૂ. ૫.

વિશ્રંભકથા: ભિન્ન ભિન્ન પ્રકારનાં અને વિવિધ પ્રકૃતિનાં માનવીઓના અજ્ઞાત મનમાં ડોકિયું કરાવી, પ્રત્યેકના જીવનના કોઈ ને કોઈ રહસ્યને પ્રગટ કરતી શ્રી ધીરુબહેન પટેલની કરુણગર્ભ વાર્તાઓનો સંગ્રહ. પ્ર૦ ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પૃ. ૧૯૩; રૂ. ૫.

તેજકિરણ: પ્રાથમિક શિક્ષણતંત્રના સડાનું વાસ્તવિક દર્શન કરાવી, એના નાયક નરેનના પાત્ર દ્વારા નિષ્ઠાવાન શિક્ષકો એ ક્ષેત્ર તરફ દોરાય એવું વાતાવરણ સર્જવાનું ઉદ્બોધન કરતી હેતુલક્ષી નવલકથા. લે. દિલીપ રાણપુરા, પૃ. ૩૮૨; કિ. ૭ ૭૫; પ્ર૦ સ્મૃતિ સાહિત્યમંદિર, વિરાર, પશ્ચિમ રેલવે, મુંબાઈ.

ગીતાંજલી: રવીન્દ્રનાથ ટાગોરના આ વિખ્યાત કાવ્યસંગ્રહનો રાજસ્થાની-મારવાડી ભાષામાં અનુવાદ (કરનાર રામનાથ વ્યાસ પરિકર) પૃ ૧૪૪; કિ. ૨ ૫૦; પ્ર૦ રાજસ્થાન સાહિત્ય અકાદમી, ઉદયપુર.

જીવનનાં મોતી : આ નાનીશી અંજલિ-શી પુસ્તિકામાંનાં, પાને પાને સુશોભન મંડિત વિવિધરંગી તક્તીઓમાં સારી શિખામણોનાં વાક્યો. સુંદર અક્ષરાંલેખનમાં તેનો અર્થ સમ-

ગુલાબને કાંટા ઉગ્યા, એમ કહી દુઃખીથવાને બદલે કાંટાળા છોડ પર ગુલાબ ઉગ્યાં - એમ કહેવું વધુ સારૂં છે.



જાવતાં ચિત્રો સાથે એક રોચક ઉપહાર બની રહે છે. એના ચિત્રકાર અને કર્તા દલસુખભાઈ શાહ વિવિધ માસિકોમાં સામાજિક કટાક્ષ-ચિત્રોથી જાણીતા થયા છે. તેમણે આ શિખામણો આપનાર એક ગોળમટોળિયું પાત્ર સરજ્યું છે, એટલે પાનાં ફેરવતાં ફેરવતાં, શિખામણો સાથે એ પાત્રની લીલા જોવાની પણ રમૂજ મળે છે. અક્ષરો ઉઠાવદાર છે, પણ વધુ વ્યવસ્થિત લેખનકાર્યની જરૂર છે. ક્યાંક અર્થ અને ચિત્રોનો મેળ થતો લાગતો નથી તે નવી આવૃત્તિમાં સુધારવો જોઈએ. બાળકો માટેની નાની ભેટરૂપ આ પુસ્તિકા ભલામણને પાત્ર છે. પ્રકાશક : શ્રી જીવણમણિ સદ્વાચન-માળા, હઠીભાઈના દહેરા સામે, દિલ્લી દરવાજા બહાર, અમદાવાદ-૧, કિં. ૬૨ પૈસા.

સુધારો

ડિસેમ્બર ને જાન્યુઆરી અંકોમાં જેનાં અવલોકનો છપાયાં છે એ 'વાઙ્મય વિહાર', 'ધુડી ઘોડી, લાલ લગામ' અને 'જગદ્ગુરુ શંકરાચાર્ય' એ ત્રણે પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન-એન.એમ.ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ ૨ અને કિં. અનુક્રમે : રૂ. ૧૦, ૩ ને ૧.૨૦ પૈ છે.

જાન્યુઆરી અંકની સ્વીકાર-નોંધમાં શ્રી રઘુવીર ચૌધરીની 'આવરણ' નવલકથાને સરતચૂકથી જ ટૂંકી વાર્તાઓના સંગ્રહ તરીકે ઓળખાવાઈ છે.



આર્દ્રકણી

ફોડો સઘળાં છાલ-છોતરાં, મનના તર્ક-વિતર્ક,
રસભર આ ગરભ ઘુ ભીતર, છલકે અમીઅલ અર્ક;
ઉપર જે આઘાત કરે તે ઊડે દે આહ્લાદ,
અમૃત કેરા સિન્ધુ સિન્ધુનો બિન્દુ બિન્દુમાં સ્વાદ.

—મકરન્દ દવે

પદ્મશ્રી ચન્દ્રવદન મહેતા

શ્રી ચન્દ્રવદન ચીમનલાલ (ચં. ચી) મહેતાને છેલ્લા ગણરાજ્યદિને જાહેર થએલા માન-અકરામમાં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે એની અમે ગૌરવભેર નોંધ લઈએ છીએ. એમનો જન્મ સુરતમાં સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ બીજ તા. ૬ઠ્ઠી એપ્રિલ ગુજરાતનાં સામયિકોમાં કદાચ સૌથી વધારે 'કુમાર'ના વાચકોના પરિચિત ૧૯૦૧ના રોજ દશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં થએલો. પિતા ચીમનલાલ શિવદાસે જીવનનો મોટો ભાગ રેલવેમાં નોકરી કરેલી હોવાથી બાળપણથી જ એમનો ઉછેર જુદેજુદે ઠેકાણે રેલવેના કારખાનામાં થએલો. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં ને માધ્યમિક શિક્ષણ સુરતની સરકારી હાઈસ્કૂલમાં લીધું.

૧૯૧૯માં મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થઈ ત્યાંથી ૧૯૨૪માં ગુજરાતી સાથે બી.એ. થયા. એલ્ફિન્સ્ટન કૉલેજનો વક્તૃત્વની હરીફાઇનો સો રૂપિયાનો ચંદ્રક તથા એવો જ અભિનયકલાનો ચંદ્રક (બે વાર) એમણે મેળવેલો. નરસિંહરાવના તેઓ શિષ્ય.

ત્યાર બાદ કાયદાનો અભ્યાસ કરતા હતા એ દરમ્યાન બારડોલીની લડતમાં ગાંધીજી તથા મહાદેવ દેસાઈના સહવાસમાં આવ્યા. ૧૯૨૭–૨૮માં મુંબાઈ આવી એમ.એ. માટે ડૉ. ઘૂર્યે પાસે સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્યાં પહેલી રાજકીય લડત શરૂ થઈ એટલે પરીક્ષામાં ન બેસતાં લડતમાં જોડાઈ મુંબાઈના ગેરકાયદે 'કૉંગ્રેસ બુલેટિન'નું તંત્ર હાથમાં લીધું. એ પ્રવૃત્તિમાં એક વખત જેલ ગયા, પંદર માસ ભૂગર્ભમાં રહ્યા અને ફરી પકડાયા. દિલ્હી ધારાસભાના ત્યારના અધ્યક્ષ સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના સેક્રેટરી તરીકે પણ કામ કર્યું. ૧૯૨૯–૩૦માં ફેલોશિપ સ્કૂલમાં અને તે પછી ૧૯૩૩થી '૩૬ સુધી મુંબાઈની ન્યૂ ઈરા સ્કૂલમાં શિક્ષક તરીકે તથા પાછળથી વિઝિટિંગ લેક્ચરર તરીકે કામ કર્યું.

સાહિત્યપ્રવૃત્તિમાં ગુજરાતને પ્રથમ તેઓ 'ઈલાકાવ્યો'ના લેખક તરીકે જાણીતા થયા. સવિશેષ તો નાટકકાર તરીકે તેમની પ્રતિષ્ઠા ગુજરાતમાં થઈ છે. તેની કદર રૂપે, ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ ચંદ્રક અને સુરત સાહિત્ય સભાનો નર્મદ ચંદ્રક તેમને અપાએલા.


તેઓ નાટ્યવિધાયક પણ છે ને જાતે અચ્છા નટ છે. ઍમૅટર અભિનેતા, સંયોજક, સૂત્રસંચાલક અને નેપથ્યવિધાયક તરીકેની એમની કારકિર્દી ઝળહળ... જ્વલંત છે.



૧૯૨૨થી શરૂ કરી ૧૯૪૦ સુધીમાં એમણે પુષ્કળ નાટકો લખ્યાં ને ભજવ્યાં, જે પૈકી જાહેર રંગભૂમિ પર પહેલવહેલું 'અખો' ૧૯૨૭માં રેલસંકટ ફંડ માટે ભજવ્યું.

એમની સાહિત્યકૃતિઓની સંખ્યા પચાસેકની થવા જાય છે, જેમાં કાવ્યસંગ્રહો, નાટકો વગેરે ઉપરાંત એમની વિશિષ્ટ શૈલીથી લખાએલી આત્મકથા 'બાંધ ગઠરિયાં' પણ છે.

એમણે ભારત સમસ્તની તથા બ્રહ્મદેશની સફરો ઉપરાંત ઇંગ્લંડ અને યુરોપનો પ્રવાસ કરીને ૧૯૫૦માં સ્વિટ્ઝર્લાંડ ફ્રાંસ અને ઈંગ્લંડની નાટ્યપ્રવૃત્તિ તથા રેડિયો બ્રૉડકાસ્ટિંગનો અભ્યાસ કર્યો છે, લંડનના બી. બી. સી. તથા ટેલિવિઝન કાર્યક્રમ આપ્યા છે, ને તાજેતરમાં 'વૉઇસ ઑવ અમેરિકા'ના ગુજરાતી કાર્યક્રમો પણ આપ્યા છે. સ્વિટ્ઝર્લાંડમાં ઝુરિચ



આ માર્ચ માસમાં રાત્રે મધ્યાકાશે દેખાતાં મુખ્ય તારામંડળોમાં કર્ક અને સિંહરાશિ; પુષ્ય, મઘા; પૂર્વા ને ઉત્તરા ફાલ્ગુની તથા આશ્લેષા વગેરેથી તો આપણે પરિચિત છીએ. 'વાસુકિ' (Hydra)નો લાંબો વિસ્તાર પણ હવે દેખાવા લાગ્યો છે. એમાંનો 'એકાકી' આપણો જાણીતો છે. 'વાસુકિ'ની બાજુમાં (નકશામાં દર્શાવ્યા પ્રમાણે) 'હસ્ત' (Corvus) અને 'ચષક' (Crater) નામે બે નાનાં મંડળો છે. આમાં 'હસ્ત' નક્ષત્ર છે સપ્ટેમ્બરની આખરમાં સૂર્ય આ નક્ષત્રવિસ્તારમાં હોય છે ત્યારે વરસાદ જેટલો પડે છે એથી વધુ તો ગાજે છે. 'હસ્ત' એના મુખ્ય ચાર સાધારણ તારાના નાનકડા ચોરસ રૂપે જલ્દી ઓળખાય છે. અને એમાં બે બાજુ બીજા નાના તારાઓ છે. એને અંગૂઠો અને ટચલી આંગળી તથા વાસુકિ નજીકના તારાને કાંડા પરનો મણિબંધ ગણવામાં આવે છે. ચિત્રલેખાએ પોતાની પાંચે આંગળીઓ તેજોરસમાં ઝબોળીને આકાશના ફલક પર પોતાની છાપ પાડી તે આ હસ્ત નક્ષત્ર. આવી એક મધુર કલ્પના કરવામાં આવી છે હસ્તની બાજુમાં (જુઓ નકશો) 'ચષક' એટલે કે પ્યાલી (મદિરાની પ્યાલી) તો એના આકાર પરથી પણ સ્પષ્ટ થઈ શકશે.

આ માસમાં સૂર્યાસ્ત સમયે તક મળે તો પશ્ચિમાકાશમાં નજર નાખજો. અન્ય કોઈ પણ તારા દેખાવા માંડે એ પહેલાં તો ઝબકારા મારતો 'શુક્ર' જોવા મળશે. 'ગુરુ'ના ભ્રમણનું નિરીક્ષણ પણ રસદાયી થઈ પડશે.

અને જો 'સ્વાતિ' તથા 'ચિત્રા' યાદ હોય તો એમની વચ્ચેના વિસ્તારમાં હાલ 'મંગળ' પરિભ્રમણ કરી રહ્યો છે એને ઓળખવા પ્રયત્ન કરજો. આ માર્ચ અને એપ્રિલ દરમિયાનનું એનું ભ્રમણ પણ જોવા જેવું છે.

ખાતેના સાહિત્યમંડળના ઉપક્રમે, જાણીતા નૉબેલ પુરસ્કાર વિજેતા ટૉમસ માનના અધ્યક્ષપણા હેઠળ તેમનું બહુમાન કરાયું હતું.

૧૯૩૮માં મુંબાઈના ઑલ ઇંડિયા રેડિયોની સરકારી કામગીરીમાં જોડાઇને છેલ્લે તે વડોદરા તથા અમદાવાદના આસિ. સ્ટેશન ડિરેક્ટરના પદ સુધી પહોંચ્યા હતા, જ્યાંથી ૧૯૫૪માં તેઓ નિવૃત્ત થયા. એ કારકિર્દી દરમ્યાન એમણે સ્ત્રીઓ, બાળકો અને ગ્રામજનો માટે તથા સર્વસામાન્ય કાર્યક્રમો માટે અસંખ્ય વાર્તાલાપો, નાટકો ને સંગીત રૂપકો લખ્યાં છે: અને ગુજરાતી, હિંદી, મરાઠી તથા અંગ્રેજી ચારે ભાષાઓમાં વાણીવિતરણ (બ્રોડકાસ્ટ) કર્યું છે.

ઈ. ૧૯૫૫થી તેઓ વડોદરા યુનિવર્સિટીના લલિત કલા શિક્ષણ વિભાગમાં પ્રાચીન તેમજ અર્વાચીન ભારતીય તથા ગ્રીક નાટ્યકળા ઉપર વિઝિટિંગ પ્રોફેસર તરીકે એમ. એ.ના વર્ગોનું અધ્યાપનકાર્ય કરે છે અને ત્યાંની સેનેટ તથા પાઠ્ય પુસ્તક સમિતિઓના પણ સભ્ય છે.

એમનું સ્વપ્નું છે: ગુજરાતમાં એક એવું સાર્વત્રિક નાટ્યમંદિર હોય જેનાં શક્તિ ને ક્ષેત્ર એક યુનિવર્સિટી જેટલાં હોય.

'અમૃતબઝાર પત્રિકા' ગુજરાતીમાં

સુપ્રસિદ્ધ રાષ્ટ્રપત્ર 'અમૃતબઝાર પત્રિકા'ના સ્થાપક ભાઇઓ મહાત્મા શિશિરકુમાર ઘોષ અને મોતીલાલ ઘોષનો રાષ્ટ્રપ્રેમ ખૂબ જાણીતો છે. ઓગણીસમી સદીના છેલ્લા બે ને વીસમી સદીના પહેલા બે દશકા દરમિયાન ભારતમાં જડઘાલેલી અંગ્રેજ સરકારની મદમસ્ત નોકરશાહી સામે સફળ વ્યૂહરચના કરી તેને અજબ રીતે હંફાવવામાં એ 'પત્રિકા'એ અદ્ભુત ભાગ ભજવ્યો હતો.

પરન્તુ એ જ 'પત્રિકા' ૭૭-૭૮ વર્ષ પહેલાં ગુજરાતમાં અને ગુજરાતીમાં 'અમૃતબઝાર પત્રિકા અને વાતિક' નામના માસિક તરીકે પ્રગટ થતી હતી એ બહુ ઓછા જાણતા હશે. આ લખનાર પાસે તેનો ઈ. ૧૮૯૦નો ફેબ્રુઆરી અંક છે. તેનું પૂંઠું ફાટી ગએલું હોઈ કોણે એ પ્રકાશન કરેલું તે જાણવા મળતું નથી. પણ તેની સામગ્રી આ રહી:

૧) 'અંગ્રેજી રાજવહીવટ નીચેનું કાશ્મીર' નામના પહેલા લેખમાં મહારાજા પ્રતાપસિંગને પદભ્રષ્ટ કરવા યોજાએલા કાવતરાનો સવિસ્તર ઉલ્લેખ છે. ૨) બીજો લેખ છે 'વિશ્વાસઘાતનો એક મુકદમો' જેમાં મદ્રાસ ઈલાકામાં કરનુલ વિભાગના દોરનાલાના રાજા સુબા નાઈડુ સાથે વિશ્વાસઘાત કરીને અંગ્રેજ નોકરશાહીએ તેની મિલકત કેવી રીતે ઓહિયાં કરી હતી તેનું બયાન છે. ૩) ત્રીજો લેખ 'રાષ્ટ્રીય સભાનો ઠરાવ'માં હિંદમાં ચાલી રહેલી અંધાધૂધી ઈંગ્લંડની પ્રજાને વાકેફ કરવા મળેલી યોજના સમજાવીને રાષ્ટ્રીય મહાસભાના એક ઠરાવની સમજાવટ આપી છે. ૪) 'પ્રસંગિક ટીકાસંગ્રહ'માં રોજ-બ-રોજ બની રહેલા બનાવો પર 'પત્રિકા'ની આગવી શૈલીમાં તંત્રીની નોંધો મૂકી છે. ૫) તે પછી દોઢ પૃષ્ઠમાં 'હિંદ, હિંદુ ને બ્રિટાનિયાનો સંવાદ' કાવ્યમાં રજૂ કરવામાં આવ્યો છે, જે ઇચ્છારામ સૂર્યરામ રચિત 'હિંદ અને બ્રિટાનિયાનું સ્મરણ કરાવી રહે છે. ૬) છેલ્લે સ્વ. નારાયણ હેમચન્દ્રે લખેલી 'જમના' શીર્ષક નીચે ટૂંકી વાર્તા છે.

૭૮ વર્ષ પરના કોઈ સામયિકમાં આ 'વાર્તિક' સંબંધી કંઈ હકીકત પ્રગટ થઈ હોય અને કોઈ વાચકની જાણમાં આવી હોય તો તે જનતા સમક્ષ રજૂ કરવા જેવી છે.

(સંસ્કૃતિ) —ત્રિભુવન વી. હેમાણી

...એનો કેમ પ્રસાર થયો !

લગભગ મોટા ભાગના લોકો માને છે કે માતાનું પેટ ચીરીને જુલિયસ સીઝરનો જન્મ કરાવવામાં આવ્યો હતો એ પરથી આ પ્રકારના ઑપરેશનને 'સીઝેરિયન ઑપરેશન' તરીકે ઓળખવામાં આવે છે, પણ એ ખોટું છે. જુલિયસનો જન્મ સાધારણ રીતે જ થયો હતો. હકીકતે તો એના એક પૂર્વજ સ્કિપીઓ આફ્રિકેનસનો જન્મ એની મૃત માતાના પેટમાંથી આ રીતે કરાવવામાં આવેલો. એના આ વિશિષ્ટ જન્મ પરથી એના પિતા એને 'કાપી કાઢેલો' કહી ઓળખાવતા. લેટિન ભાષામાં એ માટેનો શબ્દ છે 'સીઝર'. આ રીતે ખરી રીતે પહેલો સીઝર થયો એની યે પહેલાં સદીઓથી આવું 'ઑપરેશન' થએલું. ઇતિહાસમાં નોંધાએલો આ પ્રકારનો આ સૌથી જૂનો દાખલો છે, પણ એમાં તો માતાનું મૃત્યુ પછી પેટ ચીરવામાં આવેલું. જીવતી સ્ત્રીનું પેટ ચીરીને બાળકનો જન્મ કરાવવાનું પ્રથમ 'ઑપરેશન' ઈ. ૧૫૦૦માં ભૂંડને ખસી કરનાર જૅકોબ ન્યૂફર નામના એક ડચ માણસે કર્યાનું જાણમાં છે. એણે પોતાની પત્નીનું પેટ હજામતના અસ્ત્રા વડે ચીરીને બાળકનો જન્મ કરાવેલો. એની એ પત્ની એ પછી જીવતી રહી હતી એટલું જ નહિ એણે બીજાં છ બાળકોને સામાન્ય પ્રસુતિથી જન્મ પણ આપ્યો હતો.

ઈસ્વી સન પૂર્વે હજારેક વર્ષ પહેલાં મધ્ય એશિયાની ભટકું ટોળીઓએ જોયું કે કમરે વીંટાળાને પહેરવાનું એમનું લુંગી જેવું વસ્ત્ર ઘોડેસવારીમાં બરાબર ફાવતું નથી, એટલે એમણે લેંઘા જેવા વસ્ત્રની શોધ કરી. પણ રખડુઓના પોશાક તરીકે એના પ્રત્યે શિષ્ટ સમાજ એટલો તુચ્છતાથી જોતો હતો કે રાજાજ્ઞા છતાં કેટલાક રોમનોએ એવા લેંઘાની પોશાક તરીકે અજમાયશ કરી ત્યારે તેમની સામે કામ ચલાવવામાં આવેલું. છેક ઈ. ૧૮૧૪માં પણ ડ્યૂક ઑવ વેલિંગ્ટનને લેંઘા જેવા પોશાક પહેરીને આવવા બદલ એમની 'ક્લબ'માં દાખલ થવા દીધા નહોતા. લેંઘા-પાટલૂન જેવો એ પોશાક પછી તો પહેરાતો થયો પણ એના પાયચાની મોડી વાળવાની પ્રથા તો ૧૯મી સદીમાં ન્યૂ યૉર્કમાં એક રમૂજી રીતે થઈ. એક ભવ્ય લગ્ન-સમારંભમાં જતાં એક અંગ્રેજને માર્ગમાં વરસાદના છાંટાથી ભરાએલાં ખાબોચિયાં નડયાં અને એમાં પોતાના પાટલૂનના પાયચા ખરડાય નહિ એટલા સારુ એણે એના છેડા સહેજ અધ્ધર વાળી દીધા. સમારંભમાં આવેલા બીજા લોકોએ એ જોયું અને એમ સમજ્યા કે આ વળી કોઈ નવી જ શૈલી હશે અને એમણે પણ દરજીને ત્યાં દોડી જઈ એવાં પાટલૂન બનાવરાવ્યાં.

આજના શૃંગાર-પ્રસાધનોમાંનાં લગભગ બધાં એક યા બીજી રીતે પ્રાચીન કાળમાં પણ વપરાતાં જ હતાં. વાળ ઓછા કરવા, મોં પર રંગ લગાડવો, આંખો રંગવી, હોઠ અને નખ રંગવા, કે મેંદી મૂકીને પગનાં તળિયાં રંગવાનો ચાલ પ્રાચીન કાળની સ્ત્રીઓમાં પણ હતો જ. અત્તર પણ કહે છે કે મૂળ તો દેવસ્થાનોમાં બલિ ચડાવેલા પ્રાણીઓ ભૂંજાતાં હોય તેનો ધુમાડો ને ગંધ સામે વાપરમાં આવતું. અત્તર માટેનો 'પર્ફ્યુમ' શબ્દ પણ લેટિન ભાષામાંથી આવ્યો છે જેનો અર્થ 'ધુમાડામાં થઇને' (આવતી વાસ) એવો થાય છે.

સૌંદર્ય પ્રસાધનોમાં સૌથી વિશેષ વપરાતો સાબુ બાબરિયનોએ શોધેલો: બકરાની ચરબી ને બીચની છાલની રાખમાંથી સાબુ બનાવતા. ગ્રીક ને રોમનો સ્વચ્છતાના આગ્રહી હતા ખરા, પણ તેઓ સાબુનો ઉપયોગ જાણતા નહોતા. ઈ. ૧૮૫૩માં બ્રિટિશ ચાન્સેલર ગ્લેડસ્ટન તો સાબુને 'શરીરની સ્વસ્થતા ને તંદુરસ્તી માટે હાનિકારક' માનતો હતો.

અસ્થાને ઉત્સાહ

પોતાની નવરાશનો ભોગ આપી ગામડાંઓમાં સામાજિક કાર્યો કરતા વિદ્યાર્થીઓ પ્રશંસાપાત્ર છે; પણ વર્ગમાં સ્વચ્છંદે ગેરહાજર રહી મેળવેલો સમય એ 'નવરાશનો સમય' નથી! શિક્ષણકાર્યમાં પાડેલી આ ખલેલ, ગ્રામપ્રદેશમાં સેવા કરવા પાડેલી હોવાની દલીલ

કરવાથી, ન્યાય કરતી નથી. એથી જગદલપુરની સરકારી કૉલેજના વિદ્યાર્થીઓ જો એમ માનતા હોય કે ત્રણ દિવસની હડતાળ પાડીને એમણે પડોશી ગામોમાં જઈ શેરીઓ સાફ કરવાનું અને લોકોને આરોગ્ય તથા સ્વાસ્થ્યના નિયમો શીખવવાનું જે કાર્ય કર્યું તે લોકાદર પામશે, તો એ એમની ભૂલ છે. એમનું એ કાર્ય તો અયોગ્ય સ્થાને વપરાએલા ઉત્સાહનું જ ઉદાહરણ બનશે, અને ઉત્તમ શિક્ષણ આપવા સરકારે ખૂબ ખર્ચે આપેલી સગવડનો દુરૂપયોગ થયો ગણાશે.

આવી હડતાળ અને બહિષ્કારમાં કદી ય આવકારી ન શકાય એવો એક મુદ્દો એ છે કે આ ધાંધલમાં બીજા કોઈના ય કરતાં એમની જાતને જ એમણે વધારે નુકસાન કર્યું છે. એક ઉદ્યોગ-કામદાર હડતાળ પર ગયો હોય તો તે એની ગેરહાજરીના પગારની આશા રાખી શકે; પણ હડતાળના પગાર સાથે શિક્ષણને સરખાવી શકાય નહિ. કોણ જાણે, આ એક એવો ખરાબ વા ફુંકાયો છે કે જે કોઈને લાભકર્તા નથી. હા માત્ર જગદલપુર પાસેના ગ્રામજનોને પોતાની શેરીઓ પહેલાં કરતાં સ્વચ્છ થઈ એ માટે સંતોષ થયો હશે! (ટા. ઓ. ઈ.)

ટપાલટિકિટોમાં અભિનવ મુદ્રણ

ટપાલની તારવણી અને વહેંચણીમાં વધુ ઝડપ લાવવા માટે આવતી જતી થોકબંધ ટપાલને ચત્તી કરી, એના પર રદીકરણની આપમેળે છાપ મારતાં અમેરિકન ટપાલ ઑફિસોનાં આજનાં યંત્રો, કવર પત્તાંની કોરી સપાટી અને ટિકિટ પરના ચીતરામણની છાપ એ બેની વચ્ચેના વિરોધાભાસના આધારે કામ કરે છે. આ વિરોધાભાસ જો સચોટપણે સ્પષ્ટ ન વરતાય તો એવું કવર કે પત્તું રદ થયા વિના જ યંત્રની બહાર પડે છે અને એને હાથેથી છાપ મારીને રદ કરવું પડે છે.

આથી એ કાર્યમાં નવાણું ટકા જેટલી ચોકસાઈ આણવા તથા કલાકે લગભગ ૩૦,૦૦૦ જેટલાં કવર-પત્તાં રદ કરવા માટે અમેરિકામાં હવે નવાં યંત્રો મુકાઈ રહ્યાં છે. આ નવાં યંત્રોની વ્યવસ્થા એવા પ્રકારની છે કે એમાં ગોઠવેલાં અલ્ટ્રાવાયોલેટ કિરણો તળે એરમેઈલની ટપાલની ટિકિટો નારંગી રંગે અને બાકીની ચાલુ ટપાલની ટિકિટો લીલાશ પડતા રંગે ચળકી ઊઠે છે. આ માટે ટિકિટો છાપવામાં ખાસ પ્રકારની શાહી વાપરવી પડે છે. આવું દરેક નવું યંત્ર લગભગ ૩૦૦૦ ડૉલરનું થાય છે, અને ખાસ પ્રકારની શાહી વાપરતાં દર ૧૦૦૦ ટિકિટે આશરે ૮ સેન્ટનો વધુ ખર્ચ આવે છે. અંદાજ એવો છે કે જ્યારે સમગ્ર ટપાલતંત્ર આ વ્યવસ્થા તળે કામ કરતું થઈ જશે ત્યારે ટિકિટો છાપવાનો વધારાનો ખર્ચ પાંચ સેન્ટ જેટલો ઉતારી શકાશે. આમ તો આ ખર્ચ નજીવો દેખાય છે, પણ ૧૯૬૫ના એક જ વર્ષમાં અમેરિકાએ લગભગ ૨૩ અબજ ટપાલટિકિટો છાપી હતી, એના પરથી ખયાલ આવશે કે એ વધારાના ખર્ચનો આંકડો કેટલો થાય.

ℂ છેલ્લાં દોઢેક વર્ષ દરમિયાન કિન્યામાં વિક્ટોરિયા સરોવર નજીક થઈ રહેલા ઉત્ખનન દરમિયાન આદિ માનવોના જે અસ્થિભૂત અવશેષો પ્રાપ્ત થઈ રહ્યા છે એ પરથી લાગે છે કે માનવી વાનરથી છૂટો પડ્યાને વીસેક લાખ વર્ષ થયાં હોવાની ગણના કદાચ ખોટી પડશે. કિન્યામાં મળેલા અવશેષોને બ્રિટિશ અને અમેરિકન પુરાતત્ત્વવિદો ૧૯૦ થી ૨૦૦ લાખ વર્ષ પહેલાંના ટેવે છે. ટાન્ઝાનિયામાં મળેલા અવશેષો યે ૧૭૦ લાખ વર્ષ જૂના છે, એટલે લાગે છે કે વાનર અને આદિમાનવોનો લાખો નહિ બલ્કે કરોડો વર્ષથી સ્વતંત્ર રીતે જ વિકાસ થયો છે.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિ-વિશેષ

રૉંજન વિલ્હેમ કૉનરાડ ફૉન

શૂન્યાવકાશવાળી નળીમાં ભારે દબાણ-વાળાં વિદ્યુત્કિરણો વહેવડાવવાના પ્રયોગો



દરમિયાન બાજુમાં પડેલી બૅરિયમ પ્લૅટિનોસાઈનાઇડની તકતી પર ચળકાટ પેદા થયો. આ અંગે વધુ તપાસ કરતાં એવાં અદૃશ્યકિરણોની જાણ થઈ કે જે લાકડું ઍલ્યુમિનિયમ વગેરે જેવા કેટલાક પદાર્થોની આરપાર પણ જઈ શકતાં હતાં. નરી આંખે એ કિરણો જોઈ શકાતાં ન હોવા છતાં ફોટોગ્રાફિક પ્લૅઇટ પર પણ એની છાપ પડતી. છતાં પરાવર્તન અને વક્રીભવન અંગેની એની ખાસિયતો વિશિષ્ટ હતી ને તેથી એને પ્રકાશનાં કિરણો તરીકે ગણવાં કે નહિ એ પણ એક પ્રશ્ન હતો. આ અને આવાં કેટલાંક કારણોસર એના શોધકે એને 'ક્ષ-કિરણો' (ઍક્સ રેઇઝ) નામ આપ્યું. એ શોધકના નામ પરથી એને રૉંજન-કિરણો તરીકે પણ ઓળખવામાં આવે છે.

વિલ્હેમ કૉનરાડ ફૉન રૉંજન એનું નામ. જર્મનીમાં પ્રશિયન ર્હાઈન પ્રાંતમાં લેનેપ મુકામે ઈ. ૧૮૪૫ની ૨૭મી માર્ચે એનો જન્મ થએલો. હૉલૅન્ડમાં એણે આરંભનું શિક્ષણ લીધુ અને પછી વધુ અભ્યાસાર્થે એ ઝુરિખ ગયા. કારકિર્દીનો આરંભ એમણે વૂર્ઝબર્ગમાં સહાયક વિજ્ઞાની તરીકે કર્યો ને પછી સ્ટ્રાસબર્ગમાં માનાર્હ વ્યાખ્યાતા બન્યા. ૧૮૭૫માં હૉહેનહેમની કૃષિ અકાદમીમાં ગણિતશાસ્ત્ર ને પદાર્થવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ. ૧૮૭૬માં તેઓ સ્ટ્રાસબર્ગમાં સવિશેષ પ્રાધ્યાપક તરીકે ફરી જોડાયા. ૧૮૭૯માં ગેઇસેનમાં પદાર્થવિજ્ઞાનના પ્રાધ્યાપક તથા ત્યાંના ફિઝિકલ ઇન્સ્ટિટ્યૂટના નિયામક તરીકે એમની વરણી થઈ. અહીં જ એમણે ક્ષ-કિરણોની ઉપર્યુક્ત વિખ્યાત શોધ કરી. આગળ જતાં આ ક્ષ-કિરણોની ભૌતિક, રાસાયણિક અને વૈદકીય ક્ષેત્રે પણ અનેકવિધ ઉપયોગિતા શોધાઈ છે એ તો જાણીતી હકીકત છે.

રૉંજનની આ શોધ માટે રૉયલ સોસાએટીએ રમ્ફર્ડ પદક આપીને એમનું બહુમાન કરેલું. આવું જ માન એમની સાથે ફિલિપ લૅનાર્ડને પણ અપાયું હતું. એમણે પણ ઍલ્યુમિનિયમ જેવી ધાતુના પાતળા થરમાંથી કૅથોડ કિરણોનો અમુક ભાગ આરપાર પસાર થઈ શકતો હોવાનું શોધ્યું હતું.

રૉંજને આ ઉપરાંત, પદાર્થવિજ્ઞાનમાં સ્થિતિસ્થાપકતા, કેશાકર્ષણ, વાયુઓની સાપેક્ષ ઉષ્ણતાનું વહન, વિવિધ વાયુઓની ઉષ્ણતા શોષવાની શક્તિ, વિદ્યુત-દબાણ વગેરે વિષે પણ સંશોધનો કર્યાં હતાં. ઈ. ૧૯૦૧નું પદાર્થવિજ્ઞાનનું નોબેલ પ્રાઈઝ આપીને એમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ઈ. ૧૯૨૩ની ૧૦મી ફેબ્રુઆરીએ એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૪ એશિયાખંડની પ્રથમ ઑલિમ્પિક રમતો 'એશિયાડ'ની દિલ્હીમાં શરૂઆત, ૧૯૫૧.
તા. ૬ જગનામી ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ ને કવિ માઇકેલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫.
તા. ૯ અંગ્રેજોએ ટીપુ સુલતાન સાથેના કરારોમાં અર્ધું મ્હૈસુર કબજે કરી લીધું, ૧૭૯૨.
તા. ૧૨ હિન્દી ક્રાન્તિની સૂચક ગાંધીજીની વિખ્યાત દાંડીકૂચનો આરંભ, ૧૯૩૦.
તા. ૧૩ હિંદી યુવાનોને લશ્કરી તાલીમ આપવા રાષ્ટ્રીય કડેટ કૉર રચવાની જાહેરાત, ૧૯૪૮.
તા. ૧૪ આજના સામ્યવાદની વિચારણાના જનક જર્મન ચિંતક કાર્લ માર્ક્સનું મૃત્યુ, ૧૮૮૩.
તા. ૧૮ લૉર્ડ અરવિનને હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.
તા. ૨૧ ગુજરાતના મસ્ત કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનું અવસાન, ૧૮૯૮.
તા. ૨૨ સુભાષબાબુની આઝાદ હિંદ ફોજનો હિંદની ધરતી પર ઈમ્ફાલમાં પ્રવેશ, ૧૯૪૪.
તા. ૨૩ લાહોર કાવતરા કેસને અંગે ભગતસિંહ વગેરે ક્રાંતિકારી દેશભક્તોને ફાંસી, ૧૯૩૧.
તા. ૨૯ દક્ષિણ ધ્રુવની શોધસફરમાં કૅપ્ટન સ્કૉટની ટુકડી બરફમાં ગારદ થઈ, ૧૯૧૨.
તા. ૩૦ હિંદ અને ઇંગ્લૅંડ વચ્ચેના વિમાન-વ્યવહારનો આરંભ થયો, ૧૯૨૯.

પ્રસંગવિશેષ: આગોતરી આગાહી મુજબ 'હેલીનો ધૂમકેતુ' દેખાયો

૧૩મી માર્ચ, ૧૭૫૯

જાણીતા ભ્રમણકાળવાળા બધા ધૂમકેતુઓમાં હેલીનો ધૂમકેતુ કદાચ સૌથી વધુ વિખ્યાત



છે. ઈ.૧૬૮૨માં દેખાએલા એક મોટા ધૂમકેતુનાં નિરીક્ષણો કરતાં અંગ્રેજ ખગોળશાસ્ત્રી હેલીએ અગાઉ ઈ. ૧૬૦૭માં દેખાએલા એક આવા જ ધૂમકેતુની લાક્ષણિકતા સાથે આનું સામ્ય જોયું; એટલું જ નહિ, ઈ. ૧૫૩૧માં દેખાએલા ધૂમકેતુમાં પણ એવી જ લાક્ષણિકતાઓ હોવાનું સાંભળી એને એ ત્રણે ધૂમકેતુઓ એક જ લાગ્યા. ન્યૂટનની પદ્ધતિએ ગણતરી કરીને એમણે ઈ. સ. ૧૭૫૯માં આ ધૂમકેતુ ફરી દેખાશે એવી આગાહી કરી. આ પ્રકારની એ પહેલી જ આગાહી હતી અને તે ખરી પડી. ઈ. સ. ૧૭૫૯ની ૧૩મી માર્ચે એ ધૂમકેતુ ખરેખર દેખાયો. હેલીના નામ પરથી તેને 'હેલીનો ધૂમકેતુ' કહે છે. એની ગણતરી અનુસાર ઈ. ૧૯૧૦માં પણ એ દેખાયો અને હવે અંદાજ છે તે પ્રમાણે ઈ. સ. ૧૯૮૬ના એપ્રિલના અરસામાં એ ફરી દેખાશે. બ્રિટિશ ઇતિહાસમાં વિખ્યાત 'હેસ્ટિંગ્સની લડાઈ'ને ચિત્રિત કરતી બાયેક્સ ટૅપેસ્ટ્રીમાં જે ધૂમકેતુ દર્શાવ્યો છે તે અને ઈ. સ. પૂર્વે ૮૭માં ચીની ખગોળવિદોએ નોંધ્યો છે તે પણ આ હેલીનો ધૂમકેતુ જ હોવાનું મનાય છે ગ્રીનિચ વેધશાળાના નિષ્ણાત ક્રૉમેલિને સંશોધનો કરીને ઈ. સ. પૂર્વે ૨૪૦ સુધીનો એનો ચોક્કસ ઇતિહાસ ખોળી કાઢયો છે. લગભગ ૨૮ વખત દેખાયાની એની નોંધો પ્રાપ્ય છે. હેલીએ કરેલી ગણતરીઓ પછી જ નક્કી થયું કે આ અને આપણને જોવા મળતા અન્ય ધૂમકેતુઓ આપણી સૂર્યમાળાના જ સભ્યો છે અને એમની નાની-મોટી પણ અતિ લંબગોળ ભ્રમણકક્ષાને કારણે તેઓ ચારપાંચ વર્ષથી માંડી સૈંકડો વર્ષના અંતરે પોતાની એક પ્રદક્ષિણા પૂરી કરે છે. દર વર્ષે પાંચથી દસ જેટલા ધૂમકેતુ જોવા મળે છે, પણ ખરેખર દર્શનીય ધૂમકેતુ તો આપણે જીવનમાં એકાદ વાર જ જોવા પામી શકીએ. હમણાં ગયે વર્ષે દેખાએલો નવો ધૂમકેતુ 'ઇકેયા-સાકી' પણ ઘણાંને યાદ હશે.

ચલા જાતા હું હંસતા ખેલતા મૌજે હવાદસ સે,
અગર આસાનિયાઁ હો ઝિન્દગી દુશ્વાર હો જાયે.

—અસગર ગોંડવી—

> તમારું થોડુંક દુઃખ તો અમુક સુખોનિ તૃષ્ણામાંથી જ જન્મ્યું છે, એ નવાઈ જેવું નથી?

મહાદેવ ગોવિંદ રાનડે આખા અભ્યાસકાળ દરમ્યાન ખૂબ મહેનતુ વિદ્યાર્થી હતા; પણ નાનપણમાં ઘણા જ ઠંડા ને એકમાર્ગી હતા; અને એટલા નિર્મમ કે કદી ઘેર આવીને પાસ થયાની ખબર સરખીયે ન આપે. માતાપિતા એ બાબત ઠપકો આપે ત્યારે સરળતાથી કહે: 'એમાં શું કહેવાનું હતું? રોજ નિશાળે જઈએ એટલે પાસ તો થઇએ જ ને?'

કહેવતોના અર્થ: 'વા ઉપર વાત્રટા, ને ભૂત ઉપર ચિઠ્ઠી'—જે વાત અનિશ્ચિત હોય, જેનું કાંઈ ઠેકાણુ ન હોય એને માટે વપરાતી આ કહેવતનો વાચ્યાર્થ ચોખ્ખો છે કે વાવટો અમુક જ દિશામાં ફરકે તે નિશ્ચિત નથી હોતું, પણ હવા જે દિશામાં વાય તે દિશાએ તે ફરકે; અને ભૂતને ઠેકાણું ન હોવાથી તેને કોઈ સંદેશો પહોંચાડી શકાય નહિ. એને કૈંક મળતી કહેવત: 'ગાંડી માથે બેડું'.

ગણિત-ગમ્મત: કોઈ પણ સંખ્યા ધારો. તેનો યોગ (એટલે કે બધા અંકનો સરવાળો) કરી મૂળ રકમમાંથી તે બાદ કરશો તો બાકી રહેલી રકમના અંકનો સરવાળો ૯ જ આવશે.

સ—એક જાતનો છંદ, કવિતાનો એક ગણ 'સ'ગણ, ગાડાનો રસ્તો, જ્ઞાન, ધ્યાન, પક્ષી, માયા, વાડ, વાયુ, વિષ્ણુ-ઈશ્વર, શિવ, સર્પ, સાત, એનું એ જ, જેવો, સહિત, સારું.

નસકોરી ફૂટીને નાકમાંથી નીકળતું લોહી બંધ ન થતું હોય તો ડુંગળી ભાંગીને જોસથી સુંઘાડવી; અથવા તો કાળી ખેતરાઉ માટી પર પાણી છાંટીને તેની વાસ જોરથી લેવડાવવી.



પુખ્તવયે પહોંચેલા હાથીનું વજન લગભગ ૧૦,૦૦૦ રતલ હોય છે.



કલાકણિકા: ઇ.સ. પૂર્વે ૧૪૦૦ વર્ષ પહેલાંની ક્રીટ સંસ્કૃતિની કળામાં પુષ્પો, પ્રાણીઓ અને જલચરોનાં આલેખનો સવિશેષ જોવા મળે છે. એ કાળનું આ એક પાત્ર એનું દ્યોતક છે.



જાડા કાગળ ઉપર ટ્રેસિંગ ઉતારવું હોય તો એકાદ સારું પાટિયું, વચ્ચેથી જોઈતી ફ્રેમ જેટલું કોરી કાઢી, તે પર સાદો કાચ કે ગ્રાઉન્ડ ગ્લાસ બરોબર સપાટ બેસાડીને ચીકટ પટ્ટીથી ચોડી લ્યો; અને પછી એકાદ ટેબલ પર તેને ઢળતું ટેકવી; નીચે વીજળીની રોશની ગોઠવો. અગર એકાદ અરીસો નીચે રાખી તે પર બહારનો તડકો કે પ્રકાશ મેળવો. આ યોજનાથી જાડા ડ્રૉઈંગ પેપર ઉપર પણ તેની નીચે રાખેલી આકૃતિ જોઈ શકાશે અને સ્પષ્ટ ચિત્ર ઉતારી શકાશે.

જીવનભરમાં જેણે સ્ત્રીનું મોં સરખું જોયું નહોતું એવો એક સાધુ માઉન્ટ ઍથોસ ખાતે ૧૯૩૮માં મરણ પામ્યો હતો. એના જન્મ પછી તરત જ એની માતા મરણ પામી હતી, ને જ્યાં સ્ત્રીનો પડછાયો સરખો પડતો નથી એવા મઠમાં એને ઉછેરવામાં આવ્યો હતો.

અઢાર માસનું થતાં સુધીમાં બાળકના મગજમાં સાત શબ્દો સુધી જ ભાષા સ્થાન મેળવી શકે છે. પણ પછી એ સંખ્યા ઝડપથી વધવા માંડે છે ને બે વર્ષનું થતાં તો બાળક ૩૨૮ શબ્દો પર કાબૂ ધરાવતું જણાયું છે. નવ જ મહિના બાદ આ સંખ્યા બેવડાય છે.

શતરંજના કોયડાનો ઉકેલ

1 R–R3ch, K–K7; 2 R–B2ch, K–Q8, હવે સફેદ એક પણ શેહ આપી શકે તેમ નથી અને તેના હાથીને કાળો રાજા મારી શકે તેમ છે. વળી, બન્ને હાથી એક જ હરોળ કે પંક્તિમાં ન હોય અને કાળા વજીરને શેહ આપવાની છૂટ મળી જાય તો હાથી જોખમાઈ જવાની શકયતા રહે છે પણ 3 R–KR2! ચાલે છે.

આ ચાલ 4 R–QR1 mateની તેમજ 4 R×Qની બેવડી ધમકી આપે છે. કાળો અહીં હાથીનો ભોગ સ્વીકારે તો 3..., Q×R પછી 4 R–R1ch K–any; 5 R–R2ch અને 6 R×Qથી સફેદ જીતે છે.

3..., Q–Q5.

બન્ને ધમકીને તાત્કાલિક રીતે પહોંચી વળવા માટે એક માત્ર ચાલ.


4 R–QR1ch,

સફેદ ફરી હાથીનો ભોગ આપે છે જે કાળાને સ્વીકાર્યે જ છૂટકો.

4..., Q×R; 5 R–R1ch, K–any

6 R×Q અને જીતે છે.

આ કોયડામાં ત્રીજી ચાલે સફેદની રમત ખુલ્લી હોવા છતાં કાળા પાસે શેહ આપવા માટે એક પણ ચાલ નથી એ કારણે જ સફેદ જીતી શકે છે.



શરણુરાણી માથુર : ભારતીય ફોટો – જગતમાં 'ગુરુજી'ના આદર અને હેતભર્યા નામે ઓળખાતા ફોટો-કલાકાર શ્રી આર. આર. ભારદ્વાજની કલાકૃતિઓની ગુણવત્તા સમજાવવાની હોય નહિ. આ અંકમાં અન્યત્ર જેમનો પરિચય આપ્યો છે એ ખ્યાત સરોદવાદક શરણુરાણી માથુરની આ છબિમાં એમણે અતિઘેરી છાયાઓને બાકાત રાખીને 'હાઈ-કી'માં પાત્રાનુરૂપ જે નજાકત ઉપસાવી છે એ પોતે જ કલાકારની શક્તિની પ્રતીતિ કરાવી રહે છે.



દેવ-નર્તકી

ચિત્રકાર

એસ. એન. ગુપ્તા

ઉત્તર ભારતીય કલાપ્રવાહોમાં બંગાળમાંથી જે નવજાગૃતિ આરંભાઈ તેમાં રંગની ભભક અને ખીચોખીચ શોભનોને સ્થાને આછા રંગો અને જરૂર પૂરતાં સૂચક અલંકરણો વડે જ ચિત્રવિષયને સ્ફૂટ કરવાની લાક્ષણિકતાનો વિકાસ થયો અહીં પણ ચિત્રકારે દેવમંદિરનો ઘંટ, ફરફરતું વસ્ત્ર અને નૃત્યરત હસ્ત-મુદ્રા વડે ચિત્રવિષયને સ્પષ્ટ કર્યો છે. વધુમાં વધુ ઉમેરણ કરીને નહિ પણ શક્ય એટલું બાદ કરીને ચિત્રકારે ઘણું ગોપિત રાખીને પણ બહુ કહી દીધું છે.